Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળા

સંવત ૨૦૦૦

વર્ષ ૩૩ મું

ગૌતમ બુદ્ધ

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

ં સાહિત્ય વર્ધક કાર્યાલય,
અમદાવાદ અને મુંબઈ.

४२ग
४६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

maj Foundation Ch

ain. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 83 ग / 8६

पंजिका-संख्या २०७८९/१६.६.२००९

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्याक प्रमाणीकरण १९८४-१९८५

20689
16.5.2001

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

ગૌતમ બુદ્ધ

(ચરિત્ર, ધમ્મપદ ને અશોકના શિલાલેખો)

पुस्तकालय
गुरुकुल कांगड़ी

★

પ્રયોજક:
સ્વ. મણિલાલ નથુભાઈ દોશી

४३ ग / ४८
20689
16.6.2001

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ ૨

CHECKED 1973
Initial

સવા રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સં. : ૨૦૦૦
પ્રત : ૩૮૫૦

સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક. ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
ઠે. રાયખડ :: અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ભગવાન ગૌતમબુદ્ધનું ચરિત્ર તથા તેમના ઉપદેશો બૌદ્ધધર્માનુયાયીઓ માટે જ ઉપયોગી હોય તો પણ તે એકંદરે સર્વ મનુષ્યોને માટે ઉપકારક છે. આ ઉપદેશો ઉત્તમ જ્ઞાન અને સદ્‌ગુણોની વૃદ્ધિ તથા દઢતા કરનારા અને શુભ ધર્મ, કર્મ અને વિચારોમાં આગળ વધવાનું બળ તેમ જ ઉત્તેજન આપનારા અનુભવાયા વિના રહેશે નહિ.

ઉત્તમ ચરિત્રોના વાચનથી થતા લાભ સંબંધી સદ્‌ગત સ્વામી શ્રીઅખંડાનંદજીએ જે વિચારો સંવત ૧૯૬૮ માં આની પહેલી આવૃત્તિના નિવેદનમાં જણાવેલા તે થોડા ફેરફાર સાથે નીચે અવતરણમાંઆપ્યા છેઃ

“ શરીરની કે ધનની, મનની કે વાણીની, વ્યવહારની કે પરમાર્થની કોઈ નહિ ને કોઈ પણ પ્રકારની શ્રેષ્ઠતા મેળવવાની શુભેચ્છા કયા મનુષ્યના હૃદયમાં નહિ હોય ? એવી ઇચ્છાવાળા દરેક મનુષ્યે વિવિધ પ્રકારની શ્રેષ્ઠતા મેળવી ચૂકેલાં અનેક મહાન સ્ત્રીપુરુષોનાં ચરિત્રો અવશ્ય વાંચવાં જોઈએ.

“ જગતમાં અગાઉ થઈ ગયેલાં અને વર્તમાન સમયનાં અનેક મહાન નરનારીઓની કયા અસાધારણ ગુણોને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન જનોમાં ગણના થઈ, તે ગુણો તેઓએ કેવી રીતે મેળવ્યા, કેવી રીતે દર્શાવી આપ્યા અને અસાધારણ કસોટીના તેમ જ લાલચોના પ્રસંગોમાં તે કેવી રીતે ટકાવી રાખ્યા, એ વગેરે બાબતો તેઓનાં જીવનચરિત્રોમાં એવી રીતે ગૂંથાયેલી હોય છે, કે જેથી તે વાંચનારને તેમાં ઘણો રસ પડે છે અને તેઓ તરફ તેમ જ તેમના શ્રેષ્ઠ ગુણો તરફ પૂજ્ય ભાવનાથી તે આકર્ષાય છે. મનુષ્યમાત્રના હૃદયક્ષેત્રમાં થોડા યા ઘણા અસાધારણ ગુણોનાં જે સૂક્ષ્મ બીજ ગુપ્ત રહેલાં હોય છે, તે એવા વાચન, શ્રવણ ને મનનરૂપી પ્રકાશ અને જળના સંયોગે આપોઆપ ખીલવા માંડે છે; અને જેમ બીજમાંથી અંકુર, છોડ અને વૃક્ષ બની જઈ સુખદાયક ફળફૂલથી સુશોભિત થાય છે, તેમ તે સદ્‌ગુણોનાં બીજ ચરિત્રોના શ્રવણ અને વાચનમાંથી વિચારમાં, ઉચ્ચારમાં અને પછી આચારમાં પરિણામ પામ્યા વિના રહેતાં નથી. આ પ્રમાણે સદ્‌ગુણો આચારમાં મુકાતાં, તેમાં જે કાંઈ ન્યૂનતા કે બેડોળપણું હોય છે, તે વિવિધ પ્રસંગોમાં ઘડાઈટિપાઈને દૂર થતાં, તે સદ્‌ગુણો સૂર્યપ્રભાની પેઠે પ્રકાશી નીકળે છે. સદ્‌ગુણોની આવી વિશુદ્ધિ, એ જ તેની અસાધારણતા; અસાધારણતા એ જ સામાન્ય જનોની અપેક્ષાએ વિશેષતા; વિશેષતા એ જ મહત્તા; અને મહત્તા એ જ મહાપુરુષોનું લક્ષણ હોવાથી, જીવનચરિત્રોનો ખરા શોખથી અભ્યાસ કરનાર સજ્જનમાં શુભ સંસ્કારોની સહજ સ્વભાવે વૃદ્ધિ થવા માંડે છે અને પરિણામે તે પોતે મહાપુરુષ જ બની રહે છે.

“ જીવનચરિત્રોના સાહિત્યની એવી મહત્તા હોવાને લીધે જ તેની ગણના શ્રેષ્ઠતર સાહિત્યમાં થાય છે.

“ જીવનચરિત્રોનું આવું ઉપયોગી સાહિત્ય લોકોમાં બને તેટલું વિશેષ ફેલાવવાની અગત્ય માટે મતભેદ હોઈ શકે નહિ. અંગ્રેજી ભાષામાં તો આ સાહિત્ય એટલા બહોળા પ્રમાણ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ પહોંચેલું છે કે, દુનિયામાંના કોઈ પણ શ્રેષ્ઠ મનુષ્ય વા સ્ત્રીનું નાનું વા મોટું ચરિત્ર એ ભાષામાં પ્રસિદ્ધ થયા વિના ભાગ્યે જ રહ્યું હશે.”

આ પુસ્તકના લેખક સ્વ૦ મણિલાલ નથુભાઈ દોશીનો ઉપોદ્ઘાત આ પછીનાં પાન ઉપર છપાયો છે, તે તરફ વાચક બંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

કારતક શુદ ૧૫, સંવત ૨૦૦૦

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકનો ઉપોદ્‌ઘાત

પચાસ કરોડ મનુષ્યો જે મહાત્માના નામનું પ્રાત:કાળમાં ઊઠી સ્મરણ કરે છે, તે બુદ્ધદેવના 'દયા' અને 'આત્મસંયમ'નો ઉમદા પાઠ શીખવનાર ચરિત્રથી ગુજરાતી પ્રજા તદ્દન અજ્ઞાત રહે એ કેવી ખેદની વાત છે! નીચ–ઉચ્ચનો ભેદ નહિ ગણતાં સર્વત્ર પ્રેમભાવ રાખનાર અને વસુધાને ખરી રીતે (કેવળ શબ્દમાં જ નહિ) કુટુંબતુલ્ય માનનાર, આખા જગતના કલ્યાણ માટે રાજપાટ, મહેલ, વૈભવ, સ્ત્રી અને પુત્ર આદિ સર્વસ્વનો ત્યાગ કરી સત્યને શોધી કાઢનાર અને તે પરમ સત્યનો ચારે બાજુએ ફેલાવો કરવા ભગીરથ પ્રયત્ન કરનાર, બુદ્ધ મહાત્માના જીવનને સંપૂર્ણ રીતે આલેખી બતાવવાનું કામ તો જો કે અશકય જ છે. કરુણાથી ભરપૂર તે દિવ્ય સ્વરૂપનું આબેહૂબ ચિત્ર આપવાને જો કે કોઈ કલમ તાકાત ધરાવતી નથી, તો પણ તેમની ભવ્યતા જ એ રસ્તે ભાંગ્યોતૂટ્યો પ્રયાસ કરવાની સતત પ્રેરણા કરે છે અને એથી જ પશ્ચિમના તેમ જ પૂર્વના અનેક વિદ્વાન લેખકોના ગ્રંથને આધારે એક રંક પ્રયાસ આદરવા હિંમત ધરી છે. આ નાનું પુસ્તક તૈયાર કરવામાં જે જે ગ્રંથોની સહાયતા લેવામાં આવી છે, તેમાં નીચે જણાવેલા મુખ્ય છે:—

ધી લાઇટ ઑફ એશિયા–લેખક: સર એડ્‌વિન આર્નોલ્ડ.
અશ્વઘોષનું બુદ્ધચરિત્ર (સેમ્યુઅલ બેલના અંગ્રેજી ઉપરથી)
લેકચર ઑન બુદ્ધિઝમ–લેખક: એની બિસેન્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈનવાઇઝેબલ હેલ્પર્સ—લેખક સી. ડબલ્યુ. લીડબિડર.
બુદ્ધિઝમ—લેખક: રેઝ ડેવિડ્સ.
કેટેચિઝમ ઑફ બુદ્ધિઝમ—લેખક: કોલોનલ એચ. એસ. ઓલ્કોટ
ગોસ્પેલ ઑફ બુદ્ધ—લેખક: ડૉ. પોલ કોર્સ
એસેન્સ ઑફ બુદ્ધિઝમ—લેખક: પ્રો. પી. એલ. નરસુ.
ધી લાઈટ ફ્રોમ ધી ઈસ્ટ—લેખક: એડિથ વર્ડ.
બુદ્ધદેવચરિત્ર—લેખક: નારાયણ હેમચંદ્ર વગેરે.

એક બૌદ્ધધર્માનુયાયી જેવા ભક્તિભાવથી, 'બુદ્ધ ભગવાન'નું જીવનચરિત્ર લખે તેવા ભક્તિભાવથી આ ચરિત્ર લખવામાં આવ્યું છે. કોઈ પણ ધર્મની ખૂબી સમજવી હોય તો એ જરૂરનું છે કે, આપણી પોતાની માન્યતાઓ ઘડી ભર બાજુએ રાખી બુદ્ધ તે ધર્મને માનનારાઓ તે ધર્મનું સ્વરૂપ કેવા રૂપમાં સમજે છે તે તરફ દૃષ્ટિ રાખવી; એટલે કે, પોતાની જાતને તે ધર્મના વાતાવરણમાં મૂકવાથી જ તે ધર્મનું રહસ્ય સમજાય. કેવળ કટાક્ષબુદ્ધિથી અથવા દોષઅન્વેષણબુદ્ધિથી કોઈ પણ ધર્મનું રહસ્ય જાણવામાં આવી શકે નહિ. આ બુદ્ધિથી—આ ભાવનાથી સર એડ્વિન આર્નોલ્ડે 'એશિયાનો પ્રકાશ' એ નામનું બુદ્ધદેવનું ચરિત્રકાવ્ય લખ્યું હતું અને તે જ ભાવનાથી (જો કે મુકાબલે ઘણી ઓછી શક્તિથી) આ ચરિત્ર લખવામાં આવ્યું છે.

મહાત્મા બુદ્ધના સંબંધમાં અજ્ઞાન વર્ગના તેમજ કહેવાતા ભણેલાઓના મુખેથી એમ બોલાતું સાંભળવામાં આવે છે કે, બુદ્ધદેવે માંસાહાર કરવાની છૂટ આપી છે. એક પવિત્ર પુરુષના નામ ઉપર આના કરતાં બીજું મોટું આળ કોઈ હોઈ શકે જ નહિ. જેમના ઉપદેશથી બિંબિસાર (શ્રેણિક) રાજાએ તૈયાર કરાવેલો યજ્ઞકુંડ બુઝાવી દીધો અને પોતાના રસોડામાંથી હંમેશને માટે માંસના ખોરાકને દેશવટો દીધો તથા ઢંઢેરો પિટાવીને પોતાનાં તમામ પ્રજાજનોને માંસભક્ષણ અને યજ્ઞો કરતા અટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢ્યા; વળી જેમણે ઉપદેશેલા 'પંચશીલમાં' 'હું પ્રાણીઓનો વધ નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું'–એ પ્રથમ શીલ છે, તેમજ જેમના શિક્ષણ પ્રમાણે, સંઘ બહાર મૂકવા યોગ્ય અનેક દુર્ગુણોમાં પહેલું પદ જીવતા પ્રાણી પ્રતિ દયા નહિ બતાવવાના દુર્ગુણોને આપવામાં આવ્યું છે, એવા તે વિશ્વવત્સલ દયાસાગરને માંસાહારનો ઉપદેશ આપનાર તરીકે ઠરાવવાનો પ્રયત્ન કરવો તે સૂર્યને અંધકાર ફેલાવનાર તરીકે ગણવા બરાબર છે.

બીજો મોટો આરોપ એ મૂકવામાં આવે છે કે, 'આત્મા' એ નામની કોઈ વસ્તુ છે જ નહિ, એવો ઉપદેશ બુદ્ધદેવે આપ્યો હતો. આ બાબત પણ ગેરસમજથી ઊભી થયેલી છે. 'અહંકાર' કહો કે 'હુંપણું' કહો, અથવા શરીર, લાગણીઓ અને મનની બનેલી ઉપાધિ કહો, તે જ અસત્ય છે, તે જ ક્ષણભંગુર છે, એમ બુદ્ધદેવ કહેતા હતા. પણ તે ઉપરથી એમ નથી ફલિત થતું કે, 'આત્મા' નામની કોઈ ચીજ નથી. જો એવો સિદ્ધાંત બુદ્ધદેવે આપ્યો હોત, તો પછી તેમના ઉપદેશમાં જગ્યાએ જગ્યાએ આવતા કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતની સાર્થકતા જ શું? બુદ્ધદેવે બોધિજ્ઞાન મેળવ્યું તે વખતે પોતાના અને મનુષ્યજાતિના હજારો પાછલા ભવ જોયા, તો તે હજારો ભવમાં સ્થાયી રહેલું તત્ત્વ કયું? તે જ 'આત્મા.' 'આત્મા'ના અસ્તિત્વમાં લેશમાત્ર સંશય નહિ ધરાવતા શ્રીમાન બુદ્ધદેવના પાછળના કેટલાક અનુયાયીઓ જ્યારથી નીતિ અને તત્ત્વજ્ઞાનના પાયારૂપ આ સિદ્ધાંતનો અનાદર કરતા થયા, ત્યારથી જ બૌદ્ધધર્મને આર્યાવર્ત છોડવો પડ્યો; કારણ કે 'આત્મા' નથી, એવો સિદ્ધાંત કોઈ આર્ય માની શકે જ નહિ.

સિંહલદ્વીપ વગેરે દક્ષિણના દેશોમાં કેટલેક અંશે ક્ષણિકવાદ દાખલ થવા પામ્યો છે; પણ ઉત્તર તરફના દેશોમાં–ખાસ કરીને ચીન, જાપાન અને તિબેટમાં આ આત્મવાદસંબંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્યતા હિંદના કોઈ પણ ધર્મ જેવી ચોક્કસ અને નિર્વિવાદ છે.

ક્રિયાકાંડમાં અને યજ્ઞયાગાદિમાં રમી રહેલા તે વખતના લોકોને બુદ્ધદેવે નીતિની પ્રધાનતાનો જે સચોટ ઉપદેશ આપ્યો છે અને આત્મસંયમનો તેમજ અપ્રમત્ત દશાનો જે સુંદર બોધ આપ્યો છે; તેમજ મનુષ્યો અને પશુઓનું હિત કરવાની જે સજજડ હિમાયત કરી છે, તે સર્વની છાપ તેમના કાળ પછીના દરેક ગ્રંથમાં તેમ જ કાર્યોમાં ખુલ્લી જણાઈ આવે છે.

તેમને મનુષ્યો વચ્ચેથી ચાલ્યા ગયાને આજે ૨૫૦૦ વર્ષ થઈ જવા છતાં તેમનું નામ દરેક આર્યના મુખમાંથી માન અને ભક્તિપુરઃસર જ બોલાય છે. જે દેશમાં આ ધર્મ જન્મ પામ્યો હતો, તે દેશમાં તો હાલ તે ધર્મના અનુયાયીઓ ભાગ્યે જ શોધ્યા હાથ લાગશે; તથાપિ તેમની વિચારશ્રેણીના ઉપાસકોનો તો કશો તોટો પડવાનો નથી. અમેરિકા અને યુરોપમાં તો આજે સેંકડો મનુષ્યો પોતાને બૌદ્ધધર્માનુયાયી કહેવરાવવામાં માન સમજે છે.

× × × ×

હિંદુ લોકોને જેવી ભગવદ્‌ગીતા પ્રિય છે, મુસલમાનોને કુરાન પ્રિય છે, ખ્રિસ્તી લોકોને બાયબલ પ્રિય છે, તેટલા જ આ ધમ્મપદ ગ્રંથ બૌદ્ધોને પ્રિય છે. આ ગ્રંથમાં જુદા જુદા ૨૬ વિભાગ પાડવામાં આવ્યા છે અને દરેક વિભાગમાં કેટલાક જુદા જુદા શ્લોકો આપવામાં આવ્યા છે. આ દરેક વિભાગના શ્લોકો એક સાથે બોલાયેલા નથી. શ્રીબુદ્ધદેવ પ્રાતઃકાળમાં ઊઠી પોતાના ભવિષ્યજ્ઞાનદ્વારા એ વિચાર કરતા હતા કે, ‘ આજ હું કોનો ઉદ્ધાર કરું ? આજે મારી મદદ મેળવવાને કોણ યોગ્ય છે ?’ આ પ્રમાણે વિચાર કરી જુદેજુદે સ્થળે તે જતા અને જ્યાં જેને જેટલો યોગ્ય હોય, ત્યાં તેને તેટલો ઉપદેશ આપતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે જુદેજુદે સ્થળે શ્રીબુદ્ધદેવે ઉપદેશેલા શ્લોકોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. દરેક શ્લોકને લગતું એક કથાનક છે. જયાં સુધી આ કથાનક આપણા જાણવામાં ન આવે, ત્યાં સુધી તે શ્લોકનું ગૌરવ આપણા સમજવામાં ન આવે એ સ્વાભાવિક છે. માટે આ શ્લોકોમાં પૂર્વાપરસંબંધ ન દેખાય તો તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. શ્રીબુદ્ધઘોષે આ ગ્રંથ ઉપર વિસ્તારથી ટીકા લખેલી છે અને તે દરેક શ્લોકને લગતો ઇતિહાસ તેમાં આપેલો છે.

આ ગ્રંથ પાલિ ભાષામાં લખાયેલો છે. તે તે વખતમાં મગધ, કાશી, કોશલ વગેરે બંગાળના પૂર્વભાગમાં બોલાતી ભાષા હતી. હાલ તો આ બૌદ્ધધર્મના ગ્રંથોની પાલિ ભાષા જૈન ધર્મના ગ્રંથોની માગધી ભાષાની માફક ભાગ્યે જ વપરાશમાં આવે છે. આ બન્ને ભાષાઓને ઘણો નિકટનો સંબંધ છે અને બન્ને સંસ્કૃતની પુત્રીઓ છે. સંસ્કૃત ભાષા જયારે શિષ્ટજન વાપરતા, ત્યારે બાળકો, સ્ત્રીઓ, મંદ બુદ્ધિવાળા નોકરો વગેરે પાલિ કે માગધી ભાષા વાપરતા હતા. સમગ્ર મનુષ્યોને આ ઉમદા સિદ્ધાંતોનો લાભ મળે, તેવી અનુગ્રહબુદ્ધિથી આ ભાષામાં ઉપદેશ આપવામાં આવ્યો હતો.*

આ પાલિ અને માગધી ભાષા સંસ્કૃતમાંથી જ ઉત્પન્ન થયેલી છે. જો સંસ્કૃતના જાણનાર વિદ્વાનો આ ભાષાઓના અભ્યાસ પાછળ લક્ષ આપે, તો ઘણા થોડા સમયમાં તે ભાષામાં નિપુણતા મળી શકે અને આ ભાષાઓનું જ્ઞાન પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર કરવામાં ઘણું જ મદદગાર નીવડે.

---

* बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकांक्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૭૯માં પ્રોફેસર મેક્ષમુલરે આ ગ્રંથનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર કર્યું, ત્યાર પછી જુદાજુદા રૂપમાં ઘણી ભાષાઓમાં તેનું ભાષાંતર થયું છે. ચીનની ભાષામાંથી સેમ્યુઅલ બીલે પણ અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે. સને ૧૮૯૮માં કલકત્તાની બુદ્ધિસ્ટ ટેક્સ્ટ સોસાયટીએ બુદ્ધઘોષની ટીકાસહિત આ ગ્રંથ પ્રકટ કર્યો છે. ગુજરાતીમાં પ્રથમ સ્વર્ગસ્થ નારાયણ હેમચંદ્રે આ ગ્રંથનું ભાષાંતર પ્રકટ કર્યું હતું. હિંદુસ્તાનીમાં મૂળ સુધ્ધાં આરાકાન–નિવાસી ભિક્ષુ ચંદ્રમણિએ તે પ્રસિદ્ધ કર્યો છે.

આ ભાષાંતર કરવામાં પણ ઉપર જણાવેલાં ઘણાંખરાં ભાષાંતરોની મદદ લીધી છે અને તે માટે તે સર્વ લેખકોનો હું આભાર માનું છું. સરલ અને સમજાય તેવી ભાષામાં આ મહાન ગુરુનાં વચનામૃતો રજૂ કરવાનો પોતાને પ્રસંગ મળ્યો, તે માટે પોતાની જાતને આ લેખક ભાગ્યશાળી માને છે. જેના સમયમાં હિંદનો સૂર્ય મધ્યાહ્નકાળે પહોંચ્યો હતો, તે પ્રતાપી બૌદ્ધ ભૂપતિ મહાન અશોકના શિલાલેખો પણ આ ગ્રંથમાં આપવામાં આવેલા છે, કે જેથી બૌદ્ધધર્મના વિશાળ સિદ્ધાંતોની કેવી અસર થવા પામી હતી તેનો વાચકવર્ગને કંઈક ખ્યાલ આવે. વળી 'શ્રીબુદ્ધનાં વિવિધ શિક્ષણો' પણ આપવામાં આવ્યાં છે, કે જેથી લોકોને જુદીજુદી બાબતો ઉપર બૌદ્ધધર્મના વિચારો જાણવાનો પ્રસંગ મળે. આ સંબંધમાં લખવા યોગ્ય ઘણું છે, પણ હાલ તો જે કાંઈ ઉપયોગી હાથ લાગ્યું તેટલું વાચકવર્ગ આગળ ધરી આનંદ માનું છું.

મણિલાલ નથુભાઈ દોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
	બુદ્ધચરિત્ર	
૧	જન્મ	૧
૨	બાલ્યાવસ્થા	૯
૩	યુવાવસ્થા	૧૬
૪	સંન્યાસની પૂર્વાવસ્થા	૨૭
૫	ગૃહત્યાગની તૈયારીઓ	૪૧
૬	ત્યાગ (મહાભિનિષ્ક્રમણ)	૪૯
૭	સત્યની શોધમાં	૫૬
૮	બુદ્ધત્વની શોધમાં	૭૧
૯	ધર્મપ્રચાર (ધર્મચક્રપ્રવર્તન)	૮૭
૧૦	નિર્વાણ	૧૧૪
૧૧	બુદ્ધ મહાત્માની ઉપદેશપદ્ધતિ	૧૨૦
૧૨	શ્રીબુદ્ધનો ઉપદેશ	૧૨૪
	શ્રીબુદ્ધનો ઉપદેશ–ધમ્મપદ	
૧	યમકવર્ગ	૧૩૯
૨	અપ્રમત્તતા	૧૪૨
૩	ચિત્તવર્ગ (વિચાર)	૧૪૪
૪	પુષ્પવર્ગ	૧૪૫
૫	બાળવર્ગ (મૂર્ખ)	૧૪૭
૬	પંડિતવર્ગ (ખરો જ્ઞાની)	૧૪૯
૭	અર્હતવર્ગ	૧૫૧
૮	સહસ્ર (હજાર) વર્ગ	૧૫૩
૯	પાપવર્ગ	૧૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ દંડવર્ગ ૧૫૭

૧૧ વૃદ્ધાવસ્થા ૧૫૯

૧૨ આત્મવર્ગ ૧૬૦

૧૩ લોકવર્ગ ૧૬૧

૧૪ બુદ્ધવર્ગ ૧૬૩

૧૫ સુખવર્ગ ૧૬૫

૧૬ પ્રિયવર્ગ ૧૬૬

૧૭ ક્રોધ ૧૬૮

૧૮ મલ (અશુદ્ધિ)વર્ગ ૧૭૦

૧૯ ધર્મશીલવર્ગ ૧૭૨

૨૦ ધર્મમાર્ગવર્ગ ૧૭૪

૨૧ પ્રકીર્ણવર્ગ ૧૭૬

૨૨ નિરયવર્ગ (અધોગતિનો માર્ગ) ૧૭૮

૨૩ નાગ (હાથી)વર્ગ ૧૮૦

૨૪ તૃષ્ણાવર્ગ ૧૮૨

૨૫ ભિક્ષુવર્ગ ૧૮૬

૨૬ બ્રાહ્મણવર્ગ ૧૮૯

શ્રીબુદ્ધનાં વિવિધ શિક્ષણો

ભૂતદયાધર્મ ૧૯૪

ધમ્મિક સૂત્તમાં ગૃહસ્થધર્મ ૧૯૫

ભિક્ષુઓના ધર્મ ૧૯૬

કર્મ ૧૯૭

સત્યવાણી ૧૯૮

મતાંતરો અને ધર્માનુયાયીઓ... ... ... ૧૯૮

સુહૃદ અને મિત્ર ૨૦૦

વિવિધ વચનો... ... ... ૨૦૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધલોકની ઉચ્ચ ભાવનાઓ ૨૦૨
સદ્ધર્મનાં સાત રત્નો ૨૦૫
પાંચ નૈતિક શક્તિઓ ૨૦૬
ચાર સંપાદન અથવા પ્રયત્નો ૨૦૬
ધર્મ વિષે ૨૦૬

પ્રતાપી બૌદ્ધરાજા મહાન અશોકના શિલાલેખો

૧ ભૂતદયા ૨૦૭
૨ મનુષ્ય અને પશુઓને સુખનાં સાધનો પૂરાં પાડવા વિષે ૨૦૮
૩ પંચવાર્ષિક સભા ૨૦૮
૪ ધાર્મિક જીવન ૨૦૯
૫ ધર્મ મહામાત્રા (ધર્માચરણની તપાસ રાખનારા) ૨૧૦
૬ કામકાજ ઘણી જ ત્વરાથી પતાવવા વિષે ... ૨૧૧
૭ ધર્મનું અનુષ્ઠાન ૨૧૨
૮ ધર્મયાત્રા ૨૧૩
૯ ક્રિયામાર્ગ ૨૧૩
૧૦ ખરી કીર્તિ ૨૧૪
૧૧ ખરી ઉદારતા ૨૧૫
૧૨ પરમ સહિષ્ણુતા ૨૧૬
૧૩ ખરો વિજય ૨૧૭
૧૪ ઉપસંહાર ૨૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૩	પર્યંકાસન	પર્યંકાસન
૩	૩	કામદુગ્ધા	કામદુઘા
૭	૨૫	કુમારને	કુમારનું
૧૧	૨૩	પહેલાં	પેલા
૧૫	૮	આશો	આ શો
૧૮	૧૫	અનાઘાત	અનાઘ્રાત
૨૮	૧૦	હૃરયને	હૃદયને
૨૯	૨	ભવનોને	ભુવનોને
૩૩	૨૧	લતિતાંગિની	લલિતાંગિની
૩૩	૨૫	વૃદ્ધાવસ્માં	વૃદ્ધાવસ્થામાં
૩૪	૮	અ—	—
૩૬	૧૭	રંગ	રંક
૪૩	૨૫	રિથતિને	સ્થિતિને
૫૦	૧૭	હદય	હૃદય
૫૧	૧૪	નિશ્ચય	નિશ્ચય
૫૪	૧૯	પેહેગીરોને	પહેરેગીરોને
૮૭	૬	જગતનું	જગતનો
૮૮	૨૬	ખંડેરો	ખંડેરો
૯૩	૬	વિચ I	વિચરો
૯૫	૨૦	રાજગૃહ	રાજગૃહીના
૧૦૨	૨૧	ક્રાધ	ક્રોધ
૧૦૩	૧૧	કેવ	કેવાં
૧૦૩	૨૬	આ	આજે
૧૧૯	૨૦	રાજગૃહના	રાજગૃહીના
૧૨૩	૧૩	લેતા	લેવી
૧૩૪	૧૭	અવશ્યક્તામાં	આવશ્યકતામાં
૨૦૧	૧૫	નીચે	નીચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીબુદ્ધદેવ સંબંધી ઐતિહાસિક સાલ

જન્મ—શ્રીબુદ્ધદેવનો જન્મ કલિયુગના ૨૪૭૮ વર્ષે કપિલ-વસ્તુ પાસે આવેલી લુંબિની નામની વાટિકામાં વૈશાખ માસના શુકલપક્ષની પૂર્ણિમા ને મંગળવારે ઈ. સ. પૂર્વે ૬૨૩+ માં થયો હતો.

મહાભિનિષ્ક્રમણ—(ગૃહત્યાગ)–ઈ. સ. પૂર્વે ૫૯૫ માં ૨૮ વર્ષની વયે કપિલવસ્તુથી નીકળી સિદ્ધાર્થકુમાર શાક્ય-મુનિ બન્યા.

બુદ્ધત્વપ્રાપ્તિ—ઈ. સ. પૂર્વે ૫૮૮ માં ૩૫ વર્ષની વયે નિરંજના નદીને પશ્ચિમ કિનારે વિશાળ બોધિવૃક્ષ નીચે શાક્ય-મુનિએ બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું. આ સ્થળ બુદ્ધગયાના નામથી હાલમાં પ્રસિદ્ધ છે.

પ્રથમોપદેશ—(ધર્મચક્રપ્રવર્તન)—ઈ. સ. પૂર્વે ૫૮૮ માં શ્રીબુદ્ધદેવે કાશીથી ત્રણ માઈલ દૂર આવેલા ઇસીપતન (ઋષિપતન) નામના તપોવનમાં પ્રથમ ધર્મોપદેશ કર્યો.

નિર્વાણ—ઈ. સ. પૂર્વે ૫૪૩માં ૮૦ વર્ષની વયે શ્રીબુદ્ધ-દેવે કુશીનગરની પાસે આવેલા વનમાં શાલવૃક્ષ નીચે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

જન્મ, બુદ્ધત્વપ્રાપ્તિ અને નિર્વાણ આ ત્રણ પવિત્ર (કલ્યાણ-કારી) બનાવો વૈશાખ માસના શુકલ પક્ષની પૂર્ણિમાને દિવસે બનેલા હોવાથી ત્રણે પ્રસંગો એક સાથે તે જ દિવસે ઉજવાય છે.

+ આ ગણતરી સિંહલદ્વીપમાં મનાતા બૌદ્ધધર્મ પ્રમાણે છે. ઉત્તર તરફના બૌદ્ધલોકો આ બનાવ ઈ. સ. પૂર્વે ૫૬૬માં બન્યો હોવાનું જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री

श्रीबुद्धचरित्र

प्रकरण १ लुं—जन्म

સુપ્રસિદ્ધ ઇક્ષ્વાકુ વંશથી ઊતરી આવેલા શાક્ય લોકો જ્યાં કૃષિથી પોતાનું ઉદરપોષણ કરતા હતા, એવું કપિલવસ્તુ નગર નેપાલની દક્ષિણે અને કાશીપુરીની ઉત્તરે ૧૩૦ માઇલ દૂર રોહિણી નદીના કિનારા ઉપર આવેલું હતું. રાજા શુદ્ધોદનના વખતમાં આ નગર કીર્તિના શિખરે પહોંચ્યું હતું. પ્રજા સુખી અને સંતોષી હતી. રાજમહેલ સર્વ સામગ્રીથી ભરપૂર હતો. યોદ્ધાઓ દેશાભિમાનનોજ દમ લેતા હતા. આ સર્વ અનુકૂળ સંજોગોનું મૂળ અને ખરું કારણ રાજા શુદ્ધોદનની ધાર્મિક વૃત્તિ અથવા પવિત્રતા હતી. જેના મનમાં પવિત્રતા હોય છે તેને બાહ્યસંયોગો પણ અનુકૂળજ મળી રહે છે; તે એટલે સુધી કે કુદરત અથવા પ્રકૃતિ પણ તેના ફાયદામાંજ હોય છે. એ નિયમ અનુસાર રાજા શુદ્ધોદનનું પાટનગર કપિલવસ્તુ એક બાજુએ મગધ દેશ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુએ કોશલ દેશ વચ્ચે આવેલું હોઇ, તથા એ બે રાજ્યો અન્યોન્ય લડી રહેલાં હોઇ, શુદ્ધોદનના રાજ્ય પર તરાપ મારવાનો રાજલોભ પેલા બે બળવાન રાજાઓ પૈકી એકને પણ થવો સંભવિત ન હતો. આ કારણથી શાક્ય લોકો સ્વતંત્ર રહેવા પામી શક્યા હતા.

જે રોહિણી નદીને એક કિનારે શુદ્ધોદનનું પાટનગર હતું, તેના સામે કિનારે કોલી નામે એક નગર હતું, કે જ્યાંના રહેવાસીઓને 'કોલી' તરીકે ઓળખવામાં આવતા હતા. આ કોલી લોકો અને શાક્ય લોકો વચ્ચે રોહિણી નદીની માલિકી વાસ્તે અનેક યુદ્ધો થયાં હતાં, પરંતુ જે પ્રસંગને માટે આપણે હમણાં બોલવા માગીએ છીએ, તે પ્રસંગે તો એટલે કે ઈ. પૂ. ૬૦૦માં તો બન્ને વચ્ચે સારો સંપ હતો; કારણ કે કોલી રાજાની બે પુત્રીઓ મહામાયા અને ગૌતમીનું લગ્ન રાજા શુદ્ધોદન સાથે કરેલું હતું. મહામાયા અને ગૌતમી જેટલી સુંદર તેટલી નમ્ર અને તેટલીજ અન્યોન્ય (સહપત્ની હોવા છતાં પણ) પ્રેમાળ હતી, તેથી રાજા દરેક રીતે સુખી હતો; રૈયત પણ સંપૂર્ણ રાજભક્ત હતી.

બે વખત લગ્ન કરવા છતાં રાજાને કાંઈ સંતતિ ન હતી એ વાતનો તો ખેદ અલબત્ત તેને રહ્યાજ કરતો; પરંતુ તે ખેદ લાંબો વખત રહેવા માટે નિર્માયલો ન હતો.

એકદા આખા શહેરમાં દક્ષિણાયનનો મહોત્સવ ઉજવાઇ રહ્યો હતો, તેને સાતમે દિવસે રાણી માયાદેવીએ પોતાના શયનગૃહમાંના પર્યંકાસનમાં પડચાં પડચાં એક દિવ્ય સ્વપ્ન જોયું. આ વખતે તેનું વય ચૂંવાળીસ વર્ષનું હતું.

આ અમાનુષી સ્વપ્ન એવી મતલબનું હતું કે, એક ભવ્ય, છ કિરણવાળો, ગુલાબ જેવો લાલ અને મોતી જેવો શ્વેત તારો આકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શમાંથી નીચે પડતો જોવામાં આવ્યો અને જમીનનો સ્પર્શ કરતાંમાં તો તે તારો બદલાઈને બરફ જેવો તથા કામદુગ્ધા ગાયના દૂધ જેવો શ્વેત હાથી બની ગયો! તે હાથી ત્યાર બાદ પોતાની શ્વેત સૂંઢમાં શ્વેત પદ્મ ધારણ કરી રાણીના મહેલમાં આવ્યો અને ત્રણ વાર મસ્તક નમાવીને દક્ષિણ બાજુએથી ગર્ભમાં દાખલ થયો.

આ સ્વપ્ન જોવાથી સ્વપ્નાવસ્થામાં પણ માયાદેવીને સામાન્ય માતાઓએ કદાપિ નહિ અનુભવેલો એવો અપૂર્વ આનંદ થયો. સ્વપ્ન પૂરું થતાંજ તેની આંખ ઊઘડી ગઈ અને હર્ષથી છલકાતા હૃદયે તેણે આ સમાચાર પોતાના પતિને નિવેદન કર્યા.

રાજા શુદ્ધોદને પ્રાતઃકાળ થતાંજ સ્વપ્નપાઠકોને બોલાવ્યા અને તેમને સ્વપ્નનું ફલ પૂછ્યું. તેઓએ ખુલાસો કર્યો કે, "સૂર્ય કર્ક રાશિનો હોવાથી રાણી એક અલૌકિક બુદ્ધિવાળા પવિત્ર પુત્રની માતા બનશે, કે જે પુત્ર કાં તો ચક્રવર્તી રાજા થવો જોઈએ, અગર તો પૃથ્વી પરનો અજ્ઞાનતા અને પાપનો બોજો ઓછો કરનાર થઈ પડશે."

આ ફલ સાંભળી રાજા, રાણી તેમજ રાજભક્ત નાગરિકોને ઘણોજ આનંદ થયો. પિસ્તાળીસ વર્ષની ઉંમરે રાણી ગર્ભવતી થઈ અને ઉત્તમ જીવ ગર્ભમાં આવવાથી તેને એક પછી એક ઉત્તમ દોહદ* થવા લાગ્યા, કે જે સર્વ પૂર્ણ પ્રેમપૂર્વક પૂરવામાં આવતા.

એક ગર્ભવતી સ્ત્રીએ પાળવા યોગ્ય સર્વ નિયમોનું યથાર્થ સેવન કરતી પ્રફુલ્લિત ચિત્તવાળી રાણી દસમે મહિને પતિની સંમતિ મેળવીને પોતાના પિયર-કોલીનગર તરફ જવા નીકળી. માર્ગમાં લુંબિની નામની વાટિકા આવતાં તેનું સૌંદર્ય જોવા અને ઘડીભર વિશ્રાંતિ લેવા રાણી થોભી; પરંતુ ત્યાંજ એક શાલવૃક્ષ નીચે પુત્રજન્મ થયો. ઈ. સ. પૂ. ૬૨૩ ની વસંતપૂર્ણિમાનો આ દિવસ

---

* દોહદ એટલે ગર્ભવતી સ્ત્રીને ઉત્પન્ન થતી ઇચ્છા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળથી દુનિયાના ઇતિહાસમાં સોનેરી અક્ષરથી લખાઇ રહ્યો; કારણ કે તે દિવસે ભવિષ્યમાં કરોડો માણસના 'તારનાર' તરીકે પ્રસિદ્ધિમાં આવનાર બુદ્ધ જન્મ્યો હતો.

આ બાલકના મુખ પર સૂર્ય સમાન તેજ ઝળકતું હતું, તથાપિ તેના તરફ આહ્લાદથી જોઇ રહેનાર લોકસમૂહની આંખો કાંઇ અંજાઈ જતી ન હતી, જો કે ખુદ સૂતિકાગૃહ તો બાલકના તેજથી ઝળાંઝળાં થઇ રહ્યું હતું.

આ ખુશખબર પિતૃગૃહમાં તેમજ શ્વશુરપક્ષમાં ઝડપથી ફરી વળતાંજ ત્યાંથી હજારો દાસ-દાસીઓ પ્રસવસ્થળે આવી પહોંચ્યાં અને રાજકુમારને તથા રાણીને પાલખીમાં *બેસાડી કપિલવસ્તુ તરફ લઇ ગયાં. આ વખતે નગરી ઠેરઠેર બાંધેલાં તોરણોને લીધે તથા બીજી અનેક તરેહની શોભાઓને લીધે સ્વર્ગતુલ્ય બની હતી.

આ વખતે સઘળા દેવોમાં પણ આનંદ છવાઇ રહ્યો. દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી, ગંધર્વો ગીતો ગાવા લાગ્યા, ત્રણે ભુવનમાં-સ્વર્ગલોક અને મૃત્યુલોકની તો શી વાત કરવી, પણ ખુદ નરકમાંએ-એક ક્ષણ શાંતિ પ્રસરી રહી. નાગરાજા (એક પ્રકારના દેવો)એ પ્રથમના બુદ્ધોને માન આપ્યું હતું, તેવીજ રીતે આ બુદ્ધને માન આપવા અર્થે મંદાર પુષ્પની *વૃષ્ટિ કરી અને જગતનો ઉદ્ધાર

---

* બૌદ્ધધર્મશાસ્ત્ર એમ જણાવે છે કે, આ પાલખીના ચાર દાંડા ઉપાડનારા સામાન્ય મનુષ્યો ન હતા, પરંતુ ચાર દિશાના ચાર રક્ષપાલ દેવોએ મનુષ્યરૂપે પાલખી ઉપાડવાનું કામ કર્યું હતું. દેવો પણ મહાન ગુરુઓની ભક્તિ કરવાને ઇંતેજાર હોય છે.

* આ બધું વર્ણન (તેમજ આખા પુસ્તકમાંનું કોઇ પણ વર્ણન) કલ્પિત નથી—બૌદ્ધધર્મશાસ્ત્રોના શબ્દોના આધારેજ લખેલું છે. તેથી જૈનશાસ્ત્રોમાંના આવા પ્રસંગોનાં વર્ણનો સાથે આ કેટલું મળતાપણું ધરાવે છે, તે વિચારવાની સારી સગવડ મળે છે. ભક્તામર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા અવતરેલા આ મહાપુરુષને નમસ્કાર કરી આનંદ અને ભક્તિભાવ જણાવ્યો. વૈરવિરોધ ધરાવતાં પશુઓ પોતાનો સ્વાભાવિક વિરોધ ભૂલીજ ગયાં! સઘળા રોગો અને પીડાઓનો, એટલા વખતને માટે લોપ થઈ ગયો! આમ ચોતરફ સઘળી રીતે શાંતિનું રાજ્ય છાઈ રહ્યું હતું; અસમાધિનું રાજ્ય ક્યાંય પણ હોય તો તે ફક્ત માર‌રાજા અથવા મોહરાજાના હૃદયમાં હતું! જગદુદ્ધારક પુરુષનો જન્મ માત્ર તેનેજ દાવાનળરૂપે થઇ પડ્યો હતો!

જગતના આ નવા પરોણાનાં લક્ષણ જોઇને સામુદ્રિકશાસ્ત્રીઓએ રાજાને જણાવ્યું કે, "આ મોટો ચક્રવર્તી રાજા થશે. હજારો વર્ષોમાં આવો ચક્રવર્તી એકાદજ થાય છે. અમુક ચિહ્નો પરથી આ બાળક ભવિષ્યમાં અખિલ ભૂમંડલને તારનાર દૈવી ગુરુ થનાર છે, અગર તો જો તે સાંસારિક બાબતોમાં પડવું ઉચિત માનશે, તો તે એક મહાન્ ચક્રવર્તી રાજા થશે અને સઘળા રાજાઓને પોતાના પગે પાડશે. પર્વતોમાં જેમ સુમેરુ, ધાતુઓમાં જેમ સુવર્ણ, જળાશયોમાં જેમ સમુદ્ર, તારાઓમાં જેમ ચંદ્ર, તેમ મનુષ્યોમાં આ તથાગત થશે."

આ ભવિષ્યકથન સાંભળવાથી રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. આજનો દિવસ આખા નગરમાં ઉત્સવના દિવસ તરીકે પસાર કરવાનો ઢંઢેરો પિટાવ્યો હોવાથી, રસ્તાઓ સાફ કરવામાં આવ્યા, જ્યાંત્યાં સુગંધી જળનો છંટકાવ કરવામાં આવ્યો, ઘેરઘેર અને રસ્તાઓ ઉપર ધ્વજાઓ અને તોરણો તથા વાવટા લટકાવવામાં આવ્યા. સર્પના ખેલાડીઓના, તલવારથી ખેલ કરનારાઓના, દોરડાં પર નાચનારાઓના અને એવા અનેક પ્રકારના તમાશા

સ્તોત્રના ૩૩ મા શ્લોકમાં દેવોએ મંદાર—નમેરુ—પારિજાત વગેરે પુષ્પોની વૃષ્ટિ કર્યાનો ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા લોકો શેરીએ શેરીએ એકઠા થવા લાગ્યા. શ્રીમંતો તેમજ ગરીબો રાજભક્તિ બતાવવા માટે આ શુભ પ્રસંગે પોતાના રાજાને નજરાણું આપવાને ઉમંગથી દોડતા જતા નજરે પડવા લાગ્યા. રાજાએ બંદીવાનોને મુક્ત કર્યા, કેટલાક કરો માફ કર્યા, મોટી દક્ષિણાઓ આપી, સાધુસંતને જમાડ્યા અને રાજ્યમાં રહેનારાઓને જે જે વસ્તુની જરૂર હતી, તે તે રાજ્ય તરફથી પૂરી પાડી.

આ સર્વ ધામધૂમ ચાલી રહી હતી એવામાં અસિત (કાળદેવ) નામનો એક વૃદ્ધ સંન્યાસી તે બાલક પાસે આવ્યો. સંસારના માયાવી નાદ સાંભળવાને જેના કાન બહેરા છે, એવા યોગીજનો સ્વર્ગીય નાદ સાંભળવાને તો ટેવાયલા હોય છે. આ વૃદ્ધ સંન્યાસીએ પણ બુદ્ધદેવના જન્મની વધામણી દેવોના અવાજથી જાણી હતી અને તેથીજ તે અહીં આવ્યો હતો. વિવેકી શુદ્ધોદન રાય આ યોગીને પગે પડ્યો અને માયાદેવીએ ઇચ્છયું કે, બાળકને આવા પવિત્ર પુરુષને પગે લગાડાય તો કેવું સારું! પરંતુ રાણી તે ઇચ્છા અમલમાં મૂકે તે પહેલાં તો વૃદ્ધ સંન્યાસી બોલી ઊઠ્યો: "મા, મા, મને એવા પાપમાં ન હડસેલશો." એમ કહી પોતે કુમારને સાષ્ટાંગ દંડવત્ કર્યાં અને કહ્યું: "પગમાં પદ્મ, હાથમાં સ્વસ્તિક વગેરે બત્રીસ મુખ્ય અને એંસી નાનાં લક્ષણો ધરાવતા હે બાલક! હું તને નમન કરું છું. હે બુદ્ધ! ધર્મનો ઉપદેશ કરી મનુષ્યમાત્રને દુઃખમાંથી મુક્તિનો રસ્તો સૂચવવા માટે જન્મેલા હે મહાભાગ! તમને નમન કરું છું."

પછી તે સંન્યાસીએ રાજા તરફ જોયું અને કહ્યું: "હે ભાગ્યશાળી રાજન્! આવા એક અતિ પ્રતાપી પુત્રના પિતા બનવા માટે હું તને અભિનંદન આપું છું. પૂર્વભવોનાં પવિત્ર કર્મોનું આજે તને ફળ મળ્યું છે. લાખો વર્ષે આવું એકાદ પુષ્પ ઊગી આવે છે; પણ જ્યારે તે ખીલે છે, ત્યારે આખી વસુધાને જ્ઞાનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધીથી અને પ્રેમના રસથી ભરી દે છે. ખરેખર પ્રતાપી કુળમાંજ આવા જગદુદ્ધારકો જન્મ લે છે. ખરેખર, રાજન્! તારું કુટુંબ બહુજ ભાગ્યશાળી છે. પરંતુ તે ભાગ્ય એક વાતે અપૂર્ણ છે; કારણ કે દેવો તેમજ મનુષ્યોને પ્રિય એવી આ માયાદેવી–વધારે વાર દુઃખ નહિ અનુભવવાને સરજાયલી આ દેવી–સાત દિવસમાં કોઇ પણ પ્રકારની પીડા વિના 'પીડાનો અંત' પામશે."

આ શબ્દો બોલ્યા પછી યોગીની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં, જે જોઈ રાજાને કોઇ અનિષ્ટ થવાનો ભય લાગ્યો. ઋષિએ તરતજ તે વિચાર તેના મોં ઉપરથી વાંચી લીધો અને ખુલાસો કર્યો: "હે રાજન્! મેં જે કાંઈ અગાઉ કહ્યું છે તેમજ બધું બનશે. તથાપિ કુમારની બાબતમાં તો કશી ચિંતા કરવાનું લેશ પણ કારણ નથીજ નથી. મને આંસુ ઢાળતો જોઇ તમને કાંઇ અનિષ્ટનો વહેમ આવ્યો; પરંતુ તેમ કરવાની કાંઇ જરૂર નથી. મારા રડવાનું કારણ જુદુંજ છે. આ શરીર હવે વૃદ્ધ થયું છે અને તેનો સમય હવે સમીપ આવ્યો છે. હું મરીને દેવ થઇશ અને ત્યાંથી પુનઃ મનુષ્ય તરીકે જન્મીશ. જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવાનો અમૂલ્ય બોધ આપના પુત્રના–આ ભાવી બુદ્ધના મુખકમળથી સાંભળવાનું મારા નસીબમાં લખાયલું નથી એજ મારા રુદનનું કારણ છે." એમ કહી ઋષિ રસ્તે પડયો.

ઋષિના કહેવા મુજબ બરાબર સાતમે દિવસે માયાદેવી હસતી હસતી સૂતી અને તે ફરીથી જાગૃત થઇજ નહિ. * તે સ્વર્ગમાં એક દેવી થઇ. શુદ્ધોદન રાયની બીજી રાણી પ્રજાપતિ (અપરનામ ગૌતમી) કે જે આ પુત્રની માશી થતી હતી, તેણે હવે કુમારને લાલનપાલન કરવાનું કર્તવ્ય ઉપાડી લીધું.

---

* બુદ્ધના જન્મ પછી (પ્રજ્ઞાનો પ્રકાશ થયા પછી) માયાનું ટકવું સંભવતુંજ નથી, એ વાસ્તવિક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભાગ્યશાળી પુત્રના જન્મથી રાજાના સામંતો અને સગાંસ્નેહીઓ રાજા તરફ હમેશ કરતાં વધારે ભક્તિભાવ બતાવવા લાગ્યાં. રાજ્યખજાનો વધુ ને વધુ તર થયો. હાથી, ઘોડા, ગાયો વગેરે ઉત્તમ જાનવરોનાં ટોળાં પોતાની મેળે રાજ્યમાં આવવા લાગ્યાં, લોકોમાંથી દ્વેષ અને વેર નાશ પામ્યાં. દરેક ઋતુનાં ફળ-ફૂલો તે વખતે ઊગી નીકળ્યાં. દુકાળનો તો સંભવ પણ અદશ્ય થઇ ગયો. યોદ્ધાઓનાં શસ્ત્રોને કાટ ચડવા લાગ્યો. રોગોને ખોરાક ન મળવાથી તેઓ તો જીવ લઇને નાઠા. સામાન્ય મનુષ્યો પણ પ્રમાણિકપણે આજીવિકા ચલાવવા લાગ્યા અને ઉદારવૃત્તિથી દાન કરવા લાગ્યા. આ બધા આનંદદાયક ફેરફારો જેને લીધે થવા પામ્યા તે કુમારનું નામ, તે કારણથી 'સર્વાર્થસિદ્ધ' એવું પાડવામાં આવ્યું; જો કે ટૂંકા નામ ખાતર લોકો સિદ્ધાર્થ એવા નામથી પણ બોલાવતા. નામ પાડવાની ક્રિયા આનંદ અને ધામધૂમ સાથે કરવામાં આવી. તે અવસરે નગરમાં કોઇ દરિદ્રી રહ્યું નહિ; કારણ કે સર્વને તેની જરૂરિયાત પ્રમાણે રાજ્ય તરફથી દાન છૂટથી દેવામાં આવ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण २ जुं–बाल्यावस्था

ચંદ્રની જેમ સિદ્ધાર્થની કળા પ્રતિદિન ખીલતી જતી હતી. રૂપ–ગુણમાં તેમજ કળા–કૌશલ્યમાં તેની પ્રગતિ જોસબંધ વધતી જતી હતી. શુદ્ધોદન રાયના ખંડિયા સામંતો રાજકુમારને પ્રસન્ન કરવા માટે હરહમેશ નવાં સોના–રૂપાનાં રમકડાંની ભેટ મોકલતા હતા. પરંતુ ભવિષ્યના મહાત્મા સિદ્ધાર્થ છેક આટલી નાની વયે પણ આ કીમતી ભેટોનું નિર્માલ્યપણું અને ક્ષણભંગુરપણું જોઇ શકતા અને તેથી કરીને એ ભેટોથી એમને કાંઇ આનંદ થતો નહિ. ખરેખર તે નાની વયના શરીરમાં એક મહાન આત્મા વસવા આવ્યો હતો. ઘણા જન્મો પૂર્વે લીધેલી, સર્વસ્વનો ત્યાગ કરવાની અને જગતનો ઉદ્ધાર કરવાની પ્રતિજ્ઞા પાળવાને તત્પર થયેલા આ સિદ્ધાર્થ કુમારને ક્ષણિક વસ્તુઓ સાથે કામ પણ શું હોય?

અનુક્રમે કુમારનું શરીર ખીલતાં ખીલતાં આઠ વર્ષની ઉંમરે પહોંચતાંજ તેને એક રાજાને યોગ્ય કલાઓ તથા જ્ઞાન શીખવવા માટે શુદ્ધોદન રાયે શિક્ષક શોધવા માંડ્યો. વિદ્વાનોની સભા વચ્ચે સવાલ કરતાં સર્વ કોઇએ સૂચવ્યું કે, “કુમારને શિક્ષણ આપવાને લાયક તો એક વિશ્વામિત્રજ છે, કે જે સર્વ શાસ્ત્રોમાં પારંગત છે, વિદ્યામાં નિપુણ છે અને કલાઓમાં પ્રવીણ છે.” પછી વિશ્વામિત્રને રાજસભામાં બોલાવીને શુભ દિવસે તેમને કુમાર સુપરત કરવામાં આવ્યો. જેની કોરો હીરા–માણેકથી જડેલી છે એવી ચંદનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટી અને રત્નની ધૂળ લઇને કુમાર ગુરુ પાસે ગયો. પ્રારંભમાંજ ગુરુએ નીચેના ગાયત્રીમંત્ર ધીમેથી ઉચ્ચાર્યો અને તે લખવા કુમારને ફરમાવ્યું:

ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥

કુમારે વિનયપૂર્વક કહ્યું: "હા, હું લખું છું" અને તરતજ તેણે તે જમાનામાં બોલાતી એવી સુમારે વીસેક ભાષાઓમાં તે મંત્ર લખી કાઢ્યો!

આ જોઇ ગુરુ ઘણા ચકિત થયા. તેમણે કહ્યું: "જો તમને તે આવડતુંજ હોય તો તો હવે હું સંખ્યા અથવા આંકડા શીખવીશ. લો સાંભળો. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, સો, હજાર, દશહજાર; હવે તે બોલી જાઓ."

કુમાર સપાટાબંધ તે સંખ્યા બોલી ગયો; એટલુંજ નહિ પણ વિશેષમાં કહ્યું: "લાખ, કરોડ, અબજ, ખર્વ, મહાખર્વ અને છેક પરાર્ધ સુધી પણ બોલી જાઉં કે? તમે બધા અહીં સુધી તો ગણો છોજ; પરંતુ તેની પેલી પાર પણ સંખ્યા છે ખરી." એમ કહી વળી આગળની ગણતરી કરી બતાવી.

ગુરુએ વધારે આશ્ચર્ય પામી જણાવ્યું: "ઓહો! તમને તો આ પણ આવડે છે ને! ત્યારેતો હવે વજનનું કોષ્ટક વિચારીએ."

કુમારે નમ્રતાથી જવાબ આપ્યો: "દશ પરમાણુનું એક પરસૂક્ષ્મ બને છે. દશ પરસૂક્ષ્મનું એક ત્રસરેણુ બને છે, સાત ત્રસરેણુનું સૂર્યના પ્રકાશમાં ઊડતું એક રજકણ બને છે. એવાં સાત રજકણો મળી ઊંદરની મૂછના વાળનો અગ્ર ભાગ બને છે. દસ વાળ બની એક લીખ થાય છે. દસ લીખ ભેગી થાય તો એક જૂ બને. દસ જૂ મળી બાજરીના દાણા જેટલો ભાર થાય. એ રીતે આંગળ, હાથ, ધનુષ્ય, ભાલા વગેરેની લંબાઈ તથા ગાઉ–યોજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેનું માપ છે અને હે ગુરો! જો આપ ફરમાવો તો એક યોજનમાં કેટલાં પરમાણુઓ રહેલાં છે તે ગણી બતાવું." એમ કહેતાંની સાથેજ તે ગણતરી તેણે કરી બતાવી.

ગુરુ એકાએક કુમારને પગે પડ્યા અને બોલી ઊઠ્યાઃ "હે શિષ્ય! તું ગુરુઓનો પણ ગુરુ છે. ખરેખર, હું નહિ પણ તુંજ ગુરુ છે. માટે હે કુમાર! હું આપને નમન કરું છું. ગુરુ કે પુસ્તકોની મદદ સિવાયજ આટલું બધું જાણવા પામેલા હે કુમાર! આપની આ નમ્રતા અનુકરણીય અને પૂજ્ય છે. આપ શીખવાને નહિ પણ મારી કિંમત વધારવા માટેજ અહીં આવો છો."

પોતે બીજાઓ કરતાં વિશેષ જાણવા છતાં કુમાર ગુરુના સઘળા મદદનીશો પ્રત્યે વિનય બતાવતો હતો. તેની વાણી નમ્રતાથી અને ડહાપણથી ગર્ભિત હતી. તેનો ચહેરો ભવ્ય અને તેનો સ્વભાવ સુશીલ હતો. શૌર્ય અને ધૈર્યનો ખજાનચી હોવા છતાં, કુમારમાં દયા અને કોમળતાના ગુણો સ્પષ્ટ દેખાઈ આવતા હતા.

સિદ્ધાર્થ કુમારની દયા અનુકરણીય હતી. પોતાના મિત્રો સાથે ઘોડા દોડાવવામાં તે જરા પણ ડગે તેમ ન હતો; છતાં ઘોડાને શ્વાસ ચડેલો જાણવામાં આવતાંજ, પોતાને જીત મળવાની તૈયારી હોવા છતાં, તે એકાએક ઘોડાને થોભાવતો. એકદા રાજાના બગીચામાં બેઠો બેઠો કુમાર કાંઇ વિચારમાં લીન થયો હતો, એવામાં પ્રેમમય નાદ કરતાં કરતાં હિમાલય તરફ ઊડતા હંસ પક્ષીઓના ટોળા તરફ સિદ્ધાર્થના કાકાના પુત્ર દેવદત્તે એક તીર ફેંક્યું અને તે પહેલાં હંસની પાંખને વાગવાથી પીંછાંમાંથી લોહીની ધાર વહેવા લાગી અને પક્ષી નીચે પડ્યું. સિદ્ધાર્થની દૃષ્ટિ તે તરફ જતાંજ તેણે તેને ઊંચકી લીધું અને પદ્માસને બેસીને પોતાના ખોળામાં મૂક્યું. પ્રથમ તો તેને પંપાળીને તેની ધાસ્તી ઓછી કરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તેને પોતાના પ્રેમથી ધડકતા હૃદય સાથે ચાંપ્યું અને પછી એક હાથથી પકડી રાખી બીજા હાથથી પેલું તીર આસ્તેથી ખેંચી કાઢીને તે ઘા ઉપર ઠંડાં પાંદડાં બાંધ્યાં.

કુમારને આજ સુધી ખબર પણ નહોતી કે, દુઃખ એ શું ચીજ હશે ? તેણે પેલા તીરની અણી પોતાના હાથમાં ભોંકી અને તેથી પોતાને 'દુઃખ'ની લાગણી થઇ; તે ઉપરથી આંખમાં આંસુ લાવીને તે પક્ષીને વિશેષ આશ્વાસન આપવા મંડ્યો.

એટલામાં દેવદત્તના નોકરે આવીને કહ્યું: "મારા સ્વામીએ એક હંસને તીર મારીને પાડ્યું છે, કે જે હંસ હમણાં આપના કબજામાં છે. કૃપા કરી તે મને સોંપશો ?"

સિદ્ધાર્થે કહ્યું: "હું તેમ કરી શકીશ નહિ. જો તે પક્ષી મરી ગયું હોત તો કદાચ તે પર મારનારનો હક પહોંચત. પણ તે હજી જીવતું છે; માત્ર તેની પાંખોની ગતિને ઈજા થઈ છે."

આ સંદેશો પોતાના નોકરદ્વારા જાણ્યા બાદ દેવદત્ત પોતે કુમાર પાસે આવ્યો અને કહેવા લાગ્યો: "આ પક્ષીને જે પળે મેં નીચે પાડ્યું તે પળથી તે મારું થયું છે. તમારે તે મને આપવુંજ જોઇશે."

"ભલા થઇ એમ બોલો મા." દયાના સાગર તુલ્ય કુમારે કહ્યું અને કહેતાંની સાથેજ તે હમણાં આશ્રિત બનેલા નિરાધાર પક્ષીની ડોકને એક બાળકની માફક પોતાના ગાલસરસી દાબી. "એમ બોલો મા. એ પક્ષી તમારું નહિ પણ મારુંજ છે. દયાને લીધે અને પ્રેમના સામ્રાજ્યને લીધે જે કરોડો ચીજો મારી થવાની છે તેમાંની આ પ્રથમ છે. મને મારું અંતઃકરણજ હમણાં કહે છે કે, હું મનુષ્યોને 'દયા'નો પાઠ શીખવીશ, ગરીબ મૂંગાં પ્રાણીઓનો વકીલ થઈશ અને માત્ર મનુષ્યોનુંજ નહિ પણ તે સાથે પશુ-પક્ષીઓનું પણ દુઃખ દૂર કરીશ, છતાં ભાઈ! તારે હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકરારજ કરવી હોય તો ચાલો રાજ્યસભામાં. ડાહ્યા સભાસદો જે કહે તે આપણે બન્ને સ્વીકારીશું."

તરતજ તેઓ રાજ્યસભામાં ગયા, જ્યાં બન્નેના હક સંબંધી ભારે વાદવિવાદ થયો. કેટલાક કહે: "સિદ્ધાર્થનો હક છે," જ્યારે બીજાઓ કહેતા હતા: "દેવદત્તે તે પાડ્યું માટે તેનો હક છે." ગરમાગરમ વિવાદની મધ્યમાં એક વૃદ્ધ ઋષિ સભામાં આવી પહોંચ્યા અને બોલવા લાગ્યા: "જો જિંદગીની કાંઇ પણ કિંમત હોય તો જેણે મારવાનો પ્રયત્ન કીધો તેના કરતાં બચાવવાનો પ્રયત્ન કરનારનો તે જીવતા પ્રાણી પર વધારે હક ગણાવો જોઇએ." આ કથન સર્વને ન્યાયયુક્ત લાગ્યું; પરંતુ રાજા તે ઋષિનો સત્કાર કરવા ઊઠે છે, એટલામાં તો ઋષિ અંતર્ધાન થઇ ગયા!

સિદ્ધાર્થ કુમારને દુઃખનો અનુભવ આજ પહેલપ્રથમજ થયો: પરંતુ તે અનુભવ ઝાઝી અસર કરી શક્યો નહિ; કારણ કે પક્ષી થોડા વખતમાં સાજું થઇને પોતાના સોબતીઓ સાથે આનંદ કરવા આકાશી પ્રદેશોમાં ઊડી ગયું હતું. પરંતુ ભવિષ્યના બુદ્ધદેવ અને હમણાંના સિદ્ધાર્થ કુમારની દયાને પ્રગટાવવા માટે બીજો એક બનાવ તરતમાંજ બનવા પામ્યો, કે જેણે તેના કોમળ હૃદય પર જાથુની છાપ પાડી.

એક દિવસ રાજાએ કુમારને કહ્યું: "વત્સ! આજે હું તને વસંતઋતુની શોભા દેખાડવા ઇચ્છું છું. મારી સાથે તને શહેર બહાર લઈ જઇને ખેતરોમાં ઊભરાઇ રહેલો પાક તથા ધરતીએ પહેરેલો લીલો આનંદી સ્વાંગ બતાવવા ઇચ્છું છું. તને તે જોઇને ખરેજ બહુ આનંદ થશે."

કુમારે મસ્તક નમાવ્યું અને બન્ને ખેતરોમાં આવી પહોંચ્યા. અહીં ને તહીં પક્ષીઓ મધુર કલરવ કરી રહ્યાં હતાં. સફેદ બગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાઓની હાર નદીકિનારે ધ્યાન ધરતી ઊભી હતી. સમળીઓ આકાશમાં ગોળ કુંડાળામાં ગોઠવાઇ જઇને ગરબા ગાતી હતી. ચટાપટાવાળી ખિસકોલીઓ ઝાડની ડાળીઓ ઉપર કૂદાકૂદ કરી રહી હતી. ચીતરેલાં મંદિરનાં શિખરોની આસપાસ મયૂરો ટહુકા કરી રહ્યા હતા. કૂવામાં કબૂતરો ગેલ કરી રહ્યાં હતાં. શહેરમાંથી આવતો કોઈ લગ્નપ્રસંગના ઢોલનો અવાજ કાનના પડદા સાથે અથડાતો હતો. ચોતરફ શાંતિ અને આનંદનોજ પડઘો પડતો હતો. પરંતુ આ સર્વ ક્ષણિક આનંદનાં સાધનોની અંદર છુપાયલો દુઃખનો ડુંગર કોણ જોઈ શકતું હતું? ઉલ્લાસના સઘળા દેખાવો વચ્ચે પણ એ ભ્રમણામય દેખાવોને નગ્ન કરી એનું આંતર સ્વરૂપ જોઈ શકનાર એક માત્ર બુદ્ધજ હતો, કે જેને હમણાં જણાયું કે, જીવનના ગુલાબ તળે દુઃખના કાંટા છુપાયલા હોય છે. તેણે વિચાર્યું: “આ ગામડિયાઓને પોતાનું પેટ ભરવા માટે આખો દિવસ કેવું સખ્ત વૈતરુ કરવું પડે છે! સખ્ત ગરમીના વખતે પણ પેલા ખેડૂતોના પરોણાની આર બાપડા અબોલ બળદની સુંવાળી ચામડીને કેવી ભેદે છે! પેલી ગરોળી કીડીને કેવી ઓહિયાં કરી જાય છે! પેલો સર્પ તે ગરોળીને અને સમળી તે સર્પને કેવી રીતે ભક્ષ્ય બનાવે છે! પેલું સફેદ દેખાતું સાધુવૃત્તિવાળું બગલું આનંદથી કલ્લોલ કરતાં પેલાં માછલાંને દેખતાં-દેખતાંમાં ગળી જાય છે!

અને તે કુમાર પોતાના પિતા તરફ અર્થસૂચક આંખ કરી બોલી ઊઠ્યો: “ઓ પિતાજી! પિતાજી! આજ શું તમારાં આનદનાં ઠેકાણાં છે કે? શું આ બતાવવાને તમે મને અહીં લાવવા શ્રમિત થયા હતા? ખુનામરકી સિવાય અહીં બીજું હું શું જોઇ શકું છું? પૃથ્વી પર જુઓ કે પાણીમાં નિહાળો, હવામાં નજર કરો કે અંતરીક્ષમાં આંખો ખેંચો, જ્યાંત્યાં જીવનની મારામારી અને કલહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવાય છે. આમાં જે મનુષ્યને આનંદ જણાતો હોય તે ખરેજ કઠણ કાળજાનો માણસ હોવો જોઇએ. પિતાજી! મને હમણાં અહીં એકલોજ રહેવા દો, કે જેથી હું આ બધા જોયેલા દેખાવો ઉપર વિચાર કરી શકું."

પિતાએ તેમ કર્યું. પુત્ર એકલો પડયો. તેણે જંબુવૃક્ષ નીચે બેસીને પદ્માસન વાળ્યું.

"આશો જીવનનો કલહ! આનું મૂળ શું હશે? આનો ઉપાય શો હશે?" આટલો મંત્ર મન સાથે જપતાં જપતાં કુમારમાં દયા પૂર્ણ પ્રકાશ સાથે પ્રકટી નીકળી અને તે ધ્યાનના પ્રથમ પગથિયે ચડયો.

પ્રાતઃકાળ પૂરો થઇ હમણાં મધ્યાહ્ન થઇ ચૂકયો હતો, છતાં ધ્યાન હજી અવિચ્છિન્ન હતું. સૂર્ય પશ્ચિમ દિશા તરફ પ્રયાણ કરતો હતો, છતાં બૌદ્ધધર્મગ્રંથો કહે છે કે, આ જગતનું કલ્યાણ શોધવા બેઠેલા દેવને છાંયડો કરી રહેલા જંબુ વૃક્ષની છાયા હજીએ જેમની તેમજ કાયમ હતી!

છેવટે સાંજ પડે છે અને પિતા પુત્રને સાથે લઈ રાજમહેલ તરફ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



प्रकरण ३ जुं–युवावस्था

શુદ્ધોદન રાજા પોતાના પુત્રરત્નમાં અનુપમ દયા અને ચિરકાલ સુધી ટકતી ધ્યાનગ્રસ્ત દશા જોઇ ભારે વિચારમાં પડ્યો. પોતાના પુત્રને યોગી બનતો જોવા કયો પિતા ખુશી હોય? કેટલાક ગુણો અને કાર્યો એવાં છે કે જેમની પ્રશંસાજ થઇ શકે, અનુકરણ ન થઈ શકે. ભર યુવાવસ્થામાં વૈરાગી બનનારની પ્રશંસા કરનારા ઘણા માણસો મળી આવશે; પરંતુ પોતાનો પુત્ર કે પોતે તે સ્થિતિમાં વૈરાગી બને એ વિચાર હજારોમાંથી એકને પણ ભાગ્યેજ ગમે છે. 'માયા'નું આ શું ઓછું પ્રાબલ્ય છે?

માયાદેવીનેજ જેણે પોતાની અર્ધાંગના બનાવી હતી એવા શુદ્ધોદન રાજાએ કુંવર સિદ્ધાર્થને વૈરાગ્યના સોબતીઓની દોસ્તી કરતો જોઇ, એ થતી દોસ્તી તોડવાના ઈલાજ શોધવા માંડ્યા. "ત્યારે શું સ્વપ્નપાઠકોનાં વચનો આખરે ખરાંજ પડવાનાં કે? આત્મસંયમ અને દેહકષ્ટના માર્ગથી મારા સુકુમાર કુમારને હું હજીએ ન રોકી શકું શું?" આવા આવા વિચારો તેના મનમાં હમેશ આવ્યા કરતા. છેવટે રાજાને એક યુક્તિ જડી. કુંવરનું મન સાહેબીમાંજ રોકી રાખવાથી, દેહકષ્ટ સંબંધી ખ્યાલ–વૈરાગ્ય સંબંધી વિચારો તેનો સ્પર્શજ નહિ કરી શકે એમ ધારી, તેણે કુંવર માટે ત્રણ જુદી જુદી ઋતુઓને અનુકૂળ ત્રણ મનોરંજક મહેલ બંધાવ્યા. શિયાળામાં ગરમી આપે તેવો, ઉષ્ણઋતુમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીતળતા ઉપજાવે તેવો અને વર્ષાકાળમાં સમશીતોષ્ણ રાખે તેવો; એમ ત્રણ ભવ્ય મહેલ મોટે ખર્ચે તૈયાર કરાવ્યા અને તેમાં તે તે ઋતુઓને છાજતા શ્રેષ્ઠ બાગ બનાવરાવ્યા. આ મહેલમાં કુંવરને રાખવામાં આવતો અને તેનું મન રોકવા માટે દર કલાકે કાંઇ નહિ ને કાંઇ નવીન ચીજ તેને પૂરી પાડવામાં આવતી. આવા આકર્ષક પદાર્થો તરફ બેદરકાર બનવું એ સામાન્ય મનુષ્ય માટે તદ્દન અશક્ય હોવા છતાં, સિદ્ધાર્થ કુંવર કે જે મનુષ્ય નહિ પણ દેવોના દેવ થવાને નિર્માયલા હતા, તેમને આમાંની કોઇ ચીજ ક્ષણભર પણ આકર્ષી શકતી નહિ. સુંદરતાઓ વચ્ચે રહેતા તે અઢાર વર્ષની વયના રાજકુમારનું મન બીજાને મન લુખ્ખા જણાતા વૈરાગ્યમાંજ સુંદરતા ભાળતું. બાગમાં હવા ખાવાને બદલે માનસિક બાગમાં-ધ્યાનવાટિકામાં તે કલાકોના કલાકો લીન થઇ જતો. દર કલાકે મળતી આકર્ષક બક્ષિસો જોઇ એની સુંદરતા પાછળ ગાંડા થવાને બદલે તે તે પદાર્થની ક્ષણભંગુરતા પર ધ્યાન ધરવા માટે કલાકો સુધી તેના તરફ જોયા કરતો.

આથી પિતાની ચિંતામાં પ્રતિદિન વધારો થતો ગયો. છેવટે તેણે પોતાના સામંતો અને નગરના સુજ્ઞ મનુષ્યોને બોલાવીને તેમની સલાહ પૂછી. શાક્યોએ સર્વાનુમતે વિચાર જણાવ્યો:

"મહારાજ! અંધકારને દૂર કરવા માટે દીવો જેટલો ચોક્કસ ઇલાજ છે, તેટલોજ ચોક્કસ ઇલાજ વિરાગીને અનુરાગી બનાવવા માટે સ્ત્રી છે. કોમળ પ્રેમશૃંખલા સખ્ત લોઢાની સાંકળ કરતાં વધારે તાકાતવાળી છે. મજબૂત બેડીથી ન બાંધી શકાય એવાઓને સ્ત્રીની વેણી એક ક્ષણમાં બંદીવાન બનાવી શકે છે."

કુંવરને પ્રેમપાશમાં નાખવાનું ઠર્યું. પરંતુ અહીં સવાલ એ આવીને ઊભો કે આપેલી કન્યાથી કાંઈ આકર્ષણ થાય નહિ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરેલી કન્યાથીજ બંધન થાય. કુંવર જો પોતેજ કોઈ કન્યા પસંદ કરે તોજ તેમાં તે તલ્લીન બની શકે. આ સવાલ ગંભીર હતો; પરંતુ બુદ્ધિ આગળ કોઇ સવાલ મુશ્કેલ નથી. રાજાએ એક ઉત્સ-વનો આરંભ કર્યો અને નગરની સુંદર જણાતી સઘળી કુમારિકા-ઓને રાજકુમારના હાથથી અપાતાં મણિકાંચનથી ભરેલાં સુંદર પાત્રો લેવા આમંત્રણ આપ્યું.

રતિની મતિને મૂંઝવી દે એવાં રૂપ–લાવણ્યવાળી કુમારિકાઓ રાજમહેલના ભવ્ય વિશાળ દીવાનખાનામાં એક પછી એક આવવા લાગી. નાગને લજાવે એવી એમની વેણીઓ તરેહ તરેહની જાતથી ગૂંથેલી અને રંગબેરંગી પુષ્પોથી શોભીતી કરાયલી હતી. હરણને નીચું જોવરાવે એવી એમની આંખો અંજનથી વધારે આકર્ષક કરાયલી હતી. આકાશમાં ચંદ્રની માફક તેમના વિશાળ ભાલમાં તિલક શોભી રહ્યું હતું. ગુલાબના પુષ્પની જેમ તેમનાં મુખક-મળ સ્વાભાવિક હાસ્યથી ખીલી રહ્યાં હતાં. અનાઘ્રાત પુષ્પની જેમ તેમનાં વદનકમળમાંથી એક વિલક્ષણ પ્રકારની સુગંધ બહેકી રહી હતી. તેમનાં કોમળ અને સફાઈદાર અંગો ઉપરનાં બારીક વસ્ત્રો પ્રેક્ષકના મનને નાચવાનું શીખવવા માટે કૂદાકૂદ કરી રહ્યાં હતાં.

અને હવે કુમાર દીવાનખાનામાં દાખલ થાય છે. કુમારિકા-ઓની પારદર્શક નાડીઓમાંનું સ્વચ્છ લોહી વધારે જોરથી ધડકવા લાગે છે. એક પછી એક કન્યકા પોતાના પગના અંગૂઠા તરફ નજર સ્થિર કરીને ગજગતિથી ચાલતી, લજવાતી લજવાતી, કુમા-રના આસન પાસે આવે છે અને પોતાનો કનકલતા સરખો હાથ લંબાવે છે. કુમાર તેમાં સુવર્ણપાત્ર મૂકે છે અને કુમારિકા તરતજ વિદાય થાય છે. આહા! કેવો મોહક દેખાવ! અપ્સરાઓની સભા વચ્ચે બેસી તેમને બક્ષિસોથી પ્રફુલ્લિત કરી તેમની ખીલેલી કાંતિ જોવાની કેવી સરસ તક! પરંતુ તે કોણ જુએ છે? સિદ્ધાર્થકુમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રનાં સઘળાં પાત્રો પૂરાં થતાં સુધી તેણે એક પણ કન્યા તરફ નજર કરી નહિ. એક પણ કન્યા તેનું આકર્ષણ કરી શકી નહિ.

પરંતુ હવે એકાદ પૂર્વજન્મમાં બુદ્ધની પ્રેમાળ પત્ની બનીને પાણીમાંની માછલી માફક બુદ્ધનેજ ઝંખતી ઝંખતી મૃત્યુ પામેલી (આ જન્મમાં બુદ્ધની માતા માયાદેવીના ભાઇ દંડપાણિની પુત્રી) યશોધરાનો વારો આવે છે. સઘળી કુમારિકાઓ સઘળાં સુવર્ણ-પાત્રો લઇ રસ્તે પડી ચૂકી છે અને એક પણ પાત્ર સિલકમાં રહ્યું નથી. સઘળાં પાત્રો ઉપર હક ધરાવતી, પરંતુ હમણાં જેને માટે એક પણ પાત્ર રહ્યું ન હતું એવી તે બુદ્ધની પૂર્વની અને ભવિષ્યની અર્ધાંગના, પોતાના હિસ્સાનું પાત્ર લેવા કુમાર સન્મુખ આવીને ઊભી રહે છે. પૂર્વના સંસ્કારો તાજા થઈ બન્ને વચ્ચે આકર્ષણ થાય છે. જે સિંહથી સઘળાં પ્રાણીઓ છુપાતાં ફરે છે, તે સિંહ આગળ સિંહણ તો ડરતી કે શરમાતી નથી; તેમ જેના નૂરથી સઘળી કુમા-રિકાઓ અંજાઇને નીચું જોતી હતી, એવા સિદ્ધાર્થ સામે આ પ્રભા-વશાલિની, દિવ્ય રૂઆબવાળી કુમારિકા નીડરપણે દૃષ્ટિ તાકે છે અને પૂછે છેઃ "મને કાંઇ હિસ્સો મળશે કે ?"

"હિસ્સો ?" કુમારે જવાબ આપ્યો, "અલબત્ત તમને હિસ્સો મળવો જોઇએ છે. પરંતુ સુંદરીઓની રાણી ! હું તમને છેકજ ભૂલી ગયો હતો. એ ભૂલના દંડ તરીકે સુવર્ણપાત્રને બદલે લો આ કંઠનો હાર !" એમ કહી પોતાના ગળામાંનો માણેકનો હાર કાઢી તેના કંઠમાં આરોપ્યો; અને એ હાર સાથેજ હૈયું પણ અર્પાયું ! ચાર આંખોના મેળાપમાંથી પ્રેમદેવ જન્મ પામ્યો ! પૂર્વેનો સંબંધ ફરીથી જોડાયો–તાજો થયો !× પણ તે આટલા પૂરતોજ. તત્કાળ તે

× જ્યારે સિદ્ધાર્થ 'બુદ્ધ' થયા, ત્યારે "એકાએક યશોધરા તરફ આપનો પ્રેમ કેમ ખેંચાયો હતો ?" એ સવાલના જવાબમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુગ્ધા હાર લઈ પોતાને રસ્તે ગઈ અને કુમાર પોતાના કામે લાગ્યો.

રાજા શુદ્ધોદન હવે હરખાયો. તેણે કુમાર અને યશોધરા વચ્ચે થયેલા ટૂંક પ્રસંગની વાત જાણી કે તરતજ દંડપાણિ પાસે પુરોહિતને મોકલ્યો અને યશોધરાનું માગું કર્યું, પણ એ વખતમાં કાંઈ કન્યા જેવું રત્ન માગ્યુંતાગ્યું મળી જતું નહિ! શાકય લોકોનો રિવાજ હતો કે, જ્યારે કોઈ કુલીન ઘરની કન્યાની માગણી કરવામાં આવે, ત્યારે તે કન્યાનું માગું કરનાર શખસે બીજા સઘળા ઉમેદવારો સાથે હરીફાઇમાં ઊતરીને પોતાનું પાણી દેખાડી આપવું જોઇએ અને પોતે સર્વ યુદ્ધકલાઓમાં નિપુણ છે એમ બતાવી આપવું જોઈએ. શુદ્ધોદન જેવા રાજાના પુત્રોને માટે પણ આ નિયમ કાંઇ બદલાય તેમ ન હતો. તેથી દંડપાણિએ પુરોહિત સાથે રોકડો પ્રત્યુત્તર પાઠવી દીધો કે, "ઇક્ષ્વાકુ વંશનો ક્ષત્રિય કાંઇ વીરત્વ જોયા સિવાયજ પોતાની કન્યા કોઇને આપશે નહિ. મરદાનગીના ખેલોમાં આપના કુમાર જો બધા ઉમેદવારોને હંફાવશે, તો તેઓ અવશ્ય મારા જામાતા બનશે; પરંતુ ઘરમાં બેસી રહેવાની એમની ટેવ જોતાં એમને માટે મોટી આશા બાંધવી એ આકાશમાં મહેલ બાંધવા જેવું કામ છે."

આ ઉત્તર જ્યારે પુરોહિતે પોતાના રાજાને નિવેદન કર્યો, ત્યારે કુમાર સિદ્ધાર્થ પણ ત્યાંજ બેઠો હતો. પુરોહિતના શબ્દો સાંભળી રાજા તો શોક અને વિચારમાં ડૂબીજ ગયો. તેણે કહ્યું: "ધનુર્વિદ્યામાં દેવદત્ત જેવો કોઇ નિપુણ નથી, અશ્વવિદ્યામાં અર્જુન પ્રથમ પદ ભોગવે છે અને તલવાર ખેલવામાં તો નંદ એક્કો છે. મારા સિદ્ધાર્થને આવી સખ્ત સ્પર્ધા વચ્ચે યશોધરા પ્રાપ્ત થવી

તેમણે લંબાણથી પોતાના પૂર્વભવો કહી બતાવ્યા હતા અને જણાવ્યું હતું કે, તેઓ બન્ને પૂર્વભવમાં સાથે હતાં અને તેમની હમણાંની મૈત્રી કાંઇ નવી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय ४३ग/४६ २०६४१
गुरुकुल कांगड़ी १६.६.२००१
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરેજ દુષ્કર છે."

"પિતાજીને ચિંતા કરવા જેવું અહીં કાંઇ નથી. ક્ષત્રિયપુત્રને યુદ્ધકળા શીખવા જવી પડતી નથી; એ તો એનો જન્મ સાથેનો વારસો હોય છે. માત્ર આવી નિર્માલ્ય બાબતો માટે હું એક પ્રેમ-પાત્રને ગુમાવવા તૈયાર નથી; આપ ખુશીથી સ્પર્ધાનો સમય મુકરર કરાવો." યોગી જેવા કુમારે ક્ષત્રિયવટ દાખવી.

પ્રતિસ્પર્ધી ઉમેદવારોને એક ઢંઢેરા દ્વારા ખબર આપીને એક મેદાનમાં એકઠા કરવામાં આવ્યા. કુમાર સિદ્ધાર્થ પણ ઘોડેસવાર થઇ ત્યાં હાજર થયો અને સુંદર પાલખીમાં યશોધરા પોતાની સખીઓ તથા પરિજનો સાથે આવી પહોંચી.

"આ રત્નને મેળવવા સર્વોત્તમ સિવાય બીજો કોઇ લાયક નથી." સિદ્ધાર્થે યશોધરા તરફ નજર કરીને કહ્યું અને ઉમેર્યું: "તેને મેળવવાને પોતે લાયક છે એવું બતાવવા ઇચ્છતા દરેક નવજવાનને મારું આમંત્રણ છે કે, તેણે મારી સામે હરી-ફાઇમાં ઊતરી પડવું."

આ આમંત્રણનો સ્વીકાર નંદે પ્રથમજ કર્યો અને જવાબ વાળ્યો: "એમજ છે તો પકડો ધનુષ્ય અને તીરબાજીમાં મારી સામે આવી જાઓ." એમ કહેતાંની સાથેજ તેણે છ ગાઉ દૂર મૂકેલા એક ઢાલને તીરથી વીંધી નાખ્યું. અર્જુને તે પછી તેટલે-જ દૂરથી તે ઢાલને વીંધ્યું અને દેવદત્તે આઠ ગાઉથી વીંધ્યું. લોકો સઘળા આશ્ચર્યચકિત થયા અને યશોધરાએ પોતાના મુખ પર સાડી ઓઢી લીધી. હવે કુમાર સિદ્ધાર્થ રૂપેરી દોરીવાળું એક જબરજસ્ત ધનુષ્ય પકડે છે અને અસાધારણ બળવાળા માણસથી પણ મુશ્કેલીથી ખેંચાય એવું તે બાણ સહેજ ખેંચતાંજ કામઠાના બે ટુકડા થઈ જાય છે! "અરે બાળકની રમત કરવાનું આ ધનુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ષ્ય અહીં લાવનાર કોણ છે? શું શાકયકુમારને યોગ્ય ધનુષ્યનો છેકજ દુકાળ પડ્યો છે કે?" એમ કુમાર હસતે મુખડે વદે છે અને પ્રાચીન સમયનું સિંહહાનુનું ધનુષ્ય મંદિરમાંથી મગાવવામાં આવે છે. જેને વાપરનાર આજ સુધી કોઈજ જન્મ્યો નહોતો, એવા તે પોલાદના ધનુષ્યની સોનેરી દોરી ખેંચવાને ત્રણે હરીફો તનતોડ મહેનત કરે છે અને આંચકા મારે છે; પરંતુ દોરી ખેંચાતીજ નથી! એઓ તરફ સ્મિતયુક્ત દૃષ્ટિ કરતો રાજકુમાર તરતજ તે ધનુષ્યને પકડી કાન સુધી દોરી ખેંચીને બાણને સુસવાટા કરતું મોકલે છે અને દસ ગાઉ પર મુકાયલા ઢાલને વીંધીને છૂટેલું તીર આંખેથી દેખાય નહિ એટલે દૂર ચાલ્યું જાય છે!

થયું, એક સ્પર્ધા પૂરી થઇ. સિદ્ધાર્થના જયથી ઝંખવાણા પડેલા પણ પ્રયત્ને હિંમતને એકઠી કરતા દેવદત્તે હવે તલવારની હરીફાઇ માટે 'ચેલેન્જ' આપી અને પ્રથમ પોતે છ ઇંચ જાડા વૃક્ષને તલવારના એક ઝટકે ઉડાડી દીધું. અર્જુને સાત ઇંચ અને નંદે નવ ઇંચ જાડા વૃક્ષને 'દ્વિધાવિભક્ત' કરી મૂક્યું! આવા બે સૂકાં વૃક્ષો એક જગાએ સાથેજ ઊભેલાં જોઈ સિદ્ધાર્થે બન્નેને આંખના પલકારામાં કાપીને ફેંકી દીધાં!

હવે પાણીદાર ઘોડા દોડાવવાની સ્પર્ધા ચાલી. ત્રણવાર મેદાનની પ્રદક્ષિણા કરાવીને સવારોએ પોતાના અશ્વોને પૂર જોશમાં દોડાવી મૂક્યા. સિદ્ધાર્થનો અશ્વ આગળને આગળજ જતો અને તે એટલી ઝડપથી દોડતો હતો કે, તેના મુખમાંથી નીકળતું ફીણ જમીન પર પડે તે પહેલાં તો વીસ ભાલા જેટલે દૂર તે પહોંચી જતો.

નંદે આ વિજયથી ઇર્ષ્યાળુ બની કહ્યું: "કન્તક જેવા ઘોડા પર સવાર થઇને મોખરે આવવું એ કાંઈ બહાદુરી ન કહેવાય. એ ઘોડો જો અમને આપવામાં આવે તો અમે સૌથી આગળ જઇ શકીએ. ખરી પરીક્ષા કરવી હોય તો નવો, વગર પલોટેલો ઘોડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવો અને પછી જુઓ કે કોનું કેટલું સામર્થ્ય છે!" આ ઉપ-રથી ત્રણ સાંકળોથી બાંધેલો, વિકરાળ આંખોવાળો, વિશાળ નસ-કોરાંવાળો અને લગામ કે જીન વગરનો એક ઉદ્ધત ઘોડો તે જ-ગાએ લાવવામાં આવ્યો. ત્રણે હરીફોએ તે ઘોડાની પીઠ પર ચડવાને ત્રણ ત્રણ વાર પ્રયત્નો કર્યા; પરંતુ દરેક વખતે તે મદો-ન્મત્ત અશ્વે તેમને ધૂળમાં પટકયા. તથાપિ અર્જુને તે ઘોડા પર સવાર થવામાં આખરે ફતેહ મેળવી. પરંતુ થોડેક દૂર જઇને તે હઠીલા અને ઝનૂની ઘોડાએ પોતાના સવારને પથ્થર જેવી જમી-ન પર પટકયો અને જો બીજાઓ મદદે ન દોડયા હોત, તો પગ તળે છૂંદી પણ નાખત. લોકો આ જોઇ ધાસ્તીમાં પડયા અને બો-લ્યા: "આ ભૂત (અશ્વ)થી સિદ્ધાર્થ કુમાર કામ ન પાડે તો ઠીક."

પણ સિદ્ધાર્થે તરતજ તે ઘોડાને કાબૂમાં રાખવા બાંધેલી સાંકળો દૂર કરી અને તેની યાળ પકડીને તેના કાનમાં કાંઇક શબ્દો ઉચ્ચારીને ઘોડાની આંખો ઉપર પોતાનો જમણો હાથ ફેરવ્યો, પછી તે હાથ તે ઘોડાના વિકરાળ મોં તરફ લઇ ગયો અને છેવટે તેની ગરદન ઉપર હાથ ફેરવીને પીઠ ઉપર ચડી બેઠો. તે જંગલી પ્રાણી ગાય જેવું થઇને પોતાના માલિકની આજ્ઞા મુજબ ચાલવા લાગ્યું.

અને હવે સઘળા માણસો એકે અવાજે બોલી ઊઠયા: "ધન્ય છે! ધન્ય છે! સિદ્ધાર્થ કુમાર સૌથી શ્રેષ્ઠ ઠરી ચૂકયા છે. હવે વધુ પરિશ્રમની કાંઇ જરૂર નથી." હરીફોએ પણ ખુલ્લા દિલથી કુમારની શ્રેષ્ઠતા કબૂલ રાખી.

આ ઇચ્છિત પરિણામ જોઇ આનંદ તેમજ આશ્ચર્યની લાગ-ણીઓમાં દંડપાણિ ડૂબકી ખાવા લાગ્યો. આનંદ એટલા માટે કે પોતાની પુત્રીએ મનથી પસંદ કરેલા પુરુષને પોતાના જમાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે તે મેળવી શક્યો હતો; અને આશ્ચર્ય એટલા માટે કે, ગુલાબનાં પુષ્પોમાં અને વિચારનાં સ્વપ્નોમાં ઊછરેલા તે યુવાનમાં આટલી મરદાનગી હોવાની તેણે આશા રાખી ન હતી. જયનાદના અવાજો હજી ચાલુજ છે, એવામાં પિતાના હાથના ઈશારામાત્રથી યશોધરાએ પોતાના મુખ ઉપર કાળો સોનેરી બુરખો નાખી દીધો અને તે આસન છોડીને હાથમાં મોગરાનાં પુષ્પોથી બનાવેલા મુગટ સાથે બધા રાજપુત્રો સંમુખ થઇને ભભકભેર ચાલતી સિદ્ધાર્થ કુમાર નજદીક આવી પહોંચી.

"હે સુંદર, શૂરવીર અને સત્યપ્રેમી રાજકુમાર! સ્વભુજાબળથી પ્રાપ્ત કરેલું—તારા હકનું આ રત્ન ગ્રહણ કર અને સુખી થા!" દંડપાણિએ કુમારને ઉદ્દેશીને કહ્યું; અને તેજ પળે યશોધરાએ પોતાનું મુખકમળ ખુલ્લું કરી નીચે નમી કુમારને નમન કર્યું અને મોગરાનો પુષ્પમુકુટ સિદ્ધાર્થના શિર પર મૂક્યો. આ સઘળી મૌન ક્રિયાઓ થઇ રહ્યા બાદ તેણે એ કુમાર તરફ પ્રેમથી ઊભરાતી એક દૃષ્ટિ ફેંકી અને "મારા હૃદયના પ્રિયતમ! મારા તરફ જો; હું આજથી તારી છું." એવા એકજ વાક્યથી હૈયાનો ઊભરો ખાલી કર્યો.

ત્યાર બાદ થોડે દિવસે મેષ રાશિનો સૂર્ય હતો, ત્યારે તે બન્નેનાં લગ્ન ભારે ધામધૂમથી ઊજવવામાં આવ્યાં. અનંત આકાશમાં સ્વચ્છંદે વિચરતું પક્ષી હવે પીંજરામાં પુરાયું! કુમારના સ્વતંત્ર પગોમાં હવે સોનાની બેડી જડાઇ!

'રાગ' રંગથી પોતાના પુત્રને રંગવાને તલપી રહેલા પિતાએ આ એકજ રંગથી સંતોષ પકડ્યો ન હતો. તેણે તેને બહુરંગી ફોટાની જેમ રંગી કાઢવા ઇચ્છ્યું અને એટલા માટે કુમાર માટે ગ્રીષ્મ, વર્ષા અને હેમંતઋતુને અનુકૂળ નવ માળનાં, સાત માળનાં અને પાંચ માળનાં 'પ્રમોદ ભવન' તૈયાર કરાવ્યાં. જેટલી રૂપવતી તેટલીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગીતશાસ્ત્રમાં પ્રવીણતા ધરાવતી વારાંગનાઓને રાજકુમારનું મન 'રાગ' માં તલ્લીન રાખવા માટે તે ત્રણે 'પ્રમોદભવન'માં રોકવામાં આવી હતી, કે જે ભવનો અથવા પ્રાસાદો, 'વિશ્રામવન' નામના–જેની જોડી આખા વિશ્વમાં ન મળે એવા મનોહર બગીચામાં બાંધવામાં આવ્યા હતા. અહીં અનેક જાતના ફુવારાઓ આંખ અને કાનને પ્રસન્ન કરવા માટે સદૈવ રૂપેરી કિરણો વરસાવી રહ્યા હતા. અનેક પ્રકારનાં પ્રાચીન ઐતિહાસિક પુરુષોનાં પરાક્રમો સૂચવતાં સુંદર ચિત્રો પ્રત્યેક દીવાલ પર આલેખવામાં આવ્યાં હતાં. પોતાની મેળેજ વાગતાં વાદ્યયંત્રો (વાજિંત્રો) કુમારના શયનગૃહમાં સ્વર્ગને ઉતારવા માટે માંહોમાંહે સ્પર્ધા કરી રહ્યાં હતાં. ટૂકામાં એક જબરજસ્ત યતિને સંસારાસક્ત કરવાને માટે જે જે કરવું જરૂરનું હોય, તે તે સર્વ કરવામાં કોઈ જાતની કચાશ રાખવામાં આવી ન હતી. રાગમય ગીત, રાગમય વાદ્યયંત્રો, રાગમય વાર્તા, રાગમય ચિત્રો, રાગમય દેખાવો, રાગમય પત્ની સઘળું આ ભવનોમાં રાગમયજ હતું !

અને થોડા સમય સુધી તો ભવિષ્યના બુદ્ધનો–આજના સિદ્ધાર્થકુમારનો વિરક્ત આત્મા પણ યશોધરાના રાગમાં લીન થયો ! રાગના ખોળામાં પોઢેલો કુમાર એ મીઠા સ્વપ્નમાંથી રખેને જાગી ઊઠે એટલા માટે રાજાએ 'વિશ્રામવન'માં સર્વને એવો હુકમ કર્યો હતો કે, " એ હદમાં કોઈએ મરણ–વૃદ્ધાવસ્થા–દરદ–શોક કે ચિંતાની કાંઈ વાત સરખી પણ ઉચ્ચારવી નહિ. " તેણે સખત ફરમાશ કરી હતી કે, " સિદ્ધાર્થની રાગમય સભામાં જો કોઈ યુવતીની આંખની કાળાશ ઓછી જણાશે અથવા તો નાચવામાં તેનો પગ જરા પણ અચકાશે, તો તે સ્ત્રીને એકદમ 'વિશ્રામવન'ની બહાર કાઢી મૂકવામાં આવશે અને કર્કશ શબ્દનો ઉચ્ચાર કરનારને મુશ્કેટાટ બાંધવામાં આવશે. નાનુંમોટું દરેક કામ તાલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મય–સંગીતમય થવું જોઇએ, એ હુકમને ક્ષણભર વીસરનાર નોકરને તાડન કરવામાં આવશે. ઝાડનાં સૂકાં પાંદડાંનો ખડખડાટ પણ કુંવરના કાને પડશે તો વનરક્ષકોને દેશનિકાલ કરવામાં આવશે.” આવા આવા વિચિત્ર હુકમો કાઢવા ઉપરાંત કુતૂહલ ખાતર પણ કુમાર ‘વિશ્રામવન’ બહાર જવા ન પામે એટલા માટે તેને ફરતા ત્રણ કોટ× કરવામાં આવ્યા હતા અને સૌથી છેલ્લા કોટના દરવાજા એવા તો મજબૂત કરવામાં આવ્યા હતા કે, સો માણસ સિવાય તે ઊઘડી શકેજ નહિ અને ઊઘડે ત્યારે તેનો અવાજ અડધા યોજન સુધી સંભળાય. અહીં વળી વિશ્વાસુ દરવાનનો મજબૂત પહેરો પણ રાખવામાં આવ્યો હતો. રાજાની પોતાની રજા સિવાય અંદર કે બહાર કોઇને પણ જવા દેનારને દેહાંતદંડની શિક્ષા કરવાનું રાજાએ કહી મૂક્યું હતું.

અહો ! પુત્ર પરનો રાગ શું નથી કરતો ?

× આત્મારૂપી બુદ્ધને પણ એવાજ ત્રણ કોટ–સ્થૂલ, તૈજસ્ (સૂક્ષ્મ) અને કાર્મણ (કારણ) નામનાં શરીરોરૂપી કોટની અંદર પૂરી રાખવામાં આવ્યો છે, જેમાંનો છેલ્લો કોટ (સ્થૂલશરીર નામે) તો એવો મજબૂત છે કે, સ્થૂલની પાર દૃષ્ટિ પણ જવી મુશ્કેલ જણાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું–સંન્યાસની પૂર્વાવસ્થા

"હે જગત! ઓ વિશ્વ! હું સાંભળું છું, હું જાણું છું, હું આવું છું." મૂંગા અંધકારમાંથી એકાએક ઉચ્ચાર નીકળ્યા. યશોધરાએ ભરનિદ્રામાંથી જાગૃત થઇ ગભરાયલા વદને ચોતરફ તપાસ કરવા માંડી, પણ પોતાના પ્રાણેશ સિવાય બીજું કોઇ માણસ ત્યાં જોવામાં આવ્યું નહિ. તે સુકુમાર અને સુંદર યુવાન ભારે મખમલના બિછાનાસાં પોઢેલો છે, તેનું ભવ્ય કપાળ ઝગારા મારી રહ્યું છે; તેના મોં પર દયાના શેરડા પડી રહ્યા છે, મધ્યરાત્રિ પસાર થઇ છે અને શયનગૃહમાં તેમજ બહાર સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય જામેલું છે. એક વાર ફરીથી તે શાંતિમાં ભંગાણ પાડતો સ્વર સંભળાયો:

"હે જગત! હું સાંભળું છું, હું જાણું છું, હું આવું છું."

અને હવે યશોધરાએ પોતાના પ્રાણેશના મુખકમળ તરફ નજર કરી; કારણ કે તેજ કમળમાંથી પેલા હૃદયદ્રાવક શબ્દો નીકળતા હતા. તે નવોઢાએ પતિને પવન નાખવા માંડ્યો, આસ્તેથી કપાળ ઉપર પોતાના કોમળ હસ્તતલથી પંપાળવા માંડ્યું અને ડરતાં ડરતાં પૂછ્યું: "મારા પ્રાણેશ! આપ શું સાંભળો છો? શું જાણો છો? ક્યાં જવાનું વચન આપો છો? આપને શું થાય છે?"

સિદ્ધાર્થ તરત જાગૃત થઇ જાય છે અને જાણે કે કાંઇ બન્યુંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી એવો ખ્યાલ પત્નીને આપવા માટે અને તેની શંકાભરી આંખોમાંથી વહેતાં અશ્રુને રોકવા માટે, પોતાની પાસેની એક વારાંગનાને કહે છેઃ "બજાઓ, અચ્છી રીતે બજાઓ; વીણાના સઘળા તારને એકજ સરખો ઉચ્ચાર કરતાં શીખવો અને મારી મધુરી મોરલી–યશોધરાને તે વાદ્યના જોરથી ખૂબ નચાવો."

વીણા જાગી, કૂદી, નાચી. પોતાના માલિકની આજ્ઞા અધ્ધર-થીજ ઉઠાવી લેવાનો જેને રાજા તરફથી સખ્ત હુકમ મળેલો છે, એવી તે વારાંગનાએ વીણાને એવી તો ખૂબીથી છેડી કે યશોધરા-ના કોમળ હૃદયને વીંધીને તેમાંના ખેદને બહાર કાઢવો એ કામ તો એને કાંઇ હિસાબમાં પણ નહોતું! તે વીણાના ચડતા ઊત-રતા સૂરમાં ડૂબવા લાગી અને અંતે તે પ્રવાહના ખોળામાં પોઢી.

પરંતુ તે વીણા એકી વખતે બે કામ કરતી હતી. તેની વાણી યશોધરા માટે જુદો અર્થ ધરાવતી હતી અને સિદ્ધાર્થ માટે પણ જુદોજ અર્થ ધરાવતી હતી; કારણ કે સિદ્ધાર્થે એમાં કાંઇ અલૌ-કિક–અમાનુષિક–દૈવી ગીત ગવાતું સાંભળ્યું. સિદ્ધાર્થના કાને સાંભળેલા ઉચ્ચારોનું ભાષાંતર તેનું હૃદય નીચે પ્રમાણે કરતું હતુંઃ "હે માયાના પુત્ર! જ્યાં આંસુ વહેવડાવતી અનેક આંખો અમારા જોવામાં આવે છે અને જ્યાં દુઃખને લીધે હાથ ઘસતા ઘણા મનુષ્યો અમારી નજરે પડે છે, તેવા આ વિશ્વમાં અમે મ-દદ કરવાની ઇચ્છાવાળા પણ શક્તિ વગરના દેવો અહીંથી તહીં અને તહીંથી અહીં ભટકીએ છીએ. જગતના ઉદ્ધાર માટે જન્મેલા ઓ મહાભાગ! અમને ભટકતા જોવા છતાં આપ કેમ કરી ગુલાબી નિદ્રામાં પોઢી શકો છો? દુઃખી જગત આપની રાહ જુએ છે. આંખો વગરનું, ઠોકરો ખાતું વિશ્વ આતુરતાથી આપનો હાથ માગે છે. ઊઠો, જાગૃત થાઓ અને આરામ શોધતાં પ્રાણીઓને આરામસ્થળ બતાવો. જરા, વ્યાધિ અને દુઃખથી પીડાતાં ત્રણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવનોને જીવનનું રહસ્ય સમજાવો. અનાથ થઈ પડેલા જનોના નાથ થઇ જે જિંદગીને તેઓ હઠીલાઇથી વળગી રહ્યા છે, તેની ક્ષણભંગુરતા સમજાવી અમર જિંદગીમાં પ્રવેશ કરાવો. મનુષ્ય-જાતિ પરના પ્રેમ સાટે રાજ્યનો ત્યાગ કરો; પીડાતી જનતાની દયા ખાતર રાગનો ત્યાગ કરો; છુટકારો ઇચ્છતા વિશ્વના કલ્યાણ ખાતર સર્વસ્વનો ત્યાગ કરો. અમો કે જેઓ આ વીણાના તાર-દ્વારા સંદેશો કહાવીએ છીએ તે દેવોના સાંત્વન ખાતર, ઓ બુદ્ધ પરમાત્મન્! જાગૃત થાઓ!

"સહાય કરો, સહાય કરો, ઓ દેવ! આપને પોઢેલા જોઈ કાળદેવે કાળો કેર કરવા માંડ્યો છે. લાંબા આયુષ્યવાળા અમો દેવો પોતે પણ પુણ્યક્ષીણ થયે કાળદેવના શરણ થઇએ છીએ. માટે હે મૃત્યુંજય! કાળદેવ પર જય મેળવવાની વિદ્યા દુનિયાને શીખવો. હે વીર! ઊઠો, તૈયાર થાઓ, જગતનો ઉદ્ધાર કરવા માટે ઘણા સમય પૂર્વે લીધેલી પ્રતિજ્ઞા યાદ કરો! તે કામ માટે હમણાં અનુકૂળ વખત છે. સમય આવી પહોંચ્યો છે.* ઊઠો, ચેતો, પ્રમાદને પરિહરો અને પૂર્વના બુદ્ધોની માફક જગતની વહાર કરવા નીકળી પડો!"

વાદ્યમાંથી નીકળતું ઉપરના ભાવાર્થવાળું ગીત પૂરું થયું. કુમારની રગે રગે તે ગીતના શબ્દો જડાઇ ગયા. તેના જિગરમાં તે શબ્દો કોતરાઈ ગયા. તેના સૂતેલા પ્રાણ જાગૃત થયા. જીવન-ની પ્રથમ પ્રતિજ્ઞાનું તેને સ્મરણ થયું. તેના જીવનનો ઉદ્દેશ જ્વ-લંત મૂર્તિરૂપે તેની આંખ આગળ પ્રગટી નીકળ્યો અને તેના દરેક અંગમાં વૈરાગ્યભાવના વ્યાપી રહી.

* જૈનોમાં પણ તીર્થંકરોને આજ પ્રમાણે લોકાંતિક દેવો શાસન પ્રવર્તાવવા અરજ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અગત્યની પળે સિદ્ધાર્થ કુમારે મન સાથે નિશ્ચય બાંધી લીધો કે, "પહેલીજ તકે મારે નીકળી પડવું, પ્રકાશ શોધી કાઢવો અને જગતને તે અર્પણ કરવો."

પરંતુ આ સર્વ બનાવથી દુનિયાનું દરેક પ્રાણી–ખુદ તેની પ્રેમમૂર્તિ યશોધરા પણ અજાણુજ હતી; કારણ કે હમણાં કૂકડો સૂર્યદેવની છડી પોકારવા લાગી ગયો હતો અને યશોધરા મધ્યરાત્રિના બનાવને તાજી નિદ્રામાં અને વીણાના મદમાતા પ્રવાહમાં ડુબાડીને જાગૃત થઇ હતી.

દિવસ ઉપર દિવસ પસાર થવા લાગ્યા. પુનઃ એક પ્રસંગ કુંવરની વૈરાગ્યવૃત્તિને પોષવા માટે આવી મળ્યો.

એક સાંજે વિવિધ વાતોથી કુમારનું મન રંજન કરવાને રાખવામાં આવેલી એક દાસી સુંદર શહેરોની, દેવતાઇ અશ્વની, રમણીય પર્વતોની, ધીમે ધીમે વહેતી નદીઓની અને જુદા જુદા સ્વભાવના મનુષ્યોની ચિત્તાકર્ષક વાતો સંભળાવતી હતી, જે સાંભળતાં કુમારને મહેલ બહારની દુનિયાની મુલાકાત લેવાની ઇચ્છા થઇ અને તેણે પોતાના સારથી ચ્યનાને ફરમાવ્યું કે, તેણે બીજે દિવસે સવારે રથ જોડી તૈયાર રાખવો.

ચ્યનાએ આ ખબર રાજાને પહોંચાડતાંજ રાજાએ નગરીમાં ઢંઢેરો પિટાવ્યો કે, "આવતી કાલે સવાર પહેલાં દરેક લત્તાના રસ્તા અને આંગણાં સાફ બનાવવાં, કોઇ પણ અમંગલ દેખાવ કે પદાર્થ નજરે ન પડે એવી કાળજી રાખવી, મકાનોનો આગલો ભાગ રંગી નાખવો, વૃદ્ધ–અપંગ–રોગીએ કાલે બહાર નીકળવું નહિ."

રાજાના આ ઢંઢેરાને માન આપીને રસ્તા સાફ કરાવવામાં આવ્યા. ભિસ્તી લોકોએ પખાલો વતી રસ્તા ઉપર છંટકાવ કર્યો.

રાજ્યહુકમ વધારે સંપૂર્ણપણે અમલમાં મૂકવાને પ્રજાજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરીફાઈ કરવા લાગ્યા.

કુળવધૂઓએ ઘરને આંગણે કુંકુમ વતી સાથિયા પૂર્યા.

ઘેર ઘેર નવાં તોરણો બાંધવામાં આવ્યાં. ઘરની દીવાલો પરનાં ચિત્રો ઉપર લાગેલી ધૂળ ખંખેરી નાખવામાં આવી અને આછા પડેલા રંગને ચળકતા કરવામાં આવ્યા. વૃક્ષો ઉપર વાવટા લટકાવવામાં આવ્યા. દેવમંદિરોને પણ શણગારવામાં આવ્યાં. જોતજોતામાં શહેરને અમરાપુરીના એક ખંડ સમાન બનાવી દેવામાં આવ્યું.

બીજે દિવસે રાજકુમાર બે ઘોડાવાળા રથમાં બેસીને પોતાના પિતાના નગરનું સૌંદર્ય જોવા બહાર નીકળ્યો. સઘળાના મુખ પર આનંદ છવાઈ રહ્યો હતો. સર્વ મનુષ્યો રાજકુમારને હર્ષથી વધાવી લેતા હતા. સર્વ પુરુષોએ આજે નવા રંગબેરંગી પોશાક પહેર્યા હતા, તેથી શહેરની શોભામાં ઓર ઉમેરો થયો હતો. આ બધું જોઈ કુમાર બોલી ઊઠયોઃ "અહા! આ દુનિયા ઘણી સુંદર છે; મને તે બહુ વહાલી લાગે છે. અહા! આ લોકો કેટલા બધા ખુશી દેખાય છે! મેં તેમને સારુ એવું શું કર્યું છે કે, તેઓ મારા પર આટલી બધી પ્રીતિ રાખે છે? આવાં રાજ્યોમાં રાજ્ય કરવું તે કેટલું બધું સુખકારક છે? મારી પાસે ઘણી ફાલતુ ચીજો પડી છે, જો તે મળવાથી લોકો સુખી થતા હોય તો કેવું સારું! ચ્યના! રથ આગળ ચલાવ કે જેથી આવા સુંદર શહેરની વિશેષ શોભા આપણે નીરખી શકીએ."

લોકો ટોળાબંધ રથ આગળ એકઠા થયા અને "જય! રાજકુમારનો જય!" એવો જયનાદ ગાજી રહ્યો. કેટલાકોએ કુમારને પુષ્પના હારથી વધાવ્યો. આ પ્રકારે ચારે બાજુએ આનંદના નાદ થઈ રહ્યા છે અને કુમાર પણ આનંદમાં મગ્ન થયો છે, તેવામાં એકાએક એક વૃદ્ધ મનુષ્ય ત્યાં આવી પહોંચ્યો. તેણે ગાભા જેવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્ર પહેર્યાં હતાં અને તેની ચામડીમાં કરચલીઓ પડી હતી. વૃદ્ધ થયેલો હોવાથી તેની પીઠ વળી ગઈ હતી. તેની આંખોમાં ખાડા પડી ગયા હતા. તેના મુખમાંથી દાંત જતા રહ્યા હતા. તેના અવયવો ધ્રૂજતા હતા અને તેમને પડતા અટકાવી રાખવાને તેણે હાથમાં એક લાકડી પકડી હતી, છતાં તે લથડિયાં ખાતો હતો. તેના મુખમાંથી ડૂસકાં નીકળતાં હતાં. આવી સ્થિતિવાળો તે વૃદ્ધ મનુષ્ય વચમાં આવી બોલી ઊઠ્યોઃ "હે સાધુપુરુષો! મને ભિક્ષા આપો, મને ભિક્ષા આપો! આજકાલમાં હું મરવાનો છું." આટલા શબ્દો બોલતાં બોલતાં તેના મોંમાં કફ આવ્યો, તેથી તે વધારે બોલી શક્યો નહિ. પોતાનો હાથ તો તેણે લંબાવેલોજ રાખ્યો. આસપાસના માણસોએ તેને સંતાડવાનો પ્રયત્ન કર્યો અને બોલ્યાઃ "અરે બુઢ્ઢા! દૂર થા, દૂર થા! કુમાર સાહેબની દૃષ્ટિ આગળથી દૂર થા!"

કુમારની દૃષ્ટિ તેમજ કાન તે તરફ આકર્ષાયા; તેથી તેણે પોતાના સારથિને પૂછ્યુંઃ "આ મનુષ્ય જેવો દેખાય છે તે કોણ છે? આ આટલો બધો વળી ગયેલો કેમ છે? આ દિલગીર કેમ દેખાય છે? શું મનુષ્યો કોઈ વાર આવા શરીર સાથે પણ જન્મતા હશે ખરા કે? એ કહે છે કે 'આજ કે કાલ હું મરી જઇશ' એનો અર્થ શો?"

સારથિએ જવાબ આપ્યોઃ "એ કોઇ નહિ પણ એક વૃદ્ધ મનુષ્ય છે. સિત્તેર વર્ષ પહેલાં તેની પીઠ સીધી હતી, તેની આંખો ચળકતી હતી, તેનું શરીર દેખાવમાં સુંદર હતું. પણ તે હવે વૃદ્ધ થયો છે અને જરાએ (વૃદ્ધાવસ્થાએ) તેના શરીરમાંનું બળ હરી લીધું છે, તેના શરીરમાંનો રસ ચૂસી લીધો છે; તેના દીપકમાંથી તેલ બળી ગયું છે અને તેથી બત્તી ઝાંખી બળે છે. આ વૃદ્ધાવસ્થાજ આવા પ્રકારની છે. પણ આવી બાબતની આપે શા સારુ દરકાર કરવી જોઇએ?"

કુમારે પૂછ્યુંઃ "પણ શું બધાની આવીજ સ્થિતિ થતી હશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચ્યનાએ જવાબ આપ્યો: "જો બીજા મનુષ્યો પણ ઘણાં વર્ષ જીવે તો તેમની પણ તેવીજ સ્થિતિ થાય."

કુમારે વળી પૂછ્યું: "અને હું ઘણાં વર્ષ જીવું તો શું મારી પણ એવી સ્થિતિ થાય? શું યશોધરાની પણ એવીજ સ્થિતિ થાય?"

સારથિએ પ્રત્યુત્તર વાળ્યો: "વૃદ્ધાવસ્થા રાજા અને રંક બધાને પોતાના પાશમાં ઘેરી લે છે. આપ, આપના પિતાશ્રી, પ્રિયતમા, આપનાં જ્ઞાતિજન અને બંધુવર્ગ સર્વ તેને આધીન છો. કોઇ તેનાથી મુક્ત થઇ શકે નહિ."

કુમાર ચમક્યો: "ખરેખર આપણે મૂઢ છીએ. યૌવનથી મત્ત થઈ આ શરીરના થનાર પરિણામ તરફ જરા પણ લક્ષ આપતા નથી. સારથિ! હવે જલદી રથ પાછો વાળ. જરા એક દિવસે ઘેરી લેશે ત્યારે પછી ક્રીડા કોણ કરશે?"

સારથિએ તરતજ રથ પાછો ફેરવ્યો અને કુમાર ઉદાસ ચહેરે પોતાના મહેલમાં ચાલ્યો. તે સાંજે તે બિલકુલ જમ્યો નહિ; નાચનારાઓએ તેમજ ગાનારાઓએ તેને રીઝવવાને અનેક પ્રયત્ન કર્યા, પણ તે વૈરાગ્યરંગિત મન પર બિલકુલ અસર થઇ નહિ. છેવટે યશોધરા પગે પડી અને બોલી: "હે નાથ! શું આપને મુજ દાસીથી વિશ્રાંતિ મળતી નથી? કેમ કાંઇ બોલતા નથી?"

"વિશ્રાંતિ!" પ્રેમપૂર્ણ પત્નીના મુખકમળ તરફ તાકીને કુમાર બોલ્યો: "ઓ મારી યુવાવસ્થાની વિશ્રાંતિ! આ લતિતાંગીની હાજરીમાં વિશ્રાંતિ સિવાય બીજું કાંઇ હોવુંજ શું શક્ય છે? તથાપિ, ઓ મુગ્ધે! આ અંગોનું લાલિત્ય એક દિવસ નાશ પામવાનું છે. એ વિચાર મારી વિશ્રાંતિને લૂંટી લે છે. આ યુવાની એક દિવસ કમરથી બેવડી વળેલી વૃદ્ધાવસ્માં બદલાઇ જવાની છે, એ ખ્યાલ મને ચિંતાતુર કરી દે છે. શું તું વૃદ્ધ થશે? તારા મુખ-

બુ. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળ પર કરચલીઓ અને કમતાકાતી ભાળતાં મારું હૃદય કેવું ચિરાશે ? શું ત્યારે મનુષ્યો વૃદ્ધ થતાં અટકે એવો કાંઇ ઇલાજ અખિલ દુનિયામાં હશેજ નહિ ? જે દુનિયા આપણે માટે આટઆટલા પ્રકારનાં સુખો અને સગવડોનો ભંડાર ધરાવે છે, તે દુનિયામાં યુવાનીના રક્ષણનો ઇલાજ–હા તે એકજ ચીજ શું નહિ ઉત્પન્ન થયેલી હોય ? પ્રિયે ! તું હમણાં આરામ કર; મને મારા મનોયત્નમાં મથવા દે અને વૃદ્ધવસ્થાને અટકાવવાની અકસીર જડીબુટ્ટી શોધવા દે કે જેથી તને અને દુનિયાને સદૈવ સુખમાં રહેવાનું બની શકે."

ભોળી મુગ્ધા આ તત્ત્વજ્ઞાનમાં કાંઇ સમજી શકી નહિ. તેની ચિંતામાં વધારો થતો ગયો અને વિચારમાં ને વિચારમાં તે નિદ્રાવશ થઇ. કુમારે આખી રાત માનસિક ક્ષેત્રમાં જરા અટકાવવાની દવા માટે–યુવાની કાયમ રાખનારી ઔષધિ માટે ભટકયાજ કર્યું.

સવારે રાજા શુદ્ધોદનને કુમારે કહાવ્યું કે, " આજે મારે માત્ર એક સારથિ સાથેજ નગર જોવા જવું છે; માટે પહેલાંની માફક કશી તૈયારીઓ કરાવ્યા સિવાયજ મને નગરમાં જવાની રજા આપવા કૃપા કરશો. "

રાજાને આ વાત ગમી તો નહિ; પણ કુમારને નારાજ કરવો એ પણ પાલવે તેમ ન હતું, તેથી છેવટે આનાકાની સાથે તેમ કરવા રજા આપી.

કુમારનો ઇરાદો એવો હતો કે, આગળથી લોકોને ખબર આપવાથી લોકો સઘળું સુંદરજ હોય એવો દેખાવ કરે અને તેથી દુનિયાનો ખરો ખ્યાલ પ્રાપ્ત થઇ શકે નહિ; માટે એકલાજ જઇને લોકો સામાન્ય રીતે કેવી હાલતમાં હોય છે અને દુનિયાનું સ્વરૂપ કેવું છે એ બાબતનો અનુભવ લેવો. તેથી પોતે એક વેપારીનો વેશ પહેરી લીધો અને સારથિને એક ગુમાસ્તા તરીકે સાથે લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને પગપાળા ચાલી નીકળ્યા.

એક ગલીમાંથી બીજી ગલીમાં અને એક સડકથી બીજી સડકે જતાં તેમને અનેક દેખાવો વચ્ચે થઇને રસ્તો કરવો પડતો. એક જગાએ સ્ત્રીઓ માથે પાણીનાં બેડાં સાથે આછો ઘૂંઘટ કાઢી હસતી, વાતો કરતી જતી હતી. બીજી જગાએ વેપારીઓ શબ્દોની મારામારી કરી રહ્યા હતા. પણે વણકરો સાળ ઉપર કામે લાગી ગયા હતા.

સામેના ઘરમાંથી આવતો ઘંટીનો અવાજ કાનને વાદ્ય સરખો આનંદ આપતો હતો. પેલો વરઘોડો લોકોનાં ટોળેટોળાં એકઠાં કરતો ચાલ્યો જતો હતો. આ બાજુએ પંડયાજી નાનાં બાળકોને અર્ધચંદ્રાકારે બેસાડીને 'શિખામણની વાત' શીખવતો હતો. આ સર્વ જોતા જોતા તે વ્યાપારી અને મુનીમ આખા શહેરમાં ફરતા હતા. એવામાં રસ્તા પરથી એક અવાજ એમને કાને પડયોઃ "હે દયાળુ પુરુષો ! મને મદદ કરો, મને ઉઠાડો; નહિ તો હું ઘેર પહોંચતાં પહેલાં મરી જઈશ."

કુમાર અને સારથિ તરતજ તે અવાજની દિશામાં દોડ્યા અને જુએ છે તો એક પ્રકારની મરકીથી પીડાતો એક માણસ બૂમો પાડતો ધૂળમાં તરફડિયાં મારતો હતો. તેના આખા શરીરે વાદળી રંગનાં ચાંદાં પડયાં હતાં. ઉઠવાનો યત્ન કરવા જતાં, તે તરત જમીન પર પડી જતો હતો અને ચાંદાં છોલાવાથી બમણું દુઃખ થવાથી તે રડતો હતો. લોકો ટોળેટોળાં મળી તેની આસપાસ ઘણે દૂર ઊભા રહ્યા હતા; પણ કોઇ તેની પાસે જતું નહિ, તો મદદ આપવાની તો વાતજ શી કરવી ?

સિદ્ધાર્થ કુમારની આંખમાં તે દયાજનક દેખાવ જોતાંજ એક અશ્રુબિંદુ આવીને અટકયું અને લાગલોજ તે બીમાર પાસે જઇ તેને ટટાર કરી પોતાના ઢીંચણ ઉપર માથું મૂકીને અને કોમળ હાથ વડે તેને પંપાળીને આશ્વાસન આપતો આપતો પૂછવા લાગ્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બન્ધુ! કહે, તને શું થયું છે? તારા ઉપર શી આપત્તિ આવી પડી છે? તું કેમ ઊભો રહી શકતો નથી? ઓ ચ્યના! આ બિચારો કેમ રડે છે અને ડૂસકાં ખાય છે?"

"અન્નદાતા!" ચ્યનાએ ખુલાસો કર્યો, "આ માણસને ચેપી રોગ લાગુ પડ્યો છે. તેના અવયવોમાં લોહી કૂદકા મારી રહ્યું છે. તેના હૃદયના ધબકારા વધી પડ્યા છે. તેના સ્નાયુઓમાં બળ રહ્યું નથી. તેના શરીરના સાંધા છૂટા પડી ગયા છે. જુવાનીનું સૌંદર્ય અને શક્તિ દુષ્ટ મરકીએ છીનવી લેવાથી તે રૂપહીન અને શક્તિહીન થયો છે અને થોડા વખતમાં મરી જશે. ઓ કૃપાનાથ! આ મરકીનો રોગ ચેપી છે, માટે તેને વધારે વાર આપના શરીરનો સ્પર્શ ન થવા દો, રખેને આપને તે દરદ લાગુ પડે."

"અને શું આવા દરદવાળાં બીજાં પણ માણસો છે ખરાં કે? મને જો એ દરદ લાગુ પડે તો મારે પણ આમજ તરફડવું પડે કે?"

"સ્વામિન્!" ચ્યનાએ જવાબ આપ્યો: "દરદ જે કોઇ પણ શખસને લાગુ પડે છે તે દરેકને સરખું દુઃખ ઉત્પન્ન થાય છે. રાજા કે રંગ, ગરીબ કે શ્રીમંત, સાધુ કે સંસારી, યુવાન કે બુઢ્ઢો, પુરુષ કે સ્ત્રી, કોઇ ઉપર તેની ઓછી કે વધતી અસર જોવામાં આવતી નથી; સર્વને તે એક સરખીજ પીડા કરે છે. અલબત્ત દરદનાં રૂપ ઘણાં હોય છે. કેટલાકને તાવ આવે છે, કેટલાકને મૂંઝારો થાય છે, કેટલાકને ક્ષય થાય છે, કેટલાકને શૂળ થાય છે. કેટલાકને આંચકી અને કેટલાકને આવી મરકી થાય છે. આવાં અનેક સ્વરૂપમાં 'દરદ' ગુપ્ત રીતે શરીરમાં દાખલ થાય છે અને મનુષ્યને અનેક રીતે હેરાન કરે છે."

"શું ત્યારે મનુષ્યો હમેશ રોગના ભયમાંજ રહે છે?" કુમારે પૂછ્યું.

"અન્નદાતા!" ચ્યનો બોલ્યો: "ખરેખર મનુષ્ય માત્ર રોગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યમાંજ વસે છે અને તેનો ત્રાસ કઇ મિનિટે નહિ થાય તે કોઇ કહી શકતું નથી. રાત્રે તંદુરસ્ત હાલતમાં સૂતેલા આપણે સવારે તંદુરસ્તજ જાગીશું, એ વાતની ખાતરી આપવાની શક્તિ દુનિયામાં કોઇને પણ મળી નથી.”

“ અરે ! આવા દુઃખદાયક રાક્ષસની દાઢમાં રહેતાં માણસો ત્યારે એક ઘડી પણ ઊંઘવા નહિ પામતા હોય ?” કુમારે વિસ્મિત થઇ પ્રશ્ન કર્યો.

“મારા માલિક ! છેકજ એમ નથી.” સારથિએ ખુલાસો કર્યો: “ લોકો સુભાગ્યે એટલા તત્ત્વજ્ઞાની નથી કે, દરદના ભયને લીધે આહાર, નિદ્રા અને વિષયસુખથી વેગળા રહે ! આપ ધારો છો તેથી ઊલટું, દરદનો ભય જેટલો તીવ્ર છે તેટલોજ તીવ્ર લોકોનો વિષયસુખ પ્રત્યેનો રાગ છે. એ રાગ એમને દરદની દાઢનું સ્મરણજ થવા દેતો નથી.”

કુમારે હવે પોતાના ખોળામાંના બીમારને પૂછ્યું: “ કેમ ભાઇ ! તને આ દરદ આવશે એવી ખબર હતી ?”

“ ઓ દયાળુ પુરુષ ! એ મને પૂછતાજ ના. મારી વાત જાણીને તમારા દયાળુ આત્માને વધારે દુઃખી કરતા ના. હું થોડા જીવતર માટે તમારો એવડો અપરાધી બનું એ મારાથી ખમાતું નથી,” બીમારે જવાબ આપ્યો.

“ ના, ભાઈ ના; એમ કલ્પાંત ન કર, મારા સવાલનો ઉત્તર આપવા કૃપા કર.” પૂછનારે આગ્રહ કર્યો.

“ ઓ દયાળુ પુરુષ ! તમારે જ્યારે સાંભળવુંજ છે તો સાંભળો. આ રોગ મને વળગશે એવી મને સ્વપ્નમાં પણ ખબર નહોતી. બીજા હજારો માણસોને રોગથી પીડાતા નજરે જોવા છતાં હું ડરતો નહિ અને એમજ માનતો કે, હું તો અણીશુદ્ધજ રહેવાનો. આથી મેં મૃત્યુ માટે કશી તૈયારી કરી નહિ. એક છૂપો હુમલો કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુના પાશમાં ફસાયલો માણસ જેમ પોતાનું રક્ષણ કરવાને અશક્ત બને છે, કારણ કે તે તલવાર સજે તે પહેલાં તો તેના હાથપગ જકડાઇ ગયા હોય છે; તેમજ હું મૃત્યુ માટે કાંઇ તૈયારીઓ કરું તે પહેલાં તો આ દુષ્ટ મરકીએ મને દાઢમાં ચાવવા માંડ્યો અને હવે હું કાંઈ પણ તૈયારીઓ સિવાય થોડાજ વખતમાં મૃત્યુને આધીન થઇશ. હે દીનબંધો ! મારા પર દયા કરજે ! મુજ પાપીના અપરાધ માફ કરજે ! ”

એમ કહી તે છાતીફાટ રુદન કરવા લાગ્યો અને દુઃખના જોરને લીધે બેભાન થયો.

એટલામાં સામેથી રડતુંકકળતું એક ટોળું ઉતાવળે પગલે નદીની દિશામાં જતું દેખાયું. સૌથી આગળ ચાલનારા એક યુવાનના હાથમાં બળતા અંગારાવાળું એક માટીનું વાસણ લટકતું હતું. તે ટોળાંમાંથી “રામ બોલો, ભાઈ રામ!” એવો એકસરખો ગંભીર અવાજ નીકળતો હતો. એમની વચ્ચે વાંસની બનાવેલી ઠાઠડી હતી, જેમાં એક મૃતદેહને બાંધવામાં આવ્યો હતો. ચાર માણસો એને ઉપાડીને નદીની દિશામાં ઝડપથી ચાલતા હતા.

આ ટોળાના ઘુમરાણથી પેલો મરકીવાળો દરદી જાગૃત થયો અને પોતાની આજ દશા થોડા વખતમાં થવાની છે એવો વિચાર આવવાથી ચમક્યો અને “હા, હા, લઇ ચાલો; મને પણ લઇ ચાલો, યમદેવ મને બોલાવે છે!” એમ કહેતાંજ એના મોંમાંથી એક ચીસ નીકળી પડી અને તેનો દમ નીકળી ગયો. એની ફાટેલી કોડા જેવી આંખો, દયામણું અને ગભરાયલું મોં, ભૂત જેવું દેખાતું હાડપિંજર—આ સર્વ દેખાવે કુમારના મન પર સજ્જડ અસર કરી અને માણસજાતને આવાં ભયંકર દુઃખોમાંથી કેમ અને ક્યારે બચાવી શકાય એ બાબતની એને લે-મેલ થઈ રહી.

પેલા દરદીનાં સગાંવહાલાં એવામાં ત્યાં આવી પહોંચ્યાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમાર તેમને તે હાડપિંજર સ્વાધીન કરીને ચાલી નીકળ્યો, ચ્યનો પણ પાછળ પાછળ મૂંગો મૂંગો ચાલવા લાગ્યો.

શહેર છોડી તેઓ થોડેક દૂર ગયા નહિ હોય ત્યાં એક વડ આવ્યો તેની નીચે તેઓ બન્ને બેઠા. પોતાની તરફ એક વિચિત્ર પુરુષને આવતો જોઈ કુમારે ચ્યનાને પૂછ્યું: "ભગવાં વસ્ત્ર ધારણ કરેલો, હાથમાં વિચિત્ર પાત્ર લઇ ચાલતો, આ કોણ હશે?"

"સરકાર!" ચ્યનાએ કહ્યું: "લોકો તેને 'સંન્યાસી' કહે છે. તેણે સર્વ પ્રકારની ઇચ્છાઓનો ત્યાગ કર્યો છે. તે તપસ્વી તરીકે રહે છે. આત્મસંયમને માટે પ્રયત્ન કરે છે. તેનું આચરણ વિનયયુક્ત છે. તે ભિક્ષા વડે પોતાનું ગુજરાન ચલાવે છે. 'શાંત અને દાંત' એવો તે પુરુષ હમેશ અંતરના વિચારોમાં મશગૂલ રહે છે. જુઓ એનું વદન કેવું ગંભીર અને વિચારમાં ડૂબેલ જણાય છે!"

એટલામાં સંન્યાસી ત્યાં આવી પહોંચે છે અને તે બન્ને વટેમાર્ગુને વટાવી, થોડે દૂર એક એકાંત ઝાડ હતું તેની નીચે જઇ પદ્માસને બેસી સમાધિમાં સ્થિર થાય છે.

કુમાર તેના તરફ જોઇજ રહ્યો અને મનમાંજ બોલ્યો: "પંડિતો સદા સંન્યાસીની પ્રશંસા કરે છે તે વાજબીજ છે. આ સંન્યાસથી પોતાનું તેમજ પરનું હિત થાય છે. ખરેખર શાશ્વત જીવન, સુખ તથા અમરત્વ મેળવવાનો આજ માર્ગ છે. જે યૌવનને જરાનો ભય છે, જે આરોગ્યને વ્યાધિનો ભય છે, જે સમૃદ્ધિને અકસ્માતનો ભય છે, જે શરીરને મૃત્યુનો ભય છે, તે યૌવન–તે આરોગ્ય–તે સમૃદ્ધિ અને તે શરીર પાછળ લુબ્ધ થઇ, મારા ખોળામાં સૂતેલા પેલા મરકીના દરદીના દરદની પેઠે છૂપા શત્રુ સમાન કાળની બેડીમાં એચિંતાજ ફસાઇ જવું અને પછી પસ્તાવું એ કેટલી મૂર્ખતા છે!"

હમણાં તેનાં ચક્ષુમાં દિવ્ય દયાનાં અશ્રુ ઊભરાતાં હતાં. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પળ તે આકાશ ભણી નજર કરતો હતો, તો બીજીજ પળે તે પૃથ્વી સામું જોતો હતો. તે ભૂતકાળ સંભારતો હોય, જુદા જુદા બનાવો વચ્ચેની સાંકળ રચતો હોય, કાંઇક નવીન પ્રકાશ મેળવતો હોય, એમ તેના મુખ પર જુદા જુદા રંગો આવતા અને થોડી વારમાં અદૃશ્ય થતા; પણ આ બધા રંગોમાં મનુષ્યજાતિ પ્રત્યેનો અપૂર્વ પ્રેમ અને તેનું કેમ કલ્યાણ કરવું એ ભાવના પ્રથમ પદ ભોગવતાં હતાં. છેવટે આશા—કાંઇક નવીન આશા તેની આંખમાં ઝળકી રહી અને તે બોલી ઊઠયો:

"ઓ દુઃખી જગત! ઓ મારા જાણીતા તેમજ અજાણ્યા બાંધવો! તમે અને હું દુઃખ અને મૃત્યુના પંજામાં સપડાયેલા છીએ. આખી વસુધાને જે દુઃખ પડે છે તેની ગંભીરતા હવે હું સમજું છું અને ખરેખર મારું હૃદય તેને સારુ ચિરાય છે. જગતનાં સુખોની દુઃખગર્ભિતતા, સ્થૂલ આનંદની અનિત્યતા અને પદાર્થોની ક્ષણિકતા હું અનુભવું છું. જ્યારે સુખનો અંત દુઃખમાં આવે છે, જ્યારે યુવાવસ્થાનો અંત વૃદ્ધાવસ્થામાં આવે છે અને જ્યારે પ્રિય મનુષ્યોનો અંત મરણમાં આવે છે, ત્યારે 'આ જિંદગી શું જીવવા લાયક છે?' એ પ્રશ્ન ખરેખર ઉદ્ભવે છે. જગતના માયાવી પ્રકાશથી હું પણ અત્યાર સુધી છેતરાયો હતો. મેં આ જિંદગીમાં સુખ માન્યું હતું, મેં પણ જિંદગી જીવવા યોગ્ય અને આનંદમય ગણી હતી; પણ મને અંધકારમાં રાખનાર પડદો આજે ચિરાયો છે. હું પણ તમારા જેવોજ જરા, મરણ અને રોગને આધીન મનુષ્ય છું. લોકો દેવોની પ્રાર્થના કરે છે, પણ તેઓ પણ મરણને આધીન છે; તો પછી તેઓ આપણને અમરત્વ કેવી રીતે આપી શકે? આજે મારી આંખો ઊઘડી છે; હવે મારે વિશેષ જોવાની જરૂર નથી. હે દુઃખી જગત! તારું દરેક દુઃખ મને લાગે છે. હું તે દૂર કરવા જરૂર પ્રયત્ન કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ९ मुं–गृहत्यागनी तैयारीओ

સળગી ! ખૂબ સળગી ! વૈરાગ્યની અગ્નિ ખૂબ જોસથી સળગી અને સિદ્ધાર્થ કુમાર પોતાના સારથિ સાથે પેલા વડ નીચેથી ઊઠી મહેલમાં પાછો દાખલ થઇ ચૂકયો હતો, તે છતાં તેના મનમાં વૈરાગ્યની પ્રચંડ આગ બુઝાઇ નહિ. રૂનો ઢગલો તૈયાર હોવા છતાં–દારૂખાનાના પલીતા ટટાર કરી રાખેલા છતાં, એક નાની સરખી દીવાસળી વગર સઘળી તૈયારીઓ નકામીજ છે, તેમ સિદ્ધાર્થ કુમારના પ્રેમાળ—દયાળુ—પરોપકારી—સંસ્કારી હૃદયને માત્ર એકાદ દીવાસળી તુલ્ય બનાવનીજ વાર હતી, જેવા બનાવો હમણાં તે જોઇ ચૂકયો હોવાથી હવે તે રૂ જેવું હૃદય વૈરાગ્યની આગથી ભડભડ બળવા લાગ્યું !

પરંતુ આ મહાત્માનો વૈરાગ્ય પણ પ્રેમમય હતો ! એને પોતાના કોઇ દુઃખથી વૈરાગ્ય ઊપજ્યો ન હતો, દુનિયાના દુઃખથી ઊપજ્યો હતો, કે જે દુનિયા પર પોતે પ્રેમ ધરાવતો હતો. એટલે કે, એના ‘ વૈરાગ્ય ’નો જનક ‘ પ્રેમ ’જ હતો. ‘ પ્રેમ ’માંથી ‘ વૈરાગ્ય ’ જન્મ પામે એ વાત, વૈરાગ્યનો ઊંધો અર્થ જે જમાનામાં ફેલાયલો છે, તે જમાનામાં કદાચ નહિ માનવા જેવી ઘણાકને લાગશે; પરંતુ એ સંશયાત્માઓ જ્યારે ‘ પ્રેમ ’ અને ‘ રાગ ’ વચ્ચેનો તફાવત સમજશે, ત્યારે તેમનો તે સંશય આપોઆપ દૂર થશે. ખરું છે કે ‘ વૈરાગ્ય ’ એ ‘ રાગ ’ રહિત દશાનુંજ નામ છે; અને તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાગવાળી' દશાને 'વૈરાગ્ય' કહી શકાયજ નહિ; પરંતુ 'પ્રેમ'માં વૈરાગ્ય હોઇ શકે, કારણ કે 'રાગ' અને 'પ્રેમ' એ બે ભિન્ન તત્ત્વો છે. 'રાગ' સ્વાર્થી ચીજ છે, 'પ્રેમ' નિઃસ્વાર્થી છે. 'રાગ' નાશવંત તરફ હોય છે, 'પ્રેમ' અમર તત્ત્વ પર હોય છે. 'રાગ'નાં રૂપાંતર થાય છે, 'પ્રેમ' અચલ છે. 'રાગ' દુઃખને ઉત્પન્ન કરે છે, 'પ્રેમ' આનંદને. 'રાગ' તેલ જેવો છે, જે તેલમાં સુગંધ તો થોડીજ હોય છે પણ વસ્ત્ર ઉપર ડાઘ પાડવાનો ગુણ તો અવશ્ય હોય છે; 'પ્રેમ' અત્તર જેવો છે, કે જે અત્તર થોડા પ્રમાણમાં છતાં ચોતરફ સુગંધ ફેલાવે છે અને કપડા ઉપર કિંચિત્ માત્ર ડાઘ પાડતું નથી. 'રાગ' એ એક રંગ છે અને એ રંગ ગમે તેવો પાકો હોય તોપણ 'કાળ'-નો ખોરાક છે; 'પ્રેમ' એ રંગરહિત મૂળસ્થિતિ છે, કે જેને 'કાળ' સ્પર્શી શકતો નથી. 'રાગ' ઇર્ષ્યાને ઉત્પન્ન કરે છે, દ્વેષને જન્મ આપે છે, ધિક્કારને પોષે છે; 'પ્રેમ' એ સર્વ બલાઓથી હમેશ વેગળોજ રહે છે અને દયા, મદદ તથા સ્વસ્વભાવને પોષે છે.

સિદ્ધાર્થના વૈરાગ્યનું કારણ દુનિયા પરનો નિષ્કારણ પ્રેમ એજ હોવાથી, એણે ઘર–કામભોગ–સમૃદ્ધિ—સત્તા એ સર્વ 'રાગ'-ના પદાર્થો ઉપરથી મનને ખસેડી લીધું. એને કાંઇ સ્ત્રી ઉપર કે પિતા ઉપર, રાજ્ય ઉપર કે કોઇ ઉપર કાંઇ 'દ્વેષ' ન હતો; દ્વેષથી કાંઇ એણે 'ત્યાગ' ઇચ્છયો ન હતો. આખી દુનિયા પરના પોતાના પ્રેમમાં સ્ત્રી, પિતા અને પ્રજાતરફનો પ્રેમ પણ એક હિસ્સા તરીકે-જ હતો; અને સર્વને સુખનો રસ્તો બતાવવામાંજ એનો 'પ્રેમ' સમાવેશ પામતો હતો.

કુમારનું મન મૂળથીજ વિરાગી તો હતુંજ. બાલ્યાવસ્થામાં પણ રમકડાં તેને આનંદ આપી શકયાં ન હતાં! યૌવનમાં યશોધરાના સંસર્ગને લીધે ઘડીભર તેનું મન સંસારમાં રાગ પામવા શીખ્યું હતું ખરું, પણ તેણે જોયેલા બનાવોએ તે વૈરાગ્યભાવનાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી જાગૃત કરી. કોલસા ઉપર થોડા વખતને વાસ્તે લાગેલી રાખ ઊડી ગઇ અને ફરીથી વૈરાગ્યનો અગ્નિ પૂર્ણ જોસથી પ્રકટી નીકળ્યો! તેના મનમાં પ્રબળ તોફાન ચાલતું હતું. સંસારનો ત્યાગ કરી, એકાંતમાં જઇ, વ્યાધિ, રોગ અને મરણમાંથી છૂટવાનો ઉપાય શોધી કાઢવો એજ એના હૃદયની ઉચ્ચમાં ઉચ્ચ ભાવના હતી. જ્યારથી તેણે પેલા ભિક્ષુકને-શ્રમણને-સંન્યાસીને જોયો હતો, ત્યારથીજ તેવા થવાની પ્રબળ આકાંક્ષા તેના હૃદયમાં સ્ફુરી રહી હતી. શ્રમણના દર્શને પૂર્વે થઈ ગયેલા બુદ્ધોનું તેને સ્મરણ કરાવ્યું હતું. હજુ તે સ્મરણ ઝાંખુ હતું; છતાં ભાવના તો એવીજ પ્રબળ હતી.

આ સંસારનો ત્યાગ કરી સંન્યાસી થવામાં પિતા, અપરમાતા અને પત્નીનો પ્રેમ આડે આવતો હતો. તે વિચારતો કે, " આવા પ્રેમાળ પિતાને વૃદ્ધાવસ્થામાં શી રીતે છોડી જાઉં ? માતા-તુલ્ય ગૌતમીના હૃદયને મારા ગમનથી કેટલો આઘાત લાગશે ? મારાજ આધારે જીવનારી, મારામાંજ સર્વસ્વ માનનારી યશોધરાની શી સ્થિતિ થશે ? આ બધાને દુઃખમય સ્થિતિમાં મૂકી શી રીતે જવું ? " પણ વળી તે બીજી બાજુનો વિચાર કરી બોલતો: " લોકો જરા, વ્યાધિ અને મરણના પંજામાં સપડાયેલા છે, દુઃખી છે, કોઇ તેમને માર્ગ બતાવનાર નથી. દેશમાં ધર્મને નામે અધર્મજ ફેલાઇ રહ્યો છે. લોકો દેવોને તુષ્ટ કરવાને અજ્ઞાનતાથી અનેક નિરપરાધી પશુઓનો યજ્ઞને નામે સંહાર કરે છે અને આ રીતે ઊલટા દુઃખમાં ઉમેરો કરે છે. આ સ્થિતિમાં મારે મનુષ્યજાતને ઉગારવીજ જોઇએ."

સિદ્ધાર્થના મનની અત્યારની વૈરાગ્યમય અને અનુકંપામય સ્થિતિને ડગાવવા કોઇ સમર્થ ન હતું. તે પોતાનો સંકલ્પ લૂલો કરે તેમ ન હતું. તેણે આ પળે જીવનનું મહાવ્રત જોયું હતું, તેમાંથી ચળાવવા કોણ શક્તિમાન થઇ શકે? તે સ્વર્ગીય બળથી આ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા ખેંચાયો હતો, કોણ તેમાં વિઘ્ન નાખી શકે? તે ક્યારનોએ આ સંસાર છોડી ચાલ્યો ગયો હોત; પણ પિતાની આજ્ઞા સિવાય આ કામ કરવું તે પિતાના હૃદયને શલ્યરૂપ થશે, એ વિચારથી છેવટે હિંમત ધરી પિતા પાસે ગયો અને નમ્ર ભાવે વિનયપૂર્વક પોતાના હૃદયના ભાવ પ્રદર્શિત કર્યા.

પુત્રવત્સલ પિતાએ કહ્યું: " 'સંસારનો ત્યાગ' એવા શબ્દો તું ભલો થઇ મારી સંમુખ બોલતો ના. બેટા! સંન્યાસી થવાનો હજુ તારે માટે સમય પરિપક્વ થયો નથી. તું જુવાન છે, તારી નસોમાં લોહી પૂર જોશથી વહે છે. આ વય યોગીના વેશને વાસ્તે નથી. પુષ્પના આઘાતથી જે શરીર કરમાઇ જતું હતું, તે શરીર ભિખારીનો પોષાક શી રીતે સહન કરી શકશે? તું આ રાજ્યની ધુરા ધારણ કર અને મને પ્રથમ સંન્યાસી થવા દે. તું સંસારનાં કામમાં નિપુણ થા, કીર્તિ મેળવ અને ત્યાર પછી તને ગમે તો ખુશીથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરજે."

કુમારે નમ્ર વાણીથી કહ્યું: "હે પિતાજી! જો આપ ચાર આપત્તિઓમાંથી મને બચાવવાનું માથે લેતા હો, તો હું સંસારનો ત્યાગ કરવાનો વિચાર માંડી વાળું. મરણ વગરનું જીવન, રોગ વગરનું આરોગ્ય, વૃદ્ધાવસ્થા વગરનું યૌવન અને નાશ વગરના જગતના પદાર્થો. જો આ ચાર વરદાન આપ દઇ શકતા હો તો મારે સંસાર છોડવાનો કશો વિચાર નથી."

શુદ્ધોદન રાજાએ કહ્યું: "આવી વાતો ઉચ્ચારતો નહિ. આ ચાર બાબતોને અટકાવવા આખા વિશ્વમાં કોણ સમર્થ છે? આજ પછી આવી વાતો જો તું બીજે સ્થળે બોલીશ તો લોકો તને હસી કાઢશે. કુમાર! ભલો થઈ આ 'સંસારત્યાગ' કરવાના વિચાર મૂકી દે અને આનંદમાં રહે."

કુમારે વિનયપૂર્વક કહ્યું: "પિતાજી! જો આપ મારી આ ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગણીઓ પૂરી પાડી ન શકતા હો, તો હું આજીજી કરીને કહું છું કે મને જવા દો, મને સંસાર છોડવાની રજા આપો; આપનો પુત્ર એક બળતા ઘરમાં રહે છે, તેનો ત્યાગ કરવાની રજા આપવામાં શું આપ પુત્રવત્સલ પિતા વિલંબ કરશો? ખરેખર, આ જરા, મરણ અને વ્યાધિથી આપણે સર્વે ઘેરાયલા છીએ; તેમાંથી છૂટા થવાનો માર્ગ શોધવા મને રજા આપો, કે જેથી આખું વિશ્વ કલ્યાણનો માર્ગ પામી શકે.”

રાજાએ કાંઇ પણ જવાબ ન આપ્યો. પુત્ર પોતાના નિશ્ચયમાં અડગ છે, માટે તેને વધારે કહેવામાં લાભ નથી એમ ધારી તેણે મૌન ધારણ કર્યું; પણ તેની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. પિતાની આવી સ્થિતિમાં શું કરવું તે ન સૂઝવાથી સિદ્ધાર્થ કુમાર આ બાબતનો વિચાર કરવા પોતાના વિશ્રામભવન તરફ ચાલ્યો.

વિશ્રામભવનમાં કુમાર આવ્યો ત્યારે તેને આનંદ આપવાને યશોધરાએ તથા દાસીવર્ગે પોતાની સઘળી શક્તિ અજમાવી. પણ આજે કુમારના ચહેરા પર કાંઇક જુદોજ રંગ જણાતો હતો. આજે કોઇ તેના મનને આનંદ પમાડવા સમર્થ નહોતું. યશોધરા તેના મનને સાંત્વન આપવા અનેક પ્રયત્ન કર્યા છતાં ન ફાવવાથી અંતે સૂઇ રહી. અર્ધી રાત્રિ ચાલી ગઇ હશે, તેવામાં એકાએક યશોધરા સ્વપ્નમાં બોલી ઊઠી: “હે નાથ! જાગો, જાગો, મને બોલાવો, મને શાંતિ આપો!”

“પ્રિયતમે! શું છે? કેમ ગભરાય છે? હું પાસેજ ઊભો છું” એમ કહી કુમાર તેને સાંત્વન આપવા લાગ્યો. પણ આ શબ્દોનો જવાબ આપે તે પહેલાં ફરીથી તેના તે શબ્દો તેણે ઉચ્ચાર્યા અને પછીથી બોલી: “આજે હું સુખમાં સૂતી હતી તેવામાં મેં ત્રણ ભયંકર સ્વપ્ન જોયાં, તેથી ગભરાટથી મારી આંખો ઊઘડી ગઇ અને હજુ પણ તે ભયને લીધે મારું હૃદય ધડક્યા કરે છે. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં એક મહાન વૃષભ જોયો. તેના મસ્તક પર ચંદ્રકાંત કે સર્પના મણિ જેવું રત્ન ચળકતું હતું. તે નગરના રસ્તાઓમાં થઇને કિલ્લા ભણી જતો હતો. આકાશમાંથી અવાજ થયો કે, 'જો તેને તમે નહિ રોકો તો નગરની શોભા ચાલી જશે,' છતાં કોઇ તેને રોકી શક્યું નહિ. હું મોટેથી રડી, મેં મારા હાથ તેની ગરદનની આસપાસ નાખ્યા અને નોકરોને શહેરના દરવાજા બંધ કરવા આજ્ઞા આપી. પણ તેણે એક ખૂંખારો કર્યો અને મારા હાથને ધીમેથી છૂટા કરીને તે નાઠો—લોખંડના સળિયા તોડીનાખીને દરવાનોને હડસેલીને નાઠો. તે પછી બીજું સ્વપ્ન આ પ્રમાણે આવ્યું. ચળકતી આંખોવાળા અને સુંદર દેખાવના ચાર મહાન દેવો બીજા લાખો દેવો સહિત આપણા નગરમાં આવ્યા. તેઓએ શહેર પર જૂનો વાવટો હતો તે ઉખેડી નાખ્યો અને નવો વાવટો સ્થાપન કર્યો. તે વાવટાનું કપડું વિવિધ રંગથી ચળકતું હતું. તે અનેક રત્ન અને હીરાઓથી જડેલું હતું. તેમાંથી જે કિરણો નીકળ્યાં તે ગંભીર શબ્દો અને મહાન વાક્યોરૂપે ફેરવાઇ ગયાં! તે શબ્દો અને વાક્યો સાંભળીને જગતનાં મનુષ્યો ઘણો આનંદ પામ્યાં; અને પૂર્વમાંથી પવન ફુંકાયો તેથી તે વાવટો ચારે બાજુએ ઊડયો અને દૂર દેશનાં મનુષ્યોએ પણ તે શબ્દો સાંભળ્યા. તે વખતે આકાશમાંથી એકાએક આપણી વાડીમાં કદાપિ ઊગેલાં નહિ એવાં જથાબંધ પુષ્પો પડયાં."

સિદ્ધાર્થે સસ્મિત કહ્યું: "ઓહો! આ તો ખરેખર આનંદદાયક સ્વપ્ન!" યશોધરાએ આગળ ચલાવ્યું: "હે નાથ! પણ આ સ્વપ્નનો છેવટનો ભાગ ઘણો ભયંકર હતો. 'સમય સમીપ છે! સમય સમીપ છે!' એવા શબ્દો મારે કાને પડયા અને તરતજ ત્રીજું સ્વપ્ન મારી દૃષ્ટિએ પડયું. મેં તમને શોધવા માંડયા. પણ પથારી પર ઓશીકું દબાવ્યા વિનાનું પડેલું હતું, શાલ ખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી હતી, બધી વસ્તુઓ એમની એમ હતી! હે હૃદયના નાથ! તમે કે જે મારું જીવન છો, મારો પ્રકાશ છો, મારા રાજા છો, મારું વિશ્વ છો, મારું સર્વસ્વ છો, તે ત્યાં ન હતા, હું ફરીથી ઊંઘી ગઇ અને વળી જાગીને જોઉં છું તો મારો રત્નનો હાર સર્પરૂપ થઇ ગયો હતો, મારા પગનાં સાંકળાં પગમાંથી નીકળી પડ્યાં હતાં, મારી સોનાની બંગડીઓ જુદી પડી ગઇ હતી, મારા માથામાંનું જાસૂદનું પુષ્પ ધૂળ ભેગું રોળાઇ ગયું હતું; આ આપણો પલંગ જમીન પર પડી ગયો હતો અને પલંગની આસપાસનો પડદો ચિરાઇ ગયો હતો. તેવામાં ઘણે દૂરથી આવતો તે વૃષભનો નાદ મેં સાંભળ્યો; ઘણે દૂર વાવટો વીંઝાતો સાંભળ્યો. પણ 'સમય સમીપ છે! સમય સમીપ છે!' એ બૂમ ફરીથી મારે કાને પડી, તે બૂમથી હજુ પણ મારું હૃદય ધડકે છે, તે બૂમને લીધે હું જાગી ઊઠી. હે નાથ! આ સ્વપ્નનો શો હેતુ હશે? મને ભય લાગે છે કે, કાં તો મારા પ્રાણ દૂર થશે અગર તો મારા પ્રાણેશ્વર મારો ત્યાગ કરશે."

અત્યંત ગભરાયલી, દિલાસાની સંપૂર્ણ જરૂર ધરાવતી પોતાની તે ધર્મપત્નીને દયાના સાગર સિદ્ધાર્થ કુમારે અત્યંત દિલસોજીથી અને પ્રેમાર્દ્ર અવાજથી સાંત્વન આપવા માંડ્યું: "શાંત થા, મારી મધુરી! શાંત થા. તું પાપી નથી; માત્ર પુણ્યાત્માજ આવું સ્વપ્ન જોઇ શકે છે. કદાચ તારાં સ્વપ્ન ભવિષ્યમાં બનનાર બનાવના પડઘારૂપ હોય, કદાચ દેવોનાં આસનો ચળ્યાં હોય અને કદાચ આખું વિશ્વ મદદ મેળવવાના માર્ગની સમીપમાં હોય—અને તારે કે મારે માથે ગમે તેવી આપત્તિ આવી પડે, છતાં એટલો વિશ્વાસ ધરજે કે, હું તને ચાહતો હતો અને ચાહું છું. આ દુઃખી જગતને કેવી રીતે બચાવવું તેને સારુ કેટલાક મહિનાથી હું રાતદિવસ વિચાર કરું છું તે તું સારી રીતે જાણે છે. જો મારો આત્મા બીજા અજાણ્યા આત્માઓને સારુ તલસતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય અને જે જે દુઃખો મારાં દુઃખ નથી, તેને માટે હું દુઃખી થતો હોઉં, તો પછી હે પ્રિયે! મારા ઉચ્ચ વિચારો મારી પ્રિયતમાના કલ્યાણને વાસ્તે કેટલા વધુ ઘોળાતા હોવા જોઇએ, તેનો તુંજ ખ્યાલ કર. આ પછી ગમે તે બનાવ બને અને કદાચ તે 'વૃષભ' ચાલ્યો જાય, અથવા તો 'વાવટો' દૂર ઊડતો દેખાય, છતાં આટલો વિશ્વાસ રાખજે કે હું તને ચાહતો હતો અને ચાહું છું. જે ચીજ હું આખા જગતને સારુ શોધું છું, તે તારે માટે તો વિશેષ કરીને શોધું છું અને કદાપિ તારે માથે દુઃખ આવી પડે તોપણ આપણા દુઃખથી જો જગતને શાંતિનો માર્ગ જડતો હોય તો તે વિચારથી આશ્વાસન પામજે. બીજાઓ જે બાબત નહિ જાણી શકે તે હું તને જણાવું છું કે, હું તને સૌ કરતાં વધારે ચાહું છું; કારણ કે હું સઘળાં જીવતાં પ્રાણીને ચાહું છું. માટે હે મનવલ્લભે! તું હવે સૂઇ જા અને હું જાગતો બેસીશ અને તારું રક્ષણ કરીશ."

પતિનો પ્રેમ એજ જેનું સર્વસ્વ છે એવી તે વિશ્વાસુ આર્યબાળા ડૂસકાં ખાતી ખાતી પોઢી અને નિદ્રાવશ થઇ ગઇ; તથાપિ જુઓ ઊંઘમાં પણ તે ડૂસકાં ખાય છે અને લવે છે, "સમય સમીપ છે! સમય સમીપ છે!"



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ६ ठ्ठुं–त्याग (महाभिनिष्क्रमण)

આજે ચંદ્ર કર્ક રાશિનો છે. આજે તારાઓ સિદ્ધાર્થ કુમારને પ્રબોધતા હતા કે, "બે માર્ગમાંથી એકની પસંદગી કરવાનો આ છેલ્લો વખત છે. આજે ને હમણાંજ માનનો માર્ગ લો, કાં તો ભલાઇનો માર્ગ અંગીકાર કરો. આજે ને હમણાંજ ચક્રવર્તી રાજા થવાનો માર્ગ પકડો, અગર તો વિશ્વના કલ્યાણ અર્થે 'અનગાર'નો–'સંન્યાસી'નો માર્ગ સ્વીકારો. દિલ ચાહે તે પસંદગી કરવાનો આ છેલ્લો સમય છે."

અને દેવો પણ આજે સિદ્ધાર્થ કુમારનો છેલ્લો નિશ્ચય જાણવાને ટોળાંબંધ એકઠા થયા હતા, કે જ્યાં રાજકુમાર પોતાની સૂતેલી પત્નીની બાજુએ, છેવટનો માર્ગ નક્કી કરતો પલંગ પર બેઠો છે. મધ્યરાત્રિ પસાર થઈ ગઈ છે. ચોતરફ શાંતિ ફેલાયલી છે. કુમારના અત્યંત ગંભીર અને ખિન્ન વદન ઉપર, એક ખૂણાની ઝાંખી બત્તી ફિક્કું તેજ નાખી એને વધારે ફિક્કાશ આપે છે. એક બારીક ધોતી અને એવાજ બારીક બદિયાનભેર ખુલ્લે માથે બેઠેલો કુમાર જાણે કે સઘળી સાહેબીને છેલ્લી વારનો નિહાળી લેતો હોય એમ ચોતરફ દૃષ્ટિ ફેરવે છે.

જો! હમણાં એની દૃષ્ટિ મીંચાયલી આંખોવાળી પોતાની મનવલ્લભાના ચહેરા પર પડે છે. દૃઢ નિશ્ચયબળને એકઠું કરી ત્યાંથી તે દૃષ્ટિ પાછી ખેંચે છે અને ઘડીભર પોતાની આંખો આગળના અવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશમાં જગતના બુઢ્ઢાઓ, દરદીઓ અને મુડદાંઓનો દેખાવ કલ્પના-દેવીની મદદથી ઉત્પન્ન કરે છે અને તે જોતાંજ તે બોલી ઊઠે છેઃ

"જઈશ, જરૂર જઇશ; સંસારનો ત્યાગ કરીશ. 'સમય આવી પહોંચ્યો છે'! હે સૂતેલી પ્રિયે! આપણે જેથી જુદાં પડીએ, પણ આખું વિશ્વ જેથી બચે તે તરફ મારા વિચારો દોરાય છે. આ આકાશમાં પણ હું તેજ સંદેશો વાંચું છું. મારો જન્મ પણ તેજ વાસ્તે હતો. આ પસાર થયેલા બધા દિવસો અને રાત્રિઓએ પણ મને તેજ કરવા પ્રેર્યો છે. જે રાજ્યો મેળવવાને તલવારો ખુલ્લી કરવી પડે, અનેક નિરપરાધી મનુષ્યોનાં રુધિર વહેવરાવવાં પડે અને અનેક પશુઓનો સંહાર થાય, તે રાજ્યો તથા તેથી મળતી કીર્તિ મારે નથી જોઇતી. હું ધરતી ઉપર શાંતિથી પગ મૂકવા ઇચ્છું છું. પૃથ્વી મારી પથારી થશે અને જંગલો મારી રહેવાની ભૂમિ થશે. હું ભિખારીના જેવો પોશાક પહેરીશ અને દયાળુ પુરુષો જે કાંઈ ખાવાનું આપશે તે પર મારો નિર્વાહ કરીશ અને બીજાં અનેક દુઃખો હું સહન કરીશ; કારણ કે જગતનાં દુઃખોનો પોકાર મારે કાને પડે છે; અને મારું હૃદય તે જગતનાં દુઃખોની બૂમથી દયાથી ઊભરાય છે અને ચિરાય છે. જો તે દુઃખ દૂર કરવાનો માર્ગ જડશે, તો તે માર્ગ વડે હું તે દુઃખ દૂર કરવા પ્રયત્ન કરીશ. મારા સર્વસ્વનો ત્યાગ કરીશ. મારો સઘળો પુરુષાર્થ આ કામમાં વાપરીશ.

"મને મારે માટે દુઃખ થતું નથી, પણ આખી મનુષ્યજાતિ માટે દુઃખ થાય છે. સત્યની શોધ ખાતર મેં સર્વસ્વ અર્પણ કર્યું છે અને જરા, વ્યાધિ અને મરણમાંથી મુક્ત થવાનો માર્ગ સ્વર્ગમાં હશે તો ત્યાંથી પણ હું શોધીશ; નરકમાં હશે તો ત્યાંથી પણ હું શોધીશ. મારા આત્મામાં સ્ફુરણ થાય છે કે, 'ખરા સત્યશોધક આગળ માયાનો પડદો અદૃશ્ય થશે. જેને ખાતર જગતનો ત્યાગ કર્યો તે માર્ગ જડશે અને મરણનો વિજેતા હું થઈશ.' આ હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીશજ; કારણ કે મારાં જાણીતાં તથા મારાથી અજાણ્યાં સર્વ હૃદય માટે મારા આત્મામાં દુઃખ થાય છે. આ મારા 'સ્વાર્થ-ત્યાગ' થી-મારા 'પ્રેમ'થી લાખો જીવ મારા થશે. હે તારાઓ! હું આવું છું. હે દુઃખી જગત! તારે માટે અને તારા ઉપર રહેતા જીવો માટે હું આ યૌવન, રાજ્ય, સુખ, વૈભવ, મહેલ અને જેનો ત્યાગ કરવો અશક્ય છે, તેવી સ્ત્રીનો પણ ત્યાગ કરું છું. હે પ્રિયે! જગતનો ઉદ્ધાર કરવા જતાં તારો પણ હું ઉદ્ધાર કરીશ; કારણ કે તું જગતમાંની એક છે. હે બાળક! તને આશ્વાસન આપવા રહું તો મારા નિશ્ચયમાં ડગી જાઉં, માટે તારું આઘેથીજ કલ્યાણ ઇચ્છું છું.

"હે પ્રિયે! હે પુત્ર! હે પિતા! હે લોકો! વિશ્વને ખાતર-જગતના કલ્યાણ ખાતર થોડો વખત વિયોગદુઃખ સહન કરો; કે જેથી પ્રકાશ ઝળકી ઊઠે અને આખું જગત સત્ય ધર્મને જાણે. હવે મારો દૃઢ નિશ્ચય થયો છે. હવે હું જાઉં છું અને જ્યાંસુધી હું જે શોધું છું તે નહિ જડે, ત્યાંસુધી હું પાછો નહિજ ફરું."

* * * * * *

હવે સિદ્ધાર્થ કુમાર ઊભો થયો. પોતાની પ્રિય પત્નીની સામે જોયું. તે દીન મક્ષિકા જેવી પડી હતી. વિશ્વાસથી તેની પાંપણો મીંચાઇ હતી. તે પલંગની આસપાસ, જાણે કે તે કોઈ દેવની મૂર્તિ ન હોય તેમ તેણે ત્રણ વાર પ્રદક્ષિણા કરી. ત્રણ વાર પલંગ તજી બારણા તરફ ગયો અને ત્રણ વાર તે પાછો આવ્યો. તેનું સૌંદર્ય એટલું મોહક હતું, તેનો પ્રેમ એટલો વિશાળ હતો! છેવટે તે પલંગ તરફ જોઇને બુદ્ધે વિચાર કર્યો: "મારાં વહાલાં સ્વજનો! તમે મને પ્રિય લાગો છો. તમારો ત્યાગ કરવો બહુ કઠણ લાગે છે. પણ જો હું તમારો ત્યાગ ન કરું તો આપણા બધાં-ની શી સ્થિતિ થશે? વૃદ્ધાવસ્થા પોતાનું કામ કરશે અને મરણ પોતાની જાળ પાથરશે, તેમાંથી આપણે શી રીતે મુક્ત થઇ શ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીશું ? જ્યારે દીપકમાંથી તેલ જતું રહેશે ત્યારે જ્યોત શી રીતે બળશે ? જ્યારે ગુલાબ કરમાઇ જશે, ત્યારે તેની સુગંધ અને શોભા ક્યાં રહેશે ? અંતે હે સ્વજનો ! તમારો ને મારો વિયોગ થવાનોજ છે; તો તે વિયોગ સહન કરીને પણ મરણ, જરા અને વ્યાધિના પંજામાંથી સર્વને છૂટા કરવાનો માર્ગ કેમ ન શોધું ? હવે વધારે વિચાર કરવાથી વધારે ગભરાઉં છું. સ્ત્રી તરફનો પ્રેમ અને વિશ્વ તરફનો પ્રેમ—આ બેની મારામારી અસહ્ય છે. પણ હવે તો:—

સઉ પ્રાણી દુઃખમય ભાસે, જનતા પીડાતી જગ આંખે:
તે સહુની પીડા દૂર કરવા, કલ્યાણ જગતમાં ભરવા;
થઈ પ્રબુદ્ધ ગૌતમ આજે, થઇ તપસ્વી તપ ગુરુ માંડે;
જગના સહુ આધિ વ્યાધિ, હરવા નવી બુદ્ધિ સાધી.
એ તપમાં બુદ્ધ તપાશે, નવી યજ્ઞ—વેદિ મંડાશે;
પશુ માત્ર હવે ઊગરશે, મુજ પ્રીતિ એ હોમે પડશે.
મુજ પ્રીતિ એકલી હોમાશે, બીજું જગત જીવી સુખી થાશે.×

"હે તાત ! હે પ્રિયા ! હે પુત્ર ! હે માતા ! તમે સર્વ મને વહાલાં છો. મનુષ્ય અને પશુઓનું કલ્યાણ કરવાનો ભગીરથ યજ્ઞ મેં આરંભ્યો છે, તેમાં હું મારી પ્રીતિનું બલિદાન આપું છું. એ યજ્ઞમાંથી જે કાંઈ ફળ પ્રાપ્ત થશે તે આખા જગતને હું આપીશ. આ યજ્ઞ તેમને માટેજ છે અને યજ્ઞનું ફળ પણ તેઓને માટેજ છે. જે સ્નેહમાં ભંગ થવાનો ભય છે, તે સ્નેહબંધનમાં હવે વધારે વાર પડી રહેવાથી આ ભગીરથ કામ પડ્યું રહેશે."

તે મહાત્મા એકાએક ઊભો થયો અને મનમાં બાંધેલા નિશ્ચયને અમલમાં મૂકવા તૈયાર થયો. પણ જુઓ, તેની ઊંઘતી કુમુદિની જરા હાલે છે અને રાજયોગીની દૃષ્ટિ તે તરફ જાય છે, "પ્રિયે ! ઊંઘ, નિરાંતે ઊંઘ ! તારા જેટલીજ પ્રિય એવી આ દુનિયાના ઉદ્ધાર

× સરસ્વતીચંદ્ર ભાગ ૪ થો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થે હું જાઉં છું. એ જો અપરાધજ થતો હોય તો તે માટે ક્ષમાની ભીખ માગવા એક દિવસ હું તારી પાસે જરૂર આવીશ ! તારા અને જગતના સુખનો રસ્તો શોધવા માટે હું જાઉં છું-અનંત પ્રકાશ મેળવવા માટે જાઉં છું-હૃદયમાંના છૂપા પ્રેમને આકારમાં મૂકવા માટે જાઉં છું. હૃદય ! ચાલ, મજબૂત થા !"

હમણાં શ્રીસિદ્ધાર્થનું વદન ઉચ્ચ પ્રેમ, દયા અને નિશ્ચયના રંગોથી છવાઇ ગયું હતું. આવી ભવ્યતા કોઈ મોં પર ભાગ્યેજ જોવામાં આવી હશે !

અને હવે તે પોતાના સારથિ ચ્યનાને બોલાવે છે અને પોતાનો કંતક નામનો અશ્વ સજ્જ કરવા તેને ફરમાવે છે. ચ્યનો આશ્ચર્યમાં અને ગભરાટમાં લીન થઇ જાય છે અને છેવટે બોલે છે;

" ઓ રાજપુત્ર ! રાજપુત્ર ! શું આપ જ્યોતિષીને પણ જૂઠોજ પાડવા ઇચ્છો છો ? શું આપને રાજ્યોની માલિકી છોડી ભિક્ષાપાત્ર અંગીકાર કરવુંજ ઘણું ગમે છે ? કુમાર ! પિતાની દિલગીરીનો કાંઇક તો વિચાર કરો !"

" ધીમો બોલ, ધીમો બોલ" કુમારે કહ્યું: " આવો કાચા મનનો ન થા ! બુદ્ધનો સારથિ કદાપિ કાયર હોઇ શકે શું ? સાંભળ, જ્યોતિષીના કહેવા મુજબ હું રાજ્યોનો નહિ પણ વિશાળ વિશ્વરાજ્યનો રાજા થવા અને રક્ષક થવા જાઉં છું અને પિતાની દિલગીરી તો કેવળ 'રાગ'ને આભારી છે. 'સ્વાર્થી પ્રેમ' અથવા 'રાગ'માંથી દિલગીરી સિવાય બીજી કઇ ચીજ ઉત્પન્ન થઈ શકવાની હતી ? તથાપિ ચ્યના ! હું ખરેખરા પ્રેમથી પિતાજીને ચાહું છું અને એમને તથા સર્વ પ્રેમીપાત્રોને કદાપિ દિલગીરી થવા ન પામે એવો ઈલાજ કરવા માટેજ હમણાં તત્પર થયો છું. તું જો ખરો રાજભક્ત હો તો ચાલ, વિલંબ મા કર, કંતકને લાવ !"

ચ્યનાને આ પળે દેવોએ આધ્યાત્મિક બળ દીધું, તેણે તરત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ અશ્વને સજ્જ કરી કુમાર પાસે હાજર કર્યો. કુમારે તેના પર હાથ ફેરવીને કહ્યું: "પ્રિય કંતક! શાંત થા, શાંત થા! કદી નહિ કરેલી એવી મુસાફરી આજે આપણે કરવાની છે, માટે શાંત થા! મારે જે ચીજ શોધવાની છે, તે ક્યાં અને ક્યારે મળશે તે કોઇ જાણતું નથી અને એ શોધમાં તારી હિંમત અને વફાદારીની મારે ઘણી જરૂર છે. રસ્તામાં હજારો ખુલ્લી તલવારો સામી મળે છતાં તું જરા પણ અચકાતો નહિ. મજબૂત કિલ્લો કે ખાડી વચ્ચે આવે તોપણ તું બેધડક આગળ વધજે. હું તારા કાનને પકડીને કહું કે, 'કંતક, ચાલ!' તે વખતે તારે એવી ઝડપથી દોડવું કે પવનનું મોટું તોફાન પણ તને પહોંચી વળવા ન પામે. આજે તારે એક મહાન કર્તવ્ય બજાવવાનું છે. આખા વિશ્વને જેથી સહાય મળે એવી જાતના એક કામમાં ભાગ લેવાનો મહદ્ લાભ આજ તને મળવાનો છે. કેવળ મનુષ્યોને માટેજ નહિ, પણ જે અવાચક છે અને જે મનુષ્યોને હાથે રિબાય છે, તેવાં પ્રાણીઓને વાસ્તે પણ—સર્વ જીવોને વાસ્તે દુઃખમુક્તિ મેળવવાનો ઇલાજ કરવા હું હમણાં તારી પીઠ ઉપર સવાર થાઉં છું; માટે ચાલ, રસ્તે પડ!"

સત્યનો બહાદુર શોધક ઘોડેસવાર થયો, કે તરતજ તે અશ્વ-રત્ને પ્રયાણ શરૂ કર્યું. દેવોએ સર્વ પેહેગીરોને નિદ્રા મૂકી હતી, તેથી પથ્થરની જમીન પર થતો કંતકની નાળનો અવાજ પણ તેઓ સાંભળી શક્યા નહિ; બલકે જે દરવાજો ખોલવાને સો મનુષ્યની જરૂર પડતી હતી અને જેનો અવાજ અર્ધા યોજન સુધી સંભળાતો હતો, તે દરવાજાનાં દ્વાર પણ ખુલ્લાંજ પડ્યાં હતાં!

કુમાર, સારથિ ચ્યનો અને અશ્વરત્ન એ ત્રણ સિવાય કોઇ હમણાં જાગતું ન હતું. ત્રણે આ લાભ લઇ આગળ ને આગળ વધતા વધતા કપિલવસ્તુ નગરથી પિસ્તાળીસ કોશ દૂર અનોમા નદીને કિનારે આવી પહોંચ્યા. અહીં કુમારે અશ્વને ઊભો રાખ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે રત્નના મુખ ઉપર પ્રેમભર્યો હાથ ફેરવ્યો અને પછી ચ્યનાને કહ્યું: " નિમકહલાલ ચ્યના ! તેં જે સેવા બજાવી છે, તેનો તને તેમજ આખા વિશ્વને સારો બદલો મળશે.હવે તું આ અશ્વને અને મારાં આભૂષણોને લઇને પિતાજી પાસે જા. આ સુંદર મુગટ, રાજવંશી પોશાક, વહાલી તલવાર અને આ રત્નજડિત મ્યાન સર્વને લઈ તું હવે જા. મારે આમાંનું કાંઇજ કામનું નથી. પિતાને કહેજે કે હું કૃતઘ્ન નથી થયો; મારી શોધ પૂરી થયા પછી જરૂર હું તેમનાં અશ્રુ લૂછવાને હાજર થઇશ. યશોધરાને પણ દિલાસો આપજે. હવે વિલંબ ન કરીશ, જા, જલદી ઘેર જા. હું સત્યનો પ્રકાશ મેળવવા ભમીશ અને જો એમાં વિજયી થઇશ તો આખું વિશ્વ મારું થશે. જો મનુષ્ય મનુષ્યો માટે પ્રયત્ન નહિ કરે તો બીજું કોણ કરશે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ७ मुं- सत्यनी शोधमां

સારથિ ગયો. સિદ્ધાર્થ કુમારનું મન શાંત થયું. હવે તેણે પોતાના માથાના વાળ કાપી નાખવા ઇચ્છયું; કારણ કે તે સુંદરતાની તેને હવે કાંઇ જરૂર નહોતી તથા રેશમી વસ્ત્રોને બદલે ભિક્ષુક દશાને ઉચિત ભગવાં પહેરવા ઇચ્છયું. બરાબર તેજ વખતે જીર્ણ કાષાય વસ્ત્રો (ભગવાં) વાળો એક પારધી* હાથમાં તીર-કામઠાં સાથે આવતો દેખાયો. તેને પોતાનાં રેશમી વસ્ત્રો આપી તેનાં કાષાય વસ્ત્રો કુમારે પોતે પહેરી લીધાં અને તેની પાસેની છરીથી પોતાના માથાના વાળ કાપી નાખ્યા. પછી પોતે એકલા-એજ મુસાફરી આગળ લંબાવી.

ચાલતાં ચાલતાં આ યુવાન રાજયોગી રાજગૃહી નગરી નજ-દીક આવી પહોંચ્યા. આ નગરી તે સમયે મગધદેશની રાજધાની હતી. ગંગા નદીની પૂર્વ ખીણમાં મગધરાજાની આણ વર્તતી હતી, ત્યાંનો રાજા બિંબિસાર મહાપ્રતાપી હતો.

રાજગૃહી નગરી વિંધ્યાચલ પર્વતની પાંચ ટેકરીઓ ઉપર આવેલી હોવાથી એની રમણીયતા સ્વાભાવિક રીતેજ અસાધારણ હતી. તે ટેકરીઓ કુદરતની અનેક સુંદરતાઓથી વિભૂષિત હતી. મનુષ્યના સંસર્ગથી દૂર રહેવા ઇચ્છતા અનેક સંન્યાસીઓ—શ્રમ-

* બૌદ્ધધર્મશાસ્ત્રો કહે છે કે, આ કોઇ સામાન્ય પારધી ન હતો પરંતુ પારધીનું રુપ ધારણ કરેલો કોઇ દેવ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણો ભિક્ષુકો-સાધુસંતો કાયકલેશ, તપ અથવા દેહકષ્ટ ક્રિયાઓ કરવાને અને અનેક સાધુસંતો ધ્યાનમાં મગ્ન રહેવાને આ ટેકરીઓ પર વાસ કરતા હતા. આ પાંચ ટેકરીઓમાંની એક-રત્નગિરિ નામથી ઓળખાતી ટેકરીને સિદ્ધાર્થે પોતાનું નિવાસસ્થાન બનાવી.

યોગી સિદ્ધાર્થ ભિક્ષા ઉપર નિર્વાહ કરતા હતા. રાત્રીએ સૂકા ઘાસ ઉપર પડચા રહેતા અને ઘણી વખત તો બિલકુલ સૂતાજ નહિ, ઊંઘતા ત્યારે પણ ઘણુંજ થોડું ઊંઘતા અને સૂર્યોદય અગાઉ ઘણા વહેલા ઊઠી સૂર્યોદય થતાં સુધી 'ધ્યાન' કરતા અને પછી દેહશુદ્ધિ બાદ નગરીમાં જતા.

રાજકુટુંબમાં જન્મેલા અને સુંદર આકૃતિવાળા આ યુવાન ઋષિરાજને ભિક્ષાપ્રાપ્તિમાં મુદ્દલ પરિશ્રમ પડતો નહિ; કારણ કે જેવા તે પોતાની ટેકરી પરથી નીચે ઊતરી નગરીમાં પ્રવેશ કરતા, તેવાજ લોકો તેમનો ભવ્ય ચહેરો જોવા ટોળાંબંધ એકઠા મળતા અને કેટલાક તો "અમારું અન્ન ગ્રહણ કરો, દેવ! અમને અપૂર્વ લાભ આપો!" એમ કાલાવાલા કરતા નજરે પડતા હતા. પરંતુ જિહ્‌વાને જેણે કાબૂમાં રાખી છે, એવા તે યુવાન યોગી માત્ર થોડા અને શુષ્ક અન્નથીજ સંતોષ માનતા અને તરતજ પોતાની ટેકરીએ ચડી જતા. એમના અપૂર્વ રૂપને જોઇ કુમારિકાઓ મોહિત થતી, એ જાણી યોગીરાજ ઘડી પણ નગરીમાં વિનાકારણ થોભતા નહિ.

તેઓ બીજી ટેકરીઓ ઉપર પણ ભટકતા અને જુદી જુદી માન્યતાઓ ધરાવતા સંતોનો ઉપદેશ સાંભળવામાં આનંદ માનતા. પોતાની રત્નગિરિ ટેકરી (જેનું બીજું નામ પાંડવશૈલ છે તે) ઉપર જતાં રસ્તામાં શહેરની બહારની બાજુએ કેટલાક એવા સંન્યાસીઓ રહેતા હતા, કે જેઓ શરીરને શત્રુ સમાન ગણતા હતા. જ્યાંસુધી શરીરમાં દુઃખની લાગણી તદ્દન બહેર મારી જાય, ત્યાંસુધી શરીરને અનેક પ્રકારનાં આસનોથી અને અનેક પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાઓથી કષ્ટ આપવું, એ તેમનો સિદ્ધાંત હતો. તે સિદ્ધાંતને અનુસરી કેટલાકે પોતાનો જમણો હાથ રાતદિવસ ઊંચો રાખ્યો હતો, કે જે હાથમાં લોહીનું ફરવું બંધ થવાથી તે અક્કડ વૃક્ષની ડાળી જેવો બન્યો હતો, કેટલાક ખીલાવાળી પાવડી પર ચાલતા હતા, કેટલાક શરીરમાં જંગલના કાંટા ઘોચતા હતા, કેટલાકે શરીર ઉપર કાદવ અને ધૂળ ચોળ્યાં હતાં, કેટલાકોએ શ્મશાન-ભૂમિનું સેવન કર્યું હતું, કેટલાકની આંખો ઊંડી ગયેલી હતી, કેટલાક કેવળ દરરોજ હજાર બાજરીના દાણા એક પછી એક ખાતા હતા. કેટલાક રસના–ઇન્દ્રિયની મીઠાશનો નાશ કરવાને કડવાં પાદડાંજ ચાવતા હતા. કેટલાકોએ તો પોતાની વિવિધ ઇન્દ્રિયોજ કાપી નાખી હતી અને આંધળા, જીભ વગરના, બહેરા, લંગડા તથા ચિહ્ન વગરના બન્યા હતા.

આ સઘળો ત્રાસદાયક દેખાવ જોઇ અને તે પણ ભવિષ્યમાં મળનારા સુખને માટે ધર્મનિમિત્તે થતો જોઇ, આ ટોળાના ઉપરી-ને મળી સિદ્ધાર્થે કહ્યું: “હું ઘણા મહિનાથી આ પાસેની ટેકરી પર રહું છું અને હું પણ સત્યની શોધમાંજ છું. આ મારા બંધુ-ઓને જોઉં છું, ત્યારે તેમને પોતાની મેળે દુઃખ પામતા જોઇ મને દયા આવે છે. આ જીવન જે મૂળેજ દુઃખમય છે, તેને વિશેષ દુઃખમય શું કરવા કરો છો?”

તપસ્વીઓના ગુરુએ જવાબ આપ્યો: “શાસ્ત્રોમાં એવું લખેલું છે કે, જો મનુષ્ય પોતાના શરીરને એટલું બધું કષ્ટ આપે કે જીવન દુઃખમય થાય અને મરણ શાંતિરૂપ થાય, તો તેનાં પાપ ધોવાઇ જાય અને તેનો આત્મા દુઃખની ભઠ્ઠીમાં વિશુદ્ધ થઇને શુદ્ધ થાય અને સ્વર્ગમાં ચાલ્યો જાય.”

સિદ્ધાર્થ કુમારે યાને શાકયમુનિએ જવાબ આપ્યો: “સૂર્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાપથી તપેલું પેલા દરિયાનું પાણી ઊંચે ચડી વાદળરૂપં બને છે, પણ તે પાછું જમીન પર વરસાદરૂપે પડે છે; અને તે ટીપાં એકઠાં થઈ નદીમાં ભળે છે અને છેવટે તે નદી સમુદ્રને મળે છે. આ રીતે જ્યાંથી તે ઉદ્દ્ભવ્યું ત્યાંજ તે આવીને મળે છે. ધારો કે તમારા આ પ્રયત્નથી સ્વર્ગ મળ્યું; તોપણ તેનું ફળ પૂરું થયું એટલે પાછા તમારે અહીં ને અહીં આવવાનું અને ફરીથી આ પ્રયત્ન આરંભવાનોજ કે ?"

ઋષિએ જવાબ આપ્યો: "કદાચ આરંભવો પડે. અમે આ કશું સમજતા નથી. પણ રાત્રિ પછી દિવસ આવે છે અને તોફાન પછી શાંતિ આવે છે; અને આ શરીર બંધનકારક છે, આત્માને ઊંચો ઊડતાં અટકાવે છે, માટે અમે તે શરીરને ધિક્કારીએ છીએ, કષ્ટ આપીએ છીએ અને દેવોની સાથે સુખ મેળવવા ઇચ્છા રાખીએ છીએ."

શાક્યમુનિએ કહ્યું: "તે સ્વર્ગનાં સુખ ગમે તેટલાં વર્ષો સુધી ચાલ્યા કરે, તોપણ તેનો અંત તો અવશ્ય છેજ. પણ એવું કોઈ જીવન છે કે જે શાશ્વત હોય? બોલો, શું તમારા દેવો પણ શાશ્વત-કાળ ટકી શકે છે?"

યોગીએ કહ્યું: "ના, તેમની પણ અવધ હોય છે અને તે અવધ પૂરી થયે તેઓ પણ મરે છે."

આ શબ્દો સાંભળી સિદ્ધાર્થનું હૃદય પીગળ્યું અને તેમણે કહ્યું: "હે ઋષિઓ! તમે પવિત્ર છો અને મજબૂત મનના છો. માટે હવે જરા ડહાપણ વાપરો અને આ શરીરને કષ્ટ આપવાનું છોડી દો. આથી કદાચ તમને માયાવી લાભ થશે, પણ તેનોય અંત આવશે. આ શરીરરૂપી મકાન કે જેની બારીઓદ્વારા કાંઇક પણ ઝાંખો પ્રકાશ આવી શકે છે, તેને તોડી પાડવા શા સારુ પ્રયત્ન કરો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓએ જવાબ આપ્યો: "અમે આ માર્ગ પસંદ કર્યો છે અને મરણ સુધી તે માર્ગેજ જઇશું. આ માર્ગે ચાલતા જગતના તમામ પથરા કદાપિ સળગતા કોયલારૂપ થઈ જાય, તોપણ અમે તો આ માર્ગેજ ચાલીશું. અય નવજવાન! આથી વધારે સારો માર્ગ તું જાણતો હોય તો બોલી દે; નહિ તો તારે રસ્તે જા."

શ્રમણ સિદ્ધાર્થે કાંઇ પણ જવાબ ન આપ્યો, પણ પોતાને માર્ગે આગળ ચાલ્યા અને રસ્તામાં આ બિચારાની સ્થિતિ પર દયા લાવતા હતા કે, "અહા! કેટલું અજ્ઞાન! શું આ અજ્ઞાન-માંથી આ લોકોને મુક્ત કરવાનો માર્ગ નહિ જડે? અરે, જરૂર તે હું શોધીશ."

આ પ્રમાણે વિચાર કરતા સિદ્ધાર્થ યોગી ચાલ્યા જાય છે, તેવા-માં કેટલાંક ઘેટાં અને બકરાંને હાંકી જતા કેટલાક ભરવાડો તેમની નજરે પડચા. પોતાના પર ગુજરવાના જુલમનો પડછાયો જેણે જોયો હતો, એવાં તે ઘેટાંઓ આમતેમ નાસી જતાં હતાં અને તે ભરવાડો મહામહેનતે તેમને હારમાં લાવતા હતા. એક ઘેટાના બચ્ચાને પગમાં કાંઇ ઇજા થઇ હતી, તેથી તે મહામહેનતે વેદના ભોગવતું ચાલતું હતું, જ્યારે બીજાં ઘેટાંઓ કૂદકા મારતાં ચાલ્યાં જતાં હતાં. શ્રમણ સિદ્ધાર્થને આ બચ્ચાની ઘણીજ દયા આવી અને તેને ઊંચકીને પોતાના ખભા ઉપર મૂકતાં મૂકતાં તે બોલ્યા: "હે નિરાધાર પશુ! તું શાંત થા; જ્યાં આ ભરવાડો બધાં ઘેટાંને લઇ જશે, ત્યાં હું પણ તને ઊંચકીને આવીશ. પેલી ગુફાઓમાં બેસીને જગતનાં દુઃખ ઉપર વિચાર કર્યા કરવો તે જેટલું ઉત્તમ કામ છે, તેટલુંજ ઉત્તમ કામ એક પશુને શાંતિ આપવાનું છે."

પછી તે ભરવાડો તરફ વળીને કહ્યું: "હે મિત્રો! અત્યારે ખરા બપોરે આવા સખ્ત તાપમાં આ જાનવરોનાં ટોળાંને ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઇ જાઓ છો ?"

તે ભરવાડોએ જવાબ આપ્યો: "આજે અમારો રાજા તેના દેવો નિમિત્તે મોટો યજ્ઞ કરવાનો છે અને તે યજ્ઞમાં પાંચ કોડી ઘેટાં અને પાંચ કોડી બકરાં હોમવાનાં છે; માટે તે રાજાને માટે અમે આ ઘેટાં તથા બકરાં લઈ જઇએ છીએ."

"ચાલો, હું પણ તમારી સાથે આવું છું" એમ કહી સિદ્ધાર્થ યોગી તે ઘેટાને ખભા ઉપરજ રાખીને તપેલી રેતીમાં અને સખત તાપમાં તે ભરવાડો સાથે શાંતિથી ચાલવા લાગ્યા.

સંધ્યાકાળ થવા આવ્યો હતો અને દૂર વહેતી સોના નદી પર આથમતા સૂર્યનો પ્રકાશ પડી ચૂકયો હતો. શ્રમણ સિદ્ધાર્થ અને તે ભરવાડો ઘેટાં તથા બકરાં સાથે નગરમાં દાખલ થયા. દરવાજા આગળ ઊભેલા દ્વારપાળોએ જ્યારે યોગીને ઘેટું ઊંચકીને આવતા જોયા, ત્યારે તેઓ એકદમ પાછા હઠી ગયા. તેમનું નમ્ર વદન જોવાને વેપારીઓએ શબ્દોની મારામારી છોડી દીધી. લુહારે એરણ ઉપર ઠોકવાને ઉપાડેલો હથોડો એમ ને એમ તેના હાથમાં રહી ગયો. વણકરે વણવાનું અને લખનારે લખવાનું છોડી દીધું. પૈસા ગણનાર તેનો હિસાબ ચૂકી ગયો. તે વખતે કણિયાના ચોખા એક આખલો ખાવા મંડી ગયો. દૂધ વેચનારે લોટો ભરાઇ ગયો તોપણ દૂધ રેડયા કર્યું. તે સિદ્ધાર્થ યોગીનું વદન એટલું નમ્ર તથા એટલું પ્રતાપી–કાંતિમાન હતું કે, સર્વ કોઇ પોતાનો ધંધો છોડીને આ મહાત્માને જોવા તલ્લીન બન્યા. સ્ત્રીઓ તો બારણામાં એકઠી થઇને માંહોમાંહે વાતો કરવા લાગી કે, "આવો સુંદર અને ભવ્ય દેખાવનો પુરુષ યજ્ઞનિમિત્તે આહુતિ લાવનાર કોણ હશે ? તેની જાત શી હશે ? એની આંખો કેવી રમ્ય લાગે છે ? ઇન્દ્ર, ચંદ્ર કે કામદેવ તો મનુષ્યરૂપે નહિ આવ્યા હોય ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સઘળો સમય શ્રમણ સિદ્ધાર્થ તો એજ વિચાર કરતા હતા કે, "આ બધાં 'ઘેટાં' છે, પણ કોઇ તેમનો 'ભરવાડ' નથી. તેઓ 'રાત્રિમાં' આમતેમ ભટકે છે, પણ તેમને દોરનાર કોઇ નથી. ઘેટાંઓ જેવી રીતે છરી ગળા ઉપર મુકાય, ત્યારે બેં બેં કરે છે, તેજ રીતે આ અજ્ઞાન મનુષ્યોના રૂપમાં 'મોટાં ઘેટાંઓ' પણ મરણની છરી તળે રડીને રહે છે."

આ સમયે કોઇકે રાજા બિંબિસારને ખબર આપી કે, "એક પવિત્ર યોગી અત્રે આવેલા છે અને યજ્ઞને ઊજવવાને જે ઘેટાંની જરૂર હતી તે સાથે લાવેલા છે." રાજાએ તે યોગીને યજ્ઞવેદિ પાસે (કે જ્યાં પોતે બેઠો હતો ત્યાં) બોલાવરાવ્યો.

રાજા બિંબિસાર હમણાં વેદિ પાસે બેસીને યજ્ઞની સઘળી તૈયારીઓ પર નજર રાખતો હતો. તેની બન્ને બાજુએ શ્વેત વસ્ત્રવાળા બ્રાહ્મણો પંક્તિમાં ગોઠવાઈ ગયા હતા અને અગ્નિમાં ઘૃત હોમીને તેને સતેજ કરતા હતા. મંત્રોચ્ચારની સાથે જેમ જેમ તેઓ ઘી, ઔષધિઓ તથા સોમરસ અગ્નિમાં હોમતા હતા, તેમ તેમ અગ્નિની જ્વાળા બહુ જોરથી આકાશ તરફ ઉછાળા મારતી હતી.

એક બાજુએ પશુઓનાં ટોળાં ગોઠવાયલાં હતાં, જેમાં એક ડાઘાવાળા બકરાનું મુખ મુંજ નામના ઘાસથી સીવી લેવામાં આવ્યું હતું. એકાએક પેલો વૃદ્ધ બ્રાહ્મણ ઊભો થાય છે અને નિર્દોષ બકરાના ગળાની સમીપમાં છરો ધરીને મંત્રોચ્ચાર કરે છે. જુઓ! તે દેવોને આ ખૂનના સાક્ષી થવા બોલાવે છે!

"ઓ દેવો! અદ્યાપિપર્યંત કરાયલા અનેક યજ્ઞોમાં સૌથી મોટો એવો આ યજ્ઞ રાજા બિંબિસાર તરફથી કરવામાં આવ્યો છે. આ અગ્નિકુંડમાં રેડાતા લોહીથી અને શેકાતા માંસની ગંધથી તમે તૃપ્ત થાઓ–તુષ્ટ થાઓ–પ્રસન્ન થાઓ! રાજાનાં સઘળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપો આ હોમાતા બકરા પર પડો! અને તે બકરા સાથેજ રાજાનાં તે પાપો ભસ્મ થાઓ!"

અને તેણે ઝગમગતો છરો ઉગામ્યો અને સઘળાની આંખો તેના તરફ ખેંચાઇ અને તેના છરાની ગતિની રાહ જોવા તૈયાર થઈ! સઘળા પ્રેક્ષકોએ આ ભયંકર દેખાવ જોવાને દમ ખેંચ્યો અને બ્રાહ્મણે ફરી મંત્રોચ્ચાર કરી છરો ઉગામ્યો!

પરંતુ સબૂર! એક બ્રાહ્મણની મગદૂર નહોતી કે એક મહાત્માની છાયામાં ઊભેલા પ્રાણીનો વાંકો વાળ કરી શકે! એકાએક તે શાંત વદનવાળા, જેના મોં ઉપર કશો ગભરાટ કે ધાસ્તીનું ચિહ્‌ન નહોતું એવા શાકયમુનિ—દયાના સાગર સિદ્ધાર્થ રાજર્ષિ પેલા બકરા પાસે જઇ પહોંચે છે, સઘળાની સમક્ષ તેનું બંધન છોડે છે અને બ્રાહ્મણના સામે આવીને તેને કહે છે: "ઓ પરમાત્માના અંશ! ખુશીથી તારો આ છરો મારી ખુલ્લી છાતીમાં કે ગરદન પર અજમાવી લે. હું અને આ બકરો એકજ છીએ."

બ્રાહ્મણ સ્તબ્ધ બની ગયો. તેનો ઉગામેલો હાથ એવીજ સ્થિતિમાં સ્થિર રહ્યો. મંડળીમાંથી કોઇ પણ ચૂં કે ચાં બોલીજ શક્યું નહિ, એટલો બધો તે દયાળુ પુરુષના ભવ્ય ચહેરાનો પ્રતાપ હતો!

અને હવે તે રાજા બિંબિસાર તરફ નજર કરે છે અને સઘળા સાંભળે તેમ મોટે અવાજે પોતાની અમર વાણીનો પ્રવાહ ચલાવે છે: "ઓ રાજન્! ઓ બ્રાહ્મણો! તમે શું જાણતા નથી કે, આ જીવનની કિંમત આંકવા કોઇજ સમર્થ નથી? આ એક એવી ચીજ છે કે જે છીનવવાની શક્તિ હરકોઇ ધરાવે છે, પણ જે બક્ષવાની શક્તિ ચક્રવર્તીમાં પણ નથી. આ દુનિયામાં જેઓ જીવે છે તેઓ દયાથીજ જીવે છે અને દયા માટેજ જીવે છે. પરમ દયાળુ પરમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્માની દયા સિવાય એક ક્ષણ પણ જીવવું અશક્ય છે, એ વિચારની જેઓ કદર કરી શકતા હોય, તેઓ એજ પરમાત્માની પ્રજાને રિબાવવાની હિંમત ધરી શકેજ નહિ; કારણ કે આ દુનિયામાંથી 'દયા'નું તત્ત્વ દૂર જતાં દુનિયા વસવા જેવીજ રહેતી નથી. ઓ મનુષ્યો ! તમે આ અવાચક પ્રાણીઓના દેવ છો; તમારા દેવો તમને સુખ આપે એમ ઇચ્છનારા તમે, તમને દેવ માનનારા પ્રાણીના ગળા પર છરી ફેરવવા જેટલીજ ભલાઇ બતાવી શકો છો કે ? લોહી રેડવાથી જે દેવો તુષ્ટ થાય તેને દેવો કહેવાયજ કેમ ? જે પ્રાણીઓ પોતાની આખી જિંદગી તમારી સેવા બજાવવામાં ગુજારે છે અને જે જ્યારે તમે તેને છરો મારવા ધાઓ છો, ત્યારે પણ તમારા હાથ ચાટવા જેટલોજ પોતાનો બચાવ કરી શકે છે, એવાં તે તમારા વિશ્વાસે પડેલાં અવાચક પ્રાણીઓનો મૂર્ખતાથી સંહાર કરતાં તમને શરમ પણ નથી આવતી શું ? ઓ આર્યો ! તમારા જિગરમાંથી દયા અને પ્રેમ ક્યાં ઊડી ગયાં, કે જેથી તમે ધર્મ નામથી પણ નિર્દય અને દ્વેષયુક્ત કાર્યો કરવા પ્રેરાઓ છો ? ચોક્કસ માનજો કે, લોહીથી આત્મા ધોવાઈ શકતો નથીજ. આ વિશ્વનું ગણિત નિયમસર ચાલે છે અને દરેક મનુષ્યને તેમજ દેવને પ્રેમ વિરુદ્ધ તેણે કરેલી દરેક ભૂલ માટે દંડ ભરવોજ પડે છે. તમે જે દુઃખોથી મુક્ત થવા દેવોને આવી રીતે પ્રસન્ન કરવા ધારો છો, તે દુઃખો કોઇ તમારાંજ અસદ્ કાર્યનો, અસદ્ શબ્દનો કે અસદ્ વિચારનો પડઘો માત્રજ છે, એ તમે નથી જાણતા શું ? તમે તે દુઃખને ઉત્પન્ન કરવાની ભૂલ કરી અને હમણાં વળી તે ઉત્પન્ન કરેલા રાક્ષસને પોષવા તૈયાર થયા છો ! એને દૂર કરવાની તાકાત દેવમાં કે દેવોના દેવમાં પણ નથી. એ શક્તિ તમેજ મેળવી શકો અને વાપરી શકો અને એ શક્તિ તે બીજી કોઇ નહિ પણ 'દયા' અથવા 'પ્રેમ' છે. પ્રાણીમાત્ર તરફ કોમળ ભાવ રાખતાં શીખો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઘળાને આત્મવત્ પ્રેમથી જોતાં શીખો, એટલે તમારી અંદરનાં દુઃખનાં બીજ આપોઆપ બળી જશે અને તમે સુખી-સુખી થશો.”

શાક્ય મુનિએ પેલા બકરાને પોતાના ખભા ઉપર ઊંચકી લીધું અને પોતાનું કથન પૂરું થતાંજ ચાલવા માંડ્યું. પરંતુ રાજા બિંબિસાર આ શબ્દોની અસરથી એટલો તો ભક્તિવશ થઇ ગયો હતો કે, તેણે ઊઠીને તેમને સાષ્ટાંગ દંડવત્ કરી રસ્તો રોક્યો.

“દયાળુ દેવ! અમને ક્ષમા કરો; અમે અજ્ઞાનના અંધકારમાં ભટકતા હોઇ જે કાંઇ અપરાધ કરતા આવ્યા છીએ, તે સર્વ માટે અંતઃકરણથી દિલગીર છીએ અને આજથી મારા રાજ્યમાં પશુનો ભોગ કોઇ પણ શખસ નહિ આપી શકે. ઓ કૃપાળુ મહાત્મન્! આપ શાંત થાઓ, થોભો અને અમારાં હૃદયને બરાબર પવિત્ર કરવા કૃપા કરો.” એમ કહી રાજા ઊભો થયો અને બે હાથનો સંપુટ કરી ભક્તિવશ ચહેરા સાથે ઊભો. બીજા બધાએ પણ રાજાનું અનુકરણ કર્યું.

દયા, અનુકંપા, પ્રેમ અને સત્યનું તેજ જેના મોં ઉપર અને આંખોમાં ઝળકી રહ્યું હતું એવા તે રાજર્ષિએ પ્રસંગ વિચારી આગળ ચલાવ્યું: “અહો સુજ્ઞ નરપતિ! તમારા વિચારોમાં થયેલો આ ઉત્તમ ફેરફાર જોઇ મને સંતોષ થાય છે અને જ્યારે તમારો આટલો બધો આગ્રહ છે તો સાંભળો.”

દયાની સાક્ષાત્ મૂર્તિ તુલ્ય શાક્ય મુનિના આ શબ્દો સાંભળતાંજ રાજા તેમના પગમાં પડ્યો અને પૂજારીઓએ યજ્ઞકુંડને બૂઝવી દીધો. રાજાએ કહ્યું: “હે દેવ! આપના પધારવાથી અમને જે અનુપમ લાભ મળ્યો છે, તેનો યત્કિંચિત્ બદલો વાળવાની તક આપવા માટે આપ થોડા દિવસ અમારા પરોણા બનો. આ હાથ કે જે રાજ્યદંડને યોગ્ય છે, તેને હવે વધારે વાર ભિક્ષાના શ્રમમાં ન ઉતારો એવી અમારી પ્રાર્થના સ્વીકારો. આ શરીર કે જે રાજ-

બુ. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશી પોશાકને લાયક છે, તેને આ જીર્ણ વસ્ત્રોથી અશોભનીય ન બનાવવાની અમારી અરજ મંજૂર કરો. અમારી સાથે ચાલો, અમારા મહેલમાં વસો અને આનંદમાં દિવસ નિર્ગમન કરવા સાથે ક્વચિત્ રાજ્યમાં જ્ઞાનનો ઉપદેશ આપો. આપના આજના ઉપદેશથી હું એવા ઠરાવ પર આવ્યો છું કે, મારા આખા રાજ્યમાં કોઇ પ્રાણીહિંસા ન કરે એવો હું કાયદો કરીશ અને આપની વધુ સ્થિરતાથી વધુ ઉત્તમ કાર્યોમાં આપ મને પ્રેરી શકશો."

"હે રાજન્!" શાક્ય મુનિએ જવાબ વાળ્યોઃ "તમારા આમંત્રણમાં સમાયલા પ્રેમભાવની કદર ન બૂજી શકું એટલી બધી બુઠ્ઠી લાગણીવાળો હું નથી; તથાપિ મેં જે કોઇ માર્ગ અંગીકાર કર્યો છે, તે સમજીનેજ કર્યો છે. તમારા જેવીજ સાહેબી મારી પાસે હતી; પરંતુ 'ત્યાગ' માંજ મને આનંદ જણાયાથી આ રસ્તો મેં અંગીકાર કર્યો છે. તમે મને થોડા દિવસ અત્રે રોકાવાનું જે સુંદર કારણ આપ્યું તે ઠીક છે; પરંતુ જેની શોધમાં હું નીકળ્યો છું, તે ચીજ ન મળે ત્યાંસુધી વિશ્રાંતિ લેવી–પ્રમત્ત દશામાં પડવું એ મને છાજતું નથી. પ્રકાશની શોધમાં હું અવશ્ય ફતેહ મેળવીશ, એમ મારું મન સાક્ષી પૂરે છે અને જ્યારે મને તે મળશે ત્યારે તમને જરૂર મળીશ. દરમિયાનમાં, હે દયાળુ નરેશ! મારો આટલો ઉપદેશ ગ્રહણ કરો. તમારા રાજમાં કોઇ માણસ પોતાના પેટને પ્રાણીઓની કબર ન બનાવે એવો બંદોબસ્ત કરો. 'નિર્બળનું સબળે રક્ષણ કરવું' એ પવિત્ર કાનૂનનો ભંગ કરી સબળજ નિર્બળનું ભક્ષણ કરે એ ખરેખર હેવાનિયતભરેલું અને પૃથ્વી ઉપર નરક ઉતારવા સરખું કામ છે. ધન્ય છે તે પવિત્ર ભૂમિને કે જ્યાં વસતા તમામ મનુષ્યો લોહી વગરનો અને શુદ્ધ ખોરાક જમી શુદ્ધ વિચારો અને શુભ ભાવનાઓમાં રમણ કરતા હશે! એ ભૂમિ ખરેખર સ્વર્ગભૂમિ છે. હે દયાળુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરેશ ! તમારા રાજ્યને એવું અહિંસક અને પવિત્ર જોવાનો શુભ અવસર તમને ક્યારે પ્રાપ્ત થશે ?"

બિંબિસારે ખાતરી આપી કે, આ સઘળા ઉપદેશનો તે બનતી તાકીદે અમલ કરશે અને પછી તેણે તેમનું નામ–ઠામ વગેરે જાણવા ઇચ્છયું. જ્યારે તેના જાણવામાં આવ્યું કે, આ યોગી તે બીજો કોઇ નહિ પણ રાજા શુદ્ધોદનનો પુત્ર થાય છે, ત્યારે તેને ઘણોજ આનંદ થયો; કારણ કે જો કે તેને શુદ્ધોદનના પુત્ર સાથે કદાપિ મેળાપ થયો ન હતો, તથાપિ તેઓ બાલ્યાવસ્થામાંથી પરસ્પર પ્રીતિનાં ચિહ્‌ન તરીકે ઘણીએક ભેટો મોકલી ચૂકયા હતા.

પિછાન તાજું થવાથી તેણે મહાત્માને રોકવા ઘણોએ પ્રયત્ન કર્યો; પરંતુ મહર્ષિએ જવાબ આપ્યો: "સ્નેહબંધનમાં ફસાવું મારે માટે જોખમભર્યું છે, માટે હવે પિછાન નીકળતાં તો મારે તાકીદે રવાના થવું જોઇએ, મને ક્ષમા કરો; મારી શોધ પૂરી થયેથી હું તમને જરૂર મળીશ અને તેનો લાભ તમને જરૂર આપીશ."

એમ કહી શ્રમણ સિદ્ધાર્થ રસ્તે પડયા અને થોડી વારમાં જંગલ ભણીના રસ્તે અદૃશ્ય થયા.

શ્રમણ મહાત્માનો ઉપદેશ નકામો ગયો ન હતો. તેમના બાળમિત્ર અને શિષ્ય એવા બિંબિસાર રાજાએ પાછળથી નીચે મુજબ શિલાલેખ તૈયાર કરાવ્યો અને એક ઢંઢેરો પિટાવીને રાજ્યમાં તેનો પૂરેપૂરો અમલ કરાવરાવ્યો. તે શિલાલેખ આ મતલબનો હતો:–

"મગધ દેશના રાજા બિંબિસારની આવી ઇચ્છા છે; યજ્ઞ નિમિત્તે અત્યાર સુધી પશુવધ કરવામાં આવતો હતો અને ખોરાકનિમિત્તે પશુઓને કતલ કરવામાં આવતાં હતાં; પણ દિવસે દિવસે જ્ઞાન વધતું જાય છે, સર્વ જીવો સરખા છે અને દયા કરનારને દયા મળે છે–આ સિદ્ધાંતોને લીધે કોઇએ યજ્ઞનિમિત્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશુનો વધ કરવો નહિ, તેમજ ભોજનનિમિત્તે પશુ કે પક્ષીનો સંહાર કરવો નહિ."

બિંબિસાર પાસેથી ચાલીને સિદ્ધાર્થ યોગી નદી આગળ આવી પહોંચ્યા. અહીં એક સુંદર યુવતી આંખોમાંથી ચોધારાં આંસુ વહેવડાવતી અને માથાના છૂટા કેશને ચૂંપી કાઢતી આવી અને નમસ્કાર કરી સિદ્ધાર્થ યોગીને કહેવા લાગી: "હે પ્રભો! કાલે જે મને તપોવનમાં મળ્યા હતા અને મારા પર દયા બતાવી હતી, એજ આપ છો. હું થોડે છેટે એક ઝૂંપડામાં એકલી પડી રહેતી હતી અને મારા એકના એક બાળકને ઉછેરતી હતી. તે છોકરો પાસે ઊગેલા ફૂલના છોડવાઓમાં રમતો હતો, તેવામાં ત્યાં એક સર્પ નીકળ્યો અને તે છોકરાને કાંડે લપેટાઇ ગયો. તે છોકરો તો હસતો હતો અને તેણે રમતમાં તે સર્પનું મોં પહોળું કર્યું અને પોતાનો હાથ તે મુખમાં નાખ્યો. પણ અફસોસ! ઝાઝો વખત થયો નહિ એટલામાં તો તે રમતો બંધ થઈ ગયો. તે ફિક્કો પડી ગયો અને તેણે ધાવવાનું પણ બંધ કર્યું. મેં લોકોને તે બાળક બતાવ્યું, ત્યારે કોઇકે કહ્યું: 'તેને ઝેર ચડયું છે.' એક જણે કહ્યું: 'તે મરી જશે.' પણ અરે! મારો તે પુત્ર મરે અથવા મારાથી જુદો પડે એ વિચાર મને અસહ્ય લાગ્યો. આ બાળકની આંખમાં ફરીથી પ્રકાશ આવે અને તે મને મા કહીને બોલાવે, એવી દવા વાસ્તે હું જ્યાંત્યાં ફરવા લાગી, પણ કોઇએ મને તે દવા ન આપી. છેવટે એક શખસે મને એવી સલાહ આપી કે, 'પેલી ટેકરી ઉપર એક પવિત્ર મહાપુરુષ વસે છે, તે કાષાય વસ્ત્ર પહેરે છે, તેમને જઇને પૂછ અને જો તેમની પાસે કાંઇ દવા હશે તો જરૂર તારા છોકરાનું દુઃખ દૂર કરવા તે આપશે.' તે ઉપરથી હું ધ્રૂજતી ધ્રૂજતી આપની પાસે આવી, રડી, મારા બાળક પરથી વસ્ત્ર ખેંચી લઇને આપને તે બતાવ્યું અને આ બાળકમાં જીવન આવે તેને વાસ્તે આપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે દવા માગી. હે પ્રભો! આપે બીજાઓની માફક મને ધિક્કારી કાઢી નહિ, પણ દયાભરી આંખોથી તે બાળક તરફ જોયું અને કોમળ હાથથી તેનું શરીર તપાસ્યું; પછી તે બાળક પર વસ્ત્ર ઢાંકવાની મને આજ્ઞા આપી અને કહ્યું કે, 'બહેન! એક ઉપાય છે. જો તું, હું જે દવા કહું છું તે લાવી આપીશ તો આ દરદ મટશે. વૈદ્યો પાસે દવા કરાવવી હોય તો વૈદ જે કહે તે પદાર્થ લાવી આપવા જોઇએ. માટે હું તને કહું છું કે, એક તોલો સરસવના દાણા મને લાવી આપ; પણ એટલું યાદ રાખજે કે, જે ઘરમાં બાપ, મા, બાળક, અથવા નોકર વગેરે કોઈ પણ ન મરી ગયું હોય એવા ઘરમાંથી તે લાવજે.' હે પ્રભો! આ રીતે આપે મને કહ્યું હતું."

સિદ્ધાર્થ શ્રમણે દયા લાવીને કહ્યું: "પ્રિય કીશોગોતમી! હા, મેં એમજ કહ્યું હતું. પણ શું તને તે દાણા મળ્યા?"

"હે દેવ! મારા ખભે બાળક રાખીને હું અહીં જંગલમાં તેમજ શહેરમાં ઝૂંપડે ઝૂંપડે અને ઘેરઘેર ફરી અને દરેક જગાએ જઇને હું પૂછી વળી કે, 'મારા આ બાળકને સારુ દવામાં એક તોલો સરસવના દાણા જોઇએ છે તે મહેરબાની કરીને આપો અને જેમની પાસે તે હતા, તે સર્વેએ મને તે આપ્યા; કારણ કે ગરીબ લોકો, ગરીબ લોકો તરફ બહુ દયાળુ હોય છે. પણ જ્યારે હું પૂછતી કે, 'અહીં તમારા ઘરમાં કોઇ મરી ગયું છે? પિતા, માતા, સ્ત્રી, બાળક કે નોકર કોઈ મરી ગયું છે?' ત્યારે તેઓ કહેતા કે, 'બહેન! આ શું પૂછે છે? જીવતાની સંખ્યા બહુ થોડી છે, પણ મરેલાની સંખ્યાનો પાર નથી.' આ શબ્દો સાંભળી હું તેમનો ઉપકાર માની તે દાણા પાછા આપતી અને બીજે ઘેર જતી અને ઉપર પ્રમાણેજ માગણી કરતી; ત્યારે જવાબ મળતો કે,

'દાણા આ રહ્યા, પણ અમારો નોકર મરી ગયો છે.'

'દાણા આ રહ્યા, પણ અમારો ભલો દાદો મરી ગયો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાણા આ રહ્યા, પણ તેનો વાવનાર તે ઊગે તે પહેલાં તો ચાલ્યો ગયો છે.'

"હે પ્રભો ! હું ઘેરઘેર ભટકી, પણ કોઈ એવું ઘર મને ન મળ્યું કે જ્યાં કોઇ ને કોઈ મરી ગયું ન હોય. આ ઉપરથી જે મારું બાળક ધાવતું ન હતું, તેમ હસતું પણ ન હતું, તે બાળકને ઝરા આગળ દ્રાક્ષના વેલાઓમાં મૂકીને આપને શોધવા આવતી હતી, એવામાં આપ માર્ગમાંજ મળ્યા. બધા લોકો કહે છે કે, 'તારું બાળક મરી ગયું છે' અને મને પણ ખાતરી થાય છે કે, તે મરી ગયું હોવું જોઇએ. પણ જો તે ન મરી ગયું હોય, તો મને એવું ઘર તમે બતાવો કે જ્યાં મરણ ન થયું હોય અને સરસવના દાણા મળી શકે."

શ્રમણ સિદ્ધાર્થે ઉપદેશ આપવાનો આ યોગ્ય વખત છે, એમ વિચારીને બોધ ચલાવ્યો: "વહાલી બહેન ! તેં શોધ કરીને બીજાઓ જે નથી શોધી શકતા તે શોધી કાઢ્યું છે. મારે તને જે કડવો પ્યાલો પાવાનો હતો, તે તેં જાતેજ શોધી કાઢ્યો છે. જે બાળકને તું ચાહે છે, તે ગઈ કાલેજ મરણ પામેલું હતું. આજે તને ખબર પડી કે, તારા જેવાજ દુઃખથી આખું જગત દુઃખી છે. જે દુઃખને ભોગવનાર ઘણા હોય તે દુઃખનો ડંખ ઓછો થાય છે. જો તારાં આંસુ રોકી શકાતાં હોય અને મરણના પંજામાંથી છૂટવાનો માર્ગ જડતો હોય, તો મારું લોહી રેડવાને પણ હું તૈયાર છું. પણ બહેન ! તે સત્ય હજુ મને જડ્યું નથી. હું તેની શોધમાં છું. જા તારા બાળકને અગ્નિદાહ દે."

આ પ્રમાણે બોધિજ્ઞાન ઉત્પન્ન થયા પહેલાં પણ શ્રમણ સિદ્ધાર્થે ઉપદેશ આપવાનું અને જગતનું દુઃખ દૂર કરવાનું કામ આરંભી દીધું હતું; કારણ કે શક્તિ હો વા ન હો, પરંતુ ઉદાર દિલના પુરુષો દુઃખીનાં દુઃખ જોઇ શકતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ८ मुं–बुद्धत्वनी शोधमां

રાજગૃહી નગર છોડી શાકય મુનિએ વૈશાલિનો માર્ગ લીધો, કે જ્યાં આરાડ કાલામ અને ઉદ્રક રામપુત્ર એ નામના બે પંડિત બ્રાહ્મણ સંન્યાસીઓ પોતાના અનેક શિષ્યો સાથે રહેતા હતા. પ્રથમ તે આરાડ કાલામ પાસે ગયા, જે સાંખ્યમતસ્થાપક કપિલનો શિષ્ય હતો અને તે વખત ચાલતા ધર્મના મતો સંબંધી વાદવિવાદમાં અતિ નિપુણ હતો. શાકય મુનિ તેની પાસે ગયા, ત્યારે તેણે અને તેના શિષ્યોએ શાકય મુનિનું રૂપ, ગંભીરતા તથા મુખની પ્રતાપી કાંતિ જોઇ સારી રીતે તેમનો આદરસત્કાર કર્યો, યુવાવસ્થામાં રાજપાટ વગેરે છોડવા માટે તેમની ઘણી સ્તુતિ કરી અને સત્યની શોધમાં આખર સુધી મંડ્યા રહેવાનો આગ્રહ કર્યો.

શાકય મુનિએ ઘણા વિનયપૂર્વક કહ્યું: "હે મહાત્મન્! આપના નામની કીર્તિ સાંભળી હું આપની પાસે સત્ય શોધવાનો માર્ગ જાણવા આવ્યો છું. જન્મ, મરણ અને વ્યાધિના પંજામાંથી શું મુક્ત થઇ શકાય? અને થવાય તો તેનાં સાધનો કયાં છે? તેના વાસ્તે કેવું જીવન ગાળવું જોઇએ? આખરની સ્થિતિ કેવી થાય છે? આ સત્યો હું જાણવા માગું છું અને તે જાણવાને માટેજ હું આપની પાસે આવ્યો છું; કૃપા કરી મને તે સમજાવો."

આરાડ ઋષિએ કહ્યું: "આ પ્રશ્નો ઘણા ગહન છે; પણ તમારી તે જાણવાની ઇચ્છાજ છે તો સાંભળો. ઊંચામાં ઊંચી સ્થિતિ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મ છે. બ્રહ્મ અમૂર્ત છે, અક્રિય છે, નિર્વિકારી છે, નિર્ગુણ છે, સચ્ચિદાનંદસ્વરૂપી છે. તે બ્રહ્મ જડવસ્તુઓથી ભિન્ન છે. જેવી રીતે મુંજ ઘાસ તેના ઉપરના છોતરામાંથી છૂટું કરવામાં આવે છે, અને જેવી રીતે પક્ષી પાંજરામાંથી ઊડી જાય છે, તેવી રીતે જડ વસ્તુ-ઓમાંથી દૂર ભાગવાથી બ્રહ્મની સ્થિતિ મળે છે. તેજ મુક્તિ છે. મુક્તિનાં સાધનોમાં મુખ્ય શ્રદ્ધા× છે. 'આત્મા નિર્વિકારી છે' એવી શ્રદ્ધા રાખવાથી મનુષ્ય નિર્લિપ્ત રહે છે અને પરમપદ પામે છે."

આ શબ્દો શાક્ય મુનિને ડહાપણભરેલા લાગ્યા, પણ તેથી તેમની ભૂખ ભાગી નહિ. સત્યનો જે માર્ગ તે શોધતા હતા, તે જડ્યો નહિ. તેમજ તે સત્ય મેળવવાનાં સાધનો પણ પ્રાપ્ત થયાં નહિ. તેથી થોડા દિવસ તે ઋષિ પાસે રહી, તેમની રજા માગી પોતે ઉદ્રક રામપુત્ર પાસે ગયા.

ઉદ્રક રામપુત્રે પણ આરાડ કાલામના જેવોજ સિદ્ધાંત પ્રતિ-પાદન કર્યો અને વિશેષમાં જણાવ્યું કે, કર્મ પ્રમાણે મનુષ્યની ગતિ થાય છે, માટે મુક્તિ ઇચ્છનારે કર્મથી છૂટા થવું જોઇએ. જે મનુષ્ય કર્મથી છૂટો થાય છે, તે શાશ્વત સ્થાન મેળવે છે. પણ કર્મથી શી રીતે મુક્ત થવું તે માર્ગ તે જણાવી શક્યો નહિ. શાક્ય મુનિએ આ બધું શાંત ચિત્તથી સાંભળ્યું, પણ તેમના આત્માને તેથી દિલાસો મળ્યો નહિ. મંદિરોમાં જે બ્રાહ્મણો ક્રિયા કરાવતા હતા, તેમની પાસે તે ગયા; પણ ત્યાં આગળ તો પશુઓનો વધ થતો જોઇ શાક્ય મુનિના દયામય સ્વભાવને જરા પણ રુચિ થઇ નહિ. તે બ્રાહ્મણોને, બિંબિસાર રાજાને ત્યાં આપ્યો હતો તેવો ઉપદેશ આપીને પોતાનાં પાપ ધોવાને માટે કરવામાં આવતો પશુવધ નિરર્થક છે અને નીતિના નિયમોને માન આપ્યા સિવાય કદાપિ શુદ્ધ ધર્મ પાળી શકાયજ નહિ એમ સમજાવ્યું.

× શ્રદ્ધા—દૃઢ માન્યતા, સમજપૂર્વક નિશ્ચય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યનો આ અડગ શોધક હવે મગધ દેશમાં ગયાની પાસે આવેલા ઉરુબિલ્વ નામના જંગલમાં જ્યાં ઉદ્રકના પાંચ પ્રતાપી શિષ્યો ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા, ત્યાં આવી પહોંચ્યો. આ પાંચમાં કૌણ્ડાયન મુખ્ય હતો. આ પાંચ સંન્યાસીઓ પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખતા હતા, નીતિના નિયમો સારી રીતે પાળતા હતા અને નૈરંજના (હાલમાં તેને ફલ્ગુ કહે છે) નદીને કિનારે આવેલા તપોવનમાં ભારે તપ કરવામાં મગ્ન થયા હતા. તેઓના ઉત્સાહ અને ધૈર્ય એટલાં બધાં હતાં કે, શાક્ય મુનિના મન પર તેની ભારે અસર થઇ અને સત્યની શોધમાં આ સાધન કેટલે દરજ્જે ઉપયોગી છે, તે અજમાવવાનો તેમણે સંકલ્પ કર્યો. તે પાંચ સંન્યાસીઓની પાસે એક સ્થાન પસંદ કરીને શાક્ય મુનિએ પણ ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી અને જુદા જુદા સિદ્ધાંતો વિષે વિચાર કરવા માંડ્યો. કેટલીક વાર તો મરણ, વ્યાધિ અને જરામાંથી મુક્ત થવાના માર્ગ પર વિચાર કરતાં કરતાં તે એટલા બધા ધ્યાનમગ્ન થઇ જતા હતા કે ભોજનનો અવસર પણ ચૂકી જતા.

સઘળા પ્રકારના મનોવિકારોને તેમણે વશ કર્યા હતા તે ઇંદ્રિયોને સંપૂર્ણ કાબૂમાં રાખતા હતા. કોઇ પણ સંસારી પુરુષ ન પાળી શકે, તેવા ઉપવાસ સંબંધી સખ્ત નિયમો તે પાળતા હતા, આવી ક્રિયા તેમણે લાગલાગટ છ વર્ષ સુધી કરી; કેટલાક દિવસ સુધી તો આખા દિવસમાં અનાજનો ફક્ત એકજ દાણો તે ખાતા હતા. આથી શરીરસૌંદર્ય નાશ પામ્યું અને અવયવો શિથિલ પડી ગયા. મહાપુરુષને જણાવનારાં બત્રીસ લક્ષણો પણ શરીરમાંથી ભૂસાઇ જવા લાગ્યાં. છતાં જેમ કુમુદની ગંધ ચારે બાજુએ ફેલાય છે, તેમ તેમના આ તપની કીર્તિ સર્વત્ર વ્યાપી ગઇ. સૂકી ડાળી જેવું થઇ ગયેલું તેમનું શરીર જોવાને લોકો દૂર દેશથી આવવા લાગ્યા. આમ છ વર્ષ વીતી ગયાં, પણ તૃષ્ણાનો વિચ્છેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારું અને સત્ય જ્ઞાનનું પ્રકાશક ઉચ્ચ ધ્યાન તે પ્રાપ્ત કરી શક્યા નહિ.

આવી ઉગ્ર તપશ્ચર્યા કરવાથી તે તપસ્વી શાક્ય મુનિ એક દિવસ મૂર્છા આવવાથી જમીન પર પડી ગયા. તેમનામાં ચાલવાની શક્તિ રહી ન હતી. શરીરમાંથી લોહી તદ્દન ઊડી ગયું હતું અને ઘા વાગવાથી કોઇ પડે તેમ તે તદ્દન બેશુદ્ધ થઈ ગયા. શાક્ય મુનિને આવી સ્થિતિમાં પડેલા જોઇ એક ભરવાડને છોકરો કે જે ઘેટાં લઇ ચરાવવા જતો હતો તેને દયા આવી. સૂર્યને તાપ તે સમયે બરાબર શાક્ય મુનિના મુખ પર પડતો હતો. જંગલી જમરૂખના ઝાડની ડાળીએ કાપી લાવી તે ભરવાડના છોકરાએ આ પવિત્ર મુખ ઉપર સૂર્યને તડકો ન પડે તેમ ઊંચે ગૂંથીને બાંધી અને ઘેટીના આંચળમાંથી તે પવિત્ર મુખમાં દૂધની ધાર પાડી; કારણ કે આવા પવિત્ર મનુષ્યને અડકવાથી મહાપાતક થઇ બેસે એવા ભયથી તે કંપતો હતો. "આ કોઈ દેવ છે," એમ ધારી તેમની પ્રાર્થના કરતો તે થોડી વાર ત્યાંજ બેઠો. આ દૂધ મુખમાં જવાથી શાક્ય મુનિના શરીરમાં ચેતના આવી અને તેમણે તે ભરવાડના છોકરા પાસે લોટામાં દૂધ માગ્યું.

તે છોકરાએ કહ્યું: "હે દેવ! હું આપને તે મારા લોટામાં આપી શકું નહિ; કારણ કે આપ જુઓ છો કે હું શૂદ્ર છું અને મારા સ્પર્શથી તમે અપવિત્ર બનો." તે વખતે શાક્ય મુનિએ આ ભોળા ભરવાડના છોકરા તરફ દયા લાવીને કહ્યું: "દયા અને તંગી સઘળા જીવોને એક બનાવે છે. લોહીમાં કાંઇ જાતિ નથી, કારણ કે લોહી તો સર્વ મનુષ્યોનું એક રંગનું હોય છે; તેમ આંસુમાં પણ જાતિ નથી, કારણ કે સઘળા પુરુષોનાં આંસુમાં ખારાશ હોય છે. તેમજ માણસ જન્મે છે ત્યારે કપાળમાં તિલક કે ગળામાં જનોઈ લઇને જન્મતો નથી. જે સારાં કામ કરે છે તે દ્વિજ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જે ખરાબ કામ કરે છે તે શૂદ્ર છે; માટે મને તારા લોટામાં દૂધ આપ; જ્યારે મારી શોધ પૂરી થશે ત્યારે તને પણ લાભ થશે." આ શબ્દો સાંભળવાથી તે ભરવાડના છોકરાનું હૃદય એટલું પ્રફુલ્લિત થયું કે તે વર્ણવવાને શબ્દો નથી. તરતજ તેણે દૂધ કાઢી આપ્યું અને પછી પોતાને માર્ગે ચાલ્યો ગયો.

બીજે દિવસે પાસેના શહેરમાં ઈન્દ્રનિમિત્તે મોટો મહોત્સવ થનાર હતો, તે વાસ્તે કેટલીક નાચનારીઓ ત્યાં થઇને આ પ્રમાણે બોલતી બોલતી જતી હતી: "જ્યારે સતારના તાર બરાબર ખેંચવામાં આવ્યા હોય, ત્યારે નાચવાનું કામ બહુ સારી રીતે થાય છે. અમારે માટે સતારના તારને હદબહાર ખેંચતા નહિ, તેમ ઓછા પણ ખેંચતા નહિ. જો આ પ્રમાણે બરાબર તાર ખેંચવામાં આવ્યા હોય તો મનુષ્યોનાં હૃદયો ખેંચવાનું સામર્થ્ય અમારામાં છે. જો તાર હદબહાર ખેંચવામાં આવે તો તે તૂટી જાય છે. જો તે તાર ઓછા ખેંચવામાં આવ્યા હોય તો તે ઢીલા પડી જાય છે અને ગાયન બંધ પડે છે; માટે તારને વધારે કે ઓછા ખેંચશો નહિ." આ શબ્દો તે સ્ત્રીઓ આનંદથી બોલતી ચાલી જતી હતી. પાસેના વૃક્ષ નીચે બેઠેલા શાક્ય મુનિને કાને તે શબ્દો પડ્યા અને તે બોલી ઊઠ્યા: "અહા! ઘણી વાર અભણ મનુષ્યો જ્ઞાનીઓને પણ બોધ આપે છે. મેં પણ આ શરીરના તારને હદબહાર ખેંચ્યા છે, તેથી તેમાંથી ગીત નીકળતું નથી; એટલુંજ નહિ પણ તેને તૂટી જવાનો પણ મોટો ભય છે. મારું શરીરબળ ઘટી ગયું છે. જો આ શરીર તૂટી જશે તો અનેકોની આશાનો આધાર પણ તૂટી જશે; માટે હવે શરીરને હદબહાર તપશ્ચર્યામાં નહિ વાપરતાં મધ્યમ માર્ગ ગ્રહણ કરવો જોઇએ. શરીર એ ઉપયોગી સાધન છે, માટે તેને મારી નહિ નાખવું જોઇએ, પણ તેને અંકુશમાં રાખવું જોઇએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો વિચાર કરી શાકય મુનિ પોતાના આસનેથી ઊઠ્યા. પાસે આવેલી નૈરંજના નદીમાં સ્નાન કર્યું અને બહાર આવવા પ્રયત્ન કર્યો, પણ તે નદીમાં પડી ગયા. મહામહેનતે પાસે ઊગેલા વૃક્ષની ડાળી પકડીને તે બહાર આવ્યા અને એક વડવૃક્ષ નીચે આસન વાળી ધ્યાનમાં બેઠા.

આ સમયે એક પૈસાદાર અને ધર્મિષ્ઠ ગોવાળ તે નદીની પાસેના નાના ગામમાં રહેતો હતો. તેને એક સ્ત્રી હતી, જેનું નામ સુજાતા હતું. તે ઘણી નમ્ર સ્વભાવની, દયાળુ અને શુદ્ધ અંતઃકરણવાળી હતી. તે, તે ગામમાં પોતાના માયાળુ સ્વભાવને તેમજ ઉદારતાને લીધે અતિ લોકપ્રિય બની હતી. તેને કાંઈ પણ સંતતિ ન હતી, તેથી તેણે વનના અધિષ્ઠાતા દેવની માનતા માની હતી કે, "જો મને પુત્રપ્રાપ્તિ થાય તો ચૈત્ર મહિનાની પૂનમને દિવસે ખીરખાંડનું ભોજન વડ તળે પધરાવીશ." ભાગ્યયોગે સુજાતાની આકાંક્ષા પૂર્ણ થઈ હતી. આજે ત્રણ માસનો પુત્ર તેના ખોળામાં રમતો હતો. તે આજે એક હાથમાં તે બાળક અને બીજા હાથમાં ખીરખાંડનું ભરેલું પાત્ર લઈ તે વનદેવને ધરાવવા આવતી હતી. આ સુજાતાને આ પુત્રજન્મથી એટલો બધો આનંદ થયો હતો કે, તેણે સારા શરીરવાળી એક હજાર ગાય પસંદ કરી હતી; તેઓનું દૂધ તેણે પાંચસો ગાયોને પીવરાવ્યું; તેઓનું દૂધ બસોપચાસ ગાયોને પીવરાવ્યું; એ રીતે જ્યારે છજ ગાયો રહી, ત્યારે તે છ ગાયોનું દૂધ લઇને આજે તેની ખીર બનાવી હતી; તે ખીરમાં તેણે અણીશુદ્ધ મોતી જેવા ચોખા અને અનેક પ્રકારના સુગંધીદાર તેજાના પણ નાખ્યા હતા અને પોતાની દાસી રાધાને (જેનું બીજું નામ પૂર્ણા હતું) વડના ઝાડ તળે અગાઉથી કચરો વાળવા મોકલી હતી; તે દોડતી દોડતી સામે આવી અને પોતાની શેઠાણીને કહેવા લાગી: "આશ્ચર્ય! આશ્ચર્ય! વડ નીચે તો વનદેવતા પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને બેઠેલા છે. તેમણે આસન વાળીને ઘૂંટણ પર હાથ મૂકેલા છે. તેમના કપાળની આસપાસ તેજ ઝળકી રહ્યું છે. તેમની આંખો દેવ જેવી છે. દેવોને મળવું તે શું ભાગ્યોદયની વાત નથી ?"

સુજાતા એકદમ ઊભી થઇ અને ઉતાવળી વડ તરફ ચાલી. શાક્ય મુનિ પદ્માસને ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવી અને તેમના ભિક્ષાપાત્રમાં તે હાથીદાંત જેવી ઉજ્જવળ ખીર રેડી તથા મુનિના શરીરે ઊંચામાં ઊંચું અત્તર છાંટીને હાથ જોડી દૂર ઊભી રહી. શાક્ય મુનિએ કાંઇ પણ બોલ્યા વિના તે ખીરનું ભોજન કર્યું કે તરતજ તે પૌષ્ટિક ખોરાકના પ્રતાપે તે છ વર્ષના તપસ્વીમાં નવું બળ આવ્યું, તેમના શરીરમાં નવી સ્ફુર્તિ આવી અને કોઇ તાપથી તપેલા પક્ષીને ઝરાનું જળ પીવાથી જે આનંદ થાય તેવો આનંદ તેમના મુખ પર છાઇ રહ્યો. બોધિ (કેવળજ્ઞાન) મેળવવાને તે યોગ્ય શરીરસ્થિતિમાં આવ્યા. શાક્ય મુનિના મુખ પર આ આનંદ અને તેજ જોઇ સુજાતા વધારે ભક્તિ બતાવવા લાગી અને છેવટે તેણે ધીમેથી પૂછયું:" શું દેવશ્રીને મારી માનતા પહોંચી ચૂકી ?"

શાક્ય મુનિ પોતાની કાંબળમાંથી હાથ બહાર કાઢીને તે બાળકના શિર પર મૂકીને બોલ્યા: " તું ચિરકાળ સુખી થજે અને આ જીવનનો બોજો સુખેથી ઉઠાવજે ! કારણ કે હું કે જે એક દેવ નથી, પણ તારો ભાઈ છું, તેને તેં મદદ કરી છે. હું એક ભટકતો યોગી છું અને છેલ્લાં છ વર્ષથી જગતનાં દુઃખો જેથી ટળે તેવો પ્રકાશ શોધું છું. મને વિશ્વાસ છે કે તે મને જરૂર મળશે. હમણાં થોડા સમય પરજ તે પ્રકાશની ઝાંખી થવા લાગી હતી; પણ મારું શરીર નિર્બળ થઇ ગયું હતું. સુભાગ્યે મળેલા તારા સાત્ત્વિક ખોરાકે તે શરીરને બળ આપ્યું છે; તને આ સેવા માટે મોટો લાભ થશે."

" હે પ્રભો ! આપ તે પ્રકાશ મેળવો !" એવી પ્રાર્થના કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુજાતા ચાલી ગઇ.

જ્યારે તેની સાથેના પાંચ ભિક્ષુકોએ આ બનાવ જોયો ત્યારે તેઓએ ધાર્યું કે, આ શાક્ય મુનિનો ધર્મઉત્સાહ મંદ પડી ગયો છે અને તેઓ તેમને વ્રતભંગ કરનાર તરીકે ગણવા લાગ્યા; કારણ કે તે તેમના વિચાર પ્રમાણે ઉગ્ર તપશ્ચર્યા પાળી શક્યા ન હતા. શાક્ય મુનિએ વિચાર કર્યો કે, કેવળ ઉપવાસ કરવાથી આ સાધ્ય-બિંદુની સમીપમાં અવાતું નથી, પણ ઊલટું શરીર નિર્બળ થતું જાય છે અને તેની સાથે મન પણ નિર્બળ થાય છે; અને જેનું શરીર તથા મન નિર્બળ હોય તે કેવી રીતે ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચી શકે? આ વિચારથી તેમણે ઉગ્ર તપશ્ચર્યા કરવી છોડી દીધી. શરીરની ગુલામી કે શુશ્રૂષા ન ગણાય એટલી હદે સંરક્ષણ કરવા માંડયું અને આત્મનિરીક્ષણ અને ધ્યાનનો આશ્રય લીધો.

તે સ્થળેથી ઊઠીને તે શાક્ય મુનિએ એક લાકડાં કાપનાર પાસેથી ઘાસ માગી લીધું અને બોધિવૃક્ષ નીચે તે પાથર્યું. તેનું યોગાસન બનાવ્યું અને તે ઘાસ ઉપર પદ્માસન વાળીને બેઠા. તે વખતે મન સાથે દૃઢ નિશ્ચય કર્યો કે, “આ આસનમાં મારું શરીર શુષ્ક થાય તથા ચામડી, હાડકાં અને માંસ નાશ પામે, પણ જ્યાંસુધી દુર્લભ પરમજ્ઞાન પ્રાપ્ત નહિ થાય, ત્યાંસુધી આ આસન જરા પણ ડગશે નહિ.”

આ વખતે તે વૃક્ષ ઉપર વિવિધ પક્ષીઓનો મધુર કલરવ થઇ રહ્યો હતો. સઘળા દેવો અને દેવીઓ એકે અવાજે પ્રાર્થના કરી રહ્યાં હતાં કે, “હે પ્રભો! હે મિત્ર! હે જગદુદ્ધારક! ક્રોધ અને અભિમાન ઉપર વિજય મેળવનાર અને કામ, શંકા તથા ભયને હઠાવનાર હે ગુરો! આપ હવે બોધિવૃક્ષ તરફ પધારો. આખું દુઃખી વિશ્વ આપને આજે આશીર્વાદ આપે છે. અમારા ખાતર આ આપનો છેલ્લો પ્રયત્ન આરંભો! હે રાજન્! હે જિતેંદ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાપુરુષ ! સમય સમીપ છે ! ઘણાં વર્ષોથી જે રાત્રિની અમે રાહ જોઇ રહ્યા હતા, તે આજની રાત્રિ છે."

રાત્રિ પડી અને શાક્ય મુનિ જે થોડા સમયમાં બોધિજ્ઞાન મેળવવાના છે, તે બોધિવૃક્ષ નીચે આસન વાળીને બેઠા છે. આજે અખિલ બ્રહ્માંડમાં આનંદ વ્યાપી રહ્યો છે; કેવળ મારદેવનું મુખ ઉદાસી ભાસે છે ! તેના મુખ પર શ્યામતા ઢળેલી દેખાય છે. મારદેવ મનથી વિચારે છે, " આ શાક્ય મુનિ થોડા સમયમાં બુદ્ધ થશે, બોધિજ્ઞાન મેળવશે અને તે જ્ઞાન વડે આખા વિશ્વને મારા પંજામાંથી મુક્ત કરવા ભગીરથ પ્રયત્ન આરંભશે. મારી સત્તા નાશ કરવાનો આ તેનો માર્ગ છે. તે જો સત્ય શોધવામાં વિજયી નીવડશે તો મારું સઘળું બળ નાશ કરી શકશે. જો તે પ્રયાસ પોતાને માટેજ હોત તો મને ઝાઝી દરકાર કરવાની રહેત નહિ; પણ તે તો મને જડમૂળથી ઊખેડી નાખવાને માટે સત્યનો બોધ આપવા ઇચ્છે છે. હું પણ ખરો કે આજે તેનો પરાજય કરું. હે સૈનિકો ! હે મારા સુભટો ! હે સેવકો ! આજે તમે બધા તમારા પૂર્ણ આવેશમાં તૈયાર થાઓ. આજે એક મહાસમર્થ રિપુની સાથે આપણે લડવાનું છે. જો તેમાં નહિ ફાવીએ તો આપણો સદાને માટે નાશ સમજજો. માટે આજે ખરેખરું વીરત્વ દાખવવાનો પ્રસંગ છે. આ વીર બહુ બળવાન છે, માટે તમારે જરા પણ ચૂક કરવી નહિ અને તમારો સઘળો પુરુષાર્થ વાપરવો. હજુ તેનાં જ્ઞાનચક્ષુ ખૂલ્યાં નથી, ત્યાંસુધી આપણા રાજ્યને નિરાંત છે; માટે તે ખૂલે તે અગાઉ ચાલો આપણે આપણાથી બનતું કરી લઇએ."

આ આજ્ઞા મળતાંજ મારરાજાની ત્રણ પુત્રીઓ ÷રતિ, અરતિ અને તૃષ્ણા, તેમજ ક્રોધ, માન, માયા, લોભ, અહંકાર, અજ્ઞાન વગેરે તેના સુભટો (જે નરકના દૂતો જેવા લાગતા હતા) તે સઘ-

÷ રતિ=રાગ; અરતિ=દ્વેષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળાએ આ શાક્ય મુનિને ગભરાવવાને પોતાનું સઘળું બળ વાપર્યું. તેઓ તેમની તરફ અનેક પ્રકારનાં ભયંકર તીરો ફેંકવા લાગ્યા, પવનનાં મોટાં વાવાઝોડાં ઉત્પન્ન કરવા લાગ્યા, આકાશમાં વીજળીઓના ભયંકર ઝબકારારૂપે કૂદાકૂદ કરવા લાગ્યા, અનેક સુંદર આકૃતિઓવાળી સ્ત્રીઓના રૂપમાં હાવભાવ કરી પોતાનાં મોહક અંગો ખુલ્લાં કરી નૃત્ય કરવા લાગ્યા. આ સર્વ પ્રાથમિક તૈયારીઓનું દર્શન કરાવ્યા પછી મારદેવ પોતે પોતાનાં પાંચ તીરો અને અનેક દાસદાસીઓ સાથે આવી પહોંચ્યો અને સમાધિમાં બેઠેલા શાક્ય મુનિ પાસે જઇ, ડાબા હાથમાં ધનુષ્ય લઇને અને જમણા હાથમાં તીર રાખીને આ પ્રમાણે કહેવા લાગ્યો: "હે ક્ષત્રિય! ઊઠ! હવે ભય ધારણ કર! હવે તારું આવી બન્યું છે. તારું ધર્માનુષ્ઠાન કરી લેવાનો આ છેલ્લો સમય છે. લોકોને બચાવવાનો ફાંકો છોડી દે. ધર્મજ કરવો હોય તો ખુશીથી દાન આપ અને જપતપ કરી તેનો બદલો સ્વર્ગમાં ભોગવ! એજ જાણીતો અને પ્રસિદ્ધ માર્ગ છે. ગરીબાઇનો અને ભિક્ષા માગવાનો આ તારો માર્ગ તને કશા કામમાં આવનાર નથી, બલકે દુઃખી તો જરૂર કરશેજ. મારી સલાહ નહિ માને તો મારો કોપ વહોરવો પડશે એ નક્કામાં સમજજે. અનેક ઋષિમુનિઓને તોબા પોકરાવનાર એવો જે હું, તેને શું તું નથી પિછાનતો? આજકાલનો તું મારી શી ગણતરીમાં છે? જો, આ તીર તૈયાર છે; તે કેવું ઝેરી છે? જો, મેં તે તારા પર તાક્યું છે. માટે હવે ઊઠ! હઠીલાપણું છોડ! શું તું આ તીરથી નથી બીતો કે?" આ રીતે ઘણીએ ધમકી મારદેવે આપી પણ શાક્ય મુનિએ તે કશા પર લક્ષ સરખું આપ્યું નહિ. તેમના મનમાં જરા પણ ભય ન હતો. તરતજ મારદેવે તે તીર ફેંક્યું, જેમાંથી ત્રણ શક્તિઓ ઉત્પન્ન થઇ! શાક્યસિંહ હજી પોતાના ધ્યાનમાં દઢ રહ્યા છે એમ જોઇ મારદેવ ચિંતાતુર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારદેવે હવે પોતાનું આખું સૈન્ય એકઠું કરીને સામટું બળ અજમાવ્યું. તેના લશ્કરના દરેક સુભટે પોતાના સ્વભાવ પ્રમાણે સ્થૂલરૂપ ધારણ કર્યું. કેટલાકે હાથમાં તલવાર લીધી, કેટલાકે તબલાં લીધાં, કેટલાકે મોટાં વૃક્ષ લીધાં, ત્યારે કેટલાકે વજ્ર અને અનેક જાતનાં હથિયારો ગ્રહણ કર્યાં, કેટલાકે ડુક્કરના, ઘોડાના, વાઘના, સિંહના જેવાં મુખ કર્યાં, કેટલાકે મોટાં પેટ કર્યાં, કેટલાકે ઘણી આંખો કરી, ત્યારે કેટલાકે મોં ઉપર ફક્ત એકજ આંખ રાખી, કેટલાકે હાથી જેવા કાન કર્યા, પર્વત જેવી ખૂંધ કરી, કેટલાકે પોતાના આખા શરીરે સર્પ વિંટાળ્યા, કેટલાકે કમરે ઘંટડીઓ બાંધી, કેટલાક ભયંકર ચીસો પાડનારા રાક્ષસ બન્યા અને કેટલાક આખી પૃથ્વીને ધ્રુજાવે તેવી બૂમો પાડનારા થયા. પવન અને અગ્નિ, જળ અને ધૂળનાં જુદાં જુદાં રૂપો તેઓએ ધારણ કર્યાં અને આવું અનેક પ્રકારનો ભય ઉપજાવનારું સૈન્ય લઈ મારદેવ ફરીથી શાક્ય મુનિની સામે લડવા ચાલ્યો.

આ વખતે ધર્માનુરાગી દેવો અને નાગરાજો આ મારદેવ ઉપર અત્યંત ગુસ્સે થયા અને આ મહાત્મા પુરુષને નિરર્થક હેરાન કરે છે, તેથી અનુકંપાને લીધે તેમની આંખમાંથી લોહીનાં આંસુ ઝરવા લાગ્યાં.

બધું સૈન્ય શાક્ય મુનિ પાસે આવ્યું. તેઓ અનેક પ્રકારની ચીસો પાડવા લાગ્યા અને તેમના વિકરાળ સ્વરૂપથી બીવરાવવા લાગ્યા; પણ સત્યની શોધમાં તલ્લીન થયેલા શાક્ય મુનિનું ચિત્ત જરા પણ અસ્થિર થયું નહિ. અનેક પશુપંખીઓ સિંહ આગળ રમતાં હોય કે બરાડા પાડતાં હોય, પણ તે સિંહને જરા પણ અસર કરી શકતાં નથી, તેમ આ પર્વત તુલ્ય એકાગ્ર ચિત્તવાળા શાક્ય મુનિના મનની શાંતિનો ભંગ થવા પામ્યો નહિ. મારદેવના સૈન્યના દરેક સુભટે તે રાત્રિએ પોતાનું વીરત્વ બતાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખામી રાખી નહિ. તે સુભટો શાક્ય મુનિ સામું ભયંકર દૃષ્ટિથી જોતા હતા, દાંતિયાં કરતા હતા, આમતેમ દોડતા હતા અને દરેક પળે તેમનો નાશ કરવાની તૈયારીમાં હોય એવો દેખાવ કરતા હતા; પણ શાક્ય મુનિને આ સર્વ બાળક્રીડા જેવું લાગતું હતું. મારદેવની એક માસી હતી, જે અતિ રૂપવતી હતી. તેણે પણ અનેક પ્રકારના હાવભાવ, કટાક્ષ અને શરીરનાં અંગોપાંગનું પ્રદર્શન કરી શાક્ય મુનિને લોભાવવા બનતું કરી લીધું અને બીજાઓએ પણ તેમને ગભરાવવા અનેક પ્રકારનો કોલાહલ કરી મૂક્યો, પણ જગદ્ગુરુનો વાળ સરખો પણ હાલ્યો નહિ. આથી મારરાજાનું સૈન્ય નાસીપાસ થઇ ગયું અને મારરાજા, શું કરવું તે ન સમજાવાથી ગભરાઇ જઇ આમતેમ દોડવા લાગ્યો.

આ વખતે મારદેવના દશ મોટા દૂતો આગળ નીકળી આવ્યા. તેઓનાં નામઃ—આત્તવાદ, શંકા (વિચિકિત્સા), શીલવ્રતપરામર્શ, કામ, પ્રતીઘ (દ્વેષ), રૂપરાગ, અરૂપરાગ, માન, સ્વાભિમાન અને અવિદ્યા (અજ્ઞાન). આ દશ દૂતોએ પોતાનું સ્વરૂપ બતાવી શાક્ય મુનિને ફસાવવા પ્રયત્ન કર્યો. આ બધા દૂતો પૈકી કામદેવે પોતાનું બળ બતાવવામાં સૌથી વધારે પરિશ્રમ લીધો હતો. તેણે પોતાની જાદુઇ લાકડી હલાવી કે અપ્સરાઓનું ટોળું નાચતું—કૂદતું, હાવ-ભાવ પ્રદર્શિત કરતું આવી ઊભું. શાક્ય મુનિને દરેક અપ્સરા કહેવા લાગીઃ "હે નાથ! મને અંગીકાર કરો, મને અંગીકાર કરો!" પણ જ્યારે તે મહામુનિનું મન ચલિત ન થયું, ત્યારે એક અપ્સરાએ યશોધરાનું રૂપ ધારણ કર્યું. તેની આંખમાંથી આં-સુની ધાર ચાલવા લાગી અને તે પ્રેમભર્યાં હાથ શાક્ય મુનિ તરફ લંબાવી કહેવા લાગીઃ "હે નાથ! તમારા વિના હું મરણ પામું છું; રોહિણી નદીને કાંઠે આપણા વિશ્રામભવનમાં જે સુખ તમને મળતું હતું, તેમાંનું કયું સુખ અહીં મળે છે કે જેથી આપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસી રહ્યા છો? હું આટલાં વર્ષ થયાં એકલી તમારા વિના ઝૂરી ઝૂરીને મરું છું. હે સિદ્ધાર્થ! વહાલા સિદ્ધાર્થ! હવે ઘેર પાછા આવો! મારા ઓષ્ઠ આપની રાહ જુએ છે."

પણ શાક્ય મુનિએ કહ્યું: "હે માયાવી આકાર! યશોધરાનો ઢોંગ કરનાર હે માયાવી રૂપ! તારું માયાવી સ્વરૂપ હું સમજું છું. જા, વીખરાઈ જા અને તારા દ્રવ્યમાં ભળી જા." આ શબ્દો ઉચ્ચારતાંજ તે બધાં રૂપો વીખરાઈ ગયાં. સદ્ગુણરૂપી દીવાલોથી બંધાયેલા કોટમાં શાક્ય મુનિ અડગ બેસી રહ્યા. આ બધા તોફાનમાં બોધિવૃક્ષ પણ અચળ રહ્યું.

રાત્રિનો પ્રથમ પ્રહર વીતી ગયો. દુર્ગુણોરૂપી દુષ્ટ નિશાચરો ન ફાવવાથી પોતપોતાને સ્થાને ગયા. પૃથ્વી શાંત થઈ. તે વખતે શાક્ય મુનિ પ્રથમ 'સમસંબુદ્ધ' થયા. તેમનાં દિવ્યચક્ષુ ઊઘડી ગયાં, જેના બળથી પાછળ ને પાછળ છેક પોતાના પાછલા પાંચસો ભવ દેખાયા, ત્યાંસુધી તે દૃષ્ટિ દોડી અને તેની સાથે છેક હલકી સ્થિતિમાંથી તે 'બુદ્ધ'ની સ્થિતિ સુધી જીવનનાં પગથિયાં એક-બીજા સાથે શી રીતે સંકળાયેલાં છે, તે પણ તેમના જ્ઞાનની દૃષ્ટિ-મર્યાદામાં આવી ગયું. પૂર્વભવોમાં વાવેલાં બીજ તે પછીના ભ-વોમાં ફળ આપે છે, દરેક ભવમાં સારાનું ફળ સારું આવે છે અને ખરાબનું ફળ ખરાબ આવે છે, મરણ તે લેણાદેણાનો હિસાબ કરવાનો વખત છે, આ ગણતરી એવી ચોકસાઈથી ચાલે છે કે, એક રતિ માત્રનો તેમાં ફેર પડતો નથી—આ સર્વ મહાન સિદ્ધાં-તોનું શાક્ય મુનિ—બુદ્ધ ભગવાનને પ્રથમ અનુભવયુક્ત જ્ઞાન થયું.

હવે રાત્રિના બીજા પ્રહરમાં શ્રીશાક્યસિંહને આખા વિશ્વના જીવોના ભવોનું જ્ઞાન થયું અને મનુષ્યજાતિ ભણી નજર કરતાં તેમને લાગ્યું કે, પ્રાણીઓ તેમજ મનુષ્યો, નરકના જીવો તેમજ દેવતાઓ બધા દુઃખથી રિબાય છે, પીડાય છે, વેદના ભોગવે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે બધા આમ થવાનું કારણ ન સમજવાથી ફરી ફરીને દુઃખ ઉત્પન્ન કરનારાં કારણોને જન્મ આપે છે અને દુઃખી થાય છે. આ જન્મમરણનું ચક્ર નિયમિત રીતે ચાલ્યા કરે છે અને તે ચક્ર તળે પ્રાણીમાત્ર આવી જાય છે.

રાત્રિના ત્રીજા પ્રહરમાં આ જન્મમરણ શાથી ઉત્પન્ન થાય છે, તેનું નિદાન શોધી કાઢયું. પ્રથમ તો વૃદ્ધાવસ્થા અને મરણ શાથી આવે છે, તેનો વિચાર કરતાં જણાયું કે, જ્યાં શરીર છે ત્યાં વૃદ્ધાવસ્થા અને મરણ એ તો તેનો ધર્મજ છે. ત્યારે શરીર શાથી આવ્યું ? તેનો વિચાર કરતાં દિવ્યચક્ષુથી ભગવાન બુદ્ધે જોયું કે, પૂર્વજન્મમાં કરેલાં કાર્યો, વચનો અને વિચારોને લીધે આ શરીર મળ્યું. ત્યારે પૂર્વભવમાં શા સારુ કર્મો કર્યાં ? તે કર્મો કરાવનાર ઉપાદાન છે. ઉપાદાન શાથી ઉત્પન્ન થયું ? તૃષ્ણાથી. તૃષ્ણા ક્યાંથી ઉત્પન્ન થઇ ? વેદનાથી. વેદના છ પ્રકારના સ્પર્શથી ઉત્પન્ન થાય છે.*

સ્પર્શ શાથી ઉત્પન્ન થાય છે ? નામરૂપથી. નામરૂપ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? વિજ્ઞાનથી. વિજ્ઞાન ક્યાંથી ઉદ્‌ભવે છે ? અવિદ્યાથી માટે વૃદ્ધાવસ્થા અને મરણનું અંતિમ કારણ અવિદ્યા છે. આ સિદ્ધાંતનો બુદ્ધ ભગવાનને સાક્ષાત્કાર થયો.

* જુદા જુદા પ્રહરોમાં બુદ્ધદેવને થયેલા સાક્ષાત્કારો સામાન્ય વાચકોને ગમે તેવા નિર્માલ્ય કે સામાન્ય જણાય; પરંતુ એ વાતનો ખ્યાલ ભૂલવો જોઇતો નથી. એક તો જે સત્યો આપણે પુસ્તકોમાંથી અને વિદ્‌જ્જનોના મુખથી શીખીએ છીએ તેની આપણને કાંઇ કિંમત હોતી નથી, પણ તેજ સત્યો જો આપણે આપબળથી શોધી કાઢીએ અને તેનો સાક્ષાત્કાર કરીએ તો આપણને અપૂર્વ આનંદ મળે; બીજી વાત એ છે કે, મહાત્મા બુદ્ધદેવને જે જે સૂક્ષ્મ બાબતોનું જ્ઞાન થયેલું તે બધું કાંઇ સ્થૂળ ભાષામાં મૂકી શકાય નહિજ અને તેને ઝીલનાર પણ તેમના જેવા અધિકારી હોય તોજ ઝીલી શકે. માટે આ પુસ્તકમાં લખ્યું છે તેટલુંજ જ્ઞાન મળ્યું હશે એમ ન સમજવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આ દિવ્ય રાત્રિના ચોથા અને છેલ્લા પ્રહરમાં બુદ્ધ ભગવાને ચાર ઉમદા સત્યો શોધી કાઢયાં. દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો નાશ છે અને તે નાશ કરવાના ઉપાયો પણ છે.

બીજા દિવસનો પ્રાતઃકાળ થતાં પહેલાં શાકય મુનિના મનનાં દ્વાર પૂરી રીતે વિકસેલા કમળની માફક ખુલ્લાં થઇ ગયાં! શાકય મુનિ 'બુદ્ધ' થયા; જગદુદ્ધારક મહાપુરુષ વિજયવંત થયા, સર્વજ્ઞ થયા, ત્રિકાળજ્ઞાની થયા, સત્યનો પ્રકાશ અનુભવવાની વચમાં આવતાં આવરણોથી મુક્ત થયા!

જે સમયે શાકય મુનિ 'બુદ્ધ' થયા તે સમયે આખા વિશ્વની કેવી સ્થિતિ થઇ, તેનું વર્ણન કરતાં અર્હત્ અશ્વઘોષ જણાવે છે કે, "આખું વિશ્વ આજે શાંત અને પ્રકાશમાન હતું. સઘળા દેવો, નાગરાજાઓ અને બીજા દિવ્ય શક્તિધારકો આકાશમાં દિવ્ય દુંદુભિ વગાડવા લાગ્યા અને તેઓના નિયમો પ્રમાણે પુષ્પ વગેરેની વૃષ્ટિ કરવા લાગ્યા. પ્રાણીઓ પરસ્પર વિરોધ ભૂલી શાંતિમાં રહેવા લાગ્યાં. તે વખત ભય અને ત્રાસ તદ્દન અદૃશ્ય થયા. કોઇનામાં દ્વેષનો વિચાર રહ્યો નહિ. દુઃખ અને ગરીબાઇ ઓછાં થવા લાગ્યાં. જ્ઞાનનો સૂર્ય વિકસિત થવા લાગ્યો. દેવોને તે સમયે એટલો બધો આનંદ થયો કે, તેમના આનંદનો પડઘો મનુષ્યોએ ઝીલ્યો અને મનુષ્યો પણ આનંદસાગરમાં ડૂબવા લાગ્યાં. તે પ્રાતઃકાળમાં એટલી બધી શાંતિ આખા વિશ્વમાં વ્યાપી રહી કે, કસાઇએ પોતાનો છરો સંતાડયો; ચોરે પોતાની લૂંટ પાછી મૂકી; વેપારીને દગો કરવા તરફ અભાવ થયો; ક્રૂર હૃદયો નમ્ર બન્યાં અને નમ્ર હૃદયવાળા વિશેષ નમ્ર બન્યા; લડવાને તૈયાર થયેલા રાજાઓએ શાંતિનું કહેણ મોકલ્યું; માંદા મનુષ્યો હસતા હસતા પથારીમાં કૂદી ઊભા થયા અને મરવાની તૈયારીવાળા મનુષ્યો પણ આ શુભ પ્રાતઃકાળ ઉદય થયો છે એ વિચારથી આનંદ પામ્યા. સિદ્ધાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારની પથારી પાસે ઉદાસ ચહેરે બેઠેલી યશોધરાના હૃદયમાં પણ આનંદના ફુવારા ફૂટવા લાગ્યા. દેવોએ કહ્યું: "કામ પૂર્ણ થયું છે, કામ પૂર્ણ થયું છે!" અને એ શબ્દોના રણકારાએ જગતના લોકોને જણાવ્યું કે, "આજે મોટો ચમત્કારિક અને આનંદજનક બનાવ બનવા પામ્યો છે."

તે બોધિવૃક્ષ તળે બુદ્ધ ભગવાન સાત દિવસ ને સાત રાત્રિ સુધી જરા પણ હાલ્યાચાલ્યા સિવાય ધ્યાનગ્રસ્ત દશામાં સ્થિર બેસી રહ્યા. તેમનું મન શાંત હતું. કોઈ પણ પ્રકારની આશા–તૃષ્ણા હવે રહી ન હતી. જે પ્રાપ્ત કરવા યોગ્ય હતું તે મળી ચૂક્યું હતું અને તેમના જીવનનો ઉચ્ચમાં ઉચ્ચ જે ઉદ્દેશ હતો તે પણ આજે પૂર્ણ થયો હતો. તે વખતે પ્રથમ તેમના મુખમાંથી આ ઉદ્ગાર નીકળ્યા:

"હું લાંબા વખતથી આ શરીરરૂપી ઘરમાં કેદ પુરાયો છું. આ દુઃખરૂપ કેદખાનું બનાવનારને હું હમેશ શોધતો હતો; મારો પ્રયત્ન મહાન હતો, પણ અત્યાર સુધી તે વૃથા ગયો હતો. પરંતુ આજે તો, હે શરીરને રચનાર! આજે તો મેં તને ઓળખી કાઢયો છે. આ દુઃખરૂપી દીવાલો તું કદાપિ ફરીથી ઊભી કરી શકીશ નહિ. આજે આ તારું ઘર ભાગી ગયું છે. તેના પાયા જડમૂળથી ઊખડી ગયા છે. અવિદ્યાએ બાંધેલું ઘર જ્ઞાનથી વિલય થયું છે. હવે હું તે ઘરમાંથી મુક્તિ તરફ ચાલ્યો જાઉં છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ९ मुं–धर्मप्रचार (धर्मचक्र प्रवर्तन)

બુદ્ધ ભગવાને હવે આખા વિશ્વ તરફ દૃષ્ટિ ફેરવી અને તેમને આખું વિશ્વ દુઃખના મહાસાગરમાં ડૂબેલું જણાયું. આથી તેમનો દયામય જાતિસ્વભાવ પૂર્ણ જોસમાં સ્ફુરી નીકળ્યો. આ સદ્‌જ્ઞાનથી લોકોનું કલ્યાણ કરવાની સ્વાભાવિક વૃત્તિ પણ થઈ. જગતના નિષ્કારણ બંધુ એવા બુદ્ધ ભગવાનને, આ જગતનું અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનપ્રકાશ આપવા સિવાય બીજું શું સૂઝે ? આ સર્વ દુઃખનો સંહાર કરનાર ધર્મ ફેલાવવાની ભાવના વ્યાપી રહી, પણ આજુબાજુના લોકોની સ્થિતિ જોઈ તેમણે વિચાર્યું કે, લોકો પ્રાયશ્ચિત્ત, બલિદાન, ક્રિયાકાંડ અને મંત્રતંત્રમાં આસક્ત થયેલા છે, તેઓ શું આત્મસંયમ અને ભૂતદયા ઉપર રચાયેલા આ ધર્મને અંગીકાર કરશે ? મનુષ્યો આ ધર્મનું માહાત્મ્ય સમજશે કે નહિ તેવો પ્રશ્ન ઊઠ્યો. પણ બુદ્ધ ભગવાનની દયા અનુપમ હતી. નરનારીનું અને પશુપંખીઓનું દુઃખ વિચારી છેવટે ધર્મનો બોધ કરવાના નિશ્ચય ઉપર તે આવ્યા.

પ્રથમ તો પોતાના પ્રાચીનગુરુ આરાડકાલામને નવા ધર્મમાં દીક્ષિત કરવાનો નિશ્ચય કર્યો; પરંતુ તે તો આ લોક છોડી ગયા છે, એમ સાંભળી ઉદ્રક રામપુત્ર પાસે પોતાનો ઉપદેશ કરવા ઇચ્છ્યું. પણ તે પણ આ લોકમાં નથી, એવા સમાચાર મળવાથી પ્રથમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પાંચ સહાધ્યાયીને આ નવા સત્યનો બોધ આપવાનું ધારી કાશીથી ઉત્તરે ત્રણ માઇલ ઉપર આવેલા મૃગદાવ× તરફ બુદ્ધ ભગવાન ચાલ્યા. કાશી તરફ જતાં ઉપક નામના એક દિગંબર જૈનસાધુ બુદ્ધ ભગવાનને મળ્યા. તે બુદ્ધ ભગવાનની અપૂર્વ કાંતિ અને આનંદિત મુખ જોઈ ચકિત થયા અને પૂછવા લાગ્યા: "તમારા ગુરુ કોણ છે? તમે કોને હાથે દીક્ષા લીધી?"

બુદ્ધ ભગવાને જવાબ આપ્યો: "મારો કોઇ ગુરુ નથી, મને શાંતિ મળી છે. ધર્મનું સામ્રાજ્ય સ્થાપન કરવાને હું કાશી તરફ જાઉં છું. જેઓ પાપ અને મૃત્યુના અંધકારમાં દટાયલા છે, તેમને માટે હું ત્યાં જીવનનો દીપક પ્રકટાવીશ."

ઉપકે પૂછ્યું: "શું તમે આખા જગતને જીતનાર 'જીન છો?" બુદ્ધ ભગવાને જવાબ આપ્યો: "જેઓએ આત્મા અને મનોવિકારો ઉપર જય મેળવ્યો છે તેઓ 'જીન' છે. જેઓ વિકારોને જીતે છે અને પાપથી દૂર રહે છે, તેઓજ ખરા 'જીતનારા' છે. મેં 'હુંપણા' પર જય મેળવ્યો છે અને સઘળાં પાપોનો નાશ કર્યો છે; એ અપેક્ષાએ મને 'જીન' કહેતા હો તો હા, હું 'જીન'જ છું."

પછી તે કાશી ગયા, જ્યાં મૃગવન(અપરનામ ઈસીપટન)માં કૌંડાયન અને તેના ચાર સોબતીઓને જોયા. તેઓએ બુદ્ધ ભગવાનને પોતાની તરફ આવતા જોઈ પરસ્પર વિચાર કર્યો કે, "આ મનુષ્યે વ્રતભંગ કર્યો છે, માટે તેને ગુરુ તરીકે સંમાન આપવું નહિ અને તેનું નામ દઇને બોલાવવો. તે આવે ત્યારે આપણે ઊભા થવું નહિ, તેને નમસ્કાર કરવા નહિ અને તેનો આદરસત્કાર કરવો નહિ." આ પ્રમાણે પરસ્પર વિચાર કરીને તેઓ પોતપોતાના આસને

× આ જગાએ ઇ. પૂ. ત્રણસો વર્ષ ઉપર અશોકે એક મંદિર બનાવ્યું હતું. હાલ તેનાં ભાગેલાં ખંડેરો જણાય છે. એ જગ્યાને હાલ સારનાથ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠા. હવે બુદ્ધ ભગવાન ધીમેથી તેમના તરફ આવવા લાગ્યા. આ પાંચે જણ પોતાની પ્રતિજ્ઞા વિરુદ્ધ એકાએક ઊભા થયા અને તેમને આસન આપ્યું, વંદન કર્યું અને ગુરુને યોગ્ય સર્વ પ્રકારનું સંમાન આપ્યું; પણ તે બુદ્ધ ભગવાનને તેઓએ ગૌતમ કહીને બોલાવ્યા. તે સમયે બુદ્ધ ભગવાને તેમને કહ્યું: "મારા ખાનગી નામથી મને બોલાવતા નહિ; જે 'અર્હત્' થયા હોય તેમને ખાનગી નામથી બોલાવવા તે અસભ્ય કહેવાય. લોકો મને માન આપે કે ન આપે તે બાબત મારું મન ઉદાસીન છે, અર્થાત્ મને તેવી બાબતની કાળજીજ નથી; પણ જે મનુષ્ય સર્વ જીવો ઉપર સમભાવદૃષ્ટિથી જુએ છે, તેને તેના ખાનગી નામથી બોલાવવો તે લોકોને માટે સભ્ય ગણાય નહિ. બુદ્ધો આખા વિશ્વના ઉદ્ધારનો માર્ગ દર્શાવે છે, માટે જેવી રીતે બાળકો પોતાના પિતાને માન આપે છે, તેવી રીતે બુદ્ધોને માન આપવું જોઇએ." એમ કહી બુદ્ધ ભગવાને પૂર્ણ અનુકંપાબુદ્ધિથી આ પાંચ શિષ્યોને ઘણો બોધ આપ્યો; પણ અભિમાન અને અજ્ઞાનને લીધે તેઓએ તે ઉપદેશ લક્ષમાં લીધો નહિ. તેઓએ કહ્યું કે, "પ્રથમ તમે તપશ્ચર્યા કરતા હતા, પણ પાછળથી તે મૂકી દીધી; તો પછી મન, વચન અને શરીર ઉપર સંયમ રાખ્યા સિવાય તમે કેવી રીતે 'બુદ્ધ' થયા?" બુદ્ધ ભગવાને શિષ્યોની આશંકા દૂર કરવા આ પ્રશ્નનો લાંબો જવાબ આપ્યો. આ જવાબ એજ બુદ્ધદશા પ્રાપ્ત થયા પછી કરાયલો પહેલવહેલો ઉપદેશ હતો. તેમણે શાંતિથી જવાબ વાળ્યો: "હે સત્યશોધકો! આ વિશ્વમાં બે માર્ગ છે. કેટલાક કેવળ તપશ્ચર્યા કરી શરીરને સૂકવી નાખે છે અને ખરું કહીએ તો શરીરને મારી નાખે છે; જ્યારે બીજા કેટલાક ખાન-પાનમાં અને ઇન્દ્રિયોના વિલાસના ઉપભોગમાં મગ્ન રહે છે. આ બન્ને માર્ગ સદ્‌જ્ઞાનનો અભાવ સૂચવે છે અને આ માર્ગથી કદાપિ મુક્તિ મળી શકે નહિ. શરીરથી જીર્ણ બનેલો ભક્ત શરીરને વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કષ્ટ આપે છે અને તેથી તેનું મગજ પણ નિર્બળ બને છે, જેથી તેના વિચારો ગૂંચવણભરેલા થાય છે. આથી તેને સાંસારિક બાબતોનું પણ જ્ઞાન મળતું નથી; તો પછી ઇન્દ્રિયો પર જય મેળવવાનું જ્ઞાન તો ક્યાંથીજ મળે? જે મનુષ્ય જળના દીપકથી અંધકારનો નાશ કરવા મથે છે, તે કદાપિ ફતેહમંદ થતો નથી; તેજ રીતે ઘસાઈ ગયેલા શરીરથી જ્ઞાનદીપક પ્રકટાવવા ઇચ્છનાર પણ વિજયવંત થતો નથી; તેમજ તેનું અજ્ઞાન પણ નાશ પામતું નથી. જ્ઞાન મેળવવામાં આ તપશ્ચર્યા એ કાંઇ એકનું એકજ સાધન નથી પણ આ સાથે એ પણ સ્મરણમાં રાખવું જોઇએ કે ઇન્દ્રિયોના વિષયોમાં તલ્લીન રહેવું તે પણ ખોટું છે. જ્ઞાનના પ્રકાશ સામે આ એક મોટી આડી દીવાલ છે. વિષયી મનુષ્ય સૂત્ર કે શાસ્ત્ર પણ ન સમજી શકે તો દુર્જય તૃષ્ણાનો નાશ કરવાનો માર્ગ તો સમજેજ ક્યાંથી? કોઇ અજીર્ણના રોગથી પીડાતો મનુષ્ય દુઃખ મટાડવા ન પચે તેવો ખોરાક ખાય છે અને પોતાના દુઃખમાં ઉમેરો કરે છે, તેવી રીતે વિષયોના ઉપભોગથી વિષયનો નાશ કરવા ઇચ્છનાર પણ તેવાજ પ્રકારની ભૂલ કરી વિશેષ દુઃખી થાય છે. આ બન્ને એકદેશીય માર્ગનો ત્યાગ કરી મેં મધ્યમ માર્ગ ગ્રહણ કર્યો છે. આથી સર્વ દુઃખનો અંત આવે છે અને પરમ શાંતિ મળે છે. આથી સઘળું અજ્ઞાન નાશ પામે છે અને સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશવાળું જ્ઞાન સ્ફુરી નીકળે છે. જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવાને મેં ઉમદા અષ્ટવિધ માર્ગ શોધ્યો છે. સદ્‌શ્રદ્ધા, સદ્‌વિચાર, સદ્‌વચન, સદ્‌વર્તન, ગુજરાનનાં સદ્‌સાધનો, સદ્‌ઉદ્યમ, સતસ્મૃતિ અને સતસમાધિ એ આઠ પ્રકારે ધર્મ થાય છે. જેઓ આ માર્ગ અંગીકાર કરે છે, તેઓ દુઃખના પાશમાંથી હમેશને માટે છૂટા થાય છે. તૃષ્ણાનો અંત આણવાને આ માર્ગ જેવો બીજો કોઇ ઉત્તમ માર્ગ નથી. જે ચાર મહાન સત્યો આખા જગતે જાણવા યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે આ છેઃ-દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો નાશ થઇ શકે છે, અને નાશ કરવાનાં સાધનો છે. જરા, વ્યાધિ અને મરણ દુઃખરૂપ છે. જીવનતૃષ્ણા અને ઇન્દ્રિયજન્ય તૃષ્ણા એ દુઃખનાં કારણો છે. આ તૃષ્ણાનો નાશ કર્યાથીજ દુઃખનો નાશ થાય છે અને તે તૃષ્ણાનો નાશ કરવાનો ઉપર જણાવેલો અષ્ટવિધ માર્ગ છે. આ ચાર ઉમદા સત્યો ગુરુના ઉપદેશથી અથવા શાસ્ત્રશ્રવણથી જાણવામાં આવ્યાં નથી, પણ તેનો અનુભવ થયો છે; તેનું દર્શન થયું છે.*" આ ધર્મોપદેશ સાંભળીને કૌંડાયનનાં જ્ઞાનચક્ષુ ખૂલ્યાં. મહાન સત્યોનું તેને દર્શન થયું, તેના સઘળા સંશયો નાશ પામ્યા અને તે બુદ્ધ ભગવાનનો પ્રથમ શિષ્ય થયો. જ્યારે કૌંડાયનને શિષ્ય થયેલો જોયો અને તેના મુખ પર આ નવીન ધર્મ જાણવાથી આવેલો પ્રકાશ તથા આનંદ જોયો, ત્યારે ધીમે ધીમે તેના બીજા ચાર સોબતીઓ ભદ્ર, મહાનામ, અશ્વજિત અને વાશ્પ પણ બુદ્ધ ભગવાનના શિષ્યો થયા. આ પાંચે શિષ્યો મહા પ્રતાપી નીવડ્યા. આ વખતે કાશીના એક સદ્‌ગૃહસ્થનો પુત્ર સંસારથી વૈરાગ્ય પામી રાત્રે ઘરમાંથી નાસી જતો હતો. તે બોલતો હતો કે "અફસોસ! અફસોસ! આ જગતમાં કેટલી મોટી દુઃખની પરંપરા છે!" બુદ્ધ ભગવાન, જે રાત્રે પણ જાગતા હતા, તેઓ બોલી ઊઠ્યાઃ "દુઃખ શું? અહીં આવ, અહીં વિશ્રાંતિની જગ્યા છે – અહીં દુઃખમાંથી મુક્ત થઇ નિર્વાણ પદે પહોંચવાનો માર્ગ છે." તે તેમની પાસે ગયો અને આ તથાગતના મુખનો ઉપદેશ સાંભળી શાંતિ પામ્યો. તે જ્યારે રાત્રે ઘરમાંથી બહાર નીકળ્યો, ત્યારે તેણે જે આભૂષણો પહેર્યાં હતાં, તે બધાં શરીર પરજ હતાં, પણ તેનું મન

---

* બુદ્ધ ભગવાનના આ પ્રથમ વ્યાખ્યાનને 'ધર્મચક્રપ્રવર્તન'-નું નામ શાસ્ત્રકારોએ આપેલું છે. સદ્ધર્મના ચક્રને ગતિમાં મૂકવાથી તે નામ યથાર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે આ ઉપદેશ સાંભળી ખરેખરું તૃષ્ણાના પાશથી છૂટું બનેલું હતું. બીજા ભવમાં વાવેલા પુણ્યના ફળરૂપે તે થોડા સમયમાં અર્હંતદશા પામ્યો અને ધર્મ સાંભળતાંજ તે સમજી ગયો. તેણે બુદ્ધનો ધર્મ સ્વીકાર્યો, પણ તેના શરીર પર હજુ આભૂષણો હતાં તેથી તે શરમાયો. બુદ્ધ ભગવાન તેના મનનો આશય સમજી ગયા અને તેને આ પ્રમાણે કહ્યું. "મનુષ્યે આભૂષણો પહેર્યાં હોય, છતાં સઘળા જીવો ઉપર સમભાવવૃત્તિ રાખીને તેના હૃદયે ઈન્દ્રિયો પર જય મેળવ્યો હોય તો તે શ્રમણ બની શકે છે. આવી સ્થિતિમાં બાહ્ય દેખાવને લીધે ધર્મમાં અસર થતી નથી અને શરીર શ્રમણનો વેશ ધારણ કરે, છતાં હૃદય સાંસારિક વિચારોમાં લીન હોય એ પણ બનવા જોગ છે. મનુષ્ય જંગલમાં રહે છે, છતાં જો દુનિયાની વસ્તુઓની ઇચ્છા કર્યા કરે તો તે સંસારીજ છે. વેશ સંસારી હોય છતાં તેનું મન ઉચ્ચ વિચારોમાં રમતું પણ હોય. 'હુંપણાનો' વિચાર દૂર કરવામાં આવે ત્યાં સંસારી તેમજ શ્રમણ બન્ને એકસરખા છે. પણ જો હૃદય વાસનાઓથી લપટાયેલું હોય તો બાહ્ય ફેરફારથી લાભ શો? જે લશ્કરી ચાંદ પહેરે છે, તે એમ સૂચવે છે કે તેણે શત્રુઓને હરાવ્યા છે, તેમ જે શ્રમણનો વેશ પહેરે છે તેણે પણ દુઃખરૂપ શત્રુને હરાવેલો હોવો જોઈએ." આ શબ્દો બોલીને બુદ્ધ ભગવાને તેને દીક્ષા લેવા સૂચવ્યું. તરતજ તેનાં આભૂષણો વગેરે બદલાઈ ગયાં અને અંદરથી જેવો તે શ્રમણ હતો તેવો બહારથી પણ થઇ ગયો.

આ યશને તેની જુવાનીના વખતમાં ચોપન હલકા મિત્રો હતા. તેઓએ યશને શ્રમણના વેશમાં જોયો ત્યારે તેઓ પોતાના દુર્ગુણોનો ત્યાગ કરીને ધીમે ધીમે બુદ્ધના શિષ્યો થયા અને જ્ઞાન મેળવવા લાગ્યા. જ્યારે વર્ષાઋતુ પૂરી થઇ અને જુદે જુદે સ્થળે વિચરવાનો સમય આવ્યો, ત્યારે બુદ્ધ ભગવાને આ સાઠ શિષ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકઠા કરીને આ પ્રમાણે ઉપદેશ આપ્યો: "હે ભિક્ષુકો! તમે જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવાનો માર્ગ જાણ્યો છે; નિર્વાણ સુધી વહેતા ઝરામાં તમે પગ મૂક્યો છે. તમે હવે કલ્યાણને સારુ વિશ્વ તરફની દયા ખાતર, દેવતાઓ અને મનુષ્યોના લાભ માટે દેશેદેશ વિચરો! હે ભિક્ષુકો! જે સિદ્ધાંત આદિમાં પ્રકાશિત છે, મધ્યમાં પ્રકાશિત છે અને અંતમાં પણ પ્રકાશિત છે, તેનો ઉપદેશ કરો! પરમ પવિત્ર અને સંપૂર્ણ શુદ્ધ જીવન ગાળવાને લોકોને જણાવો. એવા ઘણાએક પુરુષો છે કે જેમનાં જ્ઞાનચક્ષુ ઉપર થોડુંજ અંધકારનું પડળ રહ્યું છે, પણ જો તેમને આ ઉત્તમ સિદ્ધાંતનો ઉપદેશ ન આપવામાં આવે તો તેઓ રક્ષણ કરનારા જ્ઞાનથી બેનસીબ રહી જાય. તેવાઓ આ સિદ્ધાંત જાણવા–સમજવા પામે એટલા માટે તમે સર્વે જુદી જુદી દિશામાં કેવળ દયાભાવથી વિચરો, અને હું પણ ઉરુબિલ્વ જંગલ પાસે આવેલા સેનાની ગામ તરફ જાઉં છું."

આ શબ્દોથી ઉત્તેજિત થઈ તે સાઠ શિષ્યો જુદા જુદા દેશ તરફ ઉપદેશ આપવા નીકળી પડ્યા અને ઉરુબિલ્વના જંગલ તરફ બુદ્ધ ભગવાન ગયા. ત્યાં કાશ્યપ નામના પવિત્ર બ્રાહ્મણઋષિ પોતાના પાંચસો શિષ્યો સાથે રહેતા હતા, જેઓ અગ્નિહોત્ર આદિ ક્રિયાકાંડમાંજ મગ્ન રહેતા હતા. તેમને વેદસંબંધી જ્ઞાન પણ પુષ્કળ હતું, તેથી તે સઘળા પ્રદેશોમાં તેમની કીર્તિ વ્યાપી રહી હતી. બુદ્ધ ભગવાન તે મહાન ઋષિને સદ્બોધ આપવાના હેતુથી તેના નિવાસસ્થાન તરફ આવ્યા. આ ઋષિના આશ્રમની પાસે એક અગ્નિકુંડ હતો, જ્યાં પ્રચંડ શક્તિવાળો એક મહા નાગ રહેતો હતો. બુદ્ધ ભગવાને એક રાત્રિ પડી રહેવાની તે કાશ્યપ પાસે જગા માગી. ત્યારે કાશ્યપે જવાબ આપ્યો: "રાત્રે તમને પડી રહેવા આપવાને મારી પાસે જગા નથી; ફક્ત આ એક અગ્નિકુંડની જગા છે, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદ્દન શીતળ અને રહેવાને વાસ્તે યોગ્ય છે, પણ એક ભયંકર સર્પ ત્યાં રહે છે, જે મનુષ્યોને તેની દૃષ્ટિમાંથી નીકળતી જ્વાળાના જોરથી મારી નાખે છે." બુદ્ધ ભગવાને જવાબ આપ્યો: "મને ત્યાંજ રહેવાની જગ્યા આપો; હું ત્યાંજ પડયો રહીશ." કાશ્યપ ઋષિએ ઘણી રીતે બુદ્ધ ભગવાનને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ બુદ્ધ ભગવાને તો તે ને તેજ માગણી કરી. છેવટે કાશ્યપે કહ્યું: "હું તકરાર કરવા માગતો નથી, મને તો ભય લાગે છે તેથી કહું છું, છતાં તમને જેમ યોગ્ય લાગે તેમ કરો." બુદ્ધ ભગવાન તે અગ્નિકુંડવાળી જગ્યામાં ગયા અને ધ્યાન કરવા બેઠા. તે વિકરાળ નાગે બુદ્ધ ભગવાનને જોઇને પોતાનું સઘળું બળ અજમાવ્યું અને તેની દૃષ્ટિમાંથી વિષ કાઢયું તેમજ મુખમાંથી અગ્નિની જ્વાળાઓ બહાર ફેંકી, પણ બુદ્ધ ભગવાનને એથી બિલકુલ અસર થઇ નહિ. અગ્નિએ ચારે પાસે પોતાનું કામ કર્યું અને સઘળું મકાન બળી ગયું. જેમ કલ્પાંત કાલના અગ્નિની વચમાં બ્રહ્મા સ્થિર અને અચળ રહે છે, તેમ આ ચારે પાસે નીકળતી અગ્નિની જ્વાળામાં બુદ્ધ ભગવાન સ્થિર અને અડગ રહ્યા. જ્યારે નાગે બુદ્ધ ભગવાનના મુખ પર પરમ શાંતિ જોઇ અને આ જ્વાળાઓથી પણ તેમને અસર ન થયેલી જોઇ, ત્યારે તે નાગ શાંત થયો, તેણે પશ્ચાત્તાપથી પોતાનું માથું નમાવ્યું અને વંદન કર્યું.

આ તરફ કાશ્યપ ઋષિ જ્વાળાઓથી લાગેલી આગને જોઇને ચિંતા કરવા લાગ્યા કે, સાંજે આવેલો પ્રતાપી પુરુષ જરૂર બળી ગયો. પ્રાતઃકાળમાં તે ઋષિ અને તેમના શિષ્યો તે જગ્યા ઉપર આવ્યા, જ્યાં તેમણે બુદ્ધ ભગવાનને સમાધિમાં બેઠેલા જોઇ અને તે પ્રચંડ શક્તિવાળા નાગને પાત્રમાં રમતો જોઇ અત્યંત સાનંદાશ્ચર્ય અનુભવ્યું અને તેઓ બુદ્ધ ભગવાનની શક્તિનાં વખાણ કરવા લાગ્યા. તથાપિ 'હું સર્વનો પ્રભુ છું, અને સર્વ જાણું છું' એવો કાશ્યપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિનો અહંકાર દૂર ન થયો. બુદ્ધ ભગવાન કેટલાક સમય સુધી ત્યાં રહ્યા અને ધીમે ધીમે પોતાના જ્ઞાનબળથી તેના વિચારોને ફેરવી શકયા એટલે તેનો સર્વજ્ઞપણાનો મદ ટળી ગયો અને બુદ્ધ ભગવાનરૂપ સૂર્ય આગળ પોતે ખદ્યોતસમાન છે, એમ તેને લાગવા માંડયું. બુદ્ધ ભગવાનનાં ઉપદેશેલાં સત્યોમાં શ્રદ્ધા થવાથી અંતે તે શિષ્ય થયો અને તેની સાથે તેના પાંચસો શિષ્યો પણ બુદ્ધના સાધુ થયા. કાશ્યપ ઋષિએ તે પછી પોતાનો સઘળો સરસામાન અને યજ્ઞનિમિત્તનાં વાસણો વગેરે પાસે વહેતી નદીમાં ફેંકી દીધાં, જે નદીના જળમાં તરવા લાગ્યાં. આ બધો બનાવ જોઇને તે નદીના મુખ તરફ રહેતા તે કાશ્યપ ઋષિના બે ભાઇઓ જેમનાં નામ નાદીકાશ્યપ અને ગયાકાશ્યપ હતાં-તેમણે ધાર્યું કે કાંઈ અવનવો બનાવ બનવા પામ્યો છે. તેથી તે બન્ને ભાઇઓ પોતપોતાના પાંચસો શિષ્યો સાથે ઉરુબિલ્વના જંગલમાં પોતાના ભાઇને શોધવા આવ્યા. તેઓએ પોતાના ભાઇને શ્રમણના વેશમાં જોયો. અપૂર્વ જ્ઞાન અને અદ્ભુત સિદ્ધિઓ પામેલા પોતાના ભાઇને જોઈને તેઓને અનેક વિચારો સ્ફુર્યા: "મોટા ભાઈ ભૂલ તો ન કરે, પણ તેમની માફક આપણે પણ આ માર્ગ અંગીકાર કરવો કે કેમ એવો વિચાર કરતા હતા. તે વખતે બુદ્ધ ભગવાન ગયાની પાસે ગંધહસ્તી પર્વત પર બેઠેલા હતા. રાજગૃહ તરફ જવાની ખીણ તેમની નજર આગળ દેખાતી હતી, તેવામાં સામેની ટેકરી ઉપર અગ્નિ પ્રકટ્યો. આ પ્રસંગનો લાભ લઈ બુદ્ધ ભગવાને તે ત્રણ ભાઇઓ અને તેમના દરેકના પાંચસો શિષ્યોને અગ્નિનો વિષય લઈ આ પ્રમાણે બોધ આપ્યો.

"મનુષ્ય જ્યાંસુધી અવિદ્યામાં ભમે છે, ત્યાંસુધી તે બાહ્ય વસ્તુના સંસર્ગથી હૃદયમાં ઉત્પન્ન થતા વિકારોરૂપી અગ્નિથી આ વનની માફક બળે છે. પાંચ ઇન્દ્રિયો અને હૃદયદ્વારા બાહ્ય વસ્તુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ મનુષ્યને અસર કરે છે. આંખ બાહ્ય વસ્તુ જુએ છે, તે જોવાથી સુખ, દુઃખ ઊપજે છે. હૃદયમાં કામ, ક્રોધ, લોભ વગેરેરૂપ અગ્નિ બળી રહેલો હોય છે, તે અગ્નિને બાહ્ય વસ્તુના સંસર્ગરુપ વેદનથી લાકડાં મળે છે. આંખની માફક બીજી ઇન્દ્રિયોનો પણ જ્યારે પદાર્થો સાથે સંસર્ગ થાય છે, ત્યારે આવુંજ પરિણામ આવે છે. પણ હે કાશ્યપ! જેઓ આ આત્મસંયમનો ધર્મ જેનું પ્રવેશદ્વાર આત્મશુદ્ધિ છે અને જેનું લક્ષ્ય વિશુદ્ધ પ્રેમ છે તે ધર્મ-ને પાળે છે, તેઓ જ્ઞાની બને છે. દુઃખનું મૂળ જે તૃષ્ણા તેનો આ રીતે અંત છે. તેઓ મેળવેલા જ્ઞાનબળથી વહેલા કે મોડા મુક્તિ-નિર્વાણ મેળવી શકે છે. ફરીથી જન્મ લેવાના દુઃખમાંથી તેઓ છૂટે છે, તેઓને જ્ઞાતિબંધન કે ક્રિયાકાંડ કે યજ્ઞયાગાદિના નિયમોની જરૂર રહેતી નથી; કારણ કે તેવા જ્ઞાનીઓ આ બંધનની પેલી પાર ગયેલા હોય છે."

આ ઉપદેશ સાંભળી બે કાશ્યપભાઈઓ અને તેમના એક હજાર શિષ્યોને અપૂર્વ શાંતિ મળી અને તેઓ બૌદ્ધ મત અંગીકાર કરી શ્રમણ થયા. તે પછી બુદ્ધ ભગવાને આ સઘળા શિષ્યોને ઇન્દ્રિયશુદ્ધિના બીજા કેટલાક નિયમો શીખવ્યા અને પછી બુદ્ધ ભગવાન આ શિષ્યો સાથે રાજગૃહી તરફ જવા નીકળ્યા; કારણ કે મગધ દેશના રાજા બિંબિસારને બોધિજ્ઞાન મળ્યા પછી, મળવા આવવાનું બુદ્ધભગવાને આપેલું વચન તેમના સ્મરણ બહાર ન હતું. રાજગૃહીમાં આવીને બધા યષ્ટિવનમાં ઊતર્યા.

બિંબિસારને આ વાતની જ્યારે ખબર પડી, ત્યારે તે પોતાના અનેક સામંતો, અમલદારો અને રાજકુટુંબ સાથે તેમના દર્શનાર્થે ગયો. રાજાએ બુદ્ધ ભગવાનને દૂરથી જોયા એટલે રથમાંથી ઊતર્યો અને પગે ચાલતો ગયો. તે રાજાએ મનથી વિચાર્યું કે, આ ત્રણ કાશ્યપભાઇઓને જેમણે પોતાના શિષ્યો બનાવી દીધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા આ પુરુષની શક્તિ કેટલી અગાધ હશે ?" રાજાના મનના વિચાર જાણી લઇને બુદ્ધ ભગવાને કાશ્યપને પૂછ્યું: "તમે અગ્નિની પૂજા કરવાનું છોડી દીધું તેથી તમને શો લાભ થયો?" આ શબ્દો સાંભળીને શ્રમણ કાશ્યપ ઊભા થયા અને પોતાના ગુરુને હાથ જોડી વંદન કરી આ પ્રમાણે કહેવા લાગ્યા: "હે ગુરો! આ અગ્નિહોત્ર કરવાથી જન્મમરણ અને તેનેજ લગતાં દુઃખોનાં ચક્રમાં હું પડ્યો હતો. મેં મારી શક્તિ પ્રમાણે અગ્નિહોત્ર વગેરે કર્યાં છે અને તે દ્વારા મેં ઇચ્છાઓનો નાશ કરવા પ્રયત્ન કર્યો, પણ તેથી ઊલટી ઇચ્છાઓ તો વૃદ્ધિ પામતી ગઇ; તેટલા માટે મેં તેનો ત્યાગ કર્યો છે. અગ્નિમાં બલિદાન આપવાથી જન્મથી છુટકારો મળ્યો નહિ અને જન્મની સાથે તેને લગતાં દુઃખોથી પણ મુક્તિ મળી નહિ, તેથી મેં બલિદાન વગેરેનો ત્યાગ કર્યો છે. હું શરીરને કષ્ટ આપવામાં 'એક્કો' હતો અને હું તે કામમાં સૌથી શ્રેષ્ઠ ગણાતો, છતાં મને પરમ જ્ઞાન મળ્યું નહિ. તેટલા માટે તે માર્ગ છોડી દઇને નિર્વાણનો–શાંતિનો માર્ગ મેં શોધ્યો છે. જન્મ, જરા, રોગ અને મરણમાંથી છોડાવનારું સત્ય મને હવે જડ્યું છે અને તેટલા વાસ્તે અગ્નિહોત્ર આદિ ક્રિયાઓ મેં તજી છે."

તે પછી શ્રમણ કાશ્યપ પોતે યોગબળથી મેળવેલી કેટલીક સિદ્ધિઓ બતાવે છે અને હવે લોકોનાં મન ધર્મ સાંભળવાને બરાબર યોગ્ય થયાં છે એમ જાણી બુદ્ધ ભગવાન અહંતાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે અને છેવટે ચાર મહાન સત્યો સરલ રીતે સમજાવે છે. આ વ્યાખ્યાનની એટલી બધી પ્રબળ અસર થાય છે કે, બિંબિસાર પોતાને બૌદ્ધધર્માનુયાયી તરીકે જાહેર કરે છે. મહાન કાશ્યપ બુદ્ધ ભગવાનના શિષ્ય થયા છે અને 'બિંબિસાર રાજાએ પણ તે બૌદ્ધધર્મ સ્વીકાર્યો છે' એ વાતની ખબર પડતાં બીજે દિવસે લોકોનાં ટોળેટોળાં બુદ્ધ ભગવાનને જોવાને અને નવો ધર્મ શું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાંભળવાને ઉત્કંઠા સહિત આવવા લાગ્યાં. જ્યારે મધ્યાહ્ન કાળે બુદ્ધ ભગવાન રાજગૃહી નગરમાં ભિક્ષા અર્થે આવ્યા, ત્યારે તે નગરના લોકો ટોળાબંધ તેમની પાછળ ભમવા લાગ્યા.

રાજાએ ઘણી ભક્તિ દેખાડી અને કહ્યું કે, "યષ્ટિવન, નગરથી દૂર છે, માટે આ પાસે આવેલા વેણુવનમાં આપ પધારો તો ઘણું સારું."

આ ઉપરથી બુદ્ધ ભગવાન પોતાના શિષ્યો સાથે વેણુવનમાં રહેવા આવ્યા. આ વેણુવનમાં તેમણે ઘણા ચાતુર્માસ ગાળ્યા હતા અને ઘણાં સૂત્રો પણ આજ સ્થળે આપ્યાં હતાં.

આ રાજગૃહીમાં બુદ્ધ ભગવાન રહ્યા તે દરમિયાન સારીપુત્ર, મૌદ્ગલાયન અને મૈત્રેયાણીપુત્ર નામના ત્રણ પ્રસિદ્ધ શિષ્યો તેમણે મેળવ્યા. એક દિવસ ભિક્ષાર્થે અશ્વજિત રાજગૃહી નગરમાં ફરતા હતા. તે અતિ સ્વરૂપવાન હતા અને તેમની ચાલવાની રીત પણ સામા મનુષ્યનું મન હરણ કરે તેવી હતી. હવે સારીપુત્ર, જે કપિલ નામના ઋષિનો શિષ્ય હતો, તેણે આ અશ્વજિતનું સૌંદર્ય અને ઉમદા દેખાવ જોઇને પૂછ્યું: "તમારા ગુરુ કોણ છે? અને તમે કયો ધર્મ પાળો છો? આ પ્રશ્નોનો જવાબ આપી મારી શંકા દૂર કરો." અશ્વજિતે જવાબ આપ્યો: "બુદ્ધ ભગવાન મારા ગુરુ છે. હું આ ધર્મમાં થોડા સમયથી દાખલ થયેલો છું. જ્ઞાનનો સૂર્ય થોડાજ સમયથી ઊગેલો છે, તેથી હું મહાન ગુરુનો ઉપદેશ શી રીતે સમજાવી શકું? છતાં મારા અલ્પ જ્ઞાન પ્રમાણે જણાવું છું કે, જે જે વસ્તુઓ છે, તે સર્વનું કારણ હોય છે. જન્મ, મરણનું પણ કારણ છે અને તે કારણ ચાર ઉમદા સત્યો અને અષ્ટવિધ માર્ગથી દૂર થઇ શકે છે." એમ કહી ટૂંકમાં તે ઉમદા સત્યો અને માર્ગનો ઉપદેશ કર્યો, જે સાંભળવાથી બૌદ્ધધર્મ પર તેની આસ્થા થઈ અને તે પોતાના મિત્ર મૌદ્ગલાયન પાસે ગયો. મૌદ્ગલાયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સારીપુત્રની માફક મોટો પંડિત ગણાતો હતો અને તે બન્નેને અનેક શિષ્યો હતા. તે બન્ને જણ બુદ્ધ ભગવાન પાસે ગયા, તેમનો શાંતિભર્યો ઉપદેશ સાંભળ્યો અને બુદ્ધ, સંઘ અને ધર્મ, એ ત્રણ 'શરણ' લીધાં અને સંસારનો ત્યાગ કરી 'શ્રમણ' થયા.

શિવશંકર નામનો એક બ્રાહ્મણપુત્ર જે વંશપરંપરાથી આવેલી યજ્ઞક્રિયા અને તે નિમિત્તે થતાં પશુઓનાં બલિદાન વગેરેથી કંટાળ્યો હતો અને તેના કાકાના પુત્રે તથા તેની સ્ત્રીએ તેનું ઘણું નુકસાન કરેલું હોવાથી તેમના પર અપ્રીતિ રાખતો હતો, તે બુદ્ધ ભગવાનનો દયાનો અને ક્ષમાનો ઉપદેશ સાંભળી ક્ષમાવાન થયો અને બૌદ્ધધર્મની દીક્ષા લઇ બુદ્ધના બાર મુખ્ય શિષ્યોમાંનો એક થયો. શિવશંકરે દીક્ષા લેતી વખતે પોતાનું નામ બદલી મૈત્રેયાણીપુત્ર એવું નામ રાખ્યું. તેણે બુદ્ધ ભગવાનનો ઉપદેશ સાંભળી પોતાના જીવનની સઘળી હકીકત જણાવી અને હું દીક્ષા લેવાને તૈયાર છું એમ પણ નિવેદન કર્યું, ત્યારે બુદ્ધ ભગવાને પૂછ્યું: "શું તારા હૃદયમાં દ્વેષનો અંશ પણ રહ્યો નથી એવી તારી ખાતરી છે? તારા કાકાના પુત્રની સ્ત્રીએ તારા પુત્રનું ખૂન કર્યું હતું, તે બાબત પણ શું તું તારા મનથી તેને ક્ષમા આપે છે? સઘળા જીવો માટે તને દયાભાવ છે? તને નુકસાન કરનારાઓ તરફ પણ પ્રેમ સિવાય બીજી વૃત્તિ તારા હૃદયમાં ઉદ્ભવતી અટકાવવાને તું સમર્થ થયો છે?" તેણે જવાબ આપ્યો: "હે નાથ! ખરેખર તેમજ છે. મારા કાકાના છોકરાની સ્ત્રીએ મને નુકસાન કર્યું છે, તેને મેં ક્ષમા આપી છે, હું તે વાતને ભૂલી ગયો છું, હું તેને મારી સઘળી દોલત આપી દઉં છું; કારણ કે હવે મને તેની જરૂર નથી. મારા જીવનમાં હવે એકજ ભાવના છે અને તે ભાવના સિદ્ધ થતાં હજારો વર્ષ વીતી જશે તોપણ હું તે જ્યાંસુધી સિદ્ધ નહિ થાય ત્યાંસુધી પ્રયત્ન કર્યા કરીશ, એવી હે પ્રભો! તમારા ચરણકમળમાં નમીને પ્રતિજ્ઞા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરું છું. જગતનો ઉદ્ધાર કરવાને, હે ગુરો! તમારી માફક મારી જાતને હું અર્પણ કરીશ; તમે મને દુ:ખમાંથી મુક્ત કર્યો છે અને શાંતિ આપી છે, તે શાંતિ હું આખા વિશ્વને આપી શકું તેવી સ્થિતિ મેળવતાં સુધી હું પ્રયત્ન ચાલુ રાખીશ."

બુદ્ધ ભગવાને ઘણા પ્રેમપૂર્વક જણાવ્યું: "જેવું તું કહે છે તેવુંજ થશે. હું બુદ્ધ તરીકે તારી પ્રતિજ્ઞા સ્વીકારું છું અને તે પ્રતિજ્ઞાનો કદાપિ ભંગ થશે નહિ અને તે પ્રતિજ્ઞા સફળ થશે." બુદ્ધ ભગવાને તેના માથા પર હાથ મૂક્યો અને તે તેમના પગે પડ્યો તેમજ મૈત્રેયાણીપુત્ર (બીજું નામ મૈત્રેયબલદાસ) એવું નામ ધારણ કરી દીક્ષા લીધી અને શ્રમણ થયો.

આ વેણુવનમાં બુદ્ધ ભગવાન રહેતા હતા, તે સમયે મહાકાશ્યપ નામનો એક બ્રાહ્મણ સંન્યાસી તેમનો શિષ્ય થયો; આ મહાકાશ્યપે સત્ય શોધવાને જગતમાં કીમતી ગણાતી સર્વ વસ્તુઓનો ભોગ આપ્યો અને બુદ્ધ ભગવાનના નિર્વાણ પછી અજાતશત્રુ રાજાના આશ્રય તળે રાજગૃહીમાંજ એક મોટી સભા મેળવી બૌદ્ધધર્મનાં બધાં સૂત્રો બીજા ભિક્ષુકોની મદદથી એકઠાં કર્યાં હતાં.

સારીપુત્ર અને મૌદ્ગલાયન પાછળથી બૌદ્ધધર્મમાં દાખલ થયા. તેમને વિશેષ યોગ્ય જાણી જે પદવી બુદ્ધ ભગવાને સંઘમાં આપી તેથી આગળના શિષ્યો નારાજ થયા. આ વાતની બુદ્ધ ભગવાનને જયારે ખબર પડી, ત્યારે તેમણે બધા ભિક્ષુકોને એકઠા કરી કહ્યું: "હે ભિક્ષુકો! નિર્વાણ મેળવવાને માટે જે માર્ગો મેં કહ્યા છે, તે સ્મરણમાં રાખો; તમે બીજી બાબતો ભૂલી જાઓ, તોપણ ટૂંકમાં યાદ રાખજો કે:—

सब्ब पापस्स अकरणम् कुसलस्स उपसम्पदा
सचित परियोदपणम् एतं बुद्धानुसासनम् ॥ धम्मपद ॥ १८३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સર્વ પ્રકારનાં પાપ નહિ કરવાં, કુશળ કામ કરવાં અને ચિત્તની શુદ્ધિ કરવી, એજ બૌદ્ધધર્મ છે. તમે શા માટે ઇર્ષ્યાથી ધર્મને ભૂલી જાઓ છો?" આ વાક્યોથી શિષ્યોનાં હૃદય શાંત થયાં, પણ આ વખતે બુદ્ધ ભગવાને સંઘની વ્યવસ્થા અને પવિત્રતા જાળવવા માટે કેટલાક નિયમો રચ્યા. આ નિયમોને 'પ્રતિમોક્ષ' કહે છે અને આ પ્રથમ મળેલી સભા 'શ્રાવકસંનિપાત' તરીકે ઓળખાય છે.

સારીપુત્ર અને મૌદ્ગલાયન પછી કેટલાક સમય સુધી નવા શિષ્યો નહિ થવાથી લોકોનો ઉત્સાહ ધીમે ધીમે ઘટવા લાગ્યો અને જ્યારે બુદ્ધના સાધુઓ ભિક્ષાર્થે નગરમાં જાય, ત્યારે લોકો તેમના તરફ અપમાનની દૃષ્ટિથી જોવા લાગ્યા; ત્યારે તે ભિક્ષુકોએ આવીને બુદ્ધ ભગવાનને સઘળી હકીકત નિવેદન કરી, તે ઉપરથી તેમણે કહ્યું: "હે ભિક્ષુકો! લોકો જેને અકલ્યાણનો માર્ગ સમજે છે, તેજ ચિરકાળના કલ્યાણનો માર્ગ છે. માટે તેમને જણાવજો કે, બુદ્ધ પ્રથમના બુદ્ધોની માફક ધર્મરાજ્ય ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. લોકોને સત્યમાર્ગ સમજાવવા સિવાય તેમની પાસે બીજું હથિયાર નથી. જે તેમના શિષ્યો થાય છે, તે પણ સત્યના બળથીજ થાય છે અને સત્યના બળથીજ સંઘની સંખ્યા વધશે."

બુદ્ધ ભગવાન આ રીતે રાજગૃહીમાં ઉપદેશ આપતા હતા અને લોકોને સત્ય ધર્મ તરફ દોરતા હતા, તે બાબતની કપિલવસ્તુમાં તેમના પિતા શુદ્ધોદનને ખબર પડી. બુદ્ધને કપિલવસ્તુ આવવાનું આમંત્રણ આપવા તેમના પિતાએ કેટલાક સામંતો મોકલ્યા અને તેમની સાથે કહાવ્યું કે, "તમારા પિતા મરણની તૈયારીમાં છે, માટે તેમનું મુખ જોવું હોય અને તેમનું દુઃખ ઓછું કરવું હોય તો તરત કપિલવસ્તુ તરફ વિહાર કરો." યશોધરાએ પણ નવ સવારોને મોકલ્યા અને કહાવ્યું કે, "રાહુલની માતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી રીતે કુમુદ ચંદ્રની ઝંખના કરે તેવી રીતે, તમારાં દર્શન માટે આતુર બની છે. જો તમને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થઈ હોય તો તેમાં તે પોતાનો ભાગ માગે છે.”

આ બધા દૂતો, જ્યારે બુદ્ધ ભગવાન વેણુવનમાં ધર્મનો ઉપદેશ આપતા હતા, તે વખતે આવી પહોંચ્યા અને ધર્મ શ્રવણ કરવામાં એટલા મશગૂલ બન્યા કે પોતાને કહેવાની વાતજ ભૂલી ગયા! તેઓ માત્ર ભગવાનના મુખપ્રતિ ધારી ધારીને જોવા લાગ્યા અને તરતજ 'શ્રમણ' થયા. આ પ્રમાણે શુદ્ધોદન રાજાએ નવ વાર જુદા જુદા સામંતોને ભલામણો કરી કરીને મોકલ્યા, પણ નવે વાર તે બધા બુદ્ધના શિષ્યમંડળમાં દાખલ થયા. પછી સિદ્ધાર્થ કુમારના સોબતી ઉદાયીને રાજાએ મોકલ્યો તેણે વેણુવન પાસે આવતાં પાસેના ઝાડની નાની નાની કૂંપળો તોડી પોતાનાં કર્ણવિવર બંધ કર્યાં કે જેથી બુદ્ધ ભગવાનનો ઉપદેશ તેના કાનમાં ન પડે! તે વેણુવનમાં દાખલ થયો અને શુદ્ધોદન રાજાનો તથા યશોધરાનો સંદેશો કહી બતાવ્યો.

તે વખતે બુદ્ધ ભગવાને નમ્રતાથી લોકો સમક્ષ કહ્યું: “હું હવે જઇશ; મારી ત્યાં જવાની ઇચ્છા છે, તેમજ કર્તવ્ય છે. જેમણે જીવન આપ્યું તે માતાપિતા તરફ પૂજ્યભાવ બતાવવો એ પુત્રની પવિત્ર ફરજ છે.”

એમ જણાવી તે રાજગૃહીથી કપિલવસ્તુ તરફ જવા નીકળ્યા. સંઘના નિયમ પ્રમાણે નગરની બહાર ઉદ્યાનમાં તે ઊતર્યા. આ વાતની તે નગરમાં ખબર પડતાં સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. બુદ્ધભગવાનના પિતા, કાકા વગેરે સ્વજનો તથા નગરલોકો (બાળકથી વૃદ્ધ સુધી) દરેક તેમનાં દર્શનાર્થે આવ્યાં. શુદ્ધોદન રાજા કેટલીક વાર સુધી કાંઇ પણ બોલી શક્યો નહિ. પુત્રના મુખ સામું જોયા કર્યું અને પુત્રે પિતાના મુખ સામું જોયું. પણ બન્નેમાંથી કોઈ ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર સુધી એક પણ અક્ષર બોલ્યું નહિ. રાજાએ મનથી વિચાર કર્યો: "અહા! આ પુત્રે જો રાજ્ય કરવું ધાર્યું હોત તો પ્રતાપી રાજા થાત, માંધાતાની માફક ચક્રવર્તી થાત; આ જિંદગીમાં તેને શો આનંદ પડતો હશે?" બુદ્ધ ભગવાન પોતાના પિતાના હૃદય-નો આશય સમજી ગયા અને તેમને સદ્ધર્મ તરફ વાળવાના હેતુથી આ પ્રમાણે પ્રતિબોધ આપ્યો. "હું જાણું છું કે, રાજાનું મન રાગપૂર્ણ છે અને તે રાગને લીધે દુઃખમાં દુઃખ ઉમેરાય છે. તમારું મન શાંત કરો, રાગ વિમુક્ત કરો, કોઇ પણ પુત્રે પિતાને નહિ આપેલો એવો ધાર્મિક ખોરાક હું આપું તે સ્વીકારો. કર્મ પ્રમાણે મનુષ્યને ફળ મળે છે; તેટલા માટે પોતે કેવું કામ કરે છે તે બાબત દરેકે સાવધ રહેવું જોઇએ. મરણ વખતે જીવ એકલો જાય છે, કેવળ તેનાં સારાં કે નરસાં કૃત્યો તેની સાથે જાય છે. નિર્વાણ એજ પરમ શાંતિનું સ્થળ છે; એજ ઉચ્ચમાં ઉચ્ચ આનંદ છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો દુઃખગર્ભિત અને ભયપૂર્ણ છે. સર્પની સાથે વસવા સમાન છે. કયો સુજ્ઞ મનુષ્ય તેમાં આનંદ માને? સુજ્ઞ મનુષ્ય જુએ છે કે આખું વિશ્વ કામ, ક્રોધ, લોભ વગેરે વિકારો-થી બળી રહ્યું છે; અને જ્યાંસુધી જન્મ, વૃદ્ધાવસ્થા અને મરણ છે, ત્યાંસુધી શાંતિ સંભવેજ શી રીતે? તૃષ્ણાના નાશથી પરમ શાંતિ મળે છે, ત્યાં હથિયારની કે લશ્કરની જરૂર નથી; ત્યાં હાથી, ઘોડા, રથ કે પાયદલની આવશ્યકતા નથી. જો મનુષ્ય લોભ, ક્રોધ અને અજ્ઞાન ઉપર જય મેળવે તો આ જગતમાં તેને જીતવા યોગ્ય કાંઈ રહેતું નથી, તેજ ખરો ચક્રવર્તી છે, તેજ ખરો વિજેતા છે."

આ શબ્દો સાંભળીને રાજાને હદબહાર સંતોષ થયો અને હાથ જોડી તે બોલી ઊઠ્યો: "આશ્ચર્ય! આશ્ચર્ય! આજે મારો આત્મા પ્રસન્ન થયો છે; આજે મને પરમ સંતોષ થયો છે; આ ? દુઃખમાં-થી છૂટવાનો સત્યમાર્ગ મેં જાણ્યો છે; આજે પુત્રજન્મના સફળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ છે. હે પુત્રરત્ન ! તેં સંસારનો ત્યાગ કર્યો, તેં તપશ્ચર્યા કરી અને પરમ ફળ મેળવ્યું તે બધું બહુ સારું કર્યું. જો તેં ચક્રવર્તી રાજા થવાની દરકાર કરી હોત તો મને અને આખા જગતને દુ:ખ-મુક્ત થવાનો અદ્વિતીય લાભ શી રીતે મળી શકત ? મને આજના જેવો આનંદ કદાપિ થાત નહિ." આ શબ્દો બોલતાં રાજાનું હૃદય ભરાઈ આવ્યું અને આંખમાંથી હર્ષનાં અશ્રુ વહેવા લાગ્યાં !

બીજે દિવસે ભિક્ષા માગવાને સમયે બુદ્ધ ભગવાન હાથમાં પાત્ર લઇ કપિલવસ્તુમાં ચાલ્યા. જ્યારે તેઓ નગરનાં દ્વાર સમીપ પહોંચ્યા ત્યારે વિચાર કર્યો કે, નગરમાં ફરતાં ફરતાં રાજદ્વાર તરફ જવું તે ઠીક છે કે સીધાજ ત્યાં જવું એ વધારે ઠીક છે? આખરે સંઘના નિયમ પ્રમાણે ઘેરઘેર ભિક્ષા માગવાનો નિશ્ચય કર્યો. જ્યારે રાજાને ખબર પડી કે રાજકુંવર ઘેરઘેર ભિક્ષા માગતો ફરે છે, ત્યારે શુદ્ધોદન રાજા એકદમ ચકિત થયો અને બુદ્ધ ભગવાન જ્યાં ભિક્ષા માગતા હતા ત્યાં આવીને કહેવા લાગ્યો: "હે પ્રભો ! તમે અમને શું કરવા શરમમાં નાખો છો ? અન્નને વાસ્તે શા સારુ ભિક્ષા માગો છો ? શું આટલા ભિક્ષુકોને જમાડવા જેટલું પણ સામર્થ્ય મારામાં નથી ?"

બુદ્ધ ભગવાને જવાબ આપ્યો, "આ અમારા કુળનો ધર્મ છે."

શુદ્ધોદન રાજાએ કહ્યું: "પણ આપણે તો ઇક્ષ્વાકુ વંશમાંથી ઊતરી આવ્યા છીએ અને આપણા વંશમાં કોઇએ હજુ સુધી ભિક્ષા માગી નથી."

બુદ્ધ ભગવાને જવાબ વાળ્યો. "તમે અને તમારું કુટુંબ તે ઇક્ષ્વાકુ વંશમાંથી ઊતરી આવ્યા હો, પણ હું તો પ્રાચીન બુદ્ધોનો વંશજ છું અને તેઓ તો મારી માફક ભિક્ષા માગીનેજ ઉદરનિર્વાહ કરતા હતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધોદને કાંઈ પણ જવાબ ન આપ્યો; પણ બુદ્ધ ભગવાનનું પાત્ર લઇને તેમને રાજમહેલ તરફ દોરી ગયા. તે મહેલમાં તેમને માન આપવાને કુટુંબનાં સઘળાં મનુષ્યો અને નોકરો વગેરે એકઠાં થયાં હતાં; પણ યશોધરા તે દીવાનખાનામાં આવી ન હતી. તે પ્રેમ-મૂર્તિએ એમજ વિચાર્યું હતું કે, "જો રાજકુમારમાં કાંઈ પણ દિલસોજી રહી હશે તો તે મારી પાસે ચાહીને ચાલીને આવશેજ."

આ વિચારથી તે ઓરડામાંજ બેસી રહી. બુદ્ધ ભગવાન તેના મનના ભાવ જાણતા હતા તેથી બે શિષ્યો સાથે પોતે યશોધરા બેઠી હતી તે ઓરડામાં ગયા. તે બે શિષ્યોને તેમણે ચેતવણી આપી કે, "આપણા સંઘના નિયમ પ્રમાણે શ્રમણે સ્ત્રીને અડકવું જોઇએ નહિ અથવા અડકવા દેવી જોઇએ નહિ; છતાં પણ જો તે યશોધરા આવી મને અડકે તો તેને તમે રોકતા નહિ." બુદ્ધ ભગવાને પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં, તેમનું માથું મૂંડાવેલું હતું અને એવી સ્થિતિમાં જ્યારે તે ઓરડામાં તેઓ દાખલ થયા ત્યારે યશોધરા જો કે આવી સ્થિતિમાં તે હશે એમ જાણતી હતી, છતાં આ વખતે તેનું મન કાબૂમાં ન રહ્યું, તે તેમના પગે બાઝી પડી અને તેની આંખમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી; પણ પોતાની અને બુદ્ધ ભગવાનની વચ્ચે અગમ્ય મહાસાગર જેટલું અંતર જોઇને છેવટે તે ઊભી થઇ અને બાજુએ ઊભી રહી.

શુદ્ધોદન રાજાએ કહ્યું: "હે પુત્ર! જ્યારથી તું ઘર છોડીને ગયો છે, ત્યારથી આ સતી અખંડ બ્રહ્મચર્ય પાળે છે, એક વાર જમે છે, રાત્રિએ સાદડી પર પડી રહે છે અને અસહ્ય દુઃખ અનુભવે છે."

બુદ્ધે દયાપૂર્ણ મુખ યશોધરા તરફ ફેરવીને પોતાનો પૂર્વ ભવનો સંબંધ કહ્યો અને પ્રસંગને અનુસરતો યોગ્ય ઉપદેશ આપ્યો. યશોધરા તે મતની 'ઉપાસિકા' થઈ અને જ્યારે પાછ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળથી બુદ્ધ ભગવાનની ઇચ્છા વિરુદ્ધ* તેમને સાધ્વીનો વર્ગ સ્થાપવો પડ્યો ત્યારે તે બૌદ્ધમતની મુખ્ય સાધ્વી થઇ.

બુદ્ધ ભગવાનની માસી પ્રજાપતિ ગૌતમી, જેણે સિદ્ધાર્થ કુમારને ઉછેર્યો હતો, તેના પુત્ર નંદનો વિવાહ અને રાજ્યાભિષેક બીજે દિવસે હતો. તે આ શુભ દિવસે પોતાના ભાઇ બુદ્ધ ભગવાનને મળવા ગયો. બુદ્ધ ભગવાને તેને એવો તો અલૌકિક બોધ આપ્યો કે તેથી પલળીને તેણે રાજ્યસુખ અને વિવાહસુખ અસાર માન્યું અને તરતજ દીક્ષા લીધી. રાજભવનમાં આથી હાહાકાર વર્તાઇ રહ્યો અને તેનું મન ફેરવવાને ઘણો પ્રયત્ન કરવામાં આવ્યો, જે સર્વ વ્યર્થ ગયો. અનંતકાળના સુખની જેને ઝાંખી થઇ હોય તે શું આ પૃથ્વીનાં દુઃખગર્ભિત અને ક્ષણિક સુખથી કદાપિ સંતુષ્ટ બને ?

આ વાતને એક અઠવાડિયું થઇ ગયું અને યશોધરાએ પોતાના પુત્ર રાહુલને વસ્ત્રાભૂષણ પહેરાવીને કહ્યું: “આજે તારા પિતા પાસે જઇ પિતૃધન માગજે.” રાહુલને સાત વર્ષ થયાં હતાં, પરંતુ પોતાના પિતા કોણ છે તે તે જાણતો ન હતો; તેથી તેણે સરળતાથી પૂછ્યું: “મારા પિતા કોણ છે ? રાજા શુદ્ધોદન સિવાય હું કોઇને ઓળખતો નથી.” યશોધરાએ બારીએથી આંગળી બતાવી કહ્યું:

“જો ! પેલા ઉજ્જ્વળ શાંત મૂર્તિવાળા સંન્યાસી જેવા જણાય છે, એ તારા પિતા છે; તેમની પાસે પુષ્કળ ધન છે. માટે તેમની પાસે જઇને તે માગજે અને કહેજે કે હું તમારો પુત્ર છું, હું શાક્ય-

* સ્ત્રીઓ વાસ્તે ‘ભિક્ષુણી’ વર્ગ સ્થાપવાની બુદ્ધદેવની ઇચ્છા ન હતી. પણ જ્યારે એમના પિતાના મરણ પછી વિધવા બનેલી એમની અપરમાતા પ્રજાપતિ ગૌતમીએ ઘણો આગ્રહ કર્યો અને જ્યારે બુદ્ધદેવના પ્રિય શિષ્ય આનંદે તે પ્રજાપતિ વાસ્તે ઘણીજ ભલામણ કરી ત્યારે ભિક્ષુણીવર્ગ સ્થાપવાની તેમણે રજા આપી અને ‘ભિક્ષુણી’ઓ વાસ્તે ઘણા સખ્ત કેટલાક નિયમો બાંધ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશનો નેતા થઇશ; હું તમારી પાસેથી વારસો મેળવવા માગું છું, માટે મને તે આપો."

રાહુલ સીધો બુદ્ધ ભગવાન પાસે ગયો અને નિર્ભય રીતે પ્રેમ-પૂર્વક કહેવા લાગ્યો: "હે પિતા! તમારી પાસે આવવાથી મને ઘણો આનંદ થાય છે." બુદ્ધ ભગવાને જવાબ ન આપ્યો, પણ ભોજન કર્યા પછી વડવનમાં તે રહેતા હતા ત્યાં જવા નીકળ્યા.

રાહુલ તેમની પાછળ પાછળ ચાલ્યો અને વારસો માગવા લાગ્યો. બુદ્ધ ભગવાને કે તેમના શિષ્યોએ તેને તેમ કરતાં અટકાવ્યો નહિ. વડવનમાં જઇ બુદ્ધ ભગવાને વિચાર્યું કે, "જે ધન એને જોઇએ છે તે ક્ષણિક અને નાશવંત છે, માટે બોધિવૃક્ષ નીચે ધ્યાન કરતાં મને જે સપ્ત રત્નો મળ્યાં હતાં તેજ હું તેને આપીશ અને તેને આધ્યાત્મિક શક્તિઓનો વારસ બનાવીશ." પછી સારીપુત્રને કહ્યું કે, "રાહુલને શ્રમણ બનાવો" અને તુરતજ તે પ્રમાણે કરવામાં આવ્યું.

જ્યારે આ સમાચાર રાજકુટુંબને વિદિત થયા, ત્યારે સર્વ કોઈ શોકાતુર થયું; કારણ કે નંદે થોડાજ દિવસ ઉપર શ્રમણપદ અંગીકાર કર્યું હતું. શુદ્ધોદન રાજાના બંને પુત્રો શ્રમણ થયા હતા અને પૌત્ર રાહુલ પણ શ્રમણ થયો તેથી શુદ્ધોદનની નિરાશામાં વૃદ્ધિ થઈ અને તેટલા માટે બુદ્ધ પાસે જઇ કહ્યું કે, "આજથી મા-બાપની રજા સિવાય 'સંઘ'માં કોઇને પણ દીક્ષા ન આપવી એવો નિયમ દાખલ કરો." સમયજ્ઞ બુદ્ધ ભગવાને તે માગણી સ્વીકારી અને થોડા દિવસ ત્યાં રહી રાજગૃહી તરફનો માર્ગ લીધો.

માર્ગમાં અનોમા નદીને કાંઠે અનુપ્રિય નામના વનમાં થોડોક સમય રહ્યા. તે સમયે તેમનાં સ્વજનોમાંથી અને શાક્યોમાંથી કેટલાક તેમના શિષ્યો થયા, જેમાં મુખ્ય આનંદ, દેવદત્ત, ઉપાલિ અને અનિરુદ્ધ છે. આનંદ બુદ્ધ ભગવાનના કાકાનો પુત્ર હતો. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરંતર તેમની સાથે રહેતો હતો અને મરણપ્રસંગે પણ તે સાથેજ હતો. દેવદત્ત પણ તેમના કાકાનો છોકરો હતો, પણ પાછળથી તેમનો પ્રતિસ્પર્ધી થયો અને બુદ્ધ ભગવાન ઉપર કલંક લાવવાને પણ તે ચૂક્યો ન હતો. ત્રીજો ઉપાલિ જાતનો હજામ હતો, પણ તેની ધાર્મિકવૃત્તિ બેહદ હતી અને તેની બુદ્ધિ બહુ વિલક્ષણ હતી, તેથી તે સંઘનો મોટો નાયક બન્યો હતો. અનિરુદ્ધ માનસશાસ્ત્રમાં અતિ પ્રવીણ હતો.

ગુરુ તરીકેના જીવનમાં બુદ્ધ ભગવાને અનેક શિષ્યો કર્યા. ઉચ્ચ તેમજ નીચ, શ્રીમંત તેમજ ગરીબ, બ્રાહ્મણ તેમજ ચાંડાળ, જૈનો તેમજ આજીવિકો, સંન્યાસી તેમજ ગૃહસ્થી, લૂંટારા તેમજ મનુષ્યાહારી, ઉમરાવ તેમજ ખેડૂત, પુરુષો તેમજ સ્ત્રીઓ; સઘળી જાતના મનુષ્યો તેમના શિષ્યો થયા. કેટલાક 'શ્રમણ' થયા, ત્યારે બીજાઓ તે મત સ્વીકારી 'શ્રાવક' અથવા 'ઉપાસક' થયા. તેમના અનુયાયીઓમાંથી કેટલાકનાં નામ આપણે યાદ કરી શકીશું. કોશલ દેશનો પ્રસેનજિત રાજા, કપિલ મતાનુયાયી પંચશિખ, કાશીનો મહાકાત્યાયન, કૌશાંબીનો રાજા ઉદયન, દનમતી ગામનો બ્રાહ્મણોનો ઉપરી કૂટદન્ત, એકનાલ નામના બ્રાહ્મણ નગરનો ભારદ્વાજ, કોશલ દેશને ત્રાસ ઉપજાવનાર—મોટો લૂંટારો—અંગુલિમાલ, આલવાઈ ગામનો મનુષ્યોનો પણ આહાર કરનાર આલવક, દોરડા પર નાચનાર—કસરતી ઉગ્રસેન, હજામ ઉપાલિ અને રસ્તો સાફ કરનાર સુનીત આ સર્વમાં કેટલાક 'શ્રમણ' થયા અને કેટલાક 'ઉપાસક' થયા.

આ બધા શિષ્યમંડળમાં બૌદ્ધધર્મનો ફેલાવો કરવાને ઉપદેશ આપનાર તરીકે બાર શિષ્યો પ્રસિદ્ધિ પામ્યા છે. તેઓનાં નામઃ—અજ્ઞાત કૌણ્ડિન્ય, અશ્વજિત, સારીપુત્ર, મૌદ્‌ગલાયન, મહાકાશ્યપ, મહાકાત્યાયન, અનિરુદ્ધ, ઉપાલિ, પિંડોળાભારદ્વાજ, કૌસ્થિલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાહુલ અને પૂર્ણમૈત્રેયાણીપુત્ર એ પ્રમાણે છે.

જ્યારે બુદ્ધ ભગવાને પ્રથમ વર્ષાઋતુ વેણુવનમાં ગાળી, ત્યારે કોશલ દેશની શ્રાવસ્તી નગરીનો સુદત્ત નામનો એક ધનવાન વણિકપુત્ર દરરોજ ધર્મ શ્રવણ કરવા આવતો હતો. નવા ધર્મની પવિત્રતા, શાંતિ, આનંદ, પ્રેમ અને કરુણા જોઈ તથા બુદ્ધ ભગવાનનું અનુપમ જીવન જોઈ તેણે બૌદ્ધધર્મ અંગીકાર કર્યો. આ સુદત્ત ગરીબોનો બેલી, નિરાધારનો આધાર અને દાન આપવામાં અગ્રેસર હતો, તેથી તે 'અનાથ પિંડદ' એ નામથી વિખ્યાત થયો હતો. તે બુદ્ધ ભગવાનને શ્રાવસ્તી નગરીમાં આવવાનું નિમંત્રણ કરી સ્વદેશ ગયો. શ્રાવસ્તી કોશલ દેશની રાજધાની હતી, ત્યાં પ્રસેનજિત રાજા રાજ્ય કરતો હતો અને તેના પુત્રના નામ ઉપરથી ત્યાં આવેલા એક રમણીય વનનું નામ જેતવન રાખવામાં આવ્યું હતું. અનાથ પિંડદે પુષ્કળ દ્રવ્ય આપી તે વન ખરીદી લીધું અને બુદ્ધના સાધુઓને વાસ્તે એક ભવ્ય 'વિહાર' (આશ્રમસ્થાન) બંધાવ્યો અને તે બુદ્ધ અને તેમના શિષ્યોને વાસ્તે તેણે ખુલ્લો મૂક્યો. અહીં બુદ્ધ ભગવાને ઘણી વર્ષાઋતુઓ પસાર કરી હતી અને ઘણાં વ્યાખ્યાનો અને સૂત્રો આજ સ્થળે આપવામાં આવ્યાં હતાં. બૌદ્ધધર્મને આશ્રય આપનારાઓમાં વૈદ્ય જીવકને ભૂલવો જોઇએ નહિ. જીવક, બિંબિસાર રાજાનો સામાન્ય વૈદ્ય હતો અને બુદ્ધ અથવા તેમના શિષ્યોની તંદુરસ્તીની સારવાર કરવાને તેને રોકવામાં આવ્યો હતો. પ્રથમ ભિક્ષુકો ચીંથરાં અને ફાટેલાં વસ્ત્ર પહેરતા હતા. પણ તેથી અનેક પ્રકારના રોગ ઉદ્ભવતા હતા, તે અટકાવવાને તેની સૂચનાથી બુદ્ધ ભગવાને નિયમ કર્યો કે, 'શ્રાવકો' જે વસ્ત્ર ખુશીથી આપે તે સ્વીકારવામાં 'ભિક્ષુકો'ને દોષ નથી. શ્રાવસ્તીના એક જૈન વ્યાપારી મિગારની પુત્રવધૂ પણ બૌદ્ધધર્મને આશ્રય આપનાર તરીકે સુપ્રસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના ઉપદેશથી મિગાર બૌદ્ધધર્મી થયો અને તેથી તે વિશાખા નામની સ્ત્રી 'મિગારની માતા' તરીકે બૌદ્ધ ગ્રંથોમાં વિખ્યાત છે. તે બૌદ્ધધર્મની ઉપાસિકાઓમાં મુખ્ય થઇ અને શ્રાવસ્તી પાસે પૂર્વારામ નામનો વિહાર તેણે બંધાવી આપ્યો. આ વિહાર જેતવનના વિહાર કરતાં સહેજ ઊતરતો હતો, પણ બીજી બધી રીતે ઘણો ઉત્તમ હતો.

અંબપાલી નામની સ્ત્રી જે ઘણી સુંદર હતી અને ગીતમાં અતિ કુશળ હતી, તેણે પોતાનો પ્રાસાદ અને આમ્રવન બુદ્ધસંઘને અર્પણ કર્યું અને પોતે 'ભિક્ષુણી' થઇ. બુદ્ધ ભગવાનની આટલી લોકપ્રિયતા જોઇ તથા નવા મતના 'શ્રાવકો'એ જે ભેટો સંઘને અર્પવા માંડી તેથી કેટલાક તે વખતના જુદા જુદા પંથના નાયકોના હૃદયમાં ઇર્ષ્યાગ્નિ પ્રદીપ્ત થયો અને બુદ્ધ ભગવાનની કીર્તિને કલંક લગાડવા અને લોકોની નજરમાં તેમને હલકા પાડવા તેઓએ કેટલાક હલકા પ્રયત્ન કર્યા. અન્ય મતવાળાઓએ ચિંચા નામની એક સ્ત્રીને પોતાના તંત્રમાં લીધી. જ્યારે સાયંકાળે બુદ્ધના ઉપાસકો ધર્મ શ્રવણ કરી 'વિહારથી' નગર તરફ જતા હતા, ત્યારે ચિંચાને વસ્ત્રાભૂષણ સજાવી 'વિહાર' તરફ મોકલી; લોકોએ તેને પૂછ્યું: "તું ક્યાં જાય છે?" તે કાંઇ પણ બોલ્યા વિના ચાલી ગઇ. પ્રાતઃકાળે જ્યારે લોકો નગરમાંથી 'વિહાર' તરફ જતા હતા, ત્યારે ચિંચા વિખરાયેલા પોશાક સાથે વિહાર તરફથી નગર તરફ જતી હતી. આવા નીચ કૌશલથી કેટલાકનાં મનમાં બુદ્ધ ભગવાનના ચારિત્ર વિષે શંકા ઉપજાવવા તે સમર્થ થઇ. એક દિવસ સર્વ મનુષ્યોની સમક્ષ આવી તે બોલી: "મને બુદ્ધથી ગર્ભ રહ્યો છે." તેણે પેટે એક નાનો જોડો બાંધ્યો હતો, જે દૈવજોગે છૂટી જવાથી તેનું પોગળ ફૂટી ગયું! હવે તે લોકોએ બીજી એક સુંદરી નામની સ્ત્રીને વશ કરી. તે જગ્યાએ જગ્યાએ કહેવા લાગી કે, "બુદ્ધનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્ર સારું નથી." આ વાત જ્યારે થોડીઘણી ફેલાઈ ત્યારે તે લોકોએ કેટલાક દારૂડિયા પાસે તેને મારી નખાવી અને તેનું મુડદું તેમના 'વિહાર' પાસે નાખ્યું તથા જગતને જાહેર કર્યું કે બુદ્ધે પોતાનું કલંક છુપાવવા આ બીજું પાતક કર્યું છે; પણ થોડાક દિવસે તે દારૂડિયાઓ દારૂના ઘેનમાં હતા ત્યારે ઘેનમાં ને ઘેનમાંજ તેઓથી બોલી જવાયું કે, "અમારી સત્તા એટલી બધી છે કે બુદ્ધનું પણ ચારિત્ર, સુંદરીને મારીને કલંકિત કરવા અમે સમર્થ છીએ." આ પ્રમાણે બુદ્ધ ભગવાનના ચારિત્ર પર આવેલું કલંક-રૂપી વાદળ સત્યના સૂર્યપ્રકાશ આગળ અદૃશ્ય થયું અને જ્યારે આ દારૂડિયાઓને ન્યાયસભામાં બોલાવવામાં આવ્યા, ત્યારે તેઓએ પોતાનું પાપ કબૂલ કર્યું અને જે લોકોએ તેમને આ નીચ કામ કરવા ઉશ્કેર્યા હતા તેમનાં નામ પણ આપી દીધાં! એક વખત ખોરાકમાં ઝેર ભેળવી શ્રીગુપ્ત મારફતે બુદ્ધ ભગવાનનો પ્રાણ લેવા અન્ય મતવાળાઓએ યુક્તિ રચી, પણ બુદ્ધ ભગવાનના જાણવામાં તે વાત આવી અને તેમણે તે શ્રીગુપ્તને ક્ષમા આપી; તેમજ દ્વેષ, દ્વેષથી નહિ પણ પ્રેમથીજ નાશ પામે છે, એ ઉત્તમ સિદ્ધાંત ખરો પાડી બતાવ્યો.

બુદ્ધ ભગવાનને જ્યારથી બોધિજ્ઞાન પ્રાપ્ત થયું, ત્યારથી તેમનું દરરોજનું જીવન કેવા પ્રકારનું હતું, તે સંબંધી જો કાંઈ પણ જાણવામાં આવે તો તે ઉપયોગી જણાશે, એમ ધારી અત્રે તે નિવેદન કરવામાં આવે છે.

"બુદ્ધ ભગવાન પ્રાતઃકાળમાં પાંચ વાગ્યાને શુમારે જાગૃત થતા અને પોતાના શિષ્યને શ્રમ ન પડે તે ખાતર જાતેજ સ્નાન કરી વસ્ત્ર પહેરી લેતા. તે પછી ભિક્ષા માગવાનો સમય થાય ત્યાં-સુધી તે એકાંત જગ્યામાં જતા અને ધ્યાનમાં બેસતા હતા. જ્યારે ભિક્ષાનો સમય થાય ત્યારે ત્રણ વસ્ત્ર પહેરીને હાથમાં પાત્ર લેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કેટલીક વાર એકલા અને કેટલીક વાર શિષ્યો સાથે, પાસેના ગામ કે નગરમાં, કેટલીક વાર સાધારણ રીતે અને કેટલીક વાર ચમત્કારો સાથે દાખલ થતા હતા.

પછી લોકો ઘરમાંથી બહાર નીકળી તેમને ભોજન ગ્રહણ કરવાનો આગ્રહ કરતા હતા, જે ભોજન તે ત્યાંને ત્યાંજ ખાઇ લેતા હતા. જ્યારે ભોજન પૂરું થઇ રહે ત્યારે લોકોની આધ્યાત્મિક શક્તિ તપાસીને તેમના અધિકાર મુજબ ઉપદેશ આપતા હતા, જે સાંભળી કેટલાક 'ઉપાસક' અથવા 'શ્રાવક' નું વ્રત અંગીકાર કરતા હતા, ત્યારે કેટલાક 'શ્રમણ' માર્ગ ગ્રહણ કરતા હતા અને કેટલાક તે કરતાં પણ ઉચ્ચ અવસ્થાનો અનુભવ કરતા હતા. આ પ્રમાણે લોકો ઉપર ઉપકાર કરી તેઓ પોતાને સ્થાનેથી ઊઠી જે વનમાં પોતે ઊતર્યા હોય ત્યાં જતા હતા અને ત્યાં બીજા શિષ્યો ભોજન કરીને આવે ત્યાંસુધી તે શિષ્યોની રાહ જોતા બહારના ભાગમાં બેસતા હતા. પછી દ્વાર આગળ ઊભા રહી કેટલીક ઉપયોગી બોધપ્રદ સૂચનાઓ આપતા, અથવા તો કોઇક શિષ્યને ધ્યાનનો અમુક વિષય તેની આત્મિક શક્તિ અનુસાર જણાવતા હતા. જ્યારે શિષ્યો ધ્યાન વાસ્તે જતા ત્યારે બુદ્ધ ભગવાન થોડોક સમય આરામ લેતા હતા અને જ્યારે શરીરને આરામ મળી રહે કે તરતજ ઊઠી પાસેના મનુષ્યોને કેવી રીતે પોતે મદદ કરી શકે, તેનો વિચાર કરતા હતા. સાંજના ચારપાંચ વાગે પાસેના ગામના કે નગરના લોકો તેઓ જ્યાં ઊતર્યા હોય ત્યાં પુષ્પના ઉપહાર લઇને આવતા હતા. ત્યાં વ્યાખ્યાન કરવાની જગ્યામાં આ પ્રમાણે આવીને બેઠેલા ઉપાસકો વગેરેને તેમની યોગ્યતા પ્રમાણે સત્યનો બોધ કરતા હતા. સંધ્યાકાળે તે લોકો પાછા જતા, ત્યારે તે કેટલીક વખત સ્નાન કરતા હતા અને ધ્યાન વાસ્તે બેઠેલા શિષ્યો બધા તેમની પાસે એકઠા થતા હતા. તેમાંના કેટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોક શિષ્યો પોતાનો અનુભવ જણાવતા, ત્યારે કેટલાક પોતાને પડેલી શંકા પૂછી તેનો પ્રત્યુત્તર માગતા અને કેટલાક સત્યનો બોધ આપવા પ્રાર્થના કરતા હતા. આ પ્રમાણે ધર્મસંબંધી વાર્તાલાપ કરવામાં રાત્રિનો પ્રથમ પ્રહર વીતી જતો; બાકીની રાત્રિનો કેટલોક ભાગ ધ્યાનમાં પસાર થતો અને કેટલોક ભાગ શાંત નિદ્રામાં જતો. પ્રાતઃકાળ થવા માંડે ત્યારે જાગૃત થઈ જગતના લોકોને પોતાની નજર આગળ ઊભેલા કલ્પી તેમાંથી કોણ કોણ મદદ મેળવવા લાયક છે અને તેમને કેવી રીતની મદદ આપી શકાય તેમ છે તેનો વિચાર કરતા હતા. શિયાળા ને ઉનાળાના મળી આઠ માસ સુધી તે જુદે જુદે સ્થળે વિચરતા હતા; પણ વર્ષાઋતુમાં ચાર માસ સુધી તે એકજ સ્થળે રહેતા હતા. આ પ્રમાણે ભગવાન બુદ્ધ સ્વામી પોતાનો સમય નિર્ગમન કરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण १० मुं–निर्वाण

શાક્ય મુનિ જ્યારથી બુદ્ધ થયા ત્યારથી ઉપર પ્રમાણે જુદે જુદે સ્થળે ઉપદેશ આપતા હતા અને અનેક જીવોને દુઃખમાંથી મુક્ત થવાનો ઉત્તમ માર્ગ દર્શાવતા હતા.

બુદ્ધ ભગવાન નિર્વાણ પામ્યા તે અગાઉ થોડાં વર્ષ પહેલાં તેમના કાકાનો પુત્ર દેવદત્ત, જે તેમનો શિષ્ય થયો હતો, તેણે સંઘમાં વિક્ષેપ પાડ્યો. દેવદત્ત જ્યારે કૌશાંબિ ગયો, ત્યારે તે નગરના મનુષ્યોએ તેનું અપમાન કર્યું. આ અપમાન સહન નહિ થવાથી તે રાજગૃહી ગયો અને ત્યાં નવો મત સ્થાપવાની તેની પ્રબળ ઇચ્છા થઈ. બિંબિસાર રાજાના પુત્ર અજાતશત્રુએ રાજગૃહીમાં તેને એક ‘વિહાર’ બંધાવી આપ્યો. જ્યારે બુદ્ધ ભગવાન રાજગૃહીમાં વેણુવનમાં વર્ષાઋતુ ગાળવા આવ્યા, ત્યારે દેવદત્ત કે જે હજુ પોતાને બુદ્ધનો અનુયાયી કહેવરાવતો હતો, તેણે પોતાના આગેવાનીપણા નીચે નવો અને વધારે સખ્ત નિયમવાળો ધર્મ સ્થાપવા બુદ્ધ ભગવાન પાસે માગણી કરી. બુદ્ધ ભગવાને ના પાડી કે તરતજ તેણે નવો મત સ્થાપવા પ્રયત્ન આરંભ્યો. થોડાં વર્ષ પછી અજાતશત્રુએ પોતાના પિતા બિંબિસારને મારી નાખ્યો. એમ કહેવામાં આવે છે કે, આ કામમાં દેવદત્તનો હાથ હતો. આ બનાવથી પોતાના નવીન પંથને સારી સહાય મળશે, એમ તેણે આશા રાખી હતી. બુદ્ધ ભગવાનનો જીવ લેવાને પણ દેવદત્તે કેટલાક પ્રયત્ન કર્યા હતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સર્વ નિષ્ફળ ગયા હતા. બુદ્ધ ભગવાનને મારવાને મોકલેલા મારાઓ તેમનો અમૃતભર્યો ઉપદેશ સાંભળી શાંત થઇ ગયા અને બુદ્ધના અનુયાયી થયા; ગૃધ્રકૂટ પર્વતની ટોચેથી ગબડાવેલા પત્થરના બે કકડા થઇ બુદ્ધ ભગવાનની બન્ને બાજુએથી ચાલ્યા ગયા, પણ બુદ્ધ ભગવાનને તેથી જરા પણ ઇજા થઇ નહિ. જ્યારે બુદ્ધ ભગવાન રાજગૃહીમાં ભિક્ષાર્થે ફરતા હતા, ત્યારે તેમના સામો ગાંડો મદોન્મત્ત હાથી છૂટો મૂકવામાં આવ્યો હતો, પણ બુદ્ધ ભગવાનના અપૂર્વ શાંતિબળથી તે શાંત થયો અને પગે પડ્યો.

જ્યારે દેવદત્ત કશામાં ન ફાવ્યો ત્યારે તેણે વધારે સખ્ત નિયમોવાળો મત સ્થાપ્યો. તેના માનનારાની સંખ્યા વધવા લાગી અને અજાતશત્રુએ પણ તેને સારી રીતે ઉત્તેજન આપ્યું; પણ થોડા સમયમાં તે દેવદત્ત મરી ગયો. અજાતશત્રુને પોતાનાં પાપકર્મો માટે અંતઃકરણમાં પશ્ચાત્તાપ થયો, બુદ્ધ ભગવાન પાસે તે ગયો અને શાંતિ અને મુક્તિનો માર્ગ તેમની પાસેથી શીખી બૌદ્ધધર્મને સારો મદદગાર નીવડ્યો. બુદ્ધના નિર્વાણ પછી મળેલી પહેલી સભાને અજાતશત્રુએ સારો ટેકો આપ્યો હતો.

બુદ્ધ ભગવાને પિસ્તાળીસમી વર્ષાઋતુ વેલુગ્રામમાં ગાળી. ત્યાં તેમને સખ્ત માંદગી આવી; તેમણે જણાવ્યું કે હવે નિર્વાણકાળ સમીપ આવ્યો છે, તેથી બધા શિષ્યોને એકઠા કરીને આ પ્રમાણે ઉપદેશ આપ્યો:-

"હે ભિક્ષુકો! મેં જે ધર્મ પ્રકાશિત કર્યો છે તે સંપૂર્ણ રીતે શીખો, તેને અનુભવમાં મૂકો, તેને ચારે બાજુએ ફેલાવો કે જેથી આ પવિત્ર ધર્મ ચિરકાળ ટકી શકે અને કરોડો મનુષ્યના કલ્યાણનું કારણ થાય. લોકોના લાભને ખાતર, દેવોના ભલાને ખાતર, આ સત્યોનો બોધ આપો. હે ભિક્ષુકો! ઘણા થોડા સમયમાં તથાગત ચાલ્યા જશે; ત્રણ માસમાં તથાગત આ શરીર છોડી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારું જીવન પૂરું થવા આવ્યું છે. હે ભિક્ષુકો ! અપ્રમાદી, વિચારવંત અને શુદ્ધ થજો; તમારા નિશ્ચયમાં દૃઢ રહેજો, તમારાં હૃદય પર નજર રાખો. જે મનુષ્ય કંટાળ્યા વિના ખંતથી આ ધર્મને વળગી રહેશે, તે સંસારસમુદ્ર તરી દુઃખનો અંત અનુભવશે."

આ પ્રમાણે ઉપદેશ આપી બુદ્ધ ભગવાન કુશીનગર તરફ જવા નીકળ્યા. રસ્તામાં પાવાનગર આવી પહોંચ્યા.

ત્યાં ચુંડ નામના કંસારાને ત્યાં ભિક્ષા માગવા ગયા, ત્યારે એમ કહેવાય છે કે, તેણે "સુકર મદ્દવ" (ડુક્કરનું માંસ) ભોજન તરીકે આપ્યું. પણ આ વાત આપણે કબૂલ કરીએ તે પહેલાં બુદ્ધ ભગવાને તે સંબંધમાં જે ઉદ્‌ગારો કાઢ્યા હતા, તે પણ આપણે લક્ષમાં લેવા જોઇએ. બુદ્ધ ભગવાને તે ચુંડ નામના કંસારાને કહ્યું: "હે ચુંડ ! તે 'સુકર મદ્દવ' મનેજ આપ અને આ ચોખા તથા રોટલી મારા શિષ્યોને આપ; કારણ કે હું જોઉં છું કે આ પૃથ્વી ઉપર કે મારના દેવલોકમાં કે બ્રહ્મના દેવલોકમાં કે શ્રમણોમાં કે બ્રાહ્મણોમાં કે દેવોમાં કે મનુષ્યોમાં આ ખોરાક ખાઇને પચાવી શકે એવું મારા સિવાય બીજું કોઈ છેજ નહિ." આ શબ્દોજ ખુલ્લી રીતે જણાવે છે કે અહીં ડુક્કરનું માંસ તે સ્થૂળ ખોરાક નથી; કારણ કે તે તો માંસાહારી લોકો સહેલાઇથી પચાવી શકે; માટે અહીં ગુપ્ત અર્થ રહેલો છે.*

તે પછી બુદ્ધ ભગવાન શરીરે નરમ થયા અને કુશીનગર તરફ

---

* મૂળ પાલીભાષાના શબ્દો "સુકર મદ્દવ" છે. કેટલાક કહે છે કે, આ શબ્દોનો અર્થ 'ડુક્કરનું માંસ' એવો થાય છે. કેટલાક કહે છે કે, તે નામની એક વનસ્પતિ હતી, જેને સકરકંદ કહે છે; જે મહાત્મા પુરુષે આખી જિંદગી માંસાહારના ત્યાગનો બોધ આપ્યો તે પોતે છેવટના પ્રસંગે માંસ ખાય એ કેવળ અસ્વાભાવિક અને નહિ માનવા જોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. રસ્તામાં કુકુષ્ટા નામની નદી આવી, તેમાંથી આનંદે જળ લાવી આપ્યું તે પી, વિશ્રાંતિ લઈ આગળ ચાલ્યા અને કુશીનગરની બહારના ઉદ્યાનમાં આવી ઊતર્યા.

બુદ્ધ ભગવાનનું મરણ સમીપમાં છે એમ જાણી તેમના પ્રિય શિષ્યથી રહેવાયું નહિ. તે તેમનાથી જરા દૂર જઇ રડયો અને બોલ્યોઃ "હજુ હું પૂર્ણ નથી. મારા વહાલા ગુરુદેવ ચાલ્યા જાય છે"!

બુદ્ધ ભગવાને તેને પાસે બોલાવી આશ્વાસન આપ્યું અને સઘળા પદાર્થોની અનિત્યતા સમજાવી કહ્યું: "હે આનંદ! દુઃખી થઇશ નહિ તેમ રડીશ નહિ. આપણને પ્રિય અને વહાલી લાગતી વસ્તુઓથી પણ આપણે છૂટા પડવાનું છે, તે શું તું નથી જાણતો? જેનો જન્મ છે, તેનું મરણ પણ છે. ઉત્પન્ન થયેલી વસ્તુનો નાશ થવો એ એનો ધર્મ છે. હે આનંદ! લાંબા વખતથી તેં મારી સારી સેવા બજાવી છે. ખંતથી આ માર્ગમાં ચાલ્યા કર અને તું પણ જીવનતૃષ્ણા અને અજ્ઞાનબંધનથી છૂટો થઇશ."

આનંદે આંસુ રોકીને પૂછ્યું:

"હે પ્રભો! જ્યારે આપ અદૃશ્ય થશો ત્યારે અમને કોણ ઉપદેશ આપશે?"

બુદ્ધ ભગવાને જવાબ આપ્યો: "આ પૃથ્વી ઉપર આવનાર હું પહેલો બુદ્ધ નથી, તેમ હું છેલ્લો પણ નથી. હું તમને સત્ય શીખવવાને આવ્યો હતો અને મેં આ પૃથ્વી ઉપર સત્યનું રાજ્ય સ્થાપન કર્યું છે. ગૌતમ સિદ્ધાર્થ મરણ પામશે, પણ બુદ્ધ તો જીવતો રહેશે. કારણ કે બુદ્ધ એ સત્ય છે અને સત્ય કદાપિ મરતું નથી. જે સત્યને માને છે અને તે પ્રમાણે વર્તે છે, તે મારો શિષ્ય છે. હું તેને શીખવીશ, સત્યનો ફેલાવો થશે અને પાંચસો વર્ષ સુધી ધર્મનું રાજ્ય વધ્યા કરશે. પછી અજ્ઞાનરૂપી વાદળ કેટલોક વખત પ્રકાશને ઢાંકી દેશે અને યોગ્ય અવસરે બીજો બુદ્ધ જાગૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે તે તમને જે સત્યોનો મેં બોધ કર્યો છે, તેજ શાશ્વત સત્યો જગતના કલ્યાણ માટે ફરીથી શીખવશે."

આનંદે પૂછ્યું: "અમે તેમને શી રીતે ઓળખી શકીશું?" બુદ્ધ ભગવાને જવાબ આપ્યો: "મારી પછી આવનાર બુદ્ધ મૈત્રેય બુદ્ધના નામથી ઓળખાશે, મારા શિષ્યો જ્યારે સેંકડોની સંખ્યામાં છે, ત્યારે તેના શિષ્યો હજારોની સંખ્યાથી ગણવામાં આવશે."

તે સમયે બુદ્ધ ભગવાનનું શરીર ચળકવા લાગ્યું. તેમણે આનંદને કહ્યું: "આજે મારું મરણ થવાનું છે તેનું આ ચિહ્ન છે." પછી થોડી વાર આરામ લઈ તે ઊઠ્યા અને શાલવૃક્ષ નીચે ઉત્તર તરફ શિર રાખી સૂતા, વૃક્ષો ઉપરથી પુષ્પ પડવા લાગ્યાં, આકાશમાંથી દિવ્ય પુષ્પ વરસવા લાગ્યાં અને દિવ્ય ગીત સંભળાવા લાગ્યાં. બુદ્ધ ભગવાને આનંદને કહ્યું: "મને સંમાન આપવાનો આ માર્ગ ઠીક છે; પણ જે પુરુષ કે સ્ત્રી મારા ઉપદેશ પ્રમાણે વર્તે છે, તે મારી વધારે ભક્તિ કરે છે." ઘણા શિષ્યો ત્યાં એકઠા થયા અને દેવો પણ ટોળાંબંધ બુદ્ધ ભગવાનનો નિર્વાણ સમય જાણી આવ્યા.

રાત્રે સુભદ્ર નામનો એક પંડિત બુદ્ધ ભગવાનને મળવા આવ્યો. આનંદે વિચાર્યું કે વાદવિવાદ લાંબો વખત ચાલશે અને તેથી આવી માંદગીમાં તે અસહ્ય થઇ પડશે, તેથી તેણે સુભદ્રને ના પાડી. પણ બુદ્ધ ભગવાનને કર્ણે આ વાત પડી અને શું વાતચીત થતી હતી તે જાણીને સુભદ્રને પોતાની પાસે બોલાવ્યો. તેણે પૂછ્યું: "ષડ્ દર્શનવાળા ખરું તત્ત્વ જાણે છે કે કેમ?" બુદ્ધ ભગવાને કહ્યું: "તે સમજાવવાનો કે તે બાબત વાદવિવાદ કરવાનો આ સમય નથી. સાંભળ હું તને મારો સિદ્ધાંત સમજાવું." એમ કહી જણાવ્યું કે, "જે ધર્મ સદ્‌ગુણી જીવન ઉપર આધાર રાખતો નથી, જેનો આદિ શુદ્ધતામાં અને જેનો અંત પ્રેમમાં નથી, તે ધર્મમાં કદાપિ મુક્તિનો માર્ગ જડે નહિ." વગેરે બોધ સાંભળી સુભદ્ર બૌદ્ધધર્માનુયાયી થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરતજ આનંદને બોલાવીને બુદ્ધ ભગવાને કહ્યું: "હે આનંદ! તું કદાચ એમ વિચારે કે હવે ગુરુ ગયા, તેથી ધર્મનો અંત આવ્યો; પણ કદાપિ એમ ધારતો નહિ. મારા નિર્વાણ પછી મેં ઉપદેશેલો ધર્મ અને સંઘના નિયમો એજ ગુરુરૂપ થશે." પછી મોટા નાનાનો વિનય કેવી રીતે સાચવવો તે ભિક્ષુકોને સમજાવ્યું અને કોઇને નિયમ સંબંધી, અષ્ટવિધ માર્ગ સંબંધી, અથવા કોઈ પણ સિદ્ધાંત સંબંધી કાંઇ પૂછવું હોય, તો આ વખતે પૂછી લેવાની પરવાનગી આપી, કે જેથી પાછળથી એવી તક ન મળવા માટે દિલગીરી ન થાય. કોઈએ પ્રશ્ન ન પૂછ્યો. ત્યારે બુદ્ધ ભગવાને સૌથી છેલ્લા શબ્દો આ પ્રમાણે કહ્યા:

"હે ભિક્ષુકો! ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુઓ નાશધર્મવાળી છે. માટે ઉદ્યોગથી તમે તમારું નિર્વાણ મેળવી લો." આ શબ્દો બોલી થોડી વાર તે બેભાન જેવી સ્થિતિમાં જણાયા અને તેમના આત્માએ આ સ્થૂલ ઉપાધિ છોડી નિર્વાણનો અનુભવ કર્યો.

કુશીનગરના મલ્લ રાજાઓએ, રાજાઓના પણ રાજા એવા બુદ્ધ ભગવાનના શરીરને ઉચિત ઠાઠમાઠ સાથે તથા સુગંધી દ્રવ્યોની સામગ્રી સાથે અગ્નિસંસ્કાર કર્યો. શિષ્યો બુદ્ધ ભગવાનનાં હાડકાં તથા રાખ સુગંધી પુષ્પ સાથે એક પાત્રમાં મૂકી નગરમાં લઈ ગયા. આ 'મહાન ગુરુ'ના નિર્વાણના સમાચાર સાંભળી રાજગૃહના અજાતશત્રુ, વૈશાલીના લિચ્છીવ લોકો, કપિલવસ્તુના શાક્ય લોકો, અલકાપુરીના બુલી લોકો, રામગ્રામના કોલી લોકો અને પાવાના મલ્લ લોકો વગેરે ભક્તો અત્યંત ભક્તિ તથા સંમાન સાથે રાખ લઇ ગયા અને તેને એક ધાતુના પાત્રમાં મૂકી, જમીનમાં દાટી, તેના ઉપર સ્તૂપ ચણાવવામાં આવ્યાં. આ પ્રમાણે પવિત્રમાં પવિત્ર જીવનનો અંત આવ્યો. મહાપરિનિર્વાણસૂત્ર કહે છે કે, "નમસ્કાર કરો, હજારો વર્ષોમાં આવા બુદ્ધ મળવા દુષ્કર છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ११ मुं—बुद्ध महात्मानी उपदेशपद्धति

બુદ્ધ ભગવાનનું પરમપવિત્ર શાંત અને પરોપકારમય જીવન-ચરિત્ર પૂર્ણ કરીએ, તે અગાઉ તેમની બોધ આપવાની શૈલિના સંબંધમાં થોડું લખવામાં આવે તે ઉચિતજ ગણાશે. તેઓ હમેશાં સાંભળનાર પાત્રની યોગ્યતાનો વિચાર કરીનેજ જવાબ આપતા હતા. સામાન્ય મનુષ્યોને જ્યારે બોધ આપવાનો પ્રસંગ હોય ત્યારે તે સત્ય સમજાવવાને ઉપમાઓ, વાર્તાઓ, દંતકથાઓ, ઐતિહાસિક બનાવો, કહેવતો અથવા પોતાનો તેમજ સાંભળનારના પૂર્વજન્મના બનાવો વગેરેનો આશ્રય લેતા. આ જગતમાં દરેકને વાસ્તે મરણ છે, એ સિદ્ધાંત કિસાગોતમીને સમજાવવાને સરસવના દાણા લાવી આપવા બાબતનું દૃષ્ટાંત પ્રથમ કહેવામાં આવ્યું છે. એવાં ઘણાં દૃષ્ટાંત આપી શકાય. પણ સ્થળસંકોચને લીધે ફક્ત એકજ દૃષ્ટાંત અત્રે આપવામાં આવે છે. મગધદેશના દક્ષિણ ભાગમાં (દક્ષિણગિરિ ઉપર) જ્યારે બુદ્ધ ભગવાન રહેતા હતા, ત્યારે એક દિવસ તે એક·નાલ નામના ગામમાં હાથમાં ભિક્ષાપાત્ર લઇને ગયા. ભારદ્વાજ નામનો પૈસાદાર બ્રાહ્મણ ખેતરમાં મજૂરી કરતા લોકો ઉપર દેખ·રેખ રાખતો હતો. બુદ્ધ ભગવાનને જોઇને કેટલાક મજૂરો ઊઠ્યા અને વંદન કર્યું, પણ ભારદ્વાજ ઠપકો આપતો હોય તેમ બોલ્યો: "હે શ્રવણ ! હું હળ ખેડું છું અને વાવું છું અને પછી જે ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે તે ખાઉં છું. જો તમે પણ ખેડવાની અને વાવવાની મહેનત લેતા હો તો કેવું સારું!"

બુદ્ધ ભગવાને જવાબ આપ્યો: "હે બ્રાહ્મણ! હું પણ ખેડું છું અને વાવું છું તેમજ ખેડ્યા અને વાવ્યા પછી જે ફળ મળે છે તે ખાઉં છું."

બ્રાહ્મણે પૂછ્યું: "જો તમે ખેડતા અને વાવતા હો તો તેની નિશાની ક્યાં છે? તમારા બળદ, બીજ અને હળ ક્યાં છે?"

આ ઉપરથી શાક્ય પ્રભુએ જવાબ આપ્યો: "હું શ્રદ્ધારૂપી બીજ વાવું છું; ભક્તિરૂપી વરસાદ તે બીજને પલાળે છે; વિનયરૂપી હળનું લાકડું છે; મન તે ધૂંસરીનું બંધન છે; અપ્રમત્તદશા તે હળ-નો લોઢાનો ભાગ છે; સત્યથી તે હળ બંધાય છે અને દયાથી તે છૂટું કરી શકાય છે. શક્તિ તે મારા બળદો છે; માયારૂપી નકામા છોડવા કાઢી નાખી ખેડવાનું કામ થાય છે. તેનો પાક નિર્વાણનું અમૃતફળ છે અને આ રીતે ખેડવાથી સર્વ દુઃખનો અંત આવે છે." તરતજ તે બ્રાહ્મણે શાક્ય મુનિના પાત્રમાં ખીર રેડી અને કહ્યું: "હે શ્રમણ! આ ખીરનું ભોજન કરો. ખરેખર તમે ખેડૂત છો; તમે એવી ખેતી કરો છો કે જેનું ફળ અમરતાના રૂપમાં મળે છે."

જ્યારે જ્યારે કાંઈ ઠપકો આપવાનો અથવા કાંઈ સાર બતાવવાનો પ્રસંગ આવે ત્યારે પોતાના અને તે પુરુષોના પૂર્વભવો તે કહેતા હતા; આવી પૂર્વભવોની વાતોને બુદ્ધધર્મમાં જાતક વાર્તાઓ કહેલી છે, પણ આ સર્વ કરતાં પણ તેમનો પોતાનો પ્રભાવ લોકો-ને બૌદ્ધધર્મી બનાવવામાં અસાધારણ કારણભૂત હતો; જ્યારે તે કોઈ સાથે વાત કરતા, ત્યારે લોકો અંજાઇ જતા. શું કેવળ શબ્દો-થીજ અંગુલીમાલ નામનો મોટો લૂંટારો અથવા આલવી ગામનો મનુષ્યોનો આહાર કરનાર ક્રૂર મનુષ્ય બદલાઇ ગયા હશે? તેમની છાયા તળે એકવાર પણ જે આવ્યા તે હમેશને માટે તેમના થઈ રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. જે તેમને મળતા તે તેમની મૈત્રી (પ્રેમ) ને વશ થતા અને જેઓ તેમને જાણુતા તે સદાને માટે તેમના ભક્ત થઇ રહેતા.×

× બુદ્ધ ભગવાન વિષે એવું કહેવામાં આવે છે કે, સર્વ મનુષ્યો પોતપોતાની ભાષામાં તેમનો ઉપદેશ સમજી જતા હતા. તેમના ચૈતન્યનો પ્રભાવ શ્રોતાવર્ગ ઉપર અપૂર્વ હતો. તેમનું 'ઓરા' (તેજ) એટલું વિશાળ હતું કે, આખા વન સુધી તે વિસ્તરતું હતું. આ કારણથી તેમનું વ્યાખ્યાન સાંભળવા આવનાર સઘળા લોકો તેમના આ 'ઓરા' ની અસર તળે આવતા. તેમના આ ઓરાનો પ્રકાશ જોઇ ઊંચા દેવો પણ ત્યાં આવતા અને તેઓ પણ આ લોકોને સત્યના બોધની અસર કરવામાં સહાયભૂત થતા હતા. જ્યારે આપણે પવિત્ર ધર્મગ્રંથોમાં સાંભળીએ છીએ કે, એક વ્યાખ્યાન સાંભળવાથી સેંકડો મનુષ્યો અર્હત્ જેવી ઉચ્ચ સ્થિતિ મેળવવા ભાગ્યશાળી થયા, ત્યારે આ વાત જાણવાથી આપણને કાંઇ આશ્ચર્ય ઉત્પન્ન થતું નથી. હિંદુસ્તાનના તે ભાગમાં જન્મેલા મનુષ્યોમાંના ઘણાખરા પૂર્વભવોમાં બુદ્ધના સંબંધમાં આવેલા હતા અને બુદ્ધને સર્વજ્ઞાન થાય તે પછી તેમનો બોધ સાંભળવાનો ઉમદા લાભ મળે તે હેતુથી તે સર્વ ત્યાં જન્મ્યા હતા.

આ બાબત અતીંદ્રિય વિષયને લગતી છે, પણ જેઓની દૃષ્ટિ કેવળ આ સ્થૂળ ભુવનને લગતી હતી, તેઓ પણ બુદ્ધ ભગવાનને અસાધારણ પ્રભાવવાળા અને અલૌકિક સૌંદર્યવાળા રાજકુમાર તરીકે ગણુતા હતા. તે તેમના કહેવાનો અર્થ ખુલ્લા શબ્દોમાં અને સ્પષ્ટતાથી કહેતા હતા. તે વખતના ચાલતા ધર્મના ગુરુઓ બ્રાહ્મણોને દક્ષિણા આપવાનું અને દેવોને બલિદાન આપવાનું શીખવવા ઉપરાંત ઘણો થોડો બોધ આપતા હતા. પણ આ નવા ધર્મગુરુએ ઉપદેશ આપ્યો કે, દેવોને પ્રસન્ન કરવાનો માર્ગ ઉમદા અને પવિત્ર જીવન છે; પશુઓનું બલિદાન આપવાનું નથી, પણ પાશવવૃત્તિઓનો ભોગ આપવાની જરૂર છે; અને બાહ્ય ક્રિયાઓ કરતાં, જીવનની શુદ્ધતા વધારે ઉપકારક અને વધારે સુખપ્રદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇને પણ આ ધર્મ તેની ઇચ્છાવિરુદ્ધ માનવાને આગ્રહ કરવામાં આવતો ન હતો. લોકોની બુદ્ધિ અને અંતઃકરણ જો કબૂલ કરે તોજ અમુક સિદ્ધાંત સત્ય તરીકે માનવો, એવો બુદ્ધ ભગવાને ખુલ્લા શબ્દોમાં બોધ કર્યો છે.

"કોઇએ કહ્યું હોય તે ઉપરથી, અથવા પ્રાચીનકાળથી ચાલી આવેલી દંતકથાઓ ઉપરથી, અથવા લોકોમાં ઊડતી વાતો ઉપરથી તેમજ ઋષિઓએ લેખો લખેલા છે માટે તે લેખો ઉપરથી, અથવા કોઈ દેવે પ્રેરણા કરી હોય એવા ભ્રમ ઉપરથી, અથવા કોઇ માની લીધેલી બાબતને લીધે આવેલા અનુમાન ઉપરથી, અથવા ઉપમાને લીધે સારું લાગતું હોય તે ઉપરથી, અથવા તો આપણા ગુરુઓની કે શિક્ષકોની સત્તા ઉપરથી, કોઈ પણ બાબતને માની લેતા નહિ; પણ જયારે કોઈ લેખ, સિદ્ધાંત અથવા કહેવત આપણી બુદ્ધિ તથા અંતઃકરણ કબૂલ કરે ત્યારેજ તે સત્ય તરીકે સ્વીકારવાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण १२ मुं–श्रीबुद्धनो उपदेश

બુદ્ધ મહાત્માએ ઉપદેશેલા ધર્મના સિદ્ધાંતો યથાર્થ રીતે આપણા સમજવામાં આવે, તે માટે કેટલાક શબ્દોની વ્યાખ્યા આપવી જરૂરી છે; કારણ કે તે શબ્દોના પાશ્ચાત્ય વિદ્વાનોએ કરેલા જુદા અર્થોને લીધે ઘણી ગેરસમજૂત ફેલાયલી છે. જે એક શબ્દના સંબંધમાં અતિશય ગૂંચવાડો ઊભો થયો છે, તે શબ્દ 'નિર્વાણ' છે. 'નિર્વાણ'નો અર્થ પાશ્ચાત્ય વિદ્વાનો 'હયાતીનો આત્યંતિક વિનાશ' અથવા 'ચૈતન્યનો વિનાશ' એમ કરે છે, પણ આ અર્થ વાસ્તવિક નથી. કારણકે 'નિર્વાણ' એ ચૈતન્યના અતિશય વિકાસરૂપ છે અને તે વિકાસદ્વારા આપણા સૂર્યમંડળની હદમાં તે આત્મા સર્વજ્ઞતા મેળવે છે. 'સર્વ પ્રકારના સ્થૂળ જીવનનો તેમજ આ સ્થૂળ સૃષ્ટિમાં મળી આવતી દરેક વસ્તુ તરફની તૃષ્ણાનો નાશ' આવો અર્થ 'નિર્વાણ' શબ્દથી સૂચવાય છે ખરો અને પ્રાયઃ આ કારણને લીધેજ 'નિર્વાણ' એ શબ્દનો 'આત્યંતિક વિનાશ' એમ અર્થ કરવામાં આવ્યો હશે. પણ સ્થૂળ તથા સૂક્ષ્મ પ્રકૃતિના બનેલા રૂપોવાળા જગતમાંથી અસ્તિત્વનો વિનાશ થવો, તેનો અર્થ એવો નથી કે ઉચ્ચ ચૈતન્યપ્રદેશમાં પણ આત્માનો નાશ થાય છે; કારણ કે આપણા અનુભવમાં જે આકારો આવી શકે છે, તેવા આકારો જ્યાં નથી, તેવા આત્માનાજ પ્રદેશમાં આત્માનું અસ્તિત્વ રહે છે. નિર્વાણ એ એવી આત્માની પરમદશા છે કે, તેનો અનુભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારા ઋષિઓ પણ તેને શબ્દોદ્વારા વર્ણવી શકે નહિ. આ કારણથીજ જ્યારે બુદ્ધદેવને નિર્વાણ વિષે પૂછવામાં આવ્યું, ત્યારે પોતે મૌન રહ્યા હતા.

"જો કોઇ એમ શીખવે કે 'નિર્વાણ' એટલે 'નાશ પામવું' તો તું તેમને જણાવજે કે તેઓ જૂઠું બોલે છે; જો કોઇ એમ શીખવે કે 'નિર્વાણ' એટલે 'જીવવું' તો તેમને જણાવજે કે તેઓ ભૂલ કરે છે." આપણે સામાન્ય રીતે જે અર્થમાં 'નાશ પામવું' અથવા 'જીવવું' સમજીએ છીએ, તેવા 'નાશ' કે 'જીવન' થી નિર્વાણનો ખ્યાલ પામવો દુર્લભ છે. પથ્થરમાં રહેલા ચૈતન્યમાં ને આપણી અંદર પ્રકટ થયેલા ચૈતન્યમાં જેટલું અંતર છે, તેના કરતાં પણ આપણા ચૈતન્યમાં અને 'નિર્વાણદશા' પ્રાપ્ત કરનારના ચૈતન્યમાં મોટું અંતર છે. જે બાબત બુદ્ધદેવ પણ મૌન રહ્યા હતા એવી ચૈતન્યની ઉત્કૃષ્ટ સ્થિતિને 'વિનાશ'ના અર્થમાં સમજવી, તે વેદાંતીઓ બ્રહ્મને 'નેતિ નેતિ' શબ્દથી જણાવે છે, માટે બ્રહ્મ નથી, એમ માનવા બરાબર છે.

હવે 'બુદ્ધ' એ કોણ? એ વિચારીએ. એક મહાન આત્મા જે આ સૃષ્ટિ પર અનેક જિંદગીનો અનુભવ મેળવીને સામાન્ય મનુષ્યજાતિ કરતાં ઘણે ઊંચે દરજ્જે ઉન્નતિક્રમમાં ચડેલો છે અને પરમ તત્ત્વ સાથે જ્ઞાન સહિત ઐક્ય પ્રાપ્ત કરવા સમર્થ થયેલો છે, તેને હિંદુ અને બૌદ્ધધર્મ 'બુદ્ધ' એટલે 'બોધ પામેલો' એ તરીકે ગણે છે; પણ 'નિર્વાણ' પ્રાપ્ત કરનાર અને 'બુદ્ધ' એ બે વચ્ચે પણ વળી અંતર છે. જેણે નિર્વાણ પ્રાપ્ત કર્યું હોય, તે આત્મા કરતાં પણ બુદ્ધની દશા વધુ માનવતી છે. નિર્વાણદશા પ્રાપ્ત કર્યા પછી જે દયાસાગર મહાન આત્મા મનુષ્યજાતિરૂપ પોતાના નાના બંધુઓના કલ્યાણ અર્થે નિર્વાણના સુખનો ભોગ આપીને, મનુષ્યજાતિને મદદ આપી શકાય તેવી સ્થિતિમાં રહે છે, તેને 'બુદ્ધ' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૌદ્ધધર્મના પાયારૂપ બે સિદ્ધાંતો છે; તે સિદ્ધાંતોનાં નામ 'કર્મ' અને 'પુનર્જન્મ' છે. તે બે સિદ્ધાંતો વિષે હવે આપણે વિચાર કરીએ, કારણ કે તે બાબતના જ્ઞાન સિવાય બૌદ્ધધર્મના તત્ત્વની સમજણ પડવી અશક્ય છે. બૌદ્ધધર્મ પ્રતિપાદન કરે છે કે, જીવાત્મા અથવા વ્યક્તિ નિત્ય છે; તે સાથે એમ પણ સ્થાપન કરે છે કે, પ્રથમની ઉપાધિએ મૂકેલું બીજ, જેને 'સ્કંધ' કહેવામાં આવે છે, તેમાંથી અસંખ્ય ઉપાધિઓ ઉત્પન્ન થાય છે અને તે ઉપાધિઓનાં જન્મમરણ પણ થાય છે. ઘણીવાર જીવને અથવા નિત્ય તત્ત્વને મણકાની અંદર પરોવેલા સૂત્રની ઉપમા આપવામાં આવે છે અને ઉપાધિ તે મણકારૂપ છે. અથવા વધારે સારું દૃષ્ટાંત લઈએ તો જે છોડવાઓ ભોંયની અંદર ચાલે છે, દરેક વસંતઋતુમાં થડ અને પાંદડાં પ્રકટ કરે છે અને જેનાં પાંદડાં વગેરે શિયાળો આવતાં નાશ પામી અદૃશ્ય થાય છે, તે છોડવાઓનાં મૂળ સાથે જીવને સરખાવી શકાય અને ઉપરનાં પાંદડાં તથા થડને ઉપાધિ સાથે સરખાવાય. આ મૂળ અદૃશ્ય પણ સ્થાયી છે અને તે કારણથીજ તે મૂળમાંથી ઉત્પન્ન થતા છોડવાઓ એકબીજા સાથે જોડાય છે અને તે છોડવાઓરૂપ ઉપાધિ દૃશ્ય તેમજ અનિત્ય છે. આ ઉપાધિની અનિત્યતા ઉપર એટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે કે, જુદી જુદી ઉપાધિઓને જોડનાર સ્થાયી તત્ત્વ (આત્મા) જેવી વસ્તુજ નથી એમ કેટલાક માનવાને દોરાય છે, પણ સૂક્ષ્મ વિચાર કરતાં જણાય છે કે બૌદ્ધધર્મ અનાત્મવાદી નથી.

આ 'પુનર્જન્મ'ના નિયમની સાથે સ્થાયી સંબંધ ધરાવતો અને પુનર્જન્મના નિયમમાંથીજ ફલિત થતો કર્મનો નિયમ છે. મનુષ્ય પોતેજ પોતાનો નિયંતા છે અને જેવું મનુષ્ય વાવશે તેવું લણશે, એ આ નિયમનો ટૂંકમાં સાર છે. જેવી રીતે પુરુષની પાછળ તેની છાયા જાય છે, તેવીજ રીતે સારા કામનું ફળ તેની પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે અને જેવી રીતે બળદની પાછળ ગાડીનું પૈડું ચાલે છે, તેવીજ રીતે ખરાબ કામનું ફળ તેની પાછળ આવે છે.

સર એડવિન આર્નોલ્ડના શબ્દોમાં "કર્મ"નો નિયમ આ પ્રમાણે છેઃ—

"દરેક મનુષ્યનું જીવન તેના પૂર્વજન્મોનાં આચરણનું પરિણામ છે; ઘણા કાળ પૂર્વે કરેલાં અશુભ કૃત્યો શોક અને દુઃખ ઉત્પન્ન કરે છે; તેમજ ભૂતકાળનાં શુભ કાર્યો આનંદ આપનાર બને છે. મનુષ્ય પોતે વાવેલું લણવા પાછો આવે છે."

જન્મમરણના ચક્રની ધરી આંસુની બનેલી છે અને તેની નાભિ શૂન્યની બનેલી છે. તે ચક્રમાંથી મનુષ્ય કેવી રીતે મુક્ત થઇ શકે તે શીખવવું. મનુષ્ય પોતાનાજ ભવિષ્યનો રચનાર છે, અથવા તેનું ભવિષ્ય તેના પોતાનાજ હાથમાં છે એમ જણાવવું. આનો ખ્યાલ આવ્યા પછી મનુષ્યે કેવાં પ્રકારનાં કાર્યો તથા વિચારો કરવા કે જે પુનર્જન્મના કારણને સહાયભૂત થાય નહિ અને ભૂતકાળનું કર્મ ખપી જતાં મનુષ્ય મુક્તિ-નિર્વાણ પ્રાપ્ત કરી શકે; આ શીખવવું-આમાંજ બૌદ્ધધર્મનો સાર સમાયેલો છે.

સર્વ મનુષ્યોને શુદ્ધ વિચાર કરવાનું અને પોતાના ખુદ શિષ્યોને ધ્યાન કરવાનું બુદ્ધદેવ ભાર દઇને જણાવતા હતા, તેનું કારણ પણ આજ હોવું જોઇએ, એમ આપણને જણાય છે. કાર્ય કરતાં પહેલાં વિચાર ઉદ્ભવે છે; વિચાર તે કાર્યનો નિયંતા છે. મનુષ્યની ઉન્નતિમાં, તેનું ચારિત્ર્ય ઉત્તમ પ્રકારનું બનાવવામાં અને તેનું ભવિષ્ય નિર્માણ કરવામાં ઉત્તમ વિચાર એ ઘણુંજ પ્રબળ સાધન છે. પાશ્ચાત્ય લોકોમાં તથા તેમના સંસર્ગને લીધે આપણા લોકોમાં સ્થૂળ શરીરની બાહ્ય પ્રવૃત્તિને અગત્યની ગણવાની અને સ્પષ્ટ તેમજ નિયમિત વિચારને, તેમજ લાંબા કાળ સુધી કરેલા ધ્યાનને ગૌણ માનવાની જે ટેવ પડી ગઈ છે, તેમને સારુ બૌદ્ધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મનું આ શિક્ષણ ઘણુંજ લાભકારક અને ઉપયોગી છે.

બૌદ્ધધર્મનો મૂળ-મુખ્ય સિદ્ધાંત એ છે કે, મનુષ્યનાં સર્વ દુ:ખો અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે. તેથી મનુષ્યની ઉન્નતિનું અને સુખનું રહસ્ય અજ્ઞાનને દૂર કરવામાં અને જ્ઞાન મેળવવામાં સમાયેલું છે. "નિયમ રાજ્યની સ્થાપના" (અથવા ડૉ. હીસ ડેવિડ્ઝના શબ્દોમાં કહીએ તો "ધાર્મિક જીવનના રાજ્યની સ્થાપના" "ધર્મચક્રપ્રવર્તન") એ નામના બુદ્ધદેવના વ્યાખ્યાનમાં તેમણે "અષ્ટ વિધ ઉત્તમ માર્ગ" એ નામના મધ્યમાર્ગનો ઉપદેશ કર્યો છે અને તે પ્રમાણે વર્તવાથી સર્વ પાપ અને દુઃખ જેનું મૂળ અજ્ઞાન છે, તેમાંથી મનુષ્યો મુક્ત થઇ શકે એમ દર્શાવ્યું છે.

આ પ્રખ્યાત વ્યાખ્યાન-સંવાદ ડૉ. હીસ ડેવિડ્ઝના માનવા પ્રમાણે તે વખતે જેવું કહેવામાં આવ્યું હતું, તેવુંજ શબ્દશઃ આપણને મળી આવેલું છે.

બુદ્ધ કહે છેઃ "હે ભિક્ષુકો! જેઓ સંસાર બહાર નીકળી પડયા છે, તેઓએ બે એકદેશીય-ઐકાંતિક બાબતો આદરવી નહિ; એક બાજુએ ઇન્દ્રિયજન્ય સુખોની-તેમાં મુખ્યત્વે મૈથુનાભિલાષની-આસક્તિવાળું જીવન આદરવા યોગ્ય નથી. કારણ કે તે પ્રમાણે વર્તવું તે નીચ, અધમ અને સંસારપ્રપંચમાં મગ્ન થયેલાને વાસ્તે છે; વળી તે અયોગ્ય અને સ્થાયી લાભ વિનાનું છે. તેમજ બીજી બાજુએ દેહકષ્ટ કરી આત્માને ગ્લાનિ પમાડવી તે રીત પણ આદરવા યોગ્ય નથી; કારણ કે આ રીત પણ દુઃખદાયક, અયોગ્ય અને સ્થાયી લાભ વિનાની છે. હે ભિક્ષુકો! આ બે પ્રકારના એકદેશીય માર્ગનો અનાદર કરનારો તથાગતે (બુદ્ધે) શોધેલો મધ્ય માર્ગ છે. તે માર્ગ ચક્ષુને ઉઘાડે છે, જ્ઞાન આપે છે અને તે મનની શાંતિ, ઉચ્ચ જ્ઞાન, સંપૂર્ણ બુદ્ધતા આપી નિર્વાણ ભણી લઈ જાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે મધ્ય માર્ગ કયો છે? ખરેખર તે 'અષ્ટવિધ ઉત્તમ માર્ગ' નીચે પ્રમાણે છેઃ–

(૧) શુદ્ધ વિચારો (વહેમ અને અજ્ઞાનરહિત).

(૨) શુદ્ધ અભિલાષા (ઉચ્ચ અને બુદ્ધિશાળી તેમજ અર્હંત પુરુષોને યોગ્ય).

(૩) શુદ્ધ વાણી (દયાળુ, નિષ્કપટી અને સત્યમય).

(૪) શુદ્ધ આચાર (શાંતિયુક્ત, પ્રમાણિક અને પવિત્ર).

(૫) શુદ્ધ વૃત્તિ–ઉદરનિર્વાહ (કોઈ પણ જીવતા પ્રાણીને ઇજા અથવા ભય ઉત્પન્ન કર્યા સિવાય).

(૬) શુદ્ધ પ્રયત્ન (આત્મકેળવણી તેમજ આત્મસંયમમાં).

(૭) શુદ્ધ અપ્રમત્તતા. (મન સાવધ તેમજ નિરીક્ષક હોવું જોઇએ).

(૮) શુદ્ધ અત્યાનંદ (જીવનની સત્યતાને લગતી ઊંડી સમાધિમાં મળે છે તે).

"હે ભિક્ષુકો! દુઃખને લગતું ઉત્તમ સત્ય નીચે પ્રમાણે છેઃ– જન્મ દુઃખમય છે, તેમ જરા પણ છે; રોગ દુઃખકર છે, તેમ મરણ પણ છે; અરુચિકર વસ્તુનો સંયોગ દુઃખકર છે, તેમજ રુચિકર વસ્તુનો વિયોગ પણ છે; અને કોઈ પણ અસંતુષ્ટ ઇચ્છા પણ દુઃખકર છે. ટૂંકામાં મમત્વભાવનાથી ઉત્પન્ન થતા 'પંચ સ્કંધો' દુઃખકર છે.

"હે ભિક્ષુકો! દુઃખની ઉત્પત્તિને લગતું ઉત્તમ સત્ય આ પ્રમાણે છેઃ જે તૃષ્ણા પુનર્જન્મનું કારણ છે, જે તૃષ્ણા ઇન્દ્રિયજન્ય સુખોની સહચારિણી છે અને જે તૃષ્ણા એક વખત આ સ્થળે અને અન્ય સમયે બીજે સ્થળે સંતોષ શોધે છે, તે તૃષ્ણામાંથી દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિકારતૃપ્તિની તૃષ્ણા અને ભવિષ્યજીવનની તૃષ્ણા આ દુઃખનાં કારણો છે. (વિષયેચ્છા, જીવનેચ્છા અને જીવનઅભિમાન આ ત્રણ પણ કારણો છે.)

“હે ભિક્ષુકો ! દુઃખના વિનાશને લગતું ઉત્તમ સત્ય નીચે પ્રમાણે છેઃ—

“કોઇ પણ પ્રકારની ઇચ્છા રહે નહિ એવી રીતે તૃષ્ણાનો નાશ કરવામાં દુઃખનો અંત આવે છે. તે વાસ્તે તે તૃષ્ણાને દૂર કરવી, તેનો ત્યાગ કરવો, તેમાંથી મુક્ત થવું અને ફરીથી તેને હૃદયમાં દાખલ થવા દેવી નહિ. હે ભિક્ષુકો ! દુઃખના નાશના માર્ગ ભણી લઇ જનાર ઉત્તમ સત્ય નીચે પ્રમાણે છે; ખરેખર તે ‘ઉત્તમ અષ્ટવિધ માર્ગ છે.’”

આ ઠેકાણે ઉપર જણાવેલા તે માર્ગના આઠ પ્રકાર બતાવવામાં આવ્યા છે. કેટલીક વાર તેમનું ભાષાંતર નીચે પ્રમાણે કરવામાં આવે છે.:—

(૧) શુદ્ધ શ્રદ્ધા	(૫) ઉદરનિર્વાહનાં શુદ્ધ સાધનો
(૨) શુદ્ધ વિચાર	(૬) શુદ્ધ પ્રયત્ન
(૩) શુદ્ધ વાણી	(૭) શુદ્ધ સ્મરણશક્તિ
(૪) શુદ્ધ સિદ્ધાંત	(૮) શુદ્ધ ધ્યાન

વળી બીજી રીતે તેનું આ પ્રમાણે ભાષાંતર થઇ શકે છેઃ—

(૧) શુદ્ધ શ્રદ્ધા	(૫) ઉદરનિર્વાહનાં શુદ્ધ સાધનો
(૨) શુદ્ધ આશયો	(૬) શુદ્ધ પ્રયત્ન
(૩) શુદ્ધ વાણી	(૭) શુદ્ધ અપ્રમત્તતા
(૪) શુદ્ધ આચાર	(૮) શુદ્ધ ધ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવેલાં ભાષાંતરોમાંથી ગમે તે શબ્દો આપણે ગ્રહણ કરીએ તોપણ વિચારશ્રેણિ તો એકજ પ્રકારની છે.

પ્રથમ શુદ્ધ સત્યનું જ્ઞાન; તે પછી શુદ્ધ વિચારો; અને તે વિચારોને લીધે પોતે તેમજ પોતાના સંબંધમાં આવતા સર્વ જીવ પ્રત્યે શુદ્ધ વાણી અને શુદ્ધ કર્મ; અને તે પછી ત્રણ પ્રકારની આત્મકેળવણીઃ—(૧) શારીરિક કેળવણી (શુદ્ધ ઉદ્યોગ) (૨) માનસિક કેળવણી (અપ્રમત્તતા) અને (૩) આધ્યાત્મિક કેળવણી (ધ્યાન).

બૌદ્ધધર્મનાં સર્વ પવિત્ર પુસ્તકોનો સાર એકજ સૂત્ર અથવા શ્લોકમાં આવી જાય છે અને તે નીચે પ્રમાણે છેઃ—

"સર્વ પ્રકારનાં પાપ કરતાં અટકવું, સદ્ગુણ મેળવવા; પોતાના હૃદયને શુદ્ધ બનાવવું-આ બૌદ્ધનો ધર્મ છે."

પંચમહાવ્રતો ('પંચશીલ') જે બૌદ્ધધર્માનુયાયીઓને પાળવાનાં છે, તે સર એડવિન આર્નોલ્ડે કવિતારૂપે નીચે પ્રમાણે પ્રદર્શિત કર્યાં છેઃ—

અહિંસા—દયા ધર; કોઇને મારતો નહિ, ઉન્નતિક્રમના માર્ગપર ચાલતા શુદ્રમાં શુદ્ર પ્રાણીનો પણ તું વધ કરતો ના.

અસ્તેય—ઉદારતાથી આપવું અને લેવું, પણ પારકી વસ્તુ બીજા પાસેથી લોભથી, જોરથી કે કપટથી લેવી નહિ.

સત્ય—જૂઠી સાક્ષી પૂરવી નહિ, કોઇને માથે આળ ચડાવવું નહિ; જૂઠું બોલવું નહિ; સત્ય તે આંતરશુદ્ધિની વાણી છે.

મદ્યમાંસનિષેધ—જે વસ્તુઓ અને પ્રવાહી પદાર્થો મનુષ્યોને મદોન્મત્ત બનાવે છે તેનો ત્યાગ કર, શુદ્ધ મન અને શુદ્ધ શરીરને સોમપાનની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મચર્ય—તારા પાડોશી (અન્ય કોઇ પણ) ની સ્ત્રીને અડવું નહિ. તેમજ અયોગ્ય અને અન્યાયયુક્ત શારીરિક પાપ આચરવાં નહિ.

આ "પંચશીલ"—એટલે પાંચ મહાવ્રતો નીચે પ્રમાણે તેમના દેવાલયમાં બૌદ્ધો ઉચ્ચારે છેઃ—

(૧) હું પ્રાણીઓનો વધ નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું.

(૨) હું ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું.

(૩) હું અસત્ય નહિ બોલવાની પ્રતિજ્ઞા લઉં છું.

(૪) હું પરસ્ત્રી સાથે સંબંધ નહિ રાખવાની પ્રતિજ્ઞા લઉં છું.

(૫) હું માદક પદાર્થો અને આળસ ઉત્પન્ન કરે તેવી વસ્તુઓ નહિ વાપરવાની પ્રતિજ્ઞા લઉં છું.

આ ઉપરથી દરેક મનુષ્યને જણાશે કે, 'સર્વ પ્રકારની જિંદગી પવિત્ર છે' તે વાત આ અતિશય વિખ્યાતિ પામેલા ધર્મનું મુખ્ય લક્ષણ છે અને બૌદ્ધધર્મનાં પવિત્ર પુસ્તકોમાં સર્વ પ્રાણીઓને જીવવાનો હક છે, એમ માનવાની અનિવાર્ય ફરજ દર્શાવવામાં આવી છે; અને સર્વ જીવતાં પ્રાણીઓ પ્રત્યે દયાની લાગણીથી વર્તવાની ફરજ પણ અગત્યની ગણવામાં આવી છે. બુદ્ધના શિક્ષણ પ્રમાણે જે દુર્ગુણોને લીધે મનુષ્ય 'સંઘ' બહાર થાય, તે દુર્ગુણોના વર્ગ પાડવામાં આવ્યા છે અને આ દુર્ગુણોમાં જીવતાં પ્રાણી પ્રત્યે દયા નહિ બતાવવાના દુર્ગુણને મુખ્ય પદ આપવામાં આવ્યું છે; અને જે મનુષ્ય સાધુના ગુણ સિવાય સાધુપણાનો ડોળ ઘાલે છે તે અધમમાં અધમ, સંઘ બહાર કાઢવા યોગ્ય છે અને સર્વ ભુવનોમાં તેને 'ચોર' ગણવામાં આવે છે; સાધુના દશ પ્રકારના ધર્મ અથવા "દશશીલ" નામના પુસ્તકમાં ભિક્ષુકો—ધર્મ સંઘના સભાસદોનાં કર્તવ્યનું વર્ણન આપેલું છે અને તેઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિંદગી ઉપર નિગ્રહ મેળવવાને અને તેને કેળવવાને ઘણાં વ્રત અને નિયમો પાળવા પડે છે.

બુદ્ધે પોતાના જીવન–સમયમાંજ ભિક્ષુકો અને શિષ્યોનો એક 'સંઘ' સ્થાપ્યો; અને તે 'સંઘ'ને તેમણે સમગ્ર મનુષ્યજાતિને સ્પષ્ટ રીતે ઉપયોગમાં ન આવે તેવું વધારે ઉચ્ચ અને અધ્યાત્મ-વિદ્યાને લગતું ગુપ્ત શિક્ષણ આપ્યું, એમ માનવાને સબળ કારણો છે. કારણ કે તે તો ખુલ્લું છે કે ઉપર જણાવેલું નૈતિક શિક્ષણ ગમે તેવા ઉચ્ચ પ્રકારનું હોય, તોપણ ફક્ત તે શિક્ષણ 'નિર્વાણ' શબ્દથી સૂચવેલી આધ્યાત્મિક ઉન્નતિના ઉચ્ચ પગથિયા પર મનુષ્યને લઇ જવાને શક્તિમાન થશે નહિ. વધારે જ્ઞાન તેણે મેળવવું જોઇએ; અથવા જ્ઞાન મેળવવાની શક્તિ જે ગુપ્તજ્ઞાની (દીક્ષિત) ગુરુ અથવા અર્હંતનો ખાસ ગુણ છે, તે જ્ઞાન મેળવવાની શક્તિ તેણે મેળવવી જોઇએ. જગતના સર્વ ધર્મસંસ્થાપકોની સર્વત્ર આવીજ રીત હતી.

હવે આ ગુપ્ત જ્ઞાન અથવા મુમુક્ષુના 'માર્ગ'નાં નાનાં તેમજ મોટાં પગથિયાંનું જ્ઞાન તેમજ તે 'માર્ગ' પર ચાલવાની દૃઢ ઇચ્છા રાખનારામાં જોઇતા વિવિધ ગુણોનું જ્ઞાન 'ગુપ્ત મદદગારો' એ નામના ગ્રંથને આધારે નીચે પ્રમાણે છે. મુમુક્ષુની પ્રથમની અદી-ક્ષિત અવસ્થાનાં પાંચ પગથિયાં છે, પણ પૂર્વ તરફના ઘણા ધર્મ-પુસ્તકોમાં તે શુદ્ધ માર્ગને લગતાં હોય એમ ગણવામાં આવ્યું નથી અને તેને લીધે આ વિષય સંબંધીના પૂર્વ તરફના ગ્રંથોનો અભ્યાસ કરતાં મુખ્ય અને ગૌણ વિભાગના દરજ્જાનો ફેરફાર શોધતાં ઘણી મુશ્કેલી પડે છે.

પ્રથમ પગથિયું "મનોદ્વારાવર્જન" અથવા મનનાં દ્વાર ઉઘાડવાં તે છે; જ્યારે મનનાં દ્વાર ખુલ્લાં થાય છે ત્યારે તેને લીધે કેવળ ઐહિક ઇચ્છાઓની અનિત્યતા અને નિરર્થકતાની તે જિજ્ઞા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુને દૃઢ ખાતરી થવા માંડે છે અને તે જિજ્ઞાસુ અનન્ય નિષ્ઠાથી અધ્યાત્મ-માર્ગ ભણી વળે, તે પહેલાં આવી ખાતરી જરૂરની છે, તે તો સ્પષ્ટ છે. આ ગુણને હિંદુઓ 'વિવેક' નામથી ઓળખે છે.

બીજું પગથિયું "પરિકમ્મ" અથવા કાર્ય વાસ્તે તૈયારીનું છે. અહીંયાં મનુષ્ય પૂર્વ દેશના ધર્મગ્રંથો જણાવે છે, તેમ કાર્યના ફળના ઉપભોગની આશા વિના તેમજ બદલા કે શિક્ષાની અપેક્ષા વિના શુભ ખાતરજ શુભ કર્મ આચરે છે; આ ગુણને વેદાંતમાં વૈરાગ્યનું નામ આપવામાં આવ્યું છે.

ત્રીજું પગથિયું "ઉપચાર" છે. તેનો અર્થ ધ્યાન અથવા ચારિત્ર્ય છે. હિંદુધર્મમાં જેને "ષટ્ સંપત્તિ" કહે છે, તે ગુણો મેળવવાનું આ સ્થાન છે. તે ગુણો નીચે પ્રમાણે છેઃ-(૧) શમઃ- મનની શાંતતા અથવા મનોનિગ્રહ; જો કે તે ગુણ પ્રાપ્ત કરવો દુષ્કર છે, તોપણ માનસિક કાર્યની ફતેહને વાસ્તે અતિ અગત્યનો છે. (૨) દમ-મનોનિગ્રહને લીધે વચન તેમજ કાર્ય પર તેવા પ્રકારનો નિગ્રહ. (૩) ઉપરતિ-ધર્માંધતાનો ત્યાગ કરવો તે. કોઈપણ ધર્મે જણાવેલા કાર્ય અથવા ક્રિયાની અવશ્યકતામાં તેમજ ઉપયોગીપણામાં શ્રદ્ધા અને તેને લીધે વિચારની સ્વતંત્રતા અને વિશાળ ઉદાર સહનશીલતાનો ઉદ્ભવ. (૪) તિતિક્ષા-કર્મના પરિણામરૂપે મળેલા સુખદુઃખને શાંત મનથી સહન કરવું તે. કોઇ પણ મનુષ્ય દુઃખ પમાડવામાં સાધનભૂત થાય તેના તરફ દ્વેષનો અભાવ. (૫) સમાધાન અથવા મનની એકાગ્રતા; કોઈપણ પ્રકારની લાલચથી મનની સ્થિરતાનો ભંગ ન થાય તે. (૬) શ્રદ્ધા. ગુરુમાં તેમજ પોતાના આન્તર દૈવી સ્વભાવમાં વિશ્વાસ.

ચોથું પગથિયું "અનુલોમ" ક્રમવાર ચડવું તે. ઉપર જણાવેલા ગુણોમાંથી સ્વાભાવિક પરિણામરૂપે તે ગુણ આવે છે. ઉચ્ચમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચ તત્ત્વ જોડે સંયોગની તેમજ મુક્તિ-નિર્વાણની અનિવાર્ય ઇચ્છા (મુમુક્ષા) નું આ સ્થાન છે.

પાંચમું પગથિયું "ગોત્રભૂ" નું છે. આ શબ્દનો અર્થ ગુપ્ત જ્ઞાન (રહસ્ય) ની દીક્ષાને વાસ્તે અધિકારીપણું એમ થાય છે. અહીંયાં તે પોતાના સર્વ ગુણોને એકત્ર કરે છે અને હવે અદીક્ષિત અવસ્થામાંથી દીક્ષિત અવસ્થામાં પ્રવેશ કરવાને તૈયાર થાય છે.

અહીંયાં જણાવવું જોઇએ કે, ઉપર જણાવેલા સર્વ ગુણો નવા ઉપાસકમાં સંપૂર્ણ ખીલેલા હોવા જોઇએ, એવી તેની પાસેથી આશા રાખવામાં આવતી નથી. અથવા તે ગુણો એક પછી એક અનુક્રમે મેળવવા જોઇએ તેમ પણ નથી. તે ઉપાસકે એકજ સમયે ચારિત્ર્ય યોજનાના કાર્યમાં, ધ્યાનની દિશામાં અને ઉપર જણાવેલા માર્ગાનુસાર ઉન્નતિ મેળવવાના કાર્યમાં પોતાની શક્તિનો ઉપયોગ કરવો જાઇએ. પોતાની આગળ ઉન્નતિને વાસ્તે કેવું વિશાળ ક્ષેત્ર છે, તેના સાભિજ્ઞ જ્ઞાન સિવાય પણ (ગોત્રભૂ) શબ્દે સૂચવેલે પગથિયે બાહ્ય ધર્મમાં ગૂંથાયેલા અથવા કોઇ પણ ખાસ ધર્મ વિનાના ઘણા પુરુષો આવી શકે છે અને આવવા જોઇએ અને 'ગોત્રભૂ' તે કોણ? આ પ્રશ્નના ઉત્તરમાં બુદ્ધદેવે જણાવ્યું છે કે, જે સામગ્રીદ્વારા આત્માને પવિત્ર બનાવવાના કાર્યનો આરંભ થાય છે, તે સામગ્રીસંયુક્ત મનુષ્ય તે 'ગોત્રભૂ' છે.

આ અદીક્ષિત અવસ્થાના વિભાગની પેલી પાર કેવળ શુદ્ધ માર્ગના ચાર વિભાગ છે અને આ પગથિયા પર થઇને પસાર થતાં, જે સંયોજન-બંધન તેને જન્મમરણના ચક્ર સાથે બાંધે છે અને નિર્વાણ પ્રાપ્ત કરતાં અટકાવે છે, તે દશ સંયોજનથી ઉપાસકે મુક્ત થવું જોઇએ. હવે થોડી ફતેહથી ચાલી શકે તેમ નથી. હવે તો જે તૃષ્ણાઓ શિષ્યને બંધનકર્તા છે તેમાંથી તેણે મુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવુંજ જોઇએ અને આ પગથિયા પર એવા વિશાળ ગુણો મેળવવાની આવશ્યકતા છે કે, માર્ગના આ વિભાગમાંથી પસાર થતાં સાત જન્મની જરૂર પડે છે, એમ ધર્મશાસ્ત્રો જણાવે છે. દરેક વિભાગ બીજા વિભાગથી ખાસ દીક્ષા–ક્રિયાથી જુદો પડે છે. પ્રથમ વિભાગને "સોતાપતિ" અથવા "સોહન" કહેવામાં આવે છે અને સેવાની અથવા સોતાપન્ન (જેણે 'પ્રવાહ' માં પ્રવેશ કર્યો છે, એવો આત્મા) કદાચ 'માર્ગ'થી વિમુખ થાય, કોઇક સમયે તે નિષ્ફળ નીવડે અને કોઇક સમયે પોતાની ઉન્નતિમાં વિલંબ કરે, તે છતાં પણ તે પગથિયું તેણે કદાપિ પ્રાપ્ત ન કર્યું હોય તેવો તો કદી તે બને નહિ. આ ઠેકાણે ત્રણ બંધનો તોડવા યોગ્ય છે. (૧) આત્મભ્રાંતિ–ઉપાધિને જીવરૂપ માનવામાં અને પોતાના આત્માને સમસ્ત આત્મા (પરમાત્મા) કરતાં ભિન્ન માનવામાં અને તેથી તેનો પોતાનો સ્વાર્થ તેના જાતભાઇઓના સ્વાર્થનો વિરોધી છે તેમ ગણવામાં આત્મભ્રાંતિનો સમાવેશ થાય છે. (૨) શંકા અથવા અનિશ્ચય–મનુષ્યના સ્વભાવ અને ભવિષ્ય વિષેના મૂળ સત્યનું પોતે અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરીને અથવા સુપ્રસિદ્ધ બુદ્ધિગમ્ય જ્ઞાનની શ્રદ્ધાવડે શંકાને દૂર કરવાની છે; પણ અંધશ્રદ્ધાથી તે શંકાનું સમાધાન કરવાનું નથી. (૩) વહેમ–હૃદયશુદ્ધિ અર્થે બાહ્ય ધર્મની કોઇ પણ ક્રિયા અથવા કાર્ય ઉપર આધાર રાખવો તેનો સમાવેશ 'વહેમ' માં થાય છે.

બીજું મોટું ઉચ્ચ પગથિયું "સકૃદાગામી"નું છે. આ સ્થાનમાં કોઇ પણ ખાસ બંધનને તોડવાનાં નથી. પણ તે સમય માનસિક અને અતીંદ્રિય શક્તિની ખાસ ઉન્નતિનો છે.

ત્રીજું ઉચ્ચ પગથિયું "અનાગામી"નું છે. અનાગામી એટલે જેને ફરી જન્મ લેવાનો નથી તેવો પુરુષ; આ સ્થાનમાં વિષયોપભોગ પ્રતિની આસક્તિનો સર્વાંશે ત્યાગ કરવો જોઇએ. ક્રોધ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વેષ અને તેના સંબંધી પુરુષોની ઉપાધિના રાગને વાસ્તે તેના હૃદયમાં કાંઇ પણ સ્થાન મળવું જોઇએ નહિ; રાગનો ત્યાગ કરવો તે ઉપરથી શુદ્ધ અને ઉત્તમ પ્રકારનો પ્રેમ જે જીવાત્માઓ વચ્ચે સાંકળરૂપ છે, અથવા જે પ્રેમ વિશાળ સર્વગત અને સર્વ પ્રાણી-પ્રતિનો છે, તેનો ત્યાગ કરવાનો નથી.

ચોથું પગથિયું "અર્હત"નું છે. અર્હત તે યોગ્ય વંદનીય પુરુષ છે. આ સ્થાનમાં બાકીનાં પાંચ બંધનના શેષ ભાગને પણ દૂર કરવો જોઇએ. તે નીચે પ્રમાણે છેઃ-(૧) શરીરમાં જીવનેચ્છા, ગમે તેવા ઉચ્ચ પ્રકારનું શરીર હોય તોપણ તેમાં જીવવાની ઇચ્છા. (૨) શરીરરહિત જીવનેચ્છા. (૩) માન; માનનો ત્યાગ એટલે પોતાની મહત્તાનો તેમજ કાર્યસિદ્ધિના ભાનનો અભાવ; ઉચ્ચનીચ વિષે ભેદાભાવ; સર્વને એકરૂપ માનવું તે. (૪) આત્મસ્થિરતાનો અભાવ; પોતાની ઉપર આવી પડતાં સંકટથી આત્મસ્થિરતાના ભંગનો અથવા ચંચળતાનો સંભવ. (૫) અજ્ઞાન—અજ્ઞાન દૂર કરવું એટલે સંપૂર્ણ જ્ઞાન મેળવવું તે; આપણા હાલના સૂર્યમંડળને લગતી અનુભવસિદ્ધ સર્વજ્ઞતા.

આ પગથિયું મૂકયું કે મનુષ્ય "અશેષ" બને છે. તેને હવે કાંઈ વધારે જાણવાનું રહેતું નથી. તે 'નિર્વાણી' કહેવાય છે. "જો કોઇ એમ શીખવે કે નિર્વાણ એટલે નાશ થવો, તો તેમને કહેવું કે તેઓ જૂઠું બોલે છે. જો કોઇ એમ શીખવે કે નિર્વાણ એટલે જીવવું, તો તેમને કહેવું કે તેઓ ભૂલ કરે છે. તેઓના પરિમિત જ્ઞાનની પેલી પાર શું છે, તેમજ કાળરહિત, આકારથી પરિમિત જીવનરહિત આનંદ શું છે, તે તેઓ સમજતા નથી."

આવી ઉચ્ચ અને ભવ્ય સ્થિતિ પ્રાપ્ત કરનાર પુરુષ સંબંધી "મેત્તાસૂત્ર"માં નીચે પ્રમાણે જણાવેલું છે. જે માતા પોતાની જિં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દગીના ભોગે પણ પોતાના એકના એક બાળકનું રક્ષણ કરે છે, તે માતા જેવી રીતે પ્રેમ રાખે છે, તેવો પ્રેમ સર્વ પ્રાણી પ્રત્યે રાખો. અમર્યાદિત શુભેચ્છા–પ્રેમ સકળ જગતમાં ઊંચેનીચે સર્વ બાજુએ સંપૂર્ણ રીતે ભેદભાવ કે વિરોધ વિના પ્રસરો. જ્યારે મનુષ્ય જાગતાં-ઊંઘતાં–બેસતાં–સૂતાં સર્વ સમયે આવી મનની સ્થિતિમાં રહે છે, ત્યારે 'આ જિંદગીમાં પણ ઉચ્ચ પ્રકારની પવિત્રતા મળી શકે' એવું ઉત્તમ કથન ખરું પડે છે. બુદ્ધનું શિક્ષણ મનુષ્યના આત્માને વાસ્તે જગદુદ્ધારક અને મનુષ્યજાતિના પાળક થવાનું આવું ભવ્ય અને સર્વોત્કૃષ્ટ પદ દર્શાવે છે. પણ તેનો આરંભ જગતમાં તેમજ ગૃહમાં સદ્ગુણી જીવન ગાળવામાં થવો જોઇએ.

श्रीबुद्धचरित्र समाप्त

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीबुद्धनो उपदेश

धम्मपद

प्रकरण १ लुं—यमकवर्ग*

આપણી હાલની સ્થિતિ આપણા વિચારોનું પરિણામ છે, આપણા વિચારો પર આધાર રાખે છે અને આપણા વિચારોથી બનેલી છે. જો કોઈ મનુષ્ય ખરાબ વિચારથી બોલે અથવા વર્તે, તો ગાડીને ખેંચનાર બળદની પછવાડે જેમ પૈડું ચાલ્યું આવે છે, તેમ દુઃખ તેની પછવાડે આવે છે. (૧)

આપણી હાલની સ્થિતિ આપણા વિચારોનું પરિણામ છે, આપણા વિચારો પર આધાર રાખે છે અને આપણા વિચારોથી બનેલી છે. જો કોઈ મનુષ્ય સારા વિચારથી બોલે અથવા વર્તે, તો છાયા જેમ મનુષ્યની પછવાડે જાય છે, તેમ સુખ તેની પછવાડે ચાલ્યું આવે છે. (૨)

* યમક એટલે જોડ. આ પ્રકરણમાં બબ્બે શ્લોકની જોડ હોવાથી આ પ્રકરણને યમકવર્ગ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે મને ગાળ દીધી, તેણે મને માર્યો, તેણે મને હરાવ્યો, તેણે મને લૂંટ્યો–આવા વિચારોને જે મનુષ્ય પોતાના હૃદયમાં જગ્યા આપે છે, તે મનુષ્ય કદાપિ દ્વેષથી છૂટો થઈ શકે નહિ.(૩)

તેણે મને ગાળ દીધી તેણે મને માર્યો, તેણે મને હરાવ્યો, તેણે મને લૂંટ્યો–આવા વિચારોને જે મનુષ્ય પોતાના હૃદયમાં જગ્યા આપતો નથી, તેનો દ્વેષ બંધ પડે છે. (૪)

કારણ કે દ્વેષ કદાપિ દ્વેષથી નાશ પામતો નથી, પણ દ્વેષ સદા પ્રેમથીજ નાશ પામે છે. આ સનાતનધર્મ છે. (૫)

જગત જાણતું નથી કે આપણા સઘળાનો અહીં અંત આવવાનો છે; પણ જેઓ આ બાબત જાણે છે, તેમના કજિયાનો અંત આવે છે. (૬)

જે કેવળ સુખનેજ શોધતો ફરે છે; જેની ઇન્દ્રિયો કાબૂમાં નથી, જે ખાવામાં મિતાહારી નથી, જે આળસુ અને નિર્બળ છે, તેને મારદેવ (મોહરાજા), જેમ પવન નબળા ઝાડને પાડે તેમ પાડી દે છે–અર્થાત્ ફસાવે છે. (૭)

જે સુખનાં સાધનો શોધ્યા વિના જીવે છે, જેની ઇન્દ્રિયો બરાબર કાબૂમાં આવેલી છે, જે ખાવામાં મિતાહારી છે, જે અપ્રમત્ત અને મજબૂત છે, તેને મારદેવ જેમ પવન મજબૂત ખડકને અસર નથી કરતો, તેમ અસર કરી શકતો નથી. (૮)

(કષાયથી) પાપથી છૂટા થયા સિવાય જે (કાષાય) પીળાં વસ્ત્ર પહેરે છે, જે સત્યને તેમજ ઇન્દ્રિયદમનને ગણકારતો નથી, તે કાષાય વસ્ત્ર પહેરવાને લાયક નથી. (૯)

પણ જે પાપથી છૂટેલો છે, જેણે સદ્ગુણમાં સ્થિરતા મેળવી છે અને ઇન્દ્રિયદમન અને સત્યના ગુણ જેણે પ્રાપ્ત કર્યા છે, તેજ ખરેખર પીળાં વસ્ત્ર પહેરવાને લાયક છે. (૧૦)

જેઓ અસત્યને સત્ય તરીકે માને છે અને સત્યને અસત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે માને છે, તેઓ કદાપિ સત્ય મેળવી શકતા નથી, પણ ખોટી ઇચ્છાઓમાં ખેંચાય છે. (૧૧)

જેઓ સત્યને સત્ય તરીકે પિછાણે છે અને અસત્યને અસત્ય તરીકે માને છે, તેઓ સત્ય મેળવે છે અને સારી ઇચ્છાઓ પ્રમાણે ચાલે છે. (૧૨)

સારી રીતે નહિ સંચારેલા છાપરામાંથી જેમ વરસાદ માર્ગ કરે છે, તેવી રીતે વિચાર નહિ કરનારના (અવિચારશીલના) મનમાં વિકારો ઘૂસી જાય છે. (૧૩)

સારી રીતે સંચારેલા છાપરામાંથી વરસાદને માર્ગ જડતો નથી, તેમ સારી રીતે વિચાર કરનારના (વિચારશીલના) મનમાં વિકારો દાખલ થઈ શકતા નથી. (૧૪)

ખરાબ કામ કરનાર આ લોકમાં રડે છે, પરલોકમાં રડે છે, બન્નેમાં રડે છે. પોતાના અશુભ કામનું અશુભ પરિણામ આવે છે, ત્યારે તે રડે છે અને દુઃખી થાય છે. (૧૫)

સદ્‌ગુણી મનુષ્ય આ લોકમાં ખુશી થાય છે, પરલોકમાં ખુશી થાય છે, બન્ને લોકમાં ખુશી થાય છે. પોતાના કાર્યની શુદ્ધતા જ્યારે તે જુએ છે, ત્યારે તે ખુશી થાય છે અને આનંદ પામે છે. (૧૬)

ખરાબ કામ કરનાર આ લોકમાં દુઃખ ભોગવે છે, પરલોકમાં દુઃખ ભોગવે છે; બન્ને લોકમાં દુઃખ ભોગવે છે. જે ખોટું કામ પોતે કર્યું હોય તેનો વિચાર કરે છે, ત્યારે તે દુઃખી થાય છે અને ખરાબ સ્થિતિમાં જતાં વધારે દુઃખી થાય છે. (૧૭)

સદ્‌ગુણી મનુષ્ય આ લોકમાં સુખી હોય છે, પરલોકમાં સુખી હોય છે. જે સારું કાર્ય પોતે કર્યું હોય છે, તેનો વિચાર કરે છે, ત્યારે તે સુખી થાય છે અને સારી સ્થિતિમાં જતાં વધારે સુખી થાય છે. (૧૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિચારી મનુષ્ય જો કે ધર્મના નિયમોનો મોટો ભાગ મુખે બોલી જાય, પણ જો તે પ્રમાણે વર્તે નહિ તો તે યતિપણાને લાયક નથી, પણ તે બીજાની ગાયો ગણનાર ગોવાળ જેવો છે. (૧૯)

જે ધર્મના થોડા નિયમો મુખે જાણતો હોય, પણ જો તે પ્રમાણે વર્તી શકતો હોય અને જો તેણે વિકારો (રાગ), દ્વેષ અને મૂર્ખાઇનો ત્યાગ કર્યો હોય અને ખરું જ્ઞાન અને હૃદયની ગંભીરતા તેનામાં હોય, તો આ લોકમાં કે પરલોકમાં કોઇ પણ વસ્તુની ઇચ્છા નહિ કરનાર તે ખરેખર આ યતિપણાને લાયક છે. (૨૦)

प्रकरण २ जुं–अप्रमत्तता*

અપ્રમાદ તે નિર્વાણનો માર્ગ છે અને પ્રમાદ તે મરણનો માર્ગ છે. જેઓ અપ્રમાદી હોય છે, તેઓ કદાપિ મરતા નથી, પણ જેઓ પ્રમાદી છે, તેઓ તો ક્યારનાએ મરી ચૂકેલ છે. (૧)

આ બરાબર સમજીને, જે અપ્રમત્તદશામાં આગળ વધેલો છે, તે પંડિત પુરુષ તેમાં આનંદ પામે છે અને બુદ્ધોના જ્ઞાનમાં ખુશી માને છે. (૨)

આવા સુજ્ઞ, ધ્યાની, સ્થિર ચિત્તવાળા, મજબૂત શક્તિઓવાળા પુરુષો ઉચ્ચમાં ઉચ્ચ સુખરૂપ નિર્વાણ મેળવે છે. (૩)

જો અપ્રમાદી પુરુષ જાગૃત થાય, જો તે જરા પણ ભૂલ ન કરે, જો તેનાં કાર્યો શુદ્ધ હોય, જો તે વિચારપૂર્વક વર્તતો હોય, જો તે આત્મસંયમ કરે અને ધર્મના નિયમો પ્રમાણે જીવન ગાળે, તો તેની કીર્તિમાં વધારો થશે. (૪)

જાગૃત થવાથી, અપ્રમત્તદશાથી, ઇન્દ્રિયોના નિગ્રહથી અને

* પ્રમાદ એટલે આળસ, ધર્મકામમાં શિથિલતા, અપ્રમાદ–અપ્રમત્તતા એટલે આળસનો અભાવ–જાગૃતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનના સંયમથી મનુષ્ય એવો દ્વીપ પ્રાપ્ત કરે છે કે, ગમે તેવા પાણીના પૂરથી તેને અસર થઇ શકે નહિ. (૫)

મૂર્ખ લોકો ખોટી મહત્તા પાછળ દોડે છે. પણ સુજ્ઞ મનુષ્યો અપ્રમાદને ઉત્તમ રત્નરૂપ ગણે છે. (૬)

ખોટી મહત્તા પાછળ દોડતા નહિ; તેમજ રાગ કે કામના ઉપભોગની પાછળ પડતા નહિ; જે અપ્રમાદી અને વિચારવંત છે, તેજ અપૂર્વ આનંદ અનુભવે છે. (૭)

જ્યારે ડાહ્યો મનુષ્ય અપ્રમાદથી ખોટી મહત્તાને દૂર કરે છે, ત્યારે તે જ્ઞાનના ઉચ્ચ શિખર પર ચડી શકે છે અને મૂર્ખ લોકો તળેટી આગળ ગોથાં ખાતા માલૂમ પડે છે. જેમ પર્વત ઉપર ઊભેલો મનુષ્ય મેદાન ઉપર ઊભેલા મનુષ્યોને પોતાથી નીચા જુએ છે, તેમ દુઃખથી મુક્ત થયેલો પુરુષ દુઃખમાં મગ્ન થયેલાં મનુષ્યોનાં ટોળાં તરફ જુએ છે. (૮)

પ્રમાદી મનુષ્યોમાં જે અપ્રમત્ત છે અને ઊંઘતા મનુષ્યોમાં જે જાગતો છે, તે મનુષ્ય શરતમાં સારો ઘોડો નિર્બળ ટટ્ટુને પાછળ મૂકીને આગળ વધી શકે છે, તેમ આગળ વધે છે. (૯)

અપ્રમત્તદશાથીજ ઇન્દ્ર દેવોનો અધિપતિ થયો. લોકો પણ અપ્રમત્તદશાની સ્તુતિ કરે છે. પ્રમાદની સર્વદા નિંદા થાય છે. (૧૦)

જે ભિક્ષુ અપ્રમત્તદશામાં આનંદ માને છે અને પ્રમાદદશા તરફ ભયની નજરથી જુએ છે, તે અગ્નિ જેવો ફરે છે અને નાનાં કે મોટાં સર્વ બંધનોને વિખેરી નાખે છે. (૧૧)

જે ભિક્ષુ અપ્રમાદદશામાં આનંદ માને છે, જે અવિચારીપણાને ભયરૂપ ગણે છે, તે પૂર્ણતાથી કદાપિ પાછો પડે નહિ. તે નિર્વાણની સમીપમાં છે. (૧૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ३ जुं-चित्तवर्ग (विचार)

જેવી રીતે ધનુષ્યધારી પોતાના તીરને સીધું બનાવે છે, તેવીજ રીતે સુજ્ઞ મનુષ્ય પોતાના અનિશ્ચિત અને ક્ષણે ક્ષણે બદલાતા વિચારો, જેમને વશ કરવા અથવા રોકવા બહુ મુશ્કેલ છે, તેમને સીધા બનાવે છે. (૧)

કોઈ માછલીને તેના જળના નિવાસમાંથી બહાર સૂકી જમીન પર મૂકવામાં આવે, તો જેવી રીતે તે તરફડે છે, તેવી રીતે માર (મોહ-રાજા)ના રાજ્યમાંથી છૂટા થવાને આપણો વિચાર તરફડે છે. (૨)

મનને વશ કરવું એ ઉત્તમ કામ છે, કારણ કે મન બહુ મુશ્કેલીથી વશ થાય તેવું અને ચપળ છે. તેની મરજી માફક તે જ્યાં-ત્યાં દોડે છે. વશ કરેલું મન સુખ લાવી આપે છે. (૩)

ડાહ્યા પુરુષોએ પોતાના વિચારો તરફ લક્ષ આપવું જોઇએ; કારણ કે તે જણાતા નથી, બહુ દગાખોર હોય છે અને તેઓની ઇચ્છા પ્રમાણે તે દોડે છે; સારી રીતે રક્ષણ કરાયેલા વિચારો સુખ લાવી આપે છે. (૪)

મન ઘણે દૂર ભટકે છે, એ એકલું ફરે છે, શરીર વગરનું છે અને હૃદયના ઓરડામાં પુરાઈ જાય છે. આવા મનને જેઓ વશ કરે છે, તેઓ મારરાજાના પાશમાંથી મુક્ત થાય છે. (૫)

જો મનુષ્યની શ્રદ્ધા અનિશ્ચિત હોય, જો તે સદ્ધર્મ સમજતો ન હોય અને જો તેની મનની શાંતિમાં વિક્ષેપ થતો હોય તો તેનું જ્ઞાન કદાપિ સંપૂર્ણ હોઈ શકે નહિ. (૬)

જો મનુષ્યના વિચારો અસ્થિર ન હોય, જો તેનું મન ગભરાયેલું ન હોય, જો તેણે પુણ્ય તેમજ પાપનો ત્યાગ કર્યો હોય, તો જ્યાંસુધી તે જાગૃત (અપ્રમત્ત) છે ત્યાંસુધી તેને ભય નથી. (૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શરીર કુંભના જેવું ક્ષણમાં નાશ પામવાના સ્વભાવનું છે, એમ જાણીને મનુષ્યે મજબૂત વિચારોનો કિલ્લો બાંધવો જોઇએ અને જ્ઞાનરૂપી શસ્ત્રો વડે મારરાજાને જીતવો જોઇએ; તે જિતાય ત્યાર પછી પણ તેનાથી ચેતતા રહેવું જોઇએ અને કદાપિ પ્રમાદી થવું નહિ. (૮)

લાંબો વખત જશે નહિ તે પહેલાં તો આ શરીર નિરુપયોગી લાકડાના ઢીમચાની માફક જમીન પર અચેતન થઈ પડશે. (૯)

એક દ્વેષી બીજા દ્વેષીનું નુકસાન કરે, અથવા તો શત્રુ શત્રુનું જે નુકસાન કરે, તેના કરતાં ખોટે રસ્તે દોરાયેલું મન વધારે નુકસાન કરે છે. (૧૦)

જેટલો લાભ સારે રસ્તે દોરાયેલું મન કરી શકે છે, તેટલો લાભ માતા, પિતા કે બીજાં કોઈ સ્વજન કરી શકશે નહિ. (૧૧)

प्रकरण ४ थुं—पुष्पवर्ग

આ પૃથ્વી, યમલોક અને દેવલોક ઉપર કોણ વિજય મેળવશે? જેવી રીતે ચતુર મનુષ્ય શુદ્ધ પુષ્પને શોધી કાઢે છે, તેવી રીતે સદ્‌ગુણનો સીધો માર્ગ કોણ શોધી કાઢશે? (૧)

મુમુક્ષુજ આ પૃથ્વી, યમલોક અને દેવલોક ઉપર જય મેળવશે. જેવી રીતે ચતુર મનુષ્ય પુષ્પને શોધી કાઢે છે, તેવી રીતે મુમુક્ષુ સદ્‌ગુણનો માર્ગ શોધી કાઢે છે. (૨)

જે મનુષ્ય આ શરીરને પાણીના પરપોટા સમાન, અથવા તો ઝાંઝવાના નીર સમાન ગણે છે, તે મારદેવનું પુષ્પની અણીવાળું તીર ભાગી નાખશે અને યમરાજને કદાપિ જોશે નહિ. (૩)

જેવી રીતે નદીનું પૂર ઊંઘતા ગામને ઘસડી જાય છે, તેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે જે પુષ્પ એકઠાં કરે છે× અને જેનું મન અસ્થિર હોય છે, તેને મરણુ ખેંચી જાય છે. (૪)

જે મનુષ્ય પુષ્પો એકઠાં કરે છે અને જેનું મન અસ્થિર છે, તે પોતાની સુખની ઇચ્છા તૃપ્ત કરે તે પહેલાં તો મૃત્યુ તેને વશ કરી લે છે. (૫)

જેવી રીતે એક મધમાખી પુષ્પમાંથી રસ પીએ છે, પણ પુષ્પને કે તેના રંગને કે તેની સુગંધને ઇજા કરતી નથી, તેવી રીતે ભિક્ષુકે નગરમાં રહેવું જોઇએ. (૬)

ભિક્ષુકે બીજાની માઠી આદતો, અથવા નહિ કરવાનાં કામ કરીને કરેલાં પાપો, અથવા કરવા યોગ્ય કામ નહિ કરીને કરેલાં પાપોને લક્ષમાં લેવાં નહિ, પણ પોતાનાં દુરાચરણો અને પોતાની ભૂલોને લક્ષમાં લેવી જોઇએ. (૭)

જે મનુષ્ય કહ્યા પ્રમાણે વર્તતો નથી, તેના સુંદર પણ અનુપયોગી શબ્દો, રંગવાળા પણ ગંધ વગરના સુંદર પુષ્પ જેવા છે. (૮)

પણ જે મનુષ્ય કહ્યા પ્રમાણે વર્તે છે, તેના સુંદર અને ઉપયોગી શબ્દો રંગવાળા તેમજ સુગંધવાળા સુંદર પુષ્પ જેવા છે. (૯)

પુષ્પના ઢગલામાંથી અનેક જાતની માળાઓ બનાવી શકાય, તેવી રીતે એક જન્મેલો મનુષ્ય અનેક સારાં કામો કરી શકે. (૧૦)

પુષ્પોની ગંધ પવનની સામે ફેલાતી નથી, તેમજ ચંદનની, તગરની કે મલ્લિકા પુષ્પોની ગંધ પવનની સામે ફેલાતી નથી. પણ સુજનોની સુગંધ પવનની સામે પણ ફેલાય છે; અર્થાત્ સુજનનો પ્રભાવ સર્વત્ર પડે છે. (૧૧)

ચંદન કે તગર, કમળ કે વસીકી, આ બધાં પુષ્પોની ગંધ કરતાં સદ્‌ગુણની સુગંધ શ્રેષ્ઠ છે. (૧૨)

× પુષ્પ એકઠાં કરવાં એ બાળકની રમત છે; માટે પુષ્પો એકઠાં કરનાર એ વિશેષણથી વિષયસુખમાં ગરક થયેલો બાળજીવ સમજવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદન કે તગરની ગંધ કાંઇ હિસાબમાં નથી, સદ્ગુણી મનુષ્યોની ગંધ છેક ઊંચે દેવો સુધી પહોંચે છે. (૧૩)

જેઓમાં આ સદ્ગુણો છે, જેઓ કદાપિ અપ્રમત્ત નથી અને જેઓ સદ્જ્ઞાનને લીધે મુક્ત છે, તેમને ત્યાં મારદેવને સ્થાન મળતું નથી. (૧૪)

રસ્તામાં નાખેલા ઉકરડામાં પણ મધુર સુગંધ આપનારું અને આનંદજનક પુષ્પ ઊગી નીકળે છે, તેવી રીતે કચરાપટ્ટી જેવા મનુષ્યોની વચમાં પણ ખરેખરું જ્ઞાન પામેલો બુદ્ધનો શિષ્ય પોતાના જ્ઞાનથી સંસારાસક્ત અંધ મનુષ્યો કરતાં વિશેષ ઝળકી ઊઠે છે. (૧૫,૧૬)

प्रकरण ५ मुं—बाळवर्ग (मूर्ख)

જાગતા પુરુષને રાત્રિ લાંબી જણાય છે, થાકેલાને ગાઉ લાંબા જણાય છે, તેજ પ્રમાણે સદ્નિયમને નહિ જાણનાર મૂર્ખને જીવન લાંબું (કંટાળાભરેલું) લાગે છે. (૧)

જો કોઇ મુસાફરને તેના માર્ગમાં તેનાથી ઉત્તમ અથવા તેના સરખો મનુષ્ય ન મળે, તો તેણે દૃઢ રીતે નિર્જન માર્ગમાં મુસાફરી કરવી, પણ મૂર્ખની સાથે મિત્રતા કરવી નહિ. (૨)

આ પુત્રો મારા છે, આ ધન મારું છે, એવા વિચારથી મૂર્ખ દુઃખી થાય છે. તે પોતાની જાતનો માલિક નથી, તો પછી પુત્ર અને ધનની તો વાતજ શી? (૩)

જે મૂર્ખ પોતાની મૂર્ખતા સમજે છે, એટલે અંશે તે ડાહ્યો છે; પણ જે મૂર્ખ પોતાને ડાહ્યો ગણે છે, તે ખરેખર મૂર્ખ કહેવાય છે. (૪)

મૂર્ખ મનુષ્ય આખી જિંદગી સુધી જ્ઞાની પુરુષના સંગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે, તોપણ જેમ કડછી દૂધપાકનો સ્વાદ જાણતી નથી તેમ, તે મૂર્ખ સત્યનો અનુભવ કરી શકશે નહિ. (૫)

જો બુદ્ધિમાન પુરુષ એક ક્ષણવાર જ્ઞાની પુરુષના સંસર્ગમાં આવે, તો જેવી રીતે જીભ દૂધપાકનો સ્વાદ જાણી શકે છે, તે રીતે તે બુદ્ધિમાન પુરુષ સત્યનો અનુભવ કરી શકે છે. (૬)

થોડી બુદ્ધિવાળા મૂર્ખ મનુષ્યો જાતેજ પોતાના મોટા શત્રુઓ હોય છે. કારણ કે તેઓ ખરાબ કામ કરે છે, જેનાં તેમને કડવાં ફળ ભોગવવાં પડે છે. (૭)

જે કામને વાસ્તે મનુષ્યને પશ્ચાત્તાપ થાય અને જેનું ફળ રડતાં રડતાં અને આંખમાં આંસુ સાથે ભોગવવું પડે તે કામ ખચિત બરાબર થયેલું નથી. (૮)

જે કામને વાસ્તે મનુષ્યને પશ્ચાત્તાપ ન કરવો પડે અને જેનું ફળ આનંદથી અને ખુશમિજાજથી તે અનુભવે, તે કામ ખરેખર સારી રીતે થયેલું છે. (૯)

જ્યાંસુધી ખરાબ કામનું ફળ આવ્યું નથી, ત્યાંસુધી મૂર્ખ મનુષ્ય ધારે છે કે તે મધ જેવું છે, પણ જ્યારે તે ફળ પકવ થાય છે, ત્યારે તે મૂર્ખ દુઃખ અનુભવે છે. (૧૦)

મૂર્ખ માણસ હરહમેશ યતિની માફક કુશ નામના ઘાસની અણીવતી ભલે ખાય, છતાં જેણે ધર્મનું બરાબર સેવન કર્યું છે, તેને સોળમે ભાગે પણ તે નથી. (૧૧)

જેમ તાજું દોહેલું દૂધ એકદમ બગડી જતું નથી, તેમ ખરાબ કામનું ફળ એકદમ આવતું નથી; રખ્યાથી ઢંકાયેલા પણ અંદર ભભૂકતા અગ્નિની માફક તે ખરાબ કામ મૂર્ખ મનુષ્યની પાછળ જાય છે. (૧૨)

જ્યારે ખરાબ કામ જાહેર થાય છે, ત્યારે તે મૂર્ખને દિલગીરી ઉપજાવે છે; તે તેના ચળકતા ભાગ્યનો નાશ કરે છે અને મૂર્ખનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ઉડાવી દે છે. (૧૩)

કેવળ મૂર્ખ મનુષ્યજ ખોટી કીર્તિની, ભિક્ષુકોમાં આગળ આવવાની, આશ્રમમાં પ્રભુત્વ પામવાની અને લોકોમાં પૂજાવાની અભિલાષા રાખે! (૧૪)

ઉપાસક તેમજ ભિક્ષુક (સંસારી તેમજ ત્યાગી) આ કામ મેં કર્યું એમ વિચારે અને તેઓ કરવા યોગ્ય તેમજ નહિ કરવા યોગ્ય દરેક કામમાં મારી ઇચ્છા પ્રમાણે ચાલે—આવી મૂર્ખની ઇચ્છા હોય છે; આથી તેનો અહંકાર અને તૃષ્ણા વૃદ્ધિ પામે છે. (૧૫)

એક માર્ગ ધન તરફ દોરી જાય છે. બીજો માર્ગ નિર્વાણ ભણી લઈ જાય છે; બુદ્ધનો શિષ્ય-ભિક્ષુક જો આ બાબત સમજતો હોય તો તે કીર્તિને વાસ્તે પ્રયત્ન કરશે નહિ, પણ સંસારમાંથી મુક્ત થવાને ઉદ્યમી થશે. (૧૬)

પ્રકરણ ૬ ઠ્ઠું—પંડિતવર્ગ (ખરો જ્ઞાની)

જે મનુષ્ય ત્યાગ કરવા લાયક શું છે તે બતાવે, જે ઠપકો આપે અને બુદ્ધિશાળી હોય, તેવો જ્ઞાની મનુષ્ય જો તમને મળે તો, કોઇ ખાનગી ભંડાર બતાવનારની પાછળ પાછળ તમે જાઓ છો, તેમ તેને અનુસરજો. જે તેવા જ્ઞાનીને અનુસરશે તેની દશા બગડશે નહિ પણ વધારે સારી થશે. (૧)

તે જ્ઞાની પુરુષને સલાહ આપવા દો, ઉપદેશ આપવા દો અને જે અયોગ્ય હોય તેમાંથી પાછા હઠવાનું કહેવા દો. તે દેવોને પણ વલ્લભ (પ્રિય) થશે, કેવળ ખરાબ મનુષ્યોજ તેને ધિક્કારશે. (૨)

ખરાબ કામ કરનારાને તમારા મિત્ર બનાવતા ના; હલકા મનુષ્યો સાથે મૈત્રી રાખતા ના; સદ્ગુણી મનુષ્યો સાથે મૈત્રીનો સંબંધ રાખો, ઉત્તમ મનુષ્યો સાથેજ મૈત્રી રાખો. (૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ધર્મ–અમૃત પીએ છે, તે શાંત ચિત્તથી અને સુખમાં વસે છે. બુદ્ધોએ ઉપદેશેલા ધર્મના નિયમોમાં વિદ્વાન સર્વદા આનંદ માને છે. (૪)

કૂવા ખોદનારાજ પાણીને મરજી માફક દોરી જાય છે. તીર-કામઠાવાળા તીરને મરજી મુજબ વાળે છે. સુતાર લાકડાના ઢીમ-ચાને જેવું રૂપ આપવું હોય તેવું આપે છે; તેજ રીતે વિદ્વાન પુરુષો પોતાની જાતના રચનારા છે. (૫)

જેવી રીતે મજબૂત ખડક પવનથી હાલતો નથી, તેવી રીતે સુજ્ઞ પુરુષ પ્રશંસા કે નિંદાથી ડગતો નથી. (૬)

ધર્મનું શ્રવણ કરવાથી સુજ્ઞ પુરુષ ઊંડા, સુંવાળા અને શાંત સરોવર જેવો શુદ્ધ અને ગંભીર થાય છે. (૭)

સઘળા સંજોગોમાં સુજ્ઞ મનુષ્યો સાવધાનીથી વર્તે છે. ઇન્દ્રિ-યોના વિષયોની તૃપ્તિની ઇચ્છાથી સુજ્ઞ મનુષ્યો બોલતા નથી. સુખ-માં કે દુઃખમાં જ્ઞાની પુરુષો બહુ ફુલાઇ જતા નથી કે દીન (ગરીબ મુખવાળા) બની જતા નથી. (૮)

પોતાને વાસ્તે કે બીજાને વાસ્તે જે પુત્રની, ધનની કે સત્તાની ઇચ્છા કરતો નથી, તેમજ અયોગ્ય રસ્તે પોતાના વિજયની ઇચ્છા કરતો નથી, તેજ મનુષ્ય સારો, જ્ઞાની અને સદ્ગુણી છે. (૯)

જેઓ સંસારરૂપી સમુદ્રને સામે કિનારે પહોંચે તેવા (અર્હત જેવા) પુરુષો આ દુનિયામાં બહુ થોડા છે. બીજા મનુષ્યો કિનારા પર આમતેમ દોડનારા છે. (૧૦)

જેઓ એકવાર ધર્મનું રહસ્ય બરાબર સમજીને ધર્મના નિ-યમો પ્રમાણે વર્તે છે, તેઓ દુઃખે કરી ઉલ્લંઘી શકાય એવા મૃત્યુના રાજ્યમાંથી પસાર થઇ જાય છે. (૧૧)

સુજ્ઞ મનુષ્યે સામાન્ય જીવનનો અંધકાર દૂર કરવો જોઇએ અને ભિક્ષુ તરીકેનું પ્રકાશિત જીવન ગાળવું જોઇએ. ઘર તજી અન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાર (ઘરબાર વગરનો) થઇ એકાંતવાસમાં અલભ્ય આનંદ મેળવવા તેણે પ્રયત્ન કરવો જોઇએ. (૧૨)

સર્વ સુખનાં સાધનોનો ત્યાગ કરીને તેમજ સર્વ વસ્તુઓ ઉપરથી મારાપણાનો હક દૂર કરીને સુજ્ઞ મનુષ્યે મનની સઘળી પીડાઓથી છૂટવું જોઇએ. (૧૩)

જેઓનું મન જ્ઞાનનાં સાત તત્ત્વો* સારી રીતે સમજે છે, જેઓ દરેક વસ્તુ ઉપરથી મમત્વ દૂર કરીને વિરાગદશામાં આનંદ માને છે, જેઓની વૃત્તિઓ કાબૂમાં છે અને જેઓનું જ્ઞાન પ્રકાશમય છે, તેઓ આ દુનિયામાં રહેવા છતાં પણ મુક્તજ છે. (૧૪)

प्रकरण ७ मुं–अर्हतवर्ग

જેણે મુસાફરી પૂરી કરી છે, શોકનો ત્યાગ કર્યો છે, સર્વ બાજુએથી જે મુક્ત છે અને જેણે સઘળાં બંધનોને ફેંકી દીધાં છે, તેને વાસ્તે કોઈ પણ પ્રકારનું દુઃખ નથી. (૧)

તેઓ પોતાના ચિત્તને બરાબર એકાગ્ર કરીને વિચારબળથી ઉદ્યમ કરે છે, તેઓ એક સ્થાનમાં રહેતા નથી. જેવી રીતે હંસ કાદવવાળા સ્થાનને તજીને જાય છે, તેવી રીતે તેઓ પણ ઘરબાર તજીને જાય છે (અનગાર બને છે). (૨)

જેઓ કાંઈ ધન રાખતા નથી, જેઓ અમુકજ પ્રકારનો ખોરાક ખાય છે, જેઓએ અપરિમિત સ્વતંત્રતા–નિર્વાણ મેળવ્યું છે, તેઓનો માર્ગ આકાશમાં ઊડતાં પક્ષીઓના માર્ગની માફક

* બોધિજ્ઞાન મેળવવાનાં સાત અંગ બૌદ્ધધર્મમાં કહેલાં છે; તેમનાં નામ ૧ સ્મૃતિ, ૨ પ્રજ્ઞા, ૩ ઉત્સાહ, ૪ પ્રીતિ, ૫ પશ્યધિ, ૬ સમાધિ અને ૭ ઉપેક્ષા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજવો બહુ મુશ્કેલ છે. (૩)

જેની વૃત્તિઓ શાંત છે, જે રાગમાં મગ્ન નથી, જેણે અપરિમિત સ્વતંત્રતા–નિર્વાણ પ્રાપ્ત કર્યું છે, તેઓનો માર્ગ આકાશમાં ઊડતાં પક્ષીઓના માર્ગની માફક સમજવો બહુ કઠણ છે. (૪)

સારથિએ બરાબર કેળવીને વશ કરેલા ઘોડાઓની માફક જેની ઇન્દ્રિઓ વશ થયેલી છે, જે અભિમાન અને તૃષ્ણાઓથી મુક્ત છે, તેની દેવો પણ ઇર્ષ્યા કરે છે. (૫)

જે પોતાનું કર્તવ્ય બજાવે છે અને જે પૃથ્વી અથવા ઊમરાની માફક સહનશીલ છે, તે કાદવ વગરના સરોવર જેવો–નિર્મળ છે; તેને ભવિષ્યમાં જન્મ લેવા પડશે નહિ. (૬)

જ્યારે સદ્જ્ઞાન વડે તે મુક્ત થાય છે અને જ્યારે તે તદ્દન શાંત બને છે, ત્યારે તેના વિચાર શાંત હોય છે, તેનું વચન તેમજ કાર્ય પણ શાંત હોય છે. (૭)

જે ખોટી માન્યતાઓથી મુક્ત છે, જે અસૃષ્ટ વસ્તુને ઓળખે છે, જેણે સઘળાં બંધનો તોડી નાખ્યાં છે, સઘળી લાલચો દૂર કરી છે અને સઘળી ઇચ્છાઓનો ત્યાગ કર્યો છે, તે સૌથી ઉત્તમ મનુષ્ય છે. (૮)

ઝૂંપડામાં કે જંગલમાં, દરિયામાં કે સૂકી જમીન પર, જ્યાં જ્યાં અર્હંત વસે છે, તે સ્થાન આનંદદાયક બને છે. (૯)

જ્યાં જગતને આનંદ મળતો નથી, ત્યાં નિર્વિકારીને આનંદ મળે છે, તેને જંગલો પણ આનંદ આપનારાં નીવડે છે; કારણ કે તે બાહ્ય સુખને શોધતો નથી. (૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ८ मुं–सहस्त्र (हजार) वर्ग

એક મનુષ્ય હજાર શબ્દોનું ભાષણ આપે, પણ જો તેના શબ્દો અર્થ વગરના હોય તો તે ભાષણ નિરર્થક છે. પણ તેને બદલે અર્થવાળો એક શબ્દ જે સાંભળવાથી મનુષ્ય શાંત બને, તે વધારે સારો ગણી શકાય. (૧)

કોઇ કાવ્ય હજાર શબ્દોનું બનેલું હોય પણ જો તે અર્થ વગરનું હોય, તો તેના કરતાં તે ગાથાનો એક શબ્દ જે સાંભળવાથી મનુષ્ય શાંત થાય, તે શબ્દ વધારે ઉપયોગી ગણી શકાય. (૨)

નકામા શબ્દોની સો ગાથા એક મનુષ્ય બોલે તેના કરતાં ધર્મનો એક શબ્દ જે સાંભળવાથી મનુષ્ય શાંત બને તે વધારે ઉપયોગી ગણાય. (૩)

એક મનુષ્ય હજાર વાર હજાર મનુષ્યો સાથે લડાઇમાં જીતે અને બીજો મનુષ્ય ફક્ત પોતાના ઉપર જય મેળવે, તો બીજો મનુષ્ય વધારે ઉત્તમ જીત મેળવનાર છે. (૪)

બીજા મનુષ્યોને જીતવા કરતાં આત્મજય કરવો એજ ઉત્તમ છે. જેણે આત્મજય કર્યો છે અને જે સંયમમાં રહે છે, તેના વિજયને પરાભવના રૂપમાં ફેરવવા દેવ કે ગંધર્વ કે (બ્રહ્મા સાથે) મારદેવ કોઈ સમર્થ નથી. (૫,૬)

એક મનુષ્ય દર મહિને હજાર પશુઓનો યજ્ઞ કરે અને જેના આત્માએ અનુભવ જ્ઞાન મેળવ્યું છે, એવા કોઇ મહાન પુરુષને એક ક્ષણવાર નમસ્કાર કરે, તો હજાર વર્ષના યજ્ઞ કરતાં એક ક્ષણનો તે નમસ્કાર વધારે કીમતી છે. (૭)

એક મનુષ્ય સો વર્ષ સુધી જંગલમાં રહી અગ્નિની ઉપાસના કરે અને જેના આત્માએ અનુભવજ્ઞાન મેળવ્યું છે, તેવા કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન પુરુષને એક ક્ષણવાર નમસ્કાર કરે, તો સો વર્ષની અગ્નિની ઉપાસના કરતાં એક ક્ષણનો નમસ્કાર વધારે કીમતી છે. (૮)

પુણ્ય મેળવવાને મનુષ્ય આખા વર્ષ સુધી ગમે તેવો ભોગ કે બલિદાન આપે, છતાં તેની કિંમત એક ફૂટેલી બદામ જેટલી પણ નથી, પણ અર્હંત તરફ બતાવેલો પૂજ્યભાવ વધારે ઉત્તમ છે. (૯)

જે મનુષ્ય વૃદ્ધોનો આદરસત્કાર કરે છે અને તેમને માન આપે છે, તેનું જીવન, સૌંદર્ય, સુખ અને બળ–આ ચાર બાબતો વૃદ્ધિ પામે છે. (૧૦)

એકસો વર્ષ સુધી મનુષ્ય વિષયી કે અજિતેંદ્રિય રહે, તેના કરતાં સદ્ગુણી અને વિચારશીલ મનુષ્યની એક દિવસની જિંદગી વધારે ઉત્તમ છે. (૧૧)

અજ્ઞાની અને અજિતેંદ્રિય મનુષ્યની સો વર્ષની જિંદગી કરતાં જ્ઞાની અને વિચારશીલની એક દિવસની જિંદગી વધારે ઉત્તમ છે. (૧૨)

આળસુ અને નિર્બળ તરીકે ગાળેલી એક સો વર્ષની જિંદગી કરતાં મજબૂત મનવાળા તરીકે ગાળેલી એક દિવસની જિંદગી વધારે ઉત્તમ છે. (૧૩)

આદિઅંત (જન્મમરણ)નો વિચાર કર્યા વગરની સો વર્ષની જિંદગી કરતાં આદિ અને અંત (જન્મમરણ)ના જ્ઞાનવાળી એક દિવસની જિંદગી વધારે ઉત્તમ છે. (૧૪)

અમરસ્થાન (નિર્વાણ)ના જ્ઞાન વગરની સો વર્ષની જિંદગી કરતાં નિર્વાણના જ્ઞાનવાળી એક દિવસની જિંદગી વધારે ઉત્તમ છે. (૧૫)

ઉત્તમ ધર્મ સમજ્યા વગરની સો વર્ષની જિંદગી કરતાં ઉત્તમ ધર્મ સમજીને ગાળેલી એક દિવસની જિંદગી વધારે ઉત્તમ છે. (૧૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ९ मुं-पापवर्ग

મનુષ્યે શુભ કામ કરવા તરફ ઉતાવળ કરવી જોઇએ અને ખરાબ વિચારથી મનને દૂર રાખવું જોઈએ. જે મનુષ્ય સારું કામ કરવામાં આળસ કરે છે, તેનું મન પાપ કામમાં રમે છે. (૧)

કદાચ કોઈ મનુષ્ય કોઇ પાપ કરે તો તેણે ફરીથી તે કરવું નહિ. તેણે તે પાપમાં આનંદ માનવો નહિ. પાપ એકઠું થાય છે ત્યારે દુઃખ ઉત્પન્ન કરે છે. (૨)

જો કોઇ મનુષ્ય સારું કામ કરે તો તેણે ફરીથી તે કરવું. સારા કામમાં તેણે આનંદ માનવો, કારણ કે સારું કામ એકઠું થાય છે ત્યારે સુખજનક છે. (૩)

જ્યાંસુધી ખરાબ કામનું ફળ આવ્યું નથી, ત્યાંસુધી ખરાબ કામ કરનાર સુખજ જુએ છે; પણ જ્યારે ખરાબ કામનું ફળ આવે છે, ત્યારે તે ખરાબ કામનું ખરાબ ફળ તેના જાણવામાં આવે છે. (૪)

જ્યાંસુધી સારા કામનું ફળ આવ્યું નથી, ત્યાંસુધી સજ્જનને પણ ખરાબ દિવસ ભોગવવા પડે છે. પણ જ્યારે સારા કામનું ફળ આવે છે, ત્યારે સારા માણસને સારી વસ્તુઓ પ્રાપ્ત થાય છે. (૫)

પાપની મને અસર થશે નહિ, એવો વિચાર કરી કોઇએ પાપની તરફ બેદરકાર થવું નહિ. ટીપું ટીપું પાણી પડવાથી પણ ઘડો ભરાય છે, તે પ્રમાણે થોડું થોડું પાપ કરીને પણ મૂર્ખ મનુષ્ય પાપથી ભરાય છે. (૬)

થોડા પુણ્યની અસર થશે નહિ, એવું ધારીને કોઇએ પુણ્ય તરફ બેદરકાર રહેવું નહિ. ટીપું ટીપું પાણી પડવાથી પણ જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડો ભરાય છે, તે પ્રમાણે થોડું થોડું પુણ્ય કરીને પણ જ્ઞાની પુણ્યથી ભરાય છે. (૭)

જે વેપારી પાસે પુષ્કળ ધન હોય છે અને ઓછા સોબતીઓ હોય છે, તે જેમ જોખમકારક રસ્તાનો ત્યાગ કરે છે અને જેમ જિંદગીની દરકાર કરનાર ઝેરનો ત્યાગ કરે છે, તેમ મનુષ્યે પાપનો ત્યાગ કરવો. (૮)

જેના હાથ પર જખમ નથી, તે ઝેરનો ભલે સ્પર્શ કરે. ઝેર તેવા જખમ વગરનાને અસર કરતું નથી. જે પાપ કરતો નથી, તેને વાસ્તે કાંઇ દુઃખ નથી. (૯)

પવનની સામે નાખેલી ધૂળ મનુષ્યના ઉપર આવી પડે છે, તેવી રીતે જે મનુષ્ય નિરપરાધી, પવિત્ર અને નિર્દોષ મનુષ્યને ઇજા કરે છે, તે મૂર્ખ ઉપર દુઃખ આવી પડે છે. (૧૦)

કેટલાક મનુષ્યોને ફરીથી જન્મ લેવો પડે છે. ખરાબ કામ કરનારા નરકમાં જાય છે. પુણ્યકામ કરનારા સ્વર્ગમાં જાય છે. જેઓ સાંસારિક તૃષ્ણાઓથી મુક્ત છે તે નિર્વાણ પામે છે. (૧૧)

આકાશમાં, દરિયાના મધ્ય ભાગમાં, પર્વતના ચીરામાં, અથવા આખા વિશ્વમાં એવી એક પણ જગ્યા નથી કે જ્યાં વસવાથી મનુષ્ય પાપકર્મના ફળથી મુક્ત થઇ શકે. (૧૨)

આકાશમાં, દરિયાના મધ્ય ભાગમાં, પર્વતની ગુફામાં અથવા આખી દુનિયામાં એવી એક પણ જગ્યા નથી કે જ્યાં રહેવાથી મનુષ્ય મરણના ભયથી મુક્ત થઇ શકે. (૧૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण १० मुं–दंडवर्ग

સઘળા મનુષ્યો સજાથી ડરે છે. સઘળા મનુષ્યો પાપથી ડરે છે. યાદ રાખો કે તમે પણ તેમના જેવા છો. હિંસા કરતા નહિ, અથવા કરાવતા નહિ. (૧)

સઘળા મનુષ્યો સજાથી કંપે છે. સઘળા મનુષ્યો જીવવાને ઇચ્છે છે. તમે પણ તેમના જેવા છો, એ યાદ રાખો. હિંસા કરતા નહિ, અથવા કરાવતા નહિ. (૨)

પોતાના સુખની ઇચ્છા કરતો જે પુરુષ સુખનીજ ઇચ્છા કરતા બીજા પ્રાણીઓને સજા કરે છે, અથવા તેની હિંસા કરે છે, તેને મરણ પછી સુખ મળતું નથી. (૩)

પોતાના સુખની ઇચ્છા કરતો જે પુરુષ સુખની ઇચ્છા કરતાં બીજાં પ્રાણીઓને સજા કરતો નથી, અથવા મારતો નથી, તે મરણ પછી સુખ મેળવે છે. (૪)

કોઇને પણ કઠોર શબ્દો કહેતા ના. જેઓ કઠોર શબ્દો બોલે છે, તેમને જવાબ પણ કઠોર શબ્દોમાં મળે છે. ક્રોધભરેલું વચન દુઃખકારક છે. ઘાના બદલામાં ઘા સહન કરવા પડશે. (૫)

જેવી રીતે ભાંગી ગયેલા ઘંટનો અવાજ નીકળતો નથી, તેમ જો તું કાંઇ પણ બોલીશ નહિ તો જરૂર તું નિર્વાણ મેળવીશ. ક્રોધ તો તારાથી દૂર ભાગશે. (૬)

જેવી રીતે ગોવાળ ગાયોને હાંકીને પોતાની લાકડીવતી તબેલામાં લઈ જાય છે, તેમ વૃદ્ધાવસ્થા અને મૃત્યુ મનુષ્યના જીવનને હાંકી કાઢે છે. (૭)

મૂર્ખ મનુષ્ય જ્યારે ખરાબ કામ કરે છે, ત્યારે તે જાણતો નથી. પણ અગ્નિથી જેમ તૃણ બળે, તેમ પોતાનાં ખરાબ કામોરૂપી અગ્નિથી તે બળે છે. (૮)

જે નિર્દોષ અને નિરપરાધી મનુષ્યોને દુઃખ દે છે, તેને નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવેલી દશ સ્થિતિમાંથી એકાદ સ્થિતિ તરત મળે છે. (૧) તેને ત્રાસદાયક દુઃખ થશે, (૨) ભારે નુકસાન થશે, (૩) શરીરને નુકસાન થશે, (૪) અસહ્ય વેદના થશે, (૫) માનસિક ચિંતા થશે, (૬) રાજદંડ થશે, (૭) ભયંકર આરોપ તેના પર આવશે, (૮) તેના સ્વજનનો વિયોગ થશે, (૯) તેનો ખજાનો નાશ પામશે, અથવા તો (૧૦) વીજળી પડવાથી તેનું ઘર બળી જશે અને જ્યારે તેનું શરીર નાશ પામશે, ત્યારે તે મૂર્ખ નરકમાં પડશે. (૯–૧૨)

જ્યાંસુધી તૃષ્ણાઓ વશ કરી નથી, ત્યાંસુધી નાગા રહેવાથી, જટા ધારણ કરવાથી, મલિન રહેવાથી, ઉપવાસ કરવાથી, જમીન પર પડ્યા રહેવાથી, શરીર પર ભસ્મ ચોળવાથી અને સ્થિર બેસી રહેવાથી મનુષ્ય પવિત્ર બનતો નથી. (૧૩)

સારાં વસ્ત્ર પહેરવા છતાં પણ જે શાંત છે, સ્થિર છે, જિતેંદ્રિય છે, સંયમી છે, પવિત્ર છે અને બીજાના દોષો તરફ દૃષ્ટિ કરતો નથી, તેજ ખરેખર બ્રાહ્મણ, શ્રમણ અથવા ભિક્ષુ છે. (૧૪)

સારી રીતે કેળવાયેલા ઘોડાને ચાબુકની જરૂર પડતી નથી; તેમ જેને ઠપકાની જરૂરજ નથી એવો કોઈ ખરો જિતેંદ્રિય પુરુષ જગતમાં છે? (૧૫)

સારી રીતે કેળવાયેલા ઘોડાને ચાબુકનો સ્પર્શ થતાં જેવી રીતે તે ચંચળ અને ઉત્સાહી બને છે, તેમ તમે પણ શ્રદ્ધાથી, સદાચરણથી, ઉત્સાહથી, ધ્યાનથી અને ધર્મના જ્ઞાનથી, ચંચળ અને ઉત્સાહી બની દુઃખનો નાશ કરો અને જ્ઞાનમાં તથા ચારિત્ર્યમાં પરિપૂર્ણ બનો અને કદાપિ પણ સન્નિયમને ભૂલતા નહિ. (૧૬)

જેવી રીતે નહેરો બનાવનારાઓ પાણીને મરજી મુજબ લઈ જાય છે. બાણ તૈયાર કરનારા ગમે તેવા બાણને વાંકું વાળે છે. સુતારો લાકડાના ઢીમચા ને વાંકું વાળે છે; તેજ રીતે સારા મનુષ્યો પોતાનું સ્વરૂપ પોતાની મેળે ઘડે છે. (૧૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण ११ मुं–वृद्धावस्था

જ્યારે આ જગત બળી રહ્યું છે ત્યારે હાસ્ય કેવું ? ત્યારે આનંદ કેવો ? તમે અંધારામાં ફસાયલા છો, છતાં તમે પ્રકાશને કેમ શોધતા નથી ? (૧)

જેના ઉપર ઘા પડ્યા છે, જે મહામહેનતે જોડાયલું છે, જે માંદું છે, જે ઘણીક યોજનાઓ રચે છે, પણ જે બળ કે ટેકા વગરનું છે, તે આ કપડાં પહેરેલા માટીના ઢેફા (શરીર) તરફ નજર કરો ! (૨)

આ શરીર પાતળું પડેલું છે, અનેક રોગોથી ઘેરાયલું છે અને ક્ષણભંગુર છે. આ કચરાના ઢગલાના (શરીરના) કકડે કકડા થાય છે અને જિંદગીનો મૃત્યુમાં અંત આવે છે. (૩)

શરદ્‌ઋતુમાં નાખી દીધેલા કમંડલુના જેવા સફેદ રંગનાં હાડકાં ભણી જે નજર કરે છે, તે જિંદગીમાં આનંદ શી રીતે માને ? (૪)

હાડકાંનો કિલ્લો બનાવી, તેને માંસ અને લોહીથી ઢાંકવામાં આવે છે અને તેમાં વૃદ્ધાવસ્થા, મૃત્યુ, અભિમાન અને કપટ આવી વસે છે. (૫)

રાજાઓના મોટા રથો ભાંગે છે, શરીર પણ નાશ પામે છે; પણ સદાચારીના સદ્‌ગુણનો નાશ થતો નથી આમ સજ્જનો સારા પુરુષોને કહે છે. (૬)

જે મનુષ્યે થોડો અભ્યાસ કર્યો હોય છે, તે બળદની માફક વધે છે, તેનું માંસ વધે છે, પણ તેનું જ્ઞાન વૃદ્ધિ પામતું નથી. (૭)

આ શરીરને બનાવનારની શોધમાં મેં ઘણા જન્મ ગુમાવ્યા છે; કારણ કે તે મને જડ્યો નહિ. જન્મ અને મરણ દુઃખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાયક છે. (૮)

પણ હે શરીરના રચનાર! હવે તું જોવામાં આવ્યો છે; તું ફરીથી આ શરીર રચી શકીશ નહિ. આ શરીરરૂપી મકાનના સઘળા વાંસ ભાંગી ગયા છે. તારો મુખ્ય વાંસ પણ ભાંગી ગયો છે અને મન પણ શાશ્વત નિર્વાણ પાસે પહોંચવાથી તૃષ્ણારહિત થયું છે. (૯)

જે મનુષ્યોએ બ્રહ્મચર્યવ્રત પાળ્યું નથી અને જુવાનીમાં ધનનો સંચય કર્યો નથી, તેઓ માછલાં વિનાના સરોવરમાં રહેનાર વૃદ્ધ બગલાની માફક નાશ પામે છે. (૧૦)

જે મનુષ્યોએ બ્રહ્મચર્યવ્રત પાળ્યું નથી અને જુવાનીમાં ધનનો સંચય કર્યો નથી, તેઓ ભૂતકાળને સારુ પશ્ચાત્તાપ કરતા ભાંગેલા ધનુષ્યની માફક પડ્યા રહે છે. (૧૧)

प्रकरण १२ मुं—आत्मवर्ग

જો કોઇ મનુષ્ય પોતાની જાતને વહાલી ગણતો હોય, તો તેણે પોતાની જાતની બરાબર તપાસ રાખવી જોઇએ. ત્રણ પ્રહરમાંથી× એક પ્રહર તો પંડિતજને અવશ્ય જાગૃત રહેવું જોઇએ. (૧)

જે કાંઇ યોગ્ય હોય તે મનુષ્યે જાતે કરવું; અને પછી બીજાને ઉપદેશ આપવો; આ રીતે સુજ્ઞ મનુષ્ય દુઃખ પામશે નહિ. (૨)

જે બાબતનો બીજાને બોધ આપે, તે પ્રમાણે જો મનુષ્ય વર્તે તો પોતે આત્મસંયમી હોઈ બીજાને વશ રાખી શકે; કારણ કે આત્મસંયમ બહુ દુષ્કર (અઘરો) છે. (૩)

આત્માજ આત્માનો નિયંતા છે. આત્માનો નિયંતા બીજો કોણ હોઇ શકે? આત્મસંયમી મનુષ્ય બીજાઓને દુર્લભ એવા

× આ ત્રણ પ્રહર બાલ્યાવસ્થા, જુવાની અને વૃદ્ધાવસ્થા સંબંધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીને મેળવે છે. (૪)

જેવી રીતે હીરો કીમતી પથરાને પણ ભાંગી નાખે છે, તેમ પોતે આચરેલાં, પોતે ઉત્પન્ન કરેલાં અને પોતે વધારેલાં પાપો મૂઢ મનુષ્યને કચરી નાખે છે. (૫)

જેવી રીતે લતા જે ઝાડને વળગે છે, તે ઝાડને નીચે નમાવે છે, તેવીજ રીતે જેનું પાપીપણું વધારે છે તેવો મનુષ્ય, તેના શત્રુઓ તેની જે દશા ઇચ્છે તે સ્થિતિએ આવી પહોંચે છે. (૬)

ખરાબ અને પોતાને હાનિ કરનારાં કામો કરવાં સહેલાં છે, પણ સારાં અને લાભકારક કામો કરવાં મુશ્કેલ છે. (૭)

જે મૂર્ખ મનુષ્ય અર્હંત, આર્ય અને સદાચરણી પુરુષોની આજ્ઞાનો તિરસ્કાર કરે છે અને અસત્ય મતને અનુસરે છે, તે કત્થક નામના બરુની માફક પોતાનોજ નાશ કરનારાં ફળ મેળવે છે. (૮)

પાપ કરનાર પોતેજ છે, તેમ ભોગવનાર પણ પોતેજ છે. પાપનો ત્યાગ કરનાર પણ પોતે છે અને પોતાની શુદ્ધિ કરનાર પણ પોતે છે. પવિત્ર મનુષ્યો આપબળથી ટકે છે અને પાપીઓ પડે છે. કોઇ બીજાને પવિત્ર બનાવી શકતું નથી. (૯)

બીજાનું કર્તવ્ય ગમે તેટલું મોટું હોય તોપણ કોઇએ સ્વકર્તવ્યનો ત્યાગ કરવો નહિ. એક વાર પોતાનું કર્તવ્ય સમજ્યા પછી મનુષ્યે તે ધ્યાનપૂર્વક કરવું. (૧૦)

प्रकरण १३ मुं–लोकवर्ग

ખરાબ નિયમને અનુસરતા નહિ, પ્રમાદથી ચાલતા નહિ, અસત્ય નિયમને અનુસરતા નહિ, સંસારની વૃદ્ધિ કરતા નહિ. (૧)

ઊઠો, પ્રમાદ ન કરો. સદ્ગુણના નિયમને અનુસરો; સદ્ગુણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યો આ લોક તેમજ પરલોકમાં સુખમાં રહે છે. (૨)

સદ્‌ગુણના નિયમને અનુસરો, પાપના નિયમને અનુસરતા નહિ; સદ્‌ગુણી મનુષ્યો આ લોકમાં તેમજ પરલોકમાં સુખમાં રહે છે. (૩)

જગત પાણીના પરપોટા સમાન છે એમ જાણો; જગત મૃગજળ જેવું છે એમ જાણો; જગતને જેઓ આ રીતે તુચ્છ માને છે, તેના સામું યમદેવ પણ જોતો નથી. (૪)

આવો અને આ બાદશાહી રથની માફક ચળકતા જગત તરફ જુઓ. મૂર્ખ મનુષ્યો તેમાં આસક્ત બને છે, ડાહ્યા મનુષ્યો તેને અડકતા પણ નથી. (૫)

જે પ્રથમ અવિચારી હતો, પણ પાછળથી અપ્રમત્ત થાય છે, તે વાદળાંથી મુક્ત થયેલા ચંદ્રની માફક જગતને પ્રકાશિત કરે છે. (૬)

જેનાં પૂર્વનાં ખરાબ કામો સારાં કામોથી ઢંકાયેલાં છે, તે વાદળાંથી મુક્ત થયેલા ચંદ્રની માફક જગતને પ્રકાશિત કરે છે. (૭)

જગત અંધકારમય છે. થોડાજ મનુષ્યો અહીં જોઈ શકે છે. જાળમાંથી છૂટેલાં પક્ષીઓની માફક ફક્ત થોડાજ સ્વર્ગે જાય છે. (૮)

હંસ સૂર્યના માર્ગે જાય છે, તેઓ અજાયબ રીતે આકાશમાં ઊડે છે. જે સુજ્ઞ મનુષ્યો છે તે મારદેવ અને તેના દૂતોને જીતીને આ દુનિયાની પેલી પાર જાય છે. (૯)

જેણે ધર્મના એક પણ નિયમનું ઉલ્લંઘન કર્યું છે, જે અસત્ય બોલે છે અને પરલોકની બાબતને હસી કાઢે છે, તેવો મનુષ્ય ગમે તેવું પાપાચરણ કરતાં ડરશે નહિ. (૧૦)

અનુદાર (કંજૂસ) મનુષ્યો કદાપિ સ્વર્ગલોકમાં જતા નથી. કેવળ મૂર્ખ મનુષ્યોજ ઉદારતાની સ્તુતિ કરતા નથી. સુજ્ઞ મનુષ્યો ઉદારતાની પ્રશંસા કરે છે અને પરલોકમાં સુખી થાય છે. (૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી ઉપર રાજ્ય મેળવવા કરતાં, સ્વર્ગે જવા કરતાં અને સઘળાં ભુવનો ઉપર ઉપરીપણું પ્રાપ્ત કરવા કરતાં પવિત્રતાનું પહેલું પગથિયું-જે [1]સોતાપન્નની સ્થિતિ-તે મેળવવું વધારે સારું છે. (૧૨)

પ્રકરણ ૧૪ મું-બુદ્ધવર્ગ

જેના જયને કોઇ જીતી શકે નહિ, જેના જયમાં કોઇ દાખલ થઇ શકે નહિ, તેવા અગમ્ય-ત્રિકાળજ્ઞાની-બુદ્ધને તમે કયે માર્ગે દોરી શકશો ? (૧)

જેને વાસના તેના ઝેર અને પાશથી અવળે માર્ગે દોરી શકે નહિ, તેવા અગમ્ય-ત્રિકાળજ્ઞાની-બુદ્ધને તમે કયે માર્ગે દોરી શકશો ? (૨)

જે બુદ્ધ (ખરેખરો જ્ઞાની) છે, જે અપ્રમત્ત છે, જે ધ્યાનમાં મગ્ન છે, જે જ્ઞાની છે અને સર્વ પ્રકારનો સંગત્યાગ કરવાથી મળતી શાંતિમાં જે આનંદ માને છે, તેવાની દેવો પણ ઇર્ષ્યા કરે છે. (૩)

મનુષ્યપણે જન્મવું એ દુર્લભ છે, મનુષ્યનું જીવન દુર્લભ છે, સદ્ધર્મનું શ્રવણ દુર્લભ છે અને બુદ્ધનો જન્મ (બુદ્ધત્વની પ્રાપ્તિ) દુર્લભ છે. (૪)

કોઈ પણ પ્રકારનું પાપ ન કરવું, સારું કામ કરવું અને મનને શુદ્ધ કરવું એજ સઘળા બુદ્ધોનાં શિક્ષણો છે. (૫)

બુદ્ધ કહે છે કે, ધૈર્ય એ મોટું તપ છે અને સહનશીલતા એજ નિર્વાણ છે; કારણ કે જે બીજાને મારે છે તે 'પ્રવ્રજિત' (યતિ) નથી, જે બીજાનું અપમાન કરે છે તે 'શ્રમણ' નથી. (૬)

નિંદા ન કરવી, મારવું નહિ, ધર્મની આજ્ઞા પ્રમાણે જિતે-

[1] ખરો શબ્દ સ્રોતાપન્ન છે. એટલે ઝરામાં પગ મૂકનાર છે. નિર્વાણ સુધી વહેતા ઝરામાં પગ મૂકવો એ પ્રથમ પગથિયું છે. આ પગથિયાને 'વિવેક' તરીકે હિંદુઓ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રિય રહેવું, ખાવામાં મિતાહારી થવું, એકાંતમાં બેસવું અને સૂવું અને ઊંચા વિચારોનું ચિંતન કરવું એજ બુદ્ધોનાં શિક્ષણો છે. (૭)

સુવર્ણના સિક્કાની વૃષ્ટિથી પણ તૃષ્ણા કદાપિ શાંત થાય નહિ. જે જાણે છે કે તૃષ્ણાની મીઠાશ ક્ષણિક છે અને દુઃખગર્ભિત છે તે સુજ્ઞ છે. (૮)

તૃષ્ણાવાળો મનુષ્ય સ્વર્ગનાં સુખથી પણ સંતુષ્ટ થતો નથી. જે શિષ્યના મનનાં દ્વાર ખૂલી ગયાં છે, તે સઘળી તૃષ્ણાઓનો નાશ કરવામાંજ આનંદ માને છે. (૯)

ભયથી નાઠેલા મનુષ્યો પર્વતોનો, જંગલોનો, વનનો કે પવિત્ર વૃક્ષોનો આશ્રય લે છે. (૧૦)

પરંતુ તે સહીસલામત આશ્રય નથી. તે ઉત્તમોત્તમ શરણ નથી. તે જગ્યાનો આશ્રય લેવાથી મનુષ્ય સઘળાં દુઃખોથી મુક્ત થતો નથી. (૧૧)

જે મનુષ્ય બુદ્ધનું, ધર્મનું અને સંઘનું એ ત્રણ શરણ ગ્રહણ કરે છે, જે ચાર પવિત્ર સત્યોને (દુઃખ, દુઃખનું કારણ, દુઃખનો નાશ અને દુઃખનો નાશ કરાવનાર* અષ્ટવિધ માર્ગ આ ચાર સત્યોને) ખુલ્લી રીતે જુએ છે, તેણે ઉત્તમ શરણ લીધું છે. તેજ ઉત્તમોત્તમ શરણ છે. તે શરણ લીધા પછી મનુષ્ય સઘળાં દુઃખોથી મુક્ત થાય છે. (૧૨–૧૪)

અલૌકિક પુરુષ (બુદ્ધ) દુર્લભ છે, તે સર્વત્ર જન્મતો નથી, જે વંશમાં તે જન્મે છે, તે વંશની આબાદી થાય છે. (૧૫)

બુદ્ધનો જન્મ સુખદાયક છે, સદ્ધર્મનો ઉપદેશ સુખદાયક છે, સંઘની શાંતિ સુખદાયક છે, જેઓ શાંત છે તેમની ભક્તિ સુખદાયક છે. (૧૬)

જેમણે મારદેવના સૈન્યને જીત્યું છે, જેમણે દુઃખના સમુદ્રને

* જુઓ શ્રીબુદ્ધનો ઉપદેશ પૃષ્ઠ ૧૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળંગ્યો છે, જેમણે મુક્તિ મેળવી છે અને જેઓ નિર્ભય થયા છે–તે બુદ્ધ અથવા તેમના શિષ્યો તરફ જે ભક્તિભાવ બતાવે છે, તેમનું પુણ્ય માપી શકાય નહિ. (૧૭,૧૮)

प्रकरण १५ मुं–सुखवर्ग

જે અમને ધિક્કારે છે, તેને નહિ ધિક્કારવાથી અમે સુખમાં રહીએ છીએ. અમને ધિક્કારનાર મનુષ્યોની વચમાં પણ અમે ધિક્કારથી છૂટા રહીએ છીએ. (૧)

પીડા પામતા મનુષ્યોમાં પણ પીડાથી મુક્ત થઇ અમે સુખમાં રહીએ છીએ. જે લોકો પીડા પામે છે, તે લોકોની વચમાં પણ ચાલો આપણે પીડાથી મુક્ત રહીએ. (૨)

લોભી મનુષ્યોની વચમાં પણ નિર્લોભી થઈ અમે સુખથી રહીએ છીએ. લોભી મનુષ્યોની વચમાં પણ ચાલો આપણે નિર્લોભી તરીકે રહીએ. (૩)

અમારું કાંઈ નથી, એમ માનવાથી અમે સુખમાં રહીએ છીએ. સુખનુંજ ભોજન કરનારા અમે ચળકતા દેવો જેવા થઇશું. (૪)

જીતથી વેર પેદા થાય છે, કારણ કે હાર પામનાર દુઃખી થાય છે. જેણે જય કે પરાજય (પરાભવ)નો ત્યાગ કર્યો છે, તે સંતોષી મનુષ્ય સદા સુખી છે. (૫)

રાગ જેવો કોઇ અગ્નિ નથી; દ્વેષ જેવો કોઇ કલિ નથી; શરીરના જેવું કોઇ દુઃખ નથી; શાંતિ કરતાં ઊંચું સુખ નથી. (૬)

બધા રોગોમાં ભૂખ (ક્ષુધા) એ મોટો રોગ છે; શરીરનું 'ઉપાદાન' તે મોટામાં મોટો અનર્થ છે–આ બરાબર જાણવું–તેજ નિર્વાણ–તેજ પરમ શાંતિ છે. (૭)

આરોગ્ય એ મોટી બક્ષિસ છે, સંતોષ એ મોટું ધન છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વાસ એ સૌથી ઉત્તમ સંબંધ છે અને નિર્વાણ એ ઉત્તમ સુખ છે. (૮)

જેણે એકાંત અને શાંતિની મીઠાશ અનુભવી છે અને જેણે શાસ્ત્રામૃત પીધું છે, તે ભય અને પાપથી મુક્ત છે. (૯)

આર્ય (આર્ય ગુણવાળા) નું દર્શન શુભ છે; તેનો સમાગમ તે સુખજનક છે; જો મનુષ્ય મૂર્ખને જોવા ન પામે તો તે ખરેખર સુખી થાય. (૧૦)

મૂર્ખની જોડે સહવાસ કરવામાં લાંબા કાળ સુધી દુઃખ ભોગવવું પડે છે. શત્રુના સહવાસની માફક મૂર્ખનો સહવાસ દુઃખદાયક છે. (૧૧)

સગાંવહાલાંના સમાગમની માફકજ જ્ઞાનીના સહવાસથી આનંદ થાય છે; તેટલા માટે જેવી રીતે ચંદ્ર નક્ષત્રના માર્ગમાં જાય છે, તેમ દરેક મનુષ્યે ડાહ્યા, બુદ્ધિમાન, વિદ્વાન, સહનશીલ, કર્તવ્યપરાયણ અને પવિત્ર પુરુષને અનુસરવું જોઇએ. (૧૨)

प्रकरण १६ मुं–प्रियवर्ग

જે મનુષ્ય જીવનનું કર્તવ્ય ભૂલીને પ્રિય વસ્તુની પાછળ દોડે છે, અભિમાનને તાબે થાય છે અને ધ્યાન કરતો નથી, તે મનુષ્ય આગળ જતાં ધ્યાન કરનારની ઇર્ષ્યા કરવા માંડશે. (૧)

મનુષ્યે પ્રિય કે અપ્રિય કોઈ પણ વસ્તુને વળગી બેસવું નહિ. પ્રિય વસ્તુ ન મળવી એ પણ દુઃખ છે અને અપ્રિય વસ્તુનો સંબંધ થવો તે પણ દુઃખ છે. (૨)

આ ઉપરથી મનુષ્યે કોઇ વસ્તુ ઉપર રાગ ધરવો નહિ. પ્રિયવસ્તુનો વિયોગ એજ દુઃખ છે. જેઓ કોઇ પણ વસ્તુ ઉપર રાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાવતા નથી, તેમજ તેને ધિક્કારતા નથી, તેમને કોઇ પણ પ્રકારનાં બંધન નથી. (૩)

રાગથી શોક પેદા થાય છે, રાગથી ભય પેદા થાય છે; જે રાગથી મુક્ત છે તે શોક કે ભય જાણતો નથી. (૪)

સ્નેહથી શોક ઉત્પન્ન થાય છે, સ્નેહથી ભય ઉત્પન્ન થાય છે; જે સ્નેહથી મુક્ત છે તે ભય કે શોક જાણતો નથી. (૫)

રતિથી શોક ઉત્પન્ન થાય છે, રતિથી ભય ઉત્પન્ન થાય છે. જે રતિથી મુક્ત છે તે ભય કે શોક જાણતો નથી. (૬)

કામથી શોક ઉત્પન્ન થાય છે, કામથી ભય ઉત્પન્ન થાય છે. જે કામથી મુક્ત છે તે ભય કે શોક જાણતો નથી. (૭)

તૃષ્ણાથી શોક પેદા થાય છે, તૃષ્ણાથી ભય પેદા થાય છે; જે તૃષ્ણાથી મુક્ત છે તે શોક કે ભય જાણતો નથી. (૮)

જેનામાં સદ્ગુણ અને બુદ્ધિ છે, જે ન્યાયી છે, જે સત્યવાદી છે, પોતાનું કર્તવ્ય બજાવે છે, તે વિશ્વને પ્રિય થશે. (૯)

જેનામાં નિત્યતત્ત્વ (નિર્વાણ)ની ઇચ્છા ઉત્પન્ન થવા પામી છે, જે મનમાં સંતુષ્ટ છે, જેના વિચારો રાગથી ભ્રમિત થયા નથી, તે ઉર્ધ્વસ્રોતસ્ કહેવાય છે (અર્થાત્ તે નિર્વાણ સુધી વહેતા ઝરામાં આગળ વધેલો છે.) (૧૦)

જે મનુષ્ય લાંબા કાળ સુધી દૂર ગયો હોય અને દૂરથી સહીસલામત પાછો ફરે છે, તે મનુષ્યને તેનાં સગાંવહાલાં, મિત્રો અને ચાહનારાં નમસ્કાર કરે છે. (૧૧)

તેજ રીતે જેણે સારાં કામ કર્યાં હોય છે અને જે આ લોકમાંથી પરલોકમાં જાય છે, તે મનુષ્યને–સ્વજનો પોતાના મિત્રને પાછો આવતાં ભેટે છે, તેમ તેનાં સત્કાર્યો આવકાર આપે છે. (૧૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭ મું-ક્રોધ

માણસે ક્રોધનો ત્યાગ કરવો જોઇએ, અભિમાન તજવું જોઈએ અને સઘળા પ્રકારનાં બંધનો પર જય મેળવવો જોઇએ. જે નામ અને રૂપને (નામ-રૂપાત્મક વસ્તુઓને) વળગતો નથી અને કોઈ પણ વસ્તુને 'મારી' એમ કહેતો નથી, તે મનુષ્ય ઉપર કોઇ પણ પ્રકારનું દુઃખ આવી પડતું નથી. (૧)

જે ચાલતા રથની માફક ચડતા ક્રોધને અટકાવી શકે છે, તેનેજ હું ખરો સારથિ (હાંકનાર) માનું છું. બીજાઓ તો ફક્ત લગામ પકડનારા છે. (૨)

મનુષ્યે ક્રોધીને પ્રેમથી વશ કરવો જોઇએ, અસાધુ પુરુષને સાધુતાથી વશ કરવો જોઇએ, કંજૂસને ઉદારતાથી વશ કરવો જોઇએ અને અસત્યવાદીને સત્યથી વશ કરવો જોઇએ. (૩)

સત્ય બોલો; ક્રોધને વશ થતા નહિ; માગવામાં આવે તો થોડું પણ આપો; આ ત્રણ પગથિયાંથી-સત્યથી, ક્રોધનિગ્રહથી અને દાનથી તમે દેવોની સમીપ જશો. (૪)

જે ભિક્ષુકો કોઇને હેરાન કરતા નથી, જેઓ પોતાના શરીરને નિરંતર કાબૂમાં રાખે છે, તેઓ નિત્યસ્થાન (નિર્વાણ) માં જશે, જ્યાં પહોંચવાથી તેઓ સર્વકાળને વાસ્તે દુઃખથી મુક્ત થશે. (૫)

જેઓ અપ્રમત્ત છે, જેઓ દિનરાત અભ્યાસ કરે છે, જેઓ નિર્વાણને વાસ્તે પ્રયત્ન કરે છે, તેઓના મનોવિકારો જરૂર દબાઈ જશે. (૬)

હે અતુલ! + આ વાત સર્વકાળને વાસ્તે ખરી છે કે:—

+ શ્રીબુદ્ધના એક શિષ્યનું નામ અતુલ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જે ચૂપ બેસે છે તેની લોકો નિંદા કરે છે; જે બહુ બોલે છે તેની લોકો નિંદા કરે છે; જે થોડું બોલે છે તેની પણ તેઓ નિંદા કરે છે; આ જગતમાં એવો એક પણ નથી, કે જેની નિંદા ન થઇ હોય." (૭)

એવો એક પણ મનુષ્ય હતો નહિ, છે નહિ અને થશે પણ નહિ, કે જેની સર્વદા નિંદા થઈ હોય અથવા જેની સર્વદા પ્રશ-સા થઇ હોય. (૮)

જે નિષ્કલંક છે, સુજ્ઞ છે, જ્ઞાની છે અને સદ્‌ગુણી છે તેમજ જેની વિવેકી મનુષ્યો નિરંતર દિનપ્રતિદિન પ્રશંસા કરે છે તેની, જંબુ નદીમાંથી નીકળેલા સુવર્ણના સિક્કાની માફક-નિંદા કરવા કોણ હિંમત ધરશે? દેવો પણ તેની પ્રશંસા કરે છે, બ્રહ્મદેવ પણ તેની સ્તુતિ કરે છે. (૯,૧૦)

શારીરિક ક્રોધથી ચેતતા રહો! તમારા શરીરને કાબૂમાં રાખો; શારીરિક પાપોનો ત્યાગ કરો અને તમારા શરીરથી સદ્‌ગુણી જીવન ગાળો. (૧૧)

જીભના ક્રોધથી ચેતતા રહો! તમારી જીભને વશ રાખો; જીભનાં પાપોનો ત્યાગ કરો અને તમારી જીભ વડે સદ્‌ગુણને પાળો. (૧૨)

માનસિક ક્રોધથી ચેતતા રહો! તમારા મનને કાબૂમાં રાખો; માનસિક પાપોનો ત્યાગ કરો અને મનથી સદ્‌ગુણી જીવન ગાળો.(૧૩)

જે સુજ્ઞ મનુષ્યો આ રીતે પોતાના શરીરને, પોતાની જીભને અને પોતાના મનને કાબૂમાં રાખે છે, તેઓજ ખરા નિગ્રહી-સંયમી-યતિ છે. (૧૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकरण १८ मुं–मल (अशुद्धि) वर्ग

તું પાકેલા પાન જેવો છે, યમદૂતો તારી પાસે આવેલા છે, તું જવાના (મરવાના) દરવાજાની પાસે ઊભો છે, છતાં તેં તારી મુસાફરીને વાસ્તે કાંઇ તૈયારી કરી નથી. (૧)

તારા વાસ્તે એક દ્વીપ બનાવ, બહુ મહેનત કર અને ડાહ્યો થા. જ્યારે તારી અશુદ્ધતા દૂર થશે અને તું દોષથી મુક્ત થઇશ, ત્યારે તું આર્યના પવિત્ર સ્વર્ગમાં દાખલ થઇ શકીશ. (૨)

તારી જિંદગી પૂરી થવા આવી છે, તું યમની પાસે આવી પહોંચ્યો છે, માર્ગમાં તારે વિસામાની જગ્યા નથી અને મુસાફરીને વાસ્તે કાંઇ ભાથું તારી પાસે નથી. (૩)

તારા વાસ્તે એક દ્વીપ બનાવ, ઉદ્યમ કર અને ડાહ્યો થા. જો તારી અશુદ્ધતા દૂર થશે અને તું દોષથી મુક્ત થઇશ, તો તારે ફરીથી જન્મમરણના ફેરામાં પડવું પડશે નહિ. (૪)

જેમ સોની રૂપાનો મેલ કાઢી નાખે છે, તેમ સુજ્ઞ મનુષ્યે હૃદયની અશુદ્ધતા ધીમે ધીમે, જરા જરા અને પળે પળે કાઢતા રહેવું જોઇએ. (૫)

લોઢામાંથી જે કાટ ઉત્પન્ન થાય છે, તે લોઢા પર જ્યારે ચડે છે, ત્યારે લોઢાને ખાઇ જાય છે, તેવીજ રીતે સત્ય માર્ગનું ઉલ્લંઘન કરનારનાં કામ તેને દુર્મતિમાં દોરી જાય છે. (૬)

અભ્યાસ ન કરવો એ વિદ્યાનું કલંક છે, મરામત ન કરવી એ ઘરનું કલંક છે, આલસ્ય એ શરીરનું કલંક છે અને અસાવધપણું એ ચોકીદારનું કલંક છે. (૭)

વ્યભિચાર એ સ્ત્રીઓનું કલંક છે; કંજૂસાઇ એ દાતારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલંક છે; આ લોકમાં તેમજ પરલોકમાં સઘળા અધર્મના માર્ગ કલંકવાળા છે. (૮)

પણ આ બધા કરતાં એક મોટું કલંક છે અને તે મોટું કલંક અવિદ્યા છે. હે ભિક્ષુકો! એ મલને દૂર કરો અને નિર્મળ બનો. (૯)

જે નિર્લજ્જ છે, કાગડા જેવો છે, તોફાની છે, બીજાનું અપમાન કરનાર છે, ઉદ્ધત અને હલકો છે, તેને જીવનયાત્રા બહુ સરળ છે. (૧૦)

પણ જે વિનયી છે, જે શુદ્ધતાનો અભિલાષી છે, જે નિઃસ્વાર્થી છે, શાંત છે, નિષ્કલંક છે અને બુદ્ધિમાન છે, તેને વાસ્તે જીવનયાત્રા કઠિન છે. (૧૧)

જે પ્રાણીઓની હિંસા કરે છે, અસત્ય બોલે છે, લોકમાં કોઇએ નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરે છે, પરદારાનું સેવન કરે છે, સુરા (દારૂ) આદિ માદક પદાર્થોનું પાન કરે છે, તે મનુષ્ય આ લોકમાં પણ પોતાની પડતીનું મૂળ ખોદે છે, એટલે પોતાનો નાશ કરનાર બને છે. (૧૨,૧૩)

હે માનવી! જેઓનો પોતાના ઉપર કાબૂ નથી, તેઓ ખરાબ સ્થિતિમાં છે, એમ માન. દુરાચરણ અને લોભને લીધે તું લાંબા વખત સુધી દુઃખમાં ન આવી પડે તેથી તું ચેતતો રહે. (૧૪)

મનુષ્યો પોતાની શ્રદ્ધા અને પોતાની મરજીને અનુકૂળ દાન કરે છે. બીજાને આપવામાં આવેલા અન્ન કે પાણીને લીધે જે મનમાં બળે છે, તેને દિવસે કે રાત્રિએ શાંતિ મળતી નથી. (૧૫)

જેનામાં આ લાગણી નાશ પામી ગઇ છે, અર્થાત્ તદ્દન નિર્મૂળ થઈ છે, તે દિવસે તેમજ રાત્રિએ શાંતિ મેળવે છે. (૧૬)

વિકાર સમાન અગ્નિ નથી, દ્વેષના જેવો મગર નથી, અજ્ઞાન જેવી જાળ નથી અને તૃષ્ણા જેવી નદી નથી. (૧૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાઓના દ્વેષ સહેલાઇથી જોઇ શકાય છે, પણ પોતાના દોષ જોવા મુશ્કેલ છે. મનુષ્ય પોતાના પાડોશીના દોષ ફોતરાંની માફક છૂટા પાડે છે, પણ જેવી રીતે એક ઠગ રમનારાઓથી ખોટો સિક્કો સંતાડે છે, તેમ તે પોતાના દોષ સંતાડે છે. (૧૮)

જો મનુષ્ય બીજાના દોષ જોયા કરે અને જો હમેશાં ગુસ્સે થયા કરે, તો તેના વિકારો વૃદ્ધિ પામે છે અને તે વિકારોના નાશના માર્ગથી ઘણે દૂર જાય છે. (૧૯)

હવામાં થઇને જવાનો માર્ગ નથી, મનુષ્ય બહારના દેખાવથી શ્રમણ બનતો નથી; દુનિયાના લોકો બહારની મોટાઇથી ખુશી થાય છે. પણ તથાગત (બુદ્ધ) તે ખોટી મોટાઇથી મુક્ત હોય છે. (૨૦)

હવામાં થઇને જવાનો માર્ગ નથી, મનુષ્ય બહારના દેખાવથી શ્રમણ બનતો નથી. કોઇ પણ પ્રાણી અમર નથી, પણ જે બુદ્ધ છે તે અચળ છે. (૨૧)

प्रकरण १९ मुं–धर्मशीलवर्ग

જે મનુષ્ય વગરવિચારે કોઇ પણ બાબતનો નિકાલ લાવે તે ધર્મશીલ નથી. (૧)

પણ જે ન્યાય–અન્યાયનો વિચાર કરી, બળાત્કારનો ત્યાગ કરી ધર્મપૂર્વક બીજાઓને દોરે છે, તે બુદ્ધિમાન અને ધર્મિષ્ઠ પુરુષ ધર્મશીલ કહેવાય છે. (૨)

જે ઘણું બોલે છે તેથી તે પંડિત કહેવાતો નથી; પણ જે સહનશીલ, વેર વગરનો અને નિર્ભય છે તે પંડિત કહેવાય છે. (૩)

મનુષ્ય ઘણું બોલે છે તેથી તે ધર્મને ધારણ કરનાર કહેવાતો નથી; પરંતુ જે ધર્મનું થોડું જ્ઞાન મેળવે છે, પણ તે પ્રમાણે વર્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને ધર્મકાર્યમાં પ્રમાદ કરતો નથી, તે ધર્મશીલ કહેવાય છે. (૪)

મનુષ્યના વાળ સફેદ થયા હોય તે ઉપરથી તે સ્થવિર (વૃદ્ધ) બનતો નથી; તેની વય વધી હોય તેથી તે 'બિચારો ઘરડો' કહેવાય છે. (૫)

જેનામાં સત્ય, સદ્ગુણ, દયા, સંયમ અને દમ છે, જે અશુદ્ધિરહિત છે અને જે જ્ઞાની છે તે સ્થવિર× કહેવાય છે. (૬)

જે મનુષ્ય અદેખો, કંજૂસ અને કપટી છે, તે બહુ વચન બોલવાથી અથવા તેના શરીરસૌંદર્યથી સાધુ કહેવાતો નથી. (૭)

જેનામાં આ દોષ નાશ પામ્યા છે, મૂળ સહિત ઊખડી ગયા છે, તે દ્વેષ વિનાનો ડાહ્યો પુરુષ સાધુ કહેવાય છે. (૮)

વ્રત વિનાનો અને જૂઠું બોલનારો પુરુષ માથું મૂંડાવવાથી શ્રમણ બનતો નથી. જેનામાં લોભ અને તૃષ્ણા વસેલાં છે, તેને કેવી રીતે શ્રમણ કહી શકાય? (૯)

નાનાં કે મોટાં સર્વ પાપને જે શમાવે છે તે, પાપને શાંત કરવાથી શ્રમણ (શાંત પુરુષ) કહેવાય છે. (૧૦)

જે બીજા પાસે ભિક્ષા માગે છે, તે પરથી તે ભિક્ષુ કહેવાય નહિ. જે અખિલ નિયમને અંગીકાર કરે છે તેજ ભિક્ષુ છે, માત્ર ભિક્ષાશનથી કોઇ ભિક્ષુ બનતો નથી. (૧૧)

જે પુણ્ય અને પાપની પેલી પાર છે, જે બ્રહ્મચર્ય પાળે છે, જે જગતમાં સંભાળપૂર્વક વિચરે છે, તેજ ખરો ભિક્ષુ છે. (૧૨)

જે મૂઢ તથા અજ્ઞાન છે તે મૌન ધારણ કરે તેથી મુનિ બનતો નથી. જે પંડિત પુરુષ હાથમાં ત્રાજવું રાખનારની માફક સારું ગ્રહણ કરે છે અને ખરાબનો ત્યાગ કરે છે તે, તે કારણથી

× બૌદ્ધધર્મના સંપ્રદાય પ્રમાણે જેણે વીસ વર્ષપર્યંત સંન્યસ્તધર્મ પાલન કર્યો હોય તે સ્થવિર કહેવાય છે અને તેથી વધારે વર્ષ ભિક્ષુધર્મ પાળનારને મહાસ્થવિર વગેરેની પદવી આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિ છે. જે આ લોકની બે બાજુનો વિચાર કરે છે તેને મુનિ કહે છે. (૧૩,૧૪)

જે પ્રાણીઓની હિંસા કરે છે, તે આર્ય કહેવાતો નથી; જે-સર્વ પ્રાણીઓ પર દયા કરે છે તેજ આર્ય છે. (૧૫)

જેનો કોઇ સંસારીને અનુભવ નથી એવું મુક્તિનું સુખ જે મને મળે છે તે કેવળ વ્રતથી અથવા ભણતરથી, લૌકિક સમાધિથી અથવા એકલા શયન કરવાથી મળી શકતું નથી. હે ભિક્ષુકો! જેણે તૃષ્ણાઓનો નાશ કર્યો છે, તેણે પૂર્ણ શ્રદ્ધા પ્રાપ્ત કરી છે. (૧૬)

प्रकरण २० मुं—धर्ममार्गवर्ग

સર્વ માર્ગોમાં અષ્ટવિધ માર્ગ શ્રેષ્ઠ છે; સર્વ સત્યોમાં ચાર સત્યો ઉમદા છે; સર્વ સદ્‌ગુણોમાં વૈરાગ્ય શ્રેષ્ઠ છે અને સર્વ મનુષ્યોમાં જેની આંખ ઉઘડી છે તે (જ્ઞાની) શ્રેષ્ઠ છે. (૧)

તમારી દૃષ્ટિ શુદ્ધ કરવાને ફક્ત આજ માર્ગ છે, બીજો કોઇ પણ માર્ગ નથી. આ માર્ગ પર તમે ચાલો, કારણ કે તે મારદેવનો પરાજય કરનાર થશે. (૨)

જો તમે આ માર્ગ પર ચાલશો તો તમારા દુઃખનો અંત આવશે. રાગદ્વેષરૂપ શલ્ય શી રીતે દૂર કરી શકાય, એ સમજ્યા પછી મેં ઉપદેશેલો આ માર્ગ છે. (૩)

તમારે જાતેજ પ્રયત્ન કરવો જોઇએ, તથાગત (બુદ્ધ) તો ઉપદેશક છે. જે વિચારવાન પુરુષો આ માર્ગનું અવલંબન કરે છે, તે મારરાજાના બંધનથી મુક્ત થાય છે. (૪)

‘સર્વ ઉત્પન્ન થયેલી વસ્તુઓનો નાશ છે’. જે આ નિયમ જાણે છે અને જુએ છે, તે દુઃખ ભોગવવામાં સહનશીલ થાય છે. આજ શુદ્ધિનો માર્ગ છે. (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સર્વ ઉત્પન્ન થયેલી વસ્તુઓ દુઃખમય છે અને શોકમય છે'. આ નિયમ જે જાણે છે અને જુએ છે, તે દુઃખ ભોગવવામાં સહનશીલ થાય છે. આજ શુદ્ધિનો માર્ગ છે. (૬)

'સર્વ આકારો અનિત્ય છે'. આ નિયમ જે જાણે છે અને જુએ છે, તે દુઃખ ભોગવવામાં સહનશીલ થાય છે. આજ શુદ્ધિનો માર્ગ છે. (૭)

જે જુવાન અને બળવાન પુરુષ જાગૃત થવાને સમયે જાગૃત થતો નથી, જે આળસુ છે, જેની ઇચ્છાશક્તિ અને સંકલ્પબળ દુર્બળ છે, તે સુસ્ત મનુષ્યને કદાપિ જ્ઞાનનો માર્ગ જડશે નહિ.(૮)

વાણી ઉપર દેખરેખ રાખીને, મનને કાબૂમાં રાખીને અને પોતાના શરીરથી કાંઇ પણ ખોટું કામ કરવું નહિ, આ ત્રણ રસ્તે શુદ્ધ રીતે ચાલ્યાથી મનુષ્ય જ્ઞાનીઓએ ઉપદેશેલો માર્ગ ગ્રહણ કરી શકશે. (૯)

ઉત્સાહથી જ્ઞાન વૃદ્ધિ પામે છે, ઉત્સાહના અભાવથી જ્ઞાનનો ક્ષય થાય છે. આ બે માર્ગ જે જાણે છે તેણે એવી રીતે વર્તવું જોઇએ કે જેથી જ્ઞાનની વૃદ્ધિ થાય. (૧૦)

તૃષ્ણાના એક વૃક્ષને કાપતા નહિ, પણ આખા જંગલને કાપી નાખો; તૃષ્ણારૂપી વનથી ભય ઉત્પન્ન થાય છે; તૃષ્ણા અને તૃષ્ણાનું મૂળ જ્યારે કાપી નાખશો ત્યારે તમે તૃષ્ણારહિત થશો. (૧૧)

જ્યાંસુધી મનુષ્યમાં સ્ત્રીવિષયક ઇચ્છા જરા સરખી પણ રહેલી છે ત્યાંસુધી, જેમ દૂધ પીનારા વાછરડાનું મન પોતાની માતા પર આસક્ત રહે છે, તેમ તેનું મન સ્ત્રી તરફ આસક્ત રહે છે. (૧૨)

શરદૃઋતુના કમળની માફક તું તારા ઉપરની પ્રીતિ (સ્વાર્થી વૃત્તિ) કાઢી નાખ; શાંતિનો માર્ગ ગ્રહણ કર, સુગતે (બુદ્ધે) નિર્વાણનો માર્ગ દર્શાવ્યો છે. (૧૩)

ચોમાસામાં હું અહીં રહીશ, ઉનાળામાં અને શિયાળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું અહીં વસીશ એવો મૂર્ખ વિચાર કરે છે, પરંતુ વચમાં શી સ્થિતિ થશે તેનો બિલકુલ વિચાર કરતો નથી. (૧૪)

જેમ ઊંઘતા ગામને નદીનું પૂર ખેંચી જાય છે, તેમ છોકરાં-છૈયાં અને પશુ આદિ વાસ્તે પ્રખ્યાત થયેલા અને તેમાં આસક્ત થયેલાને મૃત્યુ આવી ખેંચી જાય છે. (૧૫)

જ્યારે મૃત્યુ આવી પહોંચે છે, ત્યારે પુત્રો, પિતા, સગાં-વહાલાં કે જ્ઞાતિજન કોઈની પણ મદદ કામમાં આવતી નથી.(૧૬)

ડાહ્યા અને સુચારિત્ર્યવાન પુરુષે આ બધું સમજીને નિર્વાણ તરફ લઈજનારા માર્ગને શુદ્ધ કરવો જોઇએ. (૧૭)

प्रकरण २१ मुं–प्रकीर्णवर्ग

જો થોડા સુખનો ત્યાગ કરવાથી વિશેષ સુખનો લાભ થતો હોય, તો ડાહ્યા પુરુષે તે થોડા સુખનો ત્યાગ કરી વિશેષ સુખ પર ચિત્ત લગાડવું જોઇએ. (૧)

જે બીજાને દુઃખ આપીને પોતાને વાસ્તે સુખ મેળવવા ઇચ્છે છે, તે દ્વેષની સાંકળમાં બંધાયેલો હોવાથી કદાપિ દ્વેષમુક્ત થશે નહિ. (૨)

જે મનુષ્ય કરવા યોગ્ય કામનો ત્યાગ કરે છે અને ન કરવા યોગ્ય કામ કરે છે, તેવા આળસુ અને પ્રમાદી મનુષ્યની વાસ-નાઓ વૃદ્ધિ પામે છે. (૩)

પરંતુ જે લોકો પોતાના સંબંધમાં નિરંતર સર્વ રીતે જાગૃત રહે છે, જે નહિ કરવા યોગ્ય કામ કરતા નથી અને કરવા યોગ્ય કામ દૃઢતાથી કરે છે. આવા અપ્રમત્ત અને ડાહ્યા પુરુષોની વાસ-નાઓનો અંત આવે છે. (૪)

જો ખરો બ્રાહ્મણ પોતાના પિતા તથા માતાને મારી નાખે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ક્ષત્રિય રાજાને મારી નાખે અને પ્રજા સાથે આખા રાજ્યનો નાશ કરે, છતાં તે શિક્ષાને પાત્ર નથી. (૫)

જો ખરો બ્રાહ્મણ પોતાના પિતા તથા માતાને મારી નાખે તથા બે પવિત્ર રાજાઓને મારી નાખે અને વળી એક પ્રસિદ્ધ પુરુષને મારે, તોપણ તે શિક્ષાને પાત્ર નથી.[1] (૬)

ગૌતમ (બુદ્ધ)ના શિષ્યો[2] નિરંતર જાગૃત રહે છે અને તેઓના વિચાર રાતદિન બુદ્ધ પર લાગેલા હોય છે. (૭)

ગૌતમ (બુદ્ધ)ના શિષ્યો નિરંતર જાગૃત રહે છે અને તેઓના વિચાર રાતદિન ધર્મ પર લાગેલા હોય છે. (૮)

ગૌતમ (બુદ્ધ)ના શિષ્યો નિરંતર જાગૃત રહે છે અને તેઓ-

---

૧. પ્રોફેસર મેક્ષમુલર અને પ્રોફેસર ચિલ્ડર્સ જેમણે આ ગ્રંથનું ભાષાંતર કર્યું છે, તેઓ એમ માને છે કે કોઈ પવિત્ર પુરુષ આવાં નિંદ્ય કામ કરે છતાં પણ તે શિક્ષાને પાત્ર નથી, આવો આ બે શ્લોકનો અર્થ છે; પણ આ અર્થ તદ્દન વિચિત્ર લાગે છે. બર્માના બૌદ્ધ લોકો આ શ્લોકનો નીચે પ્રમાણે અર્થ કરે છેઃ–

તૃષ્ણા એ માતા છે, અહંકાર એ પિતા છે; આત્તવાદ અને પુનર્જન્મ ન માનવો એ ઉચ્છેદવાદ–આ બે ક્ષત્રિય રાજાઓ છે, દૃઢ વિષય રાગરૂપી નોકર છે અને દશ ઇન્દ્રિયો, ધર્મ અને મનરૂપી બાર આયતનવાળું રાજ્ય છે. આ સર્વનો જે નાશ કરે છે તેને કાંઇ પણ પાપ લાગતું નથી.

ચીનના બૌદ્ધ ગ્રંથ લંકાવતાર પ્રમાણે તેનો અર્થ આ પ્રમાણે છે. તૃષ્ણા એ માતા છે, અવિદ્યા–અજ્ઞાન એ પિતા છે, દશ ક્લેશ એ એક રાજા છે અને પાંચ સ્કન્ધરૂપી સંઘ એ બીજો રાજા છે અને પ્રસિદ્ધ પુરુષને ઘાયલ કરવો એટલે સાત તત્ત્વોના બનેલા શરીરનો નાશ કરવો–આ પાંચ પ્રકારના મનુષ્યોને મારનાર બ્રાહ્મણ પાપી બનતો નથી.

૨. પાલી ભાષામાં **गोतम सावका** એ શબ્દ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના વિચાર રાતદિન સંઘ પર લાગેલા હોય છે. (૯)

ગૌતમ (બુદ્ધ)ના શિષ્યો નિરંતર જાગૃત રહે છે અને તેઓના વિચાર રાતદિન શરીર પર લાગેલા હોય છે. (૧૦)

ગૌતમ (બુદ્ધ)ના શિષ્યો નિરંતર જાગૃત રહે છે અને તેઓનું મન રાતદિન દયામાં આનંદ માને છે. (૧૧)

ગૌતમ (બુદ્ધ)ના શિષ્યો નિરંતર જાગૃત રહે છે અને તેઓનું મન રાતદિન ભાવનામાં રમે છે. (૧૨)

સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવી તે કઠિન છે, સંસારમાં રહેવું તે પણ કઠિન છે. મઠમાં રહેવું કઠિન છે, ઘરમાં રહેવું કઠિન છે, સમાન પુરુષોની સાથે રહેવું તે કઠિન છે તેમજ ભિક્ષુક થઈને ફરવું તે પણ કઠિન છે. (૧૩)

શ્રદ્ધાવાન, શીલવાન, કીર્તિસંયુક્ત પુરુષ જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં માન પામે છે. (૧૪)

સારા પુરુષો બરફવાળા પર્વતની માફક દૂરથી પ્રકાશે છે, રાત્રિમાં ફેંકેલા તીરની માફક ખરાબ મનુષ્યો કોઈની નજરે પણ પડતા નથી. (૧૫)

જે એકલો બેસે છે, એકલો સૂઈ રહે છે, આલસ્યરહિત એકલો વિચરે છે અને જે પોતાની જાતને વશ કરે છે, તે પુરુષ જંગલને છેડે પણ સુખમાં વસે છે. (૧૬)

प्रकरण २२ मुं–निरयवर्ग (अधोगतिनो मार्ग)

જે અસત છે, તે નરકમાં જાય છે; પોતે કોઇ કામ કર્યા પછી કહે છે કે મેં કર્યું નથી, તે પણ નરકે જાય છે. મરણ પછી તે બે પાપી મનુષ્યોની પરલોકમાં સરખી સ્થિતિ થાય છે. (૧)

કાષાય વસ્ત્ર ધારણ કરનારામાંના પણ ઘણાખરા પાપિષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અસંયત હોય છે; એવા પાપી મનુષ્યો પોતાનાં પાપકર્મથી નરકમાં પડે છે. (૨)

ઇન્દ્રિયદમન કર્યા વગરના ખરાબ ચારિત્ર્યવાળા પુરુષે, લોકોએ આપેલી ભિક્ષા ઉપર પેટ ભરવા કરતાં અગ્નિની શિખા સરખો અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો ભક્ષણ કરવો એ વધારે સારું છે. (૩)

જે પ્રમત્ત પુરુષ પરસ્ત્રીનું સેવન કરે છે, તે ચાર પ્રકારના અનર્થ ભોગવે છે. (૧) પાપનો લાભ, (૨) અસ્વસ્થ ઊંઘ, (૩) લોકનિંદા અને (૪) નરકપતન. (૪)

(પરદારાનું સેવન કરવાથી) પાપ થાય છે, હલકી ગતિ મળે છે, બીનેલા પુરુષને બીનેલી સ્ત્રી સાથે થોડું સુખ મળે છે અને રાજા ભારે સજા કરે છે. માટે મનુષ્યે પરદારાનું સેવન ન કરવું. (૫)

સંભાળ વગર ઝાલેલા કુશ નામના ઘાસથી હાથ ચિરાય છે. તેમ જો સંન્યાસ બરાબર પાળવામાં ન આવે તો તે નરકમાં લઇ જાય છે. (૬)

બેફિકરાઇથી કરેલું કામ, ભંગ થયેલું વ્રત અને ભાવ વગર પાળેલું બ્રહ્મચર્ય, આ બધાંથી મહાન ફળ મળતું નથી. (૭)

જો કાંઈ પણ કામ કરવાનું હોય તો મનુષ્યે તે કામ ઘણાજ ઉત્સાહથી કરવું; જે યતિ શિથિલ છે, તે વિકારોની ધૂળને વધારે વિસ્તારે છે. (૮)

દુષ્કૃત ન કરવું એજ સારું છે, કારણ કે દુષ્કૃત કરવાથી પશ્ચાત્તાપ થાય છે; સુકૃત કરવું એજ સારું છે, કારણ કે તે કરવાથી પશ્ચાત્તાપ થતો નથી. (૯)

સીમા પર આવેલા કિલ્લાનું અંદરથી તેમજ બહારથી રક્ષણ કરવામાં આવે છે; તેજ રીતે મનુષ્યે પોતાના આત્માની રક્ષા કરવી. એક ક્ષણ પણ નકામી ગુમાવવી નહિ; કારણ કે જેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય સમયને ગુમાવે છે, તેઓ નરકમાં પાછળથી પસ્તાય છે. (૧૦)

જે મનુષ્યો લજ્જા ન કરવા યોગ્ય પદાર્થોથી લજ્જા પામે છે અને લજ્જા કરવા યોગ્ય પદાર્થોથી લજ્જા પામતા નથી, તેવી અસત્ય દૃષ્ટિવાળા પુરુષો દુર્ગતિ પામે છે. (૧૧)

જેઓ ભય ન પામવાને સ્થળે ભય પામે છે અને ભય પામવાને સ્થળે ભય પામતા નથી, તેવી અસત્ય દૃષ્ટિવાળા પુરુષો દુર્ગતિ પામે છે. (૧૨)

જેઓ ત્યાગ ન કરવાલાયક વસ્તુને ત્યાગ કરવાલાયક ગણે છે અને ત્યાગ કરવાલાયક વસ્તુને અત્યાજ્ય ગણે છે, તેવી અસત્ય દૃષ્ટિવાળા પુરુષો દુર્ગતિ પામે છે. (૧૩)

જેઓ ત્યાગ કરવાલાયક વસ્તુને ત્યાજ્ય ગણે છે અને ત્યાગ ન કરવાલાયક વસ્તુને અત્યાજ્ય ગણે છે, તેવી સત્ય દૃષ્ટિવાળા પુરુષો સુગતિને પામે છે. (૧૪)

प्रकरण २३ मुं–नाग(हाथी)वर्ग

જેવી રીતે હાથી ધનુષ્યમાંથી છૂટેલું બાણ યુદ્ધમાં સહન કરે છે, તેવી રીતે હું અપમાન સહન કરીશ; કારણ કે જગતજ દુષ્ટ સ્વભાવવાળું છે. (૧)

પાળેલા હાથીને તેઓ લડાઇમાં લઇ જાય છે; પાળેલા હાથી ઉપર રાજા બેસે છે. જે નિંદા સહન કરે છે અને જેણે ઇન્દ્રિયોનું દમન કર્યું છે, તેજ પુરુષ મનુષ્યોમાં ઉત્તમ છે. (૨)

પાળેલાં ખચ્ચર ઉત્તમ છે, પાળેલા સિંધુ જાતના ઘોડા અને મહાદન્તૂશળવાળા હાથીઓ પણ ઉત્તમ છે; પણ આત્માને વશ કરનાર સૌથી ઉત્તમ છે. (૩)

આ પ્રાણીઓની મદદથી કોઈ અગસ્ય પ્રદેશ (નિર્વાણ) ભણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ શકતું નથી; પણ ત્યાં આત્મસંયમી મનુષ્ય સંયમના બળથી જઇ શકે છે. (૪)

જેના લમણામાંથી મદ ઝરે છે અને જેને વશ કરવો દુષ્કર છે, તેવો 'ધનપાળક' નામનો હાથી, જ્યારે તેને બાંધવામાં આવે છે, ત્યારે એક કોળિયો પણ ખાતો નથી. તે પોતાના નિવાસસ્થાનનુંજ સ્મરણ કરે છે.× (૫)

જે મનુષ્ય કેવળ જાડો બને છે અને બહુજ ખાધા કરે છે; વળી જો તે ઊંઘણશી તથા સુસ્ત બને છે, તો ઘાસ ખવરાવી પોષેલા ડુક્કરની માફક તે મૂર્ખ ફરી ફરીને જન્મ લે છે. (૬)

આ મારું મન, પ્રથમ તેની ઇચ્છા પ્રમાણે, તેને ગમે ત્યાં સુખપૂર્વક ભમતું હતું; પણ જેમ અંકુશ પાસે હોવાથી મહાવત મહોન્મત્ત હાથીને વશ કરે છે, તેમ હું તેને આજે સંપૂર્ણ વશ કરીશ. (૭)

અપ્રમત્તદશામાં આનંદ માનો; તમારા મનનું રક્ષણ કરો; કીચડમાં પડેલા હાથીની માફક કુમાર્ગથી તમારી જાતનો ઉદ્ધાર કરો. (૮)

જો કોઇ જોડે ચાલનારો ડાહ્યો તથા સારાં આચરણવાળો સોબતી મળી જાય તો સઘળાં સંકટ સહન કરીને પણ સુખથી અને વિચારપૂર્વક તેની સાથે ચાલવું. (૯)

જો કોઇ જોડે ચાલનારો ડાહ્યો તથા સારાં આચરણવાળો સોબતી ન મળે, તો જેમ રાજા જીતેલા દેશને તજીને એકલો જાય છે, અથવા હાથી જેમ જંગલમાં એકલો જાય છે, તેમ તેણે એકલા વિચરવું જોઇએ. (૧૦)

× શ્રીબુદ્ધદેવના સમયમાં ધનપાળક નામે એક હાથી હતો, લોકોએ તેને કોઇ પણ રસ્તે પકડી લીધો; પણ તેનું મન તેની માતાની સેવામાં લાગેલું હોવાથી તેણે અન્નજળ લીધાં નહિ; આ ઉપરથી માતાપિતાની સેવા કરવી એવો બોધ સૂચવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્ખોની સોબતમાં રહેવા કરતાં એકલા રહેવું એ વધારે સારું છે. મનુષ્યે હાથીની માફક એકલા ફરવું જોઇએ, તેણે પાપ કરવું ન જોઇએ અને થોડી ઇચ્છાઓ રાખવી જોઇએ. (૧૧)

પ્રસંગ પડયે મદદ કરનારા મિત્ર આનંદદાયક છે; મળેલી વસ્તુથી સંતોષ માનવો સુખકારક છે; મરણસમયે પુણ્ય સુખદાયક છે; સર્વ પ્રકારના દુઃખની હાનિ એજ સુખ છે. (૧૨)

માતૃત્વ સુખકર છે, પિતૃત્વ સુખકર છે, શ્રમણપણું સુખદાયક છે, બ્રાહ્મણત્વ સુખદાયક છે. (૧૩)

વૃદ્ધાવસ્થા સુધી પાળેલા સદ્ગુણો સુખદાયક છે, દૃઢ શ્રદ્ધા સુખદાયક છે, જ્ઞાનપ્રાપ્તિ સુખદાયક છે; પાપકર્મનો ત્યાગ કરવો સુખદાયક છે. (૧૪)

प्रकरण २४ मुं–तृष्णावर्ग

પ્રમત્ત (અવિચારી) મનુષ્યની તૃષ્ણા લતાની માફક વધે છે. ફળની ઇચ્છાથી જેમ કોઈ વાંદરો એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર કૂદે છે, તેમ તે તૃષ્ણાને લીધે અનેક ભવમાં ભ્રમણ કરે છે. (૧)

આ વિકરાળ અને ઝેરી તૃષ્ણા જેને આ લોકમાં વશ કરે છે, તેનો શોક વીરણ નામના ઘાસની માફક વૃદ્ધિ પામે છે. (૨)

આ જગતમાં દુર્જય એવી વિકરાળ તૃષ્ણાને જે વશ કરે છે, તેનો શોક કમળપત્ર પરના જળબિંદુની માફક સરી પડે છે. (૩)

આ ઉપદેશવચન તમારા કલ્યાણ અર્થે કહું છું. "જેને સુગંધવાળું ઉશીરનું મૂળ જોઇએ છે, તે જેવી રીતે વીરણ ખોદી કાઢે છે, તેવી રીતે અત્ર એકત્ર થયેલા તમે બધા તૃષ્ણાનું મૂળ ખોદી નાખો કે જેથી જેવી રીતે નદીનો પ્રવાહ બરુના છોડવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર કચરે છે, તેમ માર (મોહરાજા) તમને વારંવાર કચરી નાખે નહિ." (૪)

જો કે વૃક્ષને કાપી નાખવામાં આવે, પણ જ્યાંસુધી મૂળ ઉખેડવામાં નથી આવ્યું, ત્યાંસુધી તેનું મૂળ દૃઢ રહે છે અને તે ફરીથી વધે છે, તેજ રીતે તૃષ્ણાનું મૂળ જ્યાંસુધી ઉખેડવામાં આવ્યું નથી, ત્યાંસુધી દુઃખ ફરી ફરીને પાછું આવશેજ. (૫)

સુખની પ્રણાલિકામાં જેનાં છત્રીસ પ્રકારનાં આશારૂપી ઝરણાંઓ મજબૂત રીતે વહે છે, તે તુચ્છ મતિવાળાને વિષયાસક્ત વિચારોરૂપી ઝરણાંઓ ખેંચી જાય છે.[૧] (૬)

એ (તૃષ્ણારૂપી નદીની) પ્રણાલિકાઓ બધી દિશામાં વહે છે, વિકારોરૂપી લતા ફેલાતીજ રહે છે; એ લતાને ઊગતી જોતાંજ તેનું મૂળ વિદ્યા વડે કાપી નાખો. (૭)

પ્રાણીમાત્ર સુખોમાં આસક્ત અને સુખોપભોગમાં લીન હોય છે; વિષયમાં આસક્ત થયેલા અને તેમાંજ સુખ શોધનારા જીવો જન્મમરણની પરંપરામાં રખડે છે. (૮)

તૃષ્ણાથી ઘેરાયેલા મનુષ્યો જાળમાં ફસાયેલા સસલાની માફક આમતેમ દોડે છે. દશ પ્રકારના સંયોજન (બંધન)થી બંધાયેલા જીવો વારંવાર અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. (૯)

તૃષ્ણાથી ઘેરાયેલા મનુષ્યો જાળમાં ફસાયેલા સસલાની માફક આમતેમ દોડે છે; જાતે નિર્વિકારી થવાનો પ્રયત્ન કરીને ભિક્ષુકે તૃષ્ણાને દૂર કરવી જોઇએ. (૧૦)

જે નિર્વાણ પ્રાપ્ત કરી તૃષ્ણામાં આરૂઢ થાય છે અને જે તૃષ્ણારૂપી વનનો ત્યાગ કરી તૃષ્ણારૂપી વનમાં ફરીથી દોડે છે, તે મનુ-

---

૧. ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા, ત્વક્, મન, રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પર્શ અને ધર્મ. એ બારને કામતૃષ્ણા, ભવતૃષ્ણા અને વિભવતૃષ્ણા એ ત્રણ પ્રકારની તૃષ્ણાએ ગુણવાથી છત્રીસ પ્રકારની તૃષ્ણા થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ષ્યને તો જુઓ! તે મુક્ત હોઇ ફરીથી બંધનમાં પડવા જાય છે.[1] (૧૧)

લોઢાની, લાકડાની અને દોરડાની બેડીને સુજ્ઞ પુરુષો મજબૂત બેડી કહેતા નથી, પણ મણિકુંડલ, પુત્ર અને સ્ત્રીમાં આસક્તિરૂપ જે બંધન છે, તેનેજ મજબૂત બંધન તેઓ કહે છે. (૧૨)

જે દેખીતું સહેલું, પણ છોડવામાં કઠિન, એવું હલકી દશા તરફ લઇ જનારું બંધન તેનેજ સુજ્ઞ લોકો સખ્ત બંધન કહે છે. તેને છેદીને, કામસુખનો ત્યાગ કરીને, કોઇ પણ બાબતની અપેક્ષા વિનાના મનુષ્યો પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. (૧૩)

જેમ પોતે બનાવેલી જાળમાં કરોળિયો દોડે છે, તેમ વિષયાસક્ત પુરુષ તૃષ્ણાના પ્રવાહમાં તણાય છે. પણ આ તૃષ્ણાપ્રવાહને રોકીને, વિષયસુખનો ત્યાગ કરીને, કોઇ પણ બાબતની અપેક્ષા વિનાના મનુષ્યો પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. (૧૪)

સંસારસમુદ્રને તરવાની ઇચ્છાવાળા હે પુરુષ! આગળની તૃષ્ણાનો નાશ કર, પછવાડેની તૃષ્ણાનો નાશ કર, વચલી તૃષ્ણાનો ત્યાગ કર; જો તારું મન સર્વત્ર વિષયથી મુક્ત હશે, તો ફરીથી તને જન્મમરણ પ્રાપ્ત થશે નહિ.[2] (૧૫)

જે પ્રાણી તર્કમાં ગૂંથાયેલો છે, તીવ્ર રાગવાળો છે, સુખનેજ શોધવાવાળો છે, તેની તૃષ્ણા વધારે ને વધારે વધે છે અને તેનું બંધન મજબૂત થતું જાય છે. (૧૬)

જે (જ્ઞાનથી) શંકાનું સમાધાન કરે છે, અપ્રમત્ત છે અને અશુભ ભાવનાવાળો[3] છે, તે મારનું બંધન દૂર કરે છે-કાપી નાખે છે. (૧૭)

---

૧ જે સંન્યાસી થઇ ફરીથી ગૃહસ્થાશ્રમમાં જોડાવા ઇચ્છા રાખે છે, તેને ઉદ્દેશી આ શ્લોક લખેલો છે.

૨. આગળની, પાછળની અને વચલી એટલે ભવિષ્યકાળની, ભૂતકાળની અને વર્તમાનકાળની તૃષ્ણાનો નાશ કરવાનો છે.

૩. રક્ત, માંસ, મળમૂત્રાદિથી ભરેલું આ શરીર તુચ્છ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે અર્હંતદશાએ પહોંચ્યો છે, જે નિર્ભય બન્યો છે, જેની તૃષ્ણા નાશ પામી છે અને જે પાપરહિત છે, તેણે જીવનના કાંટા તોડી નાખ્યા છે; તેને વાસ્તે આ છેવટનું શરીર છે. (ફરીથી તેને જન્મ લેવો પડતો નથી.) (૧૮)

જે તૃષ્ણારહિત છે, જે રાગરહિત છે, જે શબ્દો અને તેનું રહસ્ય (નિરુક્તિ) સમજે છે, જે શબ્દોનો પૂર્વાપર સંબંધ સમજે છે, તે અંતિમ શરીરી મહાબુદ્ધિમાન અને મહાપુરુષ કહેવાય છે.

"મેં સર્વ પર જય મેળવ્યો છે, હું સર્વ જાણું છું, સર્વ પ્રકારની સ્થિતિમાં હું અલિપ્ત છું, મેં સર્વનો ત્યાગ કર્યો છે, તૃષ્ણાના ક્ષયથી હું મુક્ત છું, સર્વ મારી મેળે શીખીને, હું કોને મારા ગુરુ તરીકે ઓળખાવું ?"× (૨૦)

ધર્મનું દાન સર્વ દાન કરતાં શ્રેષ્ઠ છે, ધર્મનો રસ સર્વ રસ કરતાં વધારે સ્વાદિષ્ટ છે, ધર્મનું સુખ સર્વ સુખ કરતાં શ્રેષ્ઠ છે, તૃષ્ણાનો ક્ષય સર્વ દુઃખનો જય કરે છે. (૨૧)

સંસારસમુદ્રથી પાર જવાની ઇચ્છા નહિ કરનાર તુચ્છ બુદ્ધિવાળાનો નાશ ભોગવૈભવ કરે છે; ભોગવૈભવની તૃષ્ણાથી તુચ્છ બુદ્ધિવાળો પુરુષ, બીજાનો નાશ કરતો હોય તેમ પોતાનોજ નાશ કરે છે. (૨૨)

ક્ષેત્ર નકામા છોડવાથી પાયમાલ થાય છે; મનુષ્યો મનોવિકા-

એવો વારંવાર વિચાર કરી શરીર ઉપરથી આસક્તિ ઘટાડવી તેને અશુભ ભાવના કહે છે.

× જ્યારે શ્રીબુદ્ધદેવ બોધિજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કાશી તરફ ઉપદેશ આપવાને જતા હતા, ત્યારે રસ્તામાં ઉપક નામના દિગંબર જૈનસાધુ તેમને મળ્યા; ત્યારે તે સાધુએ શ્રીબુદ્ધદેવને પ્રશ્ન પૂછ્યો: "આપ જીન છો? આપના ગુરુ કોણ છે?" તેના પ્રત્યુત્તરરૂપે આ શ્લોક છે. (જુઓ પૃષ્ઠ ૮૮.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથી પાયમાલ થાય છે. તેટલા માટે જેના વિકારો નાશ પામ્યા છે, તેવા પુરુષને આપેલું દાન મોટા ફળવાળું છે. (૨૩)

ક્ષેત્ર નકામા છોડવાથી પાયમાલ થાય છે, મનુષ્યો દ્વેષથી પાયમાલ થાય છે, તેટલા માટે દ્વેષરહિત પુરુષને આપેલું દાન મોટા ફળવાળું છે. (૨૪)

ક્ષેત્ર નકામા છોડવાથી પાયમાલ થાય છે, મનુષ્યો મોહથી પાયમાલ થાય છે; તેટલા માટે મોહરહિત પુરુષને આપેલું દાન મોટા ફળવાળું છે. (૨૫)

प्रकरण २५ मुं-भिक्षुवर्ग

આંખનો સંયમ હિતકારી છે, કાનનો સંયમ હિતકારી છે, ઘ્રાણનો સંયમ હિતકારી છે, જીભનો સંયમ હિતકારી છે. (૧)

શરીરનો સંયમ હિતકારી છે, વાણીનો સંયમ હિતકારી છે, વિચારનો સંયમ હિતકારી છે, સર્વ પ્રકારનો સંયમ હિતકારી છે; સર્વ બાબતોનો સંયમ કરનાર ભિક્ષુ સર્વ દુઃખથી મુક્ત થાય છે.(૨)

જેણે હાથનો સંયમ કર્યો છે, જેણે પગનો સંયમ કર્યો છે, જેણે વાણીનો સંયમ કર્યો છે, જે સારી રીતે સંયત છે, જે આત્મિક બાબતોમાં આનંદ માને છે, જે સમાધિસ્થિત છે, જે એકાકી છે અને જે સંતોષી છે, તેને ભિક્ષુ કહે છે. (૩)

જે ભિક્ષુએ મુખનો સંયમ કર્યો છે, જે મિતભાષી છે, જે ઉદ્ધત નથી, જે ધર્મ અને તેનો અર્થ પ્રકાશે છે તેનું વચન મધુર હોય છે. (૪)

જે ભિક્ષુ ધર્મમાં આરામ માને છે, જે ધર્મમાં રમે છે, જે ધર્મનું સદા ચિંતન કરે છે, જે ધર્મનું સ્મરણ કરે છે, તે ભિક્ષુક સદ્ધર્મથી કદાપિ પતિત થતો નથી. (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને મળેલી વસ્તુને ભિક્ષુએ ઓછી ગણવી નહિ અને બીજાને મળેલી વસ્તુની ઇર્ષ્યા કરવી નહિ; જે ભિક્ષુ બીજાના લાભની ઇર્ષ્યા કરે છે તેને કદાપિ શાંતિ મળતી નથી. (૬)

પોતાને થયેલા થોડા પણ લાભને જે ભિક્ષુ થોડો માનતો નથી, એવા શુદ્ધ જીવનવાળા અને અપ્રમત્ત ભિક્ષુની દેવો પણ પ્રશંસા કરે છે. (૭)

નામરૂપાત્મક બાહ્ય વસ્તુઓમાં જેને મમત્વભાવ બિલકુલ નથી અને જે નાશ પામેલી વસ્તુનો શોક કરતો નથી, તેને ભિક્ષુ કહે છે. (૮)

જે ભિક્ષુ દયાથી વર્તે છે, જે બુદ્ધના શાસનમાં આનંદ માને છે, તે ભિક્ષુ સર્વ સંસ્કારનો નાશ થવાથી સુખ અને પરમ શાંતિ-રૂપ નિર્વાણ મેળવશે. (૯)

હે ભિક્ષુ ! આ હોડી ખાલી કર; ખાલી કરવાથી તે જલદીથી ચાલશે અને તું રાગદ્વેષનો નાશ કરી નિર્વાણ પ્રાપ્ત કરીશ. (૧૦)

પાંચને કાપી નાખો; પાંચને તજી દો; પાંચને વધારો; પાંચનો સંગ જેને છૂટ્યો છે, એવા ભિક્ષુને ઓઘતીર્ણ (પૂરને ઓળંગીને પેલી પાર ગયેલો) કહે છે[1] (૧૧)

હે ભિક્ષુ ! ધ્યાન કર; પ્રમાદી થતો ના; ઇન્દ્રિય સુખમાં તારા મનને ચોંટાડતો નહિ કે જેથી તારા પ્રમાદને લીધે નરકમાં તપાવેલો લોઢાનો ગોળો તારે ગળવો ન પડે અને બળતી વખતે આ

---

૧ મિથ્યા કલ્પના, સંશય, મિથ્યાવ્રત, વિષયભોગેચ્છા અને હિંસા—આ પાંચ હલકી ગતિમાં લઇ જનારાં કારણોને કાપી નાખો; રૂપરાગ, અરૂપરાગ, અહંકાર, અસ્થિરતા અને અવિદ્યા—આ પાંચને તજી દો. શ્રદ્ધા, ઉત્સાહ, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા—આ પાંચને વધારો. લોભ, દ્વેષ, મોહ, માન અને મિથ્યા કલ્પના—આ પાંચનો જેને સંગ છૂટ્યો છે, તે સંસારરૂપી નદીના પૂરને ઓળંગી ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખ છે એમ કહી રડવું ન પડે. (૧૨)

જ્ઞાન સિવાય ધ્યાન નથી, ધ્યાન સિવાય જ્ઞાન નથી; જેને જ્ઞાન તથા ધ્યાન છે, તે નિર્વાણની સમીપમાં છે. (૧૩)

જે ભિક્ષુ શૂન્ય ઘરમાં રહે છે, જેનું ચિત્ત શાંત છે, તથા જે ધર્મ બરાબર સમજે છે, તેને અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે. (૧૪)

જ્યારે પાંચ [૨]સ્કંધની ઉત્પત્તિ અને વિનાશનું કારણ તે જાણે છે, ત્યારે નિર્વાણ જાણનારને મળતું સુખ અને આનંદ તેને મળે છે (૧૫)

સુજ્ઞ ભિક્ષુએ સૌથી પ્રથમ આ પ્રમાણે વર્તવું:—ઇન્દ્રિયનો નિગ્રહ કરવો, સંતોષ રાખવો, ધર્મ પ્રમાણે સંયમ કરવો; કલ્યાણ કરવાવાળા, શુદ્ધ જીવનવાળા અને અપ્રમત્ત એવા મિત્રો કરવા, સર્વની સાથે હળીમળીને ચાલવું, પોતાના આચાર બરાબર પાળવા; આથી બહુજ આનંદ થશે અને સર્વ દુઃખનો અંત આવશે.

જેવી રીતે વસિકા નામનો છોડવો કરમાયેલાં ફૂલોનો ત્યાગ કરે છે, તેવી રીતે હે ભિક્ષુઓ! રાગદ્વેષનો ત્યાગ કરો. (૧૮)

જે ભિક્ષુએ પોતાના શરીર, વાણી અને મનનો સંયમ કર્યો છે, જે સમાધિસ્થ છે અને જેણે જગતની લાલચોનો ત્યાગ કર્યો છે તેને શાંત કહે છે. (૧૯)

હે ભિક્ષુ! તારા આત્માને તારી જાતે જાગૃત કર; તારી મેળે તારી પરીક્ષા કર; આવી રીતે તું તારું પોતાનુંજ રક્ષણ કરીને અને અપ્રમત્ત થઇને સુખમાં રહીશ. (૨૦)

આત્માજ આત્માનો નાથ છે; આત્માજ આત્માનું આશ્રયસ્થાન છે. જેવી રીતે વ્યાપારી સારા ઘોડાને કાબૂમાં રાખે છે, તેવી રીતે તમે આત્માને કાબૂમાં રાખો. (૨૧)

---

૨ પાંચ સ્કંધનાં નામ-(૧) રૂપ, (૨) વેદના, (૩) સંજ્ઞા, (૪) સંસ્કાર અને (૫) વિજ્ઞાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ભિક્ષુ આનંદપૂર્ણ થઇને બુદ્ધના શાસનમાં પ્રસન્ન રહે છે, તે સર્વ પ્રકારના સંસ્કારોના નાશરૂપ સુખ અને પરમશાંતિ રૂપ નિર્વાણ પ્રાપ્ત કરે છે. (૨૨)

જે ભિક્ષુ તરીકે નાની વયનો હોવા છતાં બુદ્ધના સિદ્ધાંતોમાં પૂર્ણ મન લગાડે છે, તે વાદળાંથી મુક્ત થયેલા ચંદ્રમાની માફક આ વિશ્વને પ્રકાશિત કરે છે. (૨૩)

प्रकरण २६ मुं–ब्राह्मणवर्ग

હે બ્રાહ્મણ! તૃષ્ણારૂપી ઝરાને વહેતો અટકાવવા કામનાઓને દૂર કર; ઉત્પન્ન થયેલી વસ્તુઓના ક્ષયનું કારણ જ્યારે તું સમજીશ, ત્યારે અનુત્પન્ન વસ્તુ (નિર્વાણ) ને તું જાણીશ. (૧)

ધ્યાન અને સંયમ–આ બે માર્ગમાં જ્યારે બ્રાહ્મણ પારગામી થાય છે, ત્યારે તે જ્ઞાનીના સર્વ પ્રકારનાં બંધનો તૂટી જાય છે. (૨)

જેને વાસ્તે આ કિનારો* નથી, તેમજ સામો કિનારો નથી, તેમજ બન્ને કિનારા નથી, તે નિર્ભય અને બંધનરહિત પુરુષને હું બ્રાહ્મણ કહું છું. (૩)

જે વિચારવાન છે, જેમાંથી રજોગુણ જતો રહ્યો છે, જે સ્થિર છે, જે કૃતકાર્ય છે, જે વિકારરહિત છે અને જેણે ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુ મેળવી છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૪)

સૂર્ય દિવસે પ્રકાશે છે, ચંદ્ર રાત્રિએ પ્રકાશે છે; હથિયારવાળો ક્ષત્રિય શોભે છે, ધ્યાન કરતો બ્રાહ્મણ દીપે છે; પણ શ્રીબુદ્ધ દિવસે તેમજ રાત્રિએ–સર્વ કાળમાં પ્રકાશે છે. (૫)

---

* આ બે કિનારાનો અર્થ ટીકા લખનાર જણાવે છે કે, બાહ્ય તથા આંતર ઇન્દ્રિયો; અર્થાત્ જેને કર્મ તથા જ્ઞાન–ઇન્દ્રિયથી ઉત્પન્ન થયેલ સુખદુઃખ તરફ રાગ કે દ્વેષ નથી તે બ્રાહ્મણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેણે પાપનો ત્યાગ કર્યો છે, તે ઉપરથી તે બ્રાહ્મણ છે; જે સમભાવથી ચાલે છે તે શ્રમણ છે; જે પોતાના મળને પ્રવ્રાજિત કરે છે, (અર્થાત્ નસાડી મૂકે છે) તેને પ્રવ્રજિત (સંન્યાસી) કહે છે. (૬)

કોઇએ બ્રાહ્મણ ઉપર પ્રહાર કરવો નહિ; તેમજ બ્રાહ્મણે પ્રહાર કરનાર પર તૂટી પડવું નહિ. બ્રાહ્મણને મારનારને ધિક્કાર હો, પણ પ્રહાર કરનાર પર તૂટી પડનાર બ્રાહ્મણને વિશેષ ધિક્કાર હો. (૭)

પોતાને પ્રિય લાગતી વસ્તુમાંથી મનને પાછું હઠાવવું એમાં કાંઇ બ્રાહ્મણનું ઓછું કલ્યાણ નથી. બીજાનું નુકસાન કરનારી બુદ્ધિ જેમ જેમ જતી રહે છે, તેમ તેમ દુઃખ પણ જતું રહે છે. (૮)

જેણે કાયાથી, વાણીથી કે મનથી દુષ્કૃત કર્યું નથી અને આ ત્રણ બાબતમાં જે સંયમી છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૯)

જેવી રીતે અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિને નમસ્કાર કરે છે, તેવી રીતે શ્રીબુદ્ધે ઉપદેશેલો ધર્મ જે શીખવે તે ગુરુ તરફ આદર સહિત પૂજ્યભાવ બતાવવો જોઇએ. (૧૦)

જટા ધારણ કરવાથી, અથવા ગોત્રથી, અથવા જન્મથી કોઇ બ્રાહ્મણ થતો નથી; જેનામાં સત્ય અને ધર્મ છે, તેજ પવિત્ર છે અને તેજ બ્રાહ્મણ છે. (૧૧)

હે મૂઢમતિ ! જટા ધારણ કરવાથી અથવા મૃગચર્મ પહેરવાથી લાભ શો ? અંદર તો તૃષ્ણાનું ગહન વન છે અને બાહ્યને તું શુદ્ધ કરે છે. (૧૨)

મલિન વસ્ત્ર ધારણ કર્યાં હોય, નસો દેખાય એવો અતિ દુર્બળ થઇ ગયો હોય, છતાં વનમાં એકલો જે ધ્યાન કરે છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૧૩)

જન્મ ઉપરથી અથવા અમુક માતાથી ઉત્પન્ન થયો છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી હું કોઇને બ્રાહ્મણ કહેતો નથી. તે ઉદ્ધત પણ હોય અથવા શ્રીમંત પણ હોય; પણ જે ગરીબ છે, તેમજ સંગરહિત છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૧૪)

જેણે સર્વ પ્રકારની બેડીઓ કાપી નાખી છે, જે ભયરહિત છે, જે સંગરહિત છે અને જે બંધનરહિત છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૧૫)

દ્વેષરૂપી દોરી, રાગરૂપી દોરડું, અશ્રદ્ધારૂપી સાંકળ અને તેને લગતી બીજી વસ્તુઓને અનુક્રમે કાપીને, અજ્ઞાનરૂપી અડચણને દૂર કરી જ્ઞાન મેળવનારને હું બ્રાહ્મણ કહું છું. (૧૬)

જેણે કોઇ પણ પ્રકારનો ગુનો કર્યો નથી, છતાં જે ઠપકો, ચાપકા અને બંધન સહન કરે છે અને ક્ષમારૂપી બળ એજ જેનું લશ્કર છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૧૭)

જે ક્રોધરહિત છે, સુશીલ છે, સદ્‌ગુણી છે, તૃષ્ણારહિત છે, જિતેંદ્રિય છે અને ચરમશરીરી છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૧૮)

જેવી રીતે કમળના પાંદડા પર જળનું ટીપું અથવા સોયની અણી પર સરસવનો દાણો ચોટતો નથી, તેમ જે વિષયસુખમાં લીન થતો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. (૧૯)

જે અહીંયાંજ પોતાના દુઃખનો અંત જાણે છે, તેવા ભારરહિત થયેલા વિરક્ત મનુષ્યને હું બ્રાહ્મણ કહું છું. (૨૦)

જેનું જ્ઞાન ગંભીર છે, જે બુદ્ધિમાન છે, જે સારાસાર સમજે છે અને જેણે ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરી છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૧)

જે સંસારી તેમજ ત્યાગી બન્નેથી તદ્દન અલગ રહે છે, જે ઘેરઘેર ભટકતો નથી અને જે ઇચ્છારહિત છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૨)

જે ત્રસ (જંગમ) તથા સ્થાવર પ્રાણીઓ તરફ દયા રાખીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ પણ જીવની ઘાત કરતો નથી અથવા કરાવતો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૩)

જે વિરુદ્ધ લોકોની સાથે પણ અવિરુદ્ધતાથી વર્તે છે, જે જુલમી લોકોની સાથે પણ નમ્ર છે, જે લોભી મનુષ્યોની વચમાં પણ નિર્લોભી છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૪)

સોયની અણી પરથી સરસવનો દાણો જેમ ખરી પડે તેમ જેનામાંથી રાગ, દ્વેષ, અભિમાન અને કપટ ચાલ્યાં ગયાં છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૫)

કોઇને પણ દુઃખ ઉત્પન્ન ન કરે તેવી નમ્ર, સત્ય અને હિતકારક વાણી જે બોલે છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૬)

લાંબું અથવા ટૂંકું, નાનું અથવા મોટું, સારું અથવા નઠારું, કાંઇ પણ બીજાએ નહિ આપેલું જે આ જગતમાં ગ્રહણ કરતો નથી, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૭)

જેને આ લોક કે પરલોક સંબંધી આશા નથી, એવા વાસનારહિત વિરક્ત મનુષ્યને હું બ્રાહ્મણ કહું છું. (૨૮)

જે તૃષ્ણારહિત છે, જે સત્ય સમજીને શંકારહિત થયો છે, અમરત્વરૂપ નિર્વાણનું જેને પ્રત્યક્ષ જ્ઞાન છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૨૯)

જેણે પુણ્ય તથા પાપ બન્નેનો સંગ છોડ્યો છે, એવા શોકરહિત, પાપરહિત અને અશુદ્ધિરહિત પુરુષને હું બ્રાહ્મણ કહું છું. (૩૦)

જે ચંદ્ર સમાન નિર્મળ છે, શુદ્ધ છે, સુપ્રસન્ન છે, કલંકરહિત છે તથા સંસારમાં બંધન કરનાર આશારહિત છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૩૧)

જે આ કાદવમય દુર્ગમ સંસાર અને અવિદ્યાની પેલી પાર ગયો છે, જે આ સંસારસમુદ્ર ઓળંગીને પેલી પાર ગયો છે, તેવા વિચારશીલ, દૃઢ, સંદેહરહિત, આસક્તિરહિત અને સંતોષી પુરુષને હું બ્રાહ્મણ કહું છું. (૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી કામનાઓનો ત્યાગ કરીને, ઘરબાર તજીને જે સંન્યાસ લે છે, તેવા કામદેવનો ક્ષય કરનાર પુરુષને હું બ્રાહ્મણ કહું છું. (૩૩)

તૃષ્ણાઓનો ત્યાગ કરીને ઘરબાર તજીને જે સંન્યાસ લે છે, તેવા તૃષ્ણાનો નાશ કરનાર પુરુષને હું બ્રાહ્મણ કહું છું. (૩૪)

જેણે મનુષ્યસંબંધી બંધન તોડી નાખ્યાં છે, જેણે દેવોસંબંધી બંધન તોડ્યાં છે અને જેણે સર્વ પ્રકારનાં બંધન તોડ્યાં છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૩૫)

જેણે રતિ (સુખ આપનાર વસ્તુ) અથવા અરતિ (દુઃખ આપનાર વસ્તુ) નો ત્યાગ કર્યો છે, જે શાંત છે, જે (પુનર્જન્મના કારણરૂપ) ઉપાધિરહિત છે, જે સર્વ લોકને જીતનાર વીર છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૩૬)

જે સર્વ બાજુએ પ્રાણીમાત્રની ઉત્પત્તિ તથા નાશ જુએ છે, જે આસક્તિરહિત છે, જે સુગત (સારે માર્ગે ચાલનાર) છે અને જે બુદ્ધ (ખીલેલી બુદ્ધિવાળો) છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૩૭)

દેવો, મનુષ્યો કે ગંધર્વો જેની ગતિ જાણી શકતા નથી, જેની વાસનાઓનો ક્ષય થયો છે, એવા અર્હતને હું બ્રાહ્મણ કહું છું. (૩૮)

જે આગળ, પાછળ કે વચમાં કોઇ પણ વસ્તુને 'મારી પોતાની' એમ કહેતો નથી, જે ગરીબ છે અને આસક્તિરહિત છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૩૯)

જે પુરુષાર્થી, ઉમદા, વીર, મહર્ષિ, જીન, નિષ્કામી, સિદ્ધ અને બુદ્ધ છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૪૦)

જે પોતાનો પૂર્વજન્મ જાણે છે, જે સ્વર્ગ તથા નરક જોઇ શકે છે, જેનાં જન્મમરણ પૂરાં થઇ ગયાં છે, જે સંપૂર્ણ જ્ઞાનવાન છે, જે મહર્ષિ છે અને જે સર્વ રીતે સંપૂર્ણ છે, તેને હું બ્રાહ્મણ કહું છું. (૪૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીબુદ્ધનાં વિવિધ શિક્ષણો

ભૂતદયા ધર્મ

તેં કહ્યું કે તારી જાતિને છાજે તેવી અને કીર્તિવંત ફળ લાવી આપે તેવી આહુતિ ધર્મને સારુ આપવાને તૈયાર થા; પણ હું કહું છું કે, બીજાને દુઃખ આપીને મળતા ફળની મને ઇચ્છા નથી. ભવિષ્યમાં મળનારા ફળની ઇચ્છાથી એક નિરપરાધી પ્રાણીનો ભોગ આપવો, તે જો ફળ શાશ્વત હોય તોપણ દયાર્દ્ર હૃદયના સજ્જનને વાસ્તે અયોગ્ય કાર્યજ કહેવાય અને જો તે ફળ અનિત્ય હોય તો તેવા કાર્ય વિષે તો કહેવુંજ શું?

અને જો કે ખરો ધર્મ આત્મસંયમ, નૈતિક વ્યવહાર અને વિકારોના અભાવરૂપ વર્તનના તદ્દન જુદા નિયમમાં સમાયેલો ન હોત, તોપણ જ્યાં શ્રેષ્ઠ બદલો પ્રાણીવધ કરવાથી મળે તેમ દર્શાવવામાં આવે છે, તેવા યજ્ઞનિયમને અનુસરવું તે યોગ્ય ગણાય નહિ.

બીજાને દુઃખ દેવાથી દુનિયામાં ને દુનિયામાંજ મળતા સુખને, સુજ્ઞ પુરુષ અને સહૃદય પુરુષ ધિક્કારે છે; તો પછી આપણાથી અદૃશ્ય અને બીજી દુનિયામાં જો તે મળવાનું હોય તો કેટલું વધારે ધિક્કારને પાત્ર થાય? જે મનુષ્ય એકસો વર્ષ સુધી મહિને મહિને હજાર યજ્ઞ કરે છે તે, જે મનુષ્ય પ્રાણીમાત્ર તરફ માયાળુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને દયા બતાવવાનો પ્રયત્ન કરે છે, તેને સોળમે ભાગે પણ નથી.
(અશ્વઘોષનું બુદ્ધચરિત્ર)

જેવી રીતે માતા પોતાની જિંદગીના જોખમે પણ પોતાના બાળકનું—એકના એક બાળકનું રક્ષણ કરે છે, તેવીજ રીતે દરેક મનુષ્યે સર્વ પ્રાણી તરફ 'મૈત્રીભાવના' ખીલવવી જોઇએ.

દરેક મનુષ્યે આખા જગત પ્રતિ—ઊંચે, નીચે, સર્વ બાજુએ નિરંતર, ધિક્કાર વિના તેમ વૈર વિના શુભેચ્છા રાખવી જોઇએ.
(મેત્તા સૂત્ત)

ધર્મશાસ્ત્રો કહે છેઃ "દરેક પ્રાણી તરફ દયાળુ અને પરોપકારી થા; જગતમાં શાંતિ ફેલાવ; જો કોઈ પણ વધ્ય વસ્તુ તારા જોવામાં આવે તો તારું હૃદય કૃપા અને દયાથી પીગળવું જોઇએ."
(શા–મી–લ્યુઇ–યસ–લીસ)

સર્વ જીવતાં પ્રાણી પ્રતિ મારા હૃદયને પ્રેમાળ બનાવવા ઇચ્છું છું.
(ફો–પેન–હીંગ–ટીશ–કીંગ)

દરેક જીવતાં પ્રાણીનું મારે દુઃખથી રક્ષણ કરવું જોઇએ.

ધમ્મિક સૂત્તમાં ગૃહસ્થધર્મ

આ દુનિયામાં મજબૂત અને નબળાં સઘળાં પ્રાણીને ઈજા કરવાનું બંધ કરીને જીવતાં પ્રાણીનો તેણે વધ કરવો નહિ અને બીજા વધ કરનારને અનુમોદન આપવું નહિ. (ટા–ચાંગ–ઓ–કિંગ)

બીજાં ત્યાગ કરવાલાયક પાપ આ છેઃ—ચોરી, અબ્રહ્મચર્ય, અસત્ય, નશો ચડે તેવા પ્રવાહી પદાર્થનું સેવન અને મોજમજાની જિંદગી.

મનુષ્યે માતાપિતાનું આજ્ઞાંકિત રીતે પોષણ કરવું જોઇએ અને ઉચ્ચ પ્રકારનો વેપાર કરવો જોઇએ.

મનુષ્ય પોતાને હાથે વધ કરે અથવા બીજા પાસે વધ કરાવે અથવા વધનું કાર્ય ખુશીથી જુએ તો તે સઘળાં 'પાપ' છે; કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે સઘળાંનો 'મહાન નિયમ' માં પ્રતિષેધ છે અને બીજી ઘણી ચીજો જેનું એક પછી એક લઇ વર્ણન કરવું મુશ્કેલ છે, તેનો 'મહાન નિયમ' માં પ્રતિષેધ છે. (શા–મી–લ્યુ–ઇ–યેઓ–લાઇઝ)

ભિક્ષુઓના ધર્મ

તેણે વિચારવંત થઇને મનની અંદર ઉત્પન્ન થતી સઘળી વાસનાઓનો નિરોધ કરતાં શીખવું. તેણે અભિમાન કરવું નહિ; કારણ કે સજ્જનો તેમાં આનંદ પામતા નથી. તેણે બીજા કરતાં પોતાની જાતને ઉત્તમ ગણવી નહિ.

જેમ સમુદ્રના મધ્ય ભાગમાં (ગંભીરતા–ઊંડાણને લીધે) કલ્લોલ ઉત્પન્ન થતા નથી, પણ તે ભાગ તો શાંતજ હોય છે, તેમ 'ભિક્ષુ'એ ઇચ્છારહિત અને શાંત થવું. તેણે ચક્ષુથી વિવિધરૂપ આકૃતિઓ જોવાને લોભી ન થવું; તેણે દેશવિદેશની વાતોથી કાન દૂર રાખવા; તેણે મિષ્ટાન્નની લાલસા ન રાખવી; તેણે જગતમાં કોઈ ચીજની ઇચ્છા ન રાખવી; જ્યારે તે રોગગ્રસ્ત થાય ત્યારે તે ભિક્ષુએ દિલગીર ન થવું; ભયથી તેણે કંપવું નહિ; તેણે 'ધ્યાની' થવું પણ પરછિદ્ર જોવાં નહિ; તેણે સ્વપ્નનો અને શુકનનો ભાવ સમજાવવો નહિ; તેમજ જ્યોતિષ જોવું નહિ; વળી તેણે પક્ષીઓના નાદનો અર્થ કરવો નહિ; બહુબોલા શ્રમણ પાસેથી ઘણી વાતો સાંભળીને તેણે ક્રોધી ન થવું તેમજ અપ્રિય શબ્દ બોલવા નહિ. કારણ કે 'સજ્જનો' તિરસ્કાર કરતા નથી. (તુરતક સૂત્ત)

(ગૌતમ બુદ્ધના છેલ્લા વ્યાખ્યાનમાં નીચલો ફકરો માલૂમ પડે છે. તે ફકરો 'તમારો મોક્ષ જાતેજ સાધી લો' આ વાક્યનું વધારે સ્પષ્ટીકરણ છે.)

હે આનંદ! જે મનુષ્ય હમણાં અથવા મારા મરણ પછી પોતાની જાતનાજ દીપ અને આશ્રયરૂપ થશે, બીજાના આશ્રય વાસ્તે આધાર રાખશે નહિ, પણ સત્યને દીપ તથા આશ્રયરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઢ રીતે ગણીને પોતાના પંડ સિવાય બીજા કોઇ ઉપર આધાર રાખશે નહિ, તે 'ભિક્ષુ' જ સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરશે; પણ તેને વાસ્તે તેઓએ શીખવાની અભિલાષા બતાવવી જોઇએ.

કર્મ

મનુષ્યે કરેલાં શુભ અને અશુભ કાર્યમાંનું કોઇ પણ અનુપયોગી નથી; કારણ કે તે સઘળાંને કોઈક પ્રકારનાં ફળ આવે છે. આપણાં શુભ અને અશુભ કાર્યો છાયાની પેઠે આપણને અનુસરે છે.

(ફો–શો–હીંગ–ટાસ–કીંગ)

આપણા કાર્યનો નાશ નથી; તેનો નિઃસંશય બદલો મળે છે.

(કોકાલીય સૂત્ત)

પુરુષ યા સ્ત્રીએ દાનથી, ધાર્મિક વૃત્તિથી અને આત્મસંયમથી પવિત્ર દેવાલયમાં, બૌદ્ધધર્મી સંઘમાં, અમુક વ્યક્તિમાં, મુસાફરમાં, તેના પિતામાં, તેની માતામાં, અથવા જ્યેષ્ઠ બંધુમાં જે ભંડાર એકઠો કર્યો હોય છે તેજ ખરો છે.

આ ગુપ્ત ભંડાર ચોક્કસ છે; તે જતો રહેતો નથી. જો કે મનુષ્ય આ સંસારના ક્ષણવિનશ્વર ધનનો ત્યાગ કરે છે, તોપણ તે મનુષ્ય આ ભંડારને સાથે લેતો જાય છે.

જે ભંડાર બીજાનું ભૂંડું કરતો નથી અને જેની ચોર ચોરી કરી શકતો નથી, તેવો ભંડાર મેળવવો હોય તો સુજ્ઞ પુરુષે શુભ કાર્ય કરવાં, એટલે ભંડાર એની મેળેજ આવી જશે. (નિધિકંદ સૂત્ત)

જેમ જીવતા વૃક્ષને મૂળ સહિત ઉખેડી નહિ નાખતાં ફક્ત ઉપરથી કાપવામાં આવે છે તો ફરીથી તે વૃક્ષ ઊગી નીકળે છે, તેજ રીતે જો વિષયાભિરુચિનો જરા પણ ભાગ ઉન્મૂલ કર્યા સિવાયનો રહ્યો હોય, તો તે મનુષ્યને ફરી ફરીને જન્મ લઇ દુઃખ ભોગવવાં પડશે. (ઉદાનવર્ગ)

જે મનુષ્ય અધર્મ પર પ્રીતિ રાખે છે, તે દુર્ભાગ્યને આમંત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે. દુર્ભાગ્ય તો તેના શબ્દના પ્રતિધ્વનિરૂપ છે.

જે મનુષ્ય શુભાચરણ કરે છે તે સુખ પામે છે. સુખ તેવા મનુષ્યની પાછળ છાયાની માફક અનુસરે છે.

સત્ય વાણી

બુદ્ધના ઉપદેશ પ્રમાણે વાણીના ચાર ગુણો નીચે પ્રમાણે હોવા જોઇએઃ—

(૧) તે વાણી સારી રીતે બોલવી જોઇએ.

(૨) તે અન્યાયયુક્ત નહિ પણ ન્યાયયુક્ત હોવી જોઇએ.

(૩) તે અપ્રિય નહિ પણ પ્રિય હોવી જોઇએ.

(૪) તે અસત્ય નહિ પણ સત્ય હોવી જોઇએ.

હૃદયને અનુપયોગી એકસો શ્લોકનો ઉચ્ચાર કરવા કરતાં મનુષ્યે શાંતિ આપે તેવા જ્ઞાનનો એક શબ્દ બોલવો વધારે ઉત્તમ છે.

મનુષ્ય જન્મે છે ત્યારે મુખમાં કુહાડી સહિત જન્મે છે અને તે કુહાડી વતી ખરાબ શબ્દ બોલીને, મનુષ્ય પોતાનોજ નાશ કરે છે.

(કોકાલીય સૂત્ત)

જે વાણી પોતાને પશ્ચાત્તાપ ઉપજાવતી નથી, તેમજ બીજાને કાંઇ પણ ઇજા કરતી નથી, તેવી વાણી બોલનારજ 'સારું' બોલે છે.

મનુષ્યે એવાં પ્રિય વચન બોલવાં જોઇએ કે, જેનો ઉચ્ચાર થતાં બીજાં મનુષ્યો આનંદ પામે, ખુશીથી તેનો સ્વીકાર કરે અને તે વચનનો અનાદર ન કરે.

સત્ય બોલવું તે અમૃત તુલ્ય છે. સત્ય અનુપમ છે. સત્ય ન્યાયયુક્ત ને શુભ વસ્તુને વળગી રહે છે. એમ સુજ્ઞો જણાવે છે.

મતાંતરો અને ધર્માનુયાયીઓ

જે મનુષ્ય તત્ત્વજ્ઞાનની એક વિચારશ્રેણિને વળગી રહીને જણાવે છે કે, આ ઉત્તમોત્તમ છે અને તેને સૌથી શ્રેષ્ઠ ગણી તે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથી ભિન્ન એવી દરેક વિચારપદ્ધતિને હલકી ગણે છે, તે મનુષ્યે હજુ વાદવિવાદની વૃત્તિ ઉપર જય મેળવ્યો નથી.

તેવો મનુષ્ય જોયેલી અથવા સાંભળેલી કોઇ એકાદ વસ્તુથી પોતાને લાભ થયેલો હોવાથી, તેને વળગી રહીને બીજી સર્વ વસ્તુઓને અયોગ્ય ગણે છે.

જે વસ્તુને કોઇ માણસ વળગી રહી બીજી સર્વ વસ્તુઓને અશુભ ગણે છે, તે વસ્તુને સુજ્ઞ પુરુષો 'બંધન'રૂપ ગણે છે. તેટલા માટે 'ભિક્ષુ'એ જોયેલા, સાંભળેલા, વિચારેલા વિષય અથવા સદ્ગુણ અને સત્કાર્યને પણ આધીન થવું નહિ. પોતે જે જોયું છે, સાંભળ્યું છે, વિચાર્યું છે, તેને વિષે જેના મનમાં જરા પણ પક્ષપાતયુક્ત વિચાર નથી, તેવા 'બ્રાહ્મણ'ના વિચારને કેવી રીતે કોઇ પણ મનુષ્ય બદલી શકનાર છે? (પરમથ્થક સૂત્ત)

× બીજા પંથો ઉપર આક્ષેપ કરવો નહિ, તેમજ નિષ્કારણ તે પંથોની અપ્રતિષ્ઠા કરવી નહિ, પણ તેથી ઊલટું જે જે કારણોને લીધે માન આપવું ઘટતું હોય તે તે કારણો સારુ બીજા પંથને માન આપવું. આ રીતે વર્તવાથી બન્ને ધર્મને લાભ થાય છે, પોતાના ધર્મની ઉન્નતિ થાય છે અને બીજા ધર્મને ફાયદો થાય છે. આથી જુદી રીતે વર્તવાથી–બીજાને હેરાન કરવાથી પોતાનોજ પંથ નાશ પામે છે. (અશોકનો શિલાલેખ ૧૨)

દુરાગ્રહી વિચારો પ્રમાણે ચાલનાર અને તેને મળેલા ઉપદેશમાંજ સત્ય રહેલું છે, પવિત્રતા તેમાંજ છે, એમ કથન કરનાર મનુષ્ય પવિત્રતાનો માર્ગ બતાવી શકે નહિ.

× રહાઇસ ડેવિડ્ઝ અશોકના લેખના ભાષાંતર સાથે નીચેનો ફકરો લખે છે:–"બૌદ્ધધર્મના આટલા લાંબા વખતના ઇતિહાસમાં, જે જે દેશોમાં ઘણા લાંબા કાળ સુધી બૌદ્ધો સર્વોત્કૃષ્ટ સત્તા ભોગવતા હતા, ત્યાં બૌદ્ધોએ પરધર્માનુયાયીઓને હેરાન કર્યા હોય એવો એક પણ લેખ મળી આવતો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સંસારબંધનથી છૂટો થયેલો મુનિ વારંવાર ઊઠતા પ્રશ્નોના વાદવિવાદમાં કોઇનો પક્ષ લેતો નથી; તેના પ્રથમના વિકારોને ગ્રહણ નહિ કરવાથી, સ્વેચ્છાનુસાર નહિ ભટકવાથી, સ્વમતાભિમાની નહિ હોવાથી, તત્ત્વજ્ઞાન સંબંધી જુદા જુદા મતોની જાળમાંથી તે મુક્ત થાય છે અને સુજ્ઞ હોવાથી તે જગતને વળગી રહેતો નથી, તેમજ આત્માને નિંદતો નથી. (મહાવિયહ સૂત્ત)

હે ભાઇઓ ! જેઓ આપણા મતના નથી તેઓ કદાપિ મારી, મારા ધર્મની, અથવા મારા સંઘની નિંદા કરે તોપણ તમારે ક્રોધ કરવાને કાંઇ પણ કારણ નથી. (બ્રહ્મજાળ સૂત્ત)

જો બીજા મનુષ્યો સન્માર્ગે ન ચાલતા હોય તો આપણે તેમને સદ્વર્તનથી સંતુષ્ટ કરવા. આ રીતે સન્માર્ગનો લાભ બતાવીને, ધર્મની દરેક ઠેકાણે ઊંડી છાપ પાડી શકીએ અને તેને ચિરકાલ સ્થાયી બનાવી શકીએ.

સુહૃદ અને મિત્ર

ખરાબ મનુષ્યો સાથેની મિત્રતા ટકતી નથી અને નબળા હૃદયના મનુષ્યની મિત્રતા સંપત્તિ માફક નાશ પામતી જાય છે. કેવળ સજ્જનોજ મિત્રતાનાં નવાં કાર્ય કરીને તેઓના વડીલોની મિત્રતામાં વૃદ્ધિ કરે છે.

જે મિત્રો વિપત્તિકાળમાં પણ પોતાના મિત્રો તરફ વફાદાર રહે છે, તેમનેજ હું ખરા સુહૃદ તરીકે મારા હૃદયમાં ગણું છું. કારણ કે વૈભવવાળા મનુષ્યનો સંપત્તિસમયે કોણ મિત્ર નથી ?

માટે જે મનુષ્યો આ જગતમાં ધન પ્રાપ્ત કરીને પોતાના મિત્રો તથા ધર્મ ખાતર તેનો વ્યય કરે છે, તેઓનુંજ ધન ખરેખર સ્થાયી છે અને જ્યારે તે ધન નાશ પામે છે, ત્યારે અંતે કોઇ પણ પ્રકારનું દુઃખ ઉત્પન્ન કરતું નથી. (અશ્વઘોષનું બુદ્ધચરિત)

ટૂંકમાં હું તમને મિત્રનાં લક્ષણ નીચે પ્રમાણે જણાવીશઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે તમે ખોટું કરતા હો ત્યારે તે તમને ચેતવણી આપે. જ્યારે શુભ કાર્ય કરતા હો ત્યારે ખંતથી મંડ્યા રહેવાને ઉપદેશ આપે.

જ્યારે તમે સંકટમાં અથવા ભયમાં હો ત્યારે તમને મદદ કરે, આશ્વાસન આપે અને દુ:ખથી મુક્ત કરે. આવો મનુષ્ય ખરેખર ખરો અને અનુકરણ કરવાલાયક મિત્ર છે.

જો મનુષ્યને નિશ્ચલ અને પવિત્ર સુજ્ઞ મિત્ર મળી આવે, તો તેણે પોતાના સ્વભાવને શુદ્ધ બનાવીને વિચારપૂર્વક અને હર્ષ-સહિત તેની મિત્રતા કરવી.

પોતાના જીવનમાર્ગ પ્રમાણે વર્તતો જો કોઇ પણ સુજ્ઞ મિત્ર ન મળી આવે, તો તેણે દૃઢ રીતે એકાંત માર્ગ ગ્રહણ કરવો—પણ મૂર્ખની મિત્રતા કરવી નહિ.

જે અપવિત્ર મનુષ્યની સોબત કરે છે તેને દુષ્ટતાનો પાશ બેસે છે. જે દુષ્ટની સોબત કરે છે તેને ભૂમિ પર નીચે જોવું પડે છે, (અર્થાત્ શરમાવું પડે છે); સારા મનુષ્યોની મિત્રતા તેને ધાર્મિક (ન્યાયી) બનાવે છે. તેટલા માટે જેના સાંનિધ્યથી તમે ઉન્નતિ પામો તેનેજ વળગી રહો.

જે અપવિત્ર મનુષ્યની મિત્રતા કરે છે તે, કોહેલી માછલી જેમાં મૂકેલી છે, તેવા મધુર કુશ (ઘાસ) તુલ્ય છે. કુશ (ઘાસ) અપવિત્ર બને છે.

જેવા મનુષ્યના મિત્ર હશો અને જેવી તેની ઉચ્ચ ભાવના હશે, તેવા તમે થોડા સમયમાં થશો. માટે મિત્રની પસંદગીમાં ડહાપણ વાપરો. શ્રદ્ધારહિત મનુષ્ય સાથે મિત્રતા બાંધવી નહિ; કારણ કે એક સુકાયેલો કૂવો, કે જે ખોદવામાં આવે ત્યારે ફક્ત કાદવવાળું પાણીજ આપે છે, તે કૂવા જેવો તે મનુષ્ય છે.

પણ સુજ્ઞ પુરુષે શ્રદ્ધાવંત પુરુષો સાથે મિત્રતા બાંધવી, કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તેઓ વિશાળ અને નિર્મળ ઝરા અથવા ઠંડા અને શાંત સરોવર સરખા છે.

મુનિને પણ બીજા મનુષ્યના રાગદ્વેષથી અસર થાય છે.

તેટલા માટે અશ્રદ્ધાળુ સાથે વ્યવહાર રાખવો નહિ; પણ ફક્ત શ્રદ્ધાવંત સાથે મિત્રતા બાંધવી.

વિવિધ વચનો

સર્વ સંયોગોમાં સર્વ મનુષ્યો ભણી ઉદારતા, સભ્યતા, પરોપકાર અને નિઃસ્વાર્થતા દાખવવી; આ ગુણો ચાલતા રથને પૈડાની ખીલી માફક જગતને ઉપયોગી છે. (સીગૂલોવાદ)

જિંદગી છે ત્યાંસુધી ધન ને મિલકત છે; પણ શરીર નાશ પામે છે ત્યારે તેની સાથે સર્વ મિલકત નકામી થાય છે. જ્ઞાન તે દશ હજાર જમાના સુધી ચાલે તેટલી મિલકત છે. સુજ્ઞ પુરુષની જિંદગી પછી પણ તેના જ્ઞાનની કીર્તિ અમર રહે છે.

જો રત્નને ઓપ ચડાવવામાં ન આવે તો તેનામાં તેજ આવશે નહિ અને તેજ વગરનું રત્ન નિરુપયોગી પથ્થર સરખું છે.

જો મનુષ્ય અભ્યાસ ન કરે તો તેને જ્ઞાન મળશે નહિ અને જે મનુષ્યમાં જ્ઞાન નથી તે મૂર્ખ છે.

કોઠારમાં ભરી મૂકેલા ખજાનાનો નાશ થાય છે; પણ મનમાં સંગ્રહેલો ખજાનો નાશ પામતો નથી. કોઇ પણ વસ્તુના ખજાના લાંબા વખત સુધી ચાલતા નથી; માટે જ્ઞાનનેજ તારા ઉત્તમ અને અમૂલ્ય ખજાનારૂપ જાણ.

બુદ્ધ લોકની ઉચ્ચ ભાવનાઓ

મૂર્ખની સેવા કરવી નહિ પણ સુજ્ઞની સેવા કરવી. પૂજ્ય પુરુષોને માન આપવું. આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

રમણીય ભૂમિમાં વાસ, પૂર્વ જન્મમાં કરેલાં સુકૃત્ય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભ ઇચ્છાઓથી પૂર્ણ આત્મા—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

અતિશય જ્ઞાન અને કેળવણી, આત્મસંયમ, સારી રીતે કેળવાયેલું મન, સારી રીતે બોલેલાં પ્રિય વાક્યો—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

દાન આપવું તે, ન્યાયયુક્ત વર્તન, અનિંદ્ય આચાર—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

પાપ પ્રતિ તિરસ્કાર, પાપવિરમણ, માદ્ય વસ્તુનો નિષેધ, સતકાર્યમાં ઉત્સાહ—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

પૂજ્યભાવ, નમ્રતા, સંતોષ, આભાર અને યોગ્ય ઋતુમાં ધર્મ (નિયમ) નું શ્રવણ—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

સહનશીલતા, સૌમ્યતા, શાંત પુરુષોની મિત્રતા અને યોગ્ય ઋતુમાં ધર્મકથા—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

આત્મનિગ્રહ, પવિત્રતા, મહાન સત્યોનું જ્ઞાન અને નિર્વાણનો અનુભવ—આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

જેનો આત્મા જીવનના ફેરફારના સપાટામાં નિશ્ચલ, નિર્વિકારી, દિલગીરીરહિત અને સ્વસ્થ રહે છે, તે સર્વ સુખનાં ઉત્તમ સાધનો પામ્યો છે.

આ પ્રમાણે વર્તનાર મનુષ્ય દરેક બાજુએ અજિત થઈ, નિર્ભયતાથી વિચરે છે. આ સર્વ સુખનાં ઉત્તમ સાધનો છે.

(૨)

બૌદ્ધધર્મગ્રંથોમાં દરેક બૌદ્ધની ઉચ્ચભાવના કેવી હોવી જોઇએ, તેનું વર્ણન આ પ્રમાણે કરેલું છે.

જે કોઈ બીજાનું ભલું કરવાની અને અત્યંત શાંતિના સ્થાનરૂપ નિર્વાણની ઇચ્છા ધરાવતો હોય તે નિષ્કપટી, પ્રમાણિક અને અંતઃકરણના આદેશ પ્રમાણે કામ કરનારો હોવો જોઇએ. તેણે શબ્દોમાં નમ્ર, મિલનસાર, વિનયી, સંતોષી અને થોડી વસ્તુઓથી ચલાવી લેનારા થવું જોઇએ. તેણે નિશ્ચિંત અને સ્વસ્થ મન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા થવું જોઇએ અને તે સાથે નિરભિમાની અને નિર્લોભી બનવું જોઇએ. તેણે કાંઇ પણ હલકું કામ કરવું નહિ; પણ વિચારમાં, વચનમાં અને કાર્યમાં ધર્મના નિયમો પ્રમાણે ચાલવું જોઇએ. ચાર ઉમદા સત્યોનું જ્ઞાન મેળવીને તેણે અષ્ટવિધ માર્ગ પ્રમાણે નિર્દોષ જીવન ગાળવું જોઇએ. તેણે સંપત્તિમાં મહાલવું નહિ, વિપત્તિમાં તદ્દન દીન બનવું નહિ; વિજયથી અભિમાની ન બનવું, તેમ પરાજયથી ગભરાઇ ન જવું. જેને કોઇ પ્રકારની તૃષ્ણાજ ન હોય તેના જેવી મનની સમતોલવૃત્તિ રાખવી જોઇએ.

કેવળ કાષાયવસ્ત્ર પહેરવાથી, બાહ્યક્રિયાઓ અને આચારો કરવાથી, જંગલમાં જિંદગી ગાળવાથી, ગરીબાઇથી, પરાધીનપણાથી કે કેવળ પુસ્તકોના ભણતરથી મનુષ્ય શ્રમણ બનતો નથી; પણ જે ઇન્દ્રિયોના વિકારોથી મુક્ત છે, જે શુદ્ધ હૃદયનો છે, જેણે સ્વાર્થવૃત્તિ પર જય મેળવ્યો છે, તેજ ખરો બુદ્ધનો શિષ્ય છે. તેટલા માટે તેણે આંતરબુદ્ધિ, જ્ઞાનપ્રાપ્તિ, સમભાવ અને પરોપકારવૃત્તિ ખીલવવાં જોઇએ.

પૃથ્વી પર કે પૃથ્વીની પેલી પારનાં ભુવનોમાં, નિર્બળ તેમજ સબળ તરફ, ઉચ્ચ તેમજ નીચ તરફ, સારા તેમજ ખોટા તરફ, પાસેનાં તથા દૂરનાં–સઘળાં પ્રાણીઓ તરફ તેણે દયાળુવૃત્તિ રાખવી જોઇએ.

તેણે કોઇને ધમકાવવું નહિ, ધિક્કારવું નહિ તેમજ હેરાન કરવું નહિ. જેવી રીતે માતા પોતાના એકના એક બાળક તરફ પ્રેમભાવથી જુએ છે, તેમ તેણે દયા અને પરોપકારની વૃત્તિથી દરેક દિવસે અને દરેક કલાકે સઘળા જીવો તરફ જોવું જોઇએ.

જે ઉમદા અષ્ટવિધ માર્ગ પ્રમાણે ચાલે છે, તેનો સ્વભાવ પર્વતમાં આવેલા ઝરાની માફક શુદ્ધ અને કલ્લોલરહિત હોવો જોઇએ.

જે વેર અને અભિમાન, આશા અને ભય, વિકાર અને લોભ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગ અને દ્વેષથી મુક્ત છે તે પવિત્રતામાં રહે છે. જેણે જીવન-તૃષ્ણાનો સંપૂર્ણ ક્ષય કરી ખરું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે દુઃખ અને પુનર્જન્મનો અંત લાવે છે ને પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે.

સદ્ધર્મનાં સાત રત્નો

(૧) સંપૂર્ણ જીવનનું રત્ન–'ભિક્ષુકો' સર્વગુણસંપન્ન જીવન ગાળવાનો ઉપદેશ ગ્રહણ કરે છે અને પવિત્રતાનું રત્ન ધારણ કરે છે.

(૨) સંપૂર્ણ શાંતતાનું રત્ન–હે ભિક્ષુકો! પવિત્ર વિચારની ભૂમિકા પર તમારું મન એકાગ્ર કરો અને સંપૂર્ણ શાંતતાનું રત્ન ધારણ કરીને જન્મમરણના ચક્ર સાથે મનને બાંધનાર શૃંખલાનો નાશ કરો.

(૩) પવિત્ર જ્ઞાનનું રત્ન–હે ભિક્ષુકો! તમારી બુદ્ધિનો ઉપયોગ કરો અને જીવાત્માનું આ સૃષ્ટિમાં અસ્તિત્વ હોવાનું કારણ શોધી કાઢો. પવિત્ર જ્ઞાનનું રત્ન ધારણ કરીને તમારી જાતને જન્મ અને પુનર્જન્મના કેદખાનામાંથી છૂટી કરો.

(૪) શાશ્વત આનંદનું રત્ન–હે ભિક્ષુકો! જે રત્નથી શ્રમિતને ઉત્કૃષ્ટ સુખની સ્થિતિ ભોગવવાની શક્તિ મળે છે, તે રત્ન મેળવવાને તમે ઉદ્યમ કરો, મુક્ત થયેલા અર્હતો આ રત્ન ધારણ કરીને જીવતાં પણ શાશ્વત આનંદ ભોગવે છે.

(૫) ઇન્દ્રિયાતીત જ્ઞાનરત્ન–હે ભિક્ષુકો! જેથી કુદરતના નિયમોના કાર્યમાં પ્રવેશ મળે તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરો.

(૬) સંપૂર્ણ નિર્ભયતાનું રત્ન–હે ભિક્ષુકો! જે ભિક્ષુક ચાર યતિ સંભિદમાં× નિપુણ છે તે સંપૂર્ણ રીતે ભયથી મુક્ત છે. તે ભિક્ષુક કવચ ધારણ કરેલા યોદ્ધાની માફક નિર્ભયતાથી બુદ્ધિના મેદાનમાં પ્રવેશ કરે છે.

× અર્હતોએ પ્રાપ્ત કરેલા જ્ઞાન અને નિરીક્ષણની શક્તિઓ સંબંધીનો બૌદ્ધધર્મના સિદ્ધાંતનો ભાગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) સાત સર્વોત્કૃષ્ટ સદ્દગુણોના સંપૂર્ણ પ્રબોધનું રત્ન–હે ભિક્ષુકો! આ સાત રત્નના હારને ધારણ કરનાર પુરુષ મનુષ્યને તેમજ દેવતાઓને પૂજ્ય છે.

પાંચ નૈતિક શક્તિઓ

શિષ્યોએ મેળવવા લાયક પાંચ નૈતિક શક્તિઓઃ—

(૧) આત્મનિષ્ઠા અને આત્મ શ્રદ્ધા, (૨) ઉત્સાહ, (૩) મનની બારીક તપાસ (આત્મનિરીક્ષણ) (૪) વિચારોની એકાગ્રતા (સમાધિ) અને (૫) જ્ઞાનપ્રાપ્તિ.

ચાર સંપાદન અથવા પ્રયત્નો

(૧) ઊગતા પાપને અટકાવવાનો પ્રયત્ન.

(૨) ઉત્પન્ન થયેલા પાપને દૂર કરવાનો પ્રયત્ન.

(૩) પ્રકટ નહિ થયેલા શુભ કાર્યને પ્રકટ કરવાનો પ્રયત્ન.

(૪) અસ્તિત્વ ધરાવતા શુભ કાર્યમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન.

ધર્મ વિષે

જેમ ખરાબ રીતે સંચારેલા છાપરામાં વરસાદ જોરથી રસ્તો કરે છે, તેવીજ રીતે પવિત્ર વિચારોને ધિક્કારનારાના મનમાં મનોવિકારો માર્ગ પ્રાપ્ત કરે છે અને જેમ સારી રીતે સંચારેલા છાપરાથી વરસાદ સરી જાય છે, તેમ સુજ્ઞ પુરુષોથી વિકારો દૂર નાસે છે. જે નિયમરહિત મનુષ્ય ધર્મને માનતો નથી પણ ફક્ત પાનાં પછી પાનાં ઊકેલે છે અને એક પછી એક શ્લોકનો ઉચ્ચાર કરે છે, તે બૌદ્ધધર્મ પાળનાર નથી પણ બીજાની ગાયો ગણનાર મૂર્ખ ગોવાળ છે. નિયમાનુયાયી અને પ્રેમાળ મનુષ્ય જે ફક્ત ધર્મનો એક શ્લોક જાણે છે, પણ ઇર્ષ્યા, દ્વેષ–દ્રોહ અને અજ્ઞાનથી મુક્ત છે તેજ બૌદ્ધધર્મનો યતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रतापी बौद्धराजा महान अशोकना शिलालेखो

શાસન નં ૧

ભૂતદયા

દેવપ્રિય પ્રિયદર્શી* મહારાજની આજ્ઞાથી આ શાસન લખવામાં આવે છે. અહીં યજ્ઞને માટે કોઇ પણ પ્રાણીનો વધ કરવો નહિ, તેમજ તહેવારને દિવસે સમાજો ભરવા નહિ; કારણ કે દેવપ્રિય પ્રિયદર્શી (અશોક) રાજા આવા મેળાવડાને દોષરૂપ ગણે છે, છતાં કેટલાક પવિત્ર દિવસોના સમાજોને યોગ્ય માને છે.×

દેવપ્રિય પ્રિયદર્શી રાજાના રસોડામાં કઢી બનાવવાને દરરોજ હજારો પ્રાણીઓનો પહેલાં વધ કરવામાં આવતો હતો. આ શિલાલેખ જે વખતે લખાય છે તે વખતે બે મોર અને એક હરણ મળી ત્રણ

* આ બધા શિલાલેખોમાં અશોકને પ્રિયદર્શી એવું નામ આપવામાં આવેલું છે.

× આવા મેળાવડામાં ઉજાણીઓ થતી અને તે નિમિત્તે પ્રાણીઓનો વધ કરાવવામાં આવતો હતો, માટે આ ઉલ્લેખ છે. જો આ પ્રાણીવધ ન થતો હોય તો આવા મેળાવડા પણ અતિ ઉત્તમ છે. (ગિરનારનો લેખ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણીઓને દરરોજ કાપવામાં આવે છે. (તેમાં પણ હરણ દર-રોજ નહિ.)×

આ પ્રાણીઓની પણ ભવિષ્યમાં કતલ કરવામાં આવશે નહિ.

શાસન નં ૨

મનુષ્ય અને પશુઓને સુખનાં સાધનો પૂરાં પાડવા વિષે

દેવપ્રિય પ્રિયદર્શી રાજાના સઘળા મુલકોમાં તથા પાસેના દેશમાં જેવા કે ચોલ, પાંડ્યદેશ, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી (લંકા) માં તથા ગ્રીકરાજા એન્ટીઓકસ તથા તેના સામંત રાજાઓના મુલકમાં–દરેક સ્થળે મનુષ્યના સુખના તેમજ પ્રાણીઓના સુખના ઉપાયો દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા તરફથી યોજવામાં આવ્યા છે. મનુષ્યો તથા પશુઓને ઉપયોગી જે જે ઔષધિઓ જે જે સ્થાને નથી તે તે ઔષધિઓ મંગાવીને તે તે સ્થાને રોપેલી છે; તેમજ ફળમૂળ જે સ્થળે નથી તે સ્થળે મંગાવીને રોપેલાં છે. મનુષ્યો તથા પશુઓના ઉપયોગ સારુ માર્ગમાં વૃક્ષો વવરાવ્યાં છે અને કૂવા ખોદાવરાવ્યા છે.

શાસન નં. ૩

પંચવાર્ષિક સભા

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા કહે છે કે, મારા રાજ્યાભિષેકના તેરમા વર્ષમાં મેં આ પ્રમાણે આજ્ઞા કરી છે કે, મારા રાજ્યમાં દરેક સ્થળે જિલ્લાના ઉપરીઓએ તેમજ મારા અમલદારોએ દરેક પાંચ વર્ષે એક મોટી સામાન્ય સભામાં એકઠા મળવું. ત્યાં પો-

× ગિરનારનો શિલાલેખ જણાવે છે કેઃ—આગળ ધર્મશાસન બહાર પાડવામાં આવ્યું છે કે, સત્કર્મમાં પ્રાણીઓ મારી શકાય અને આજ સુધી આવી રીતિ ચાલતી આવી છે; પણ તે રીતિ હવે કબૂલ નથી. તેથી આ ધર્મશાસન બહાર પાડવામાં આવે છે કે હવેથી કોઈએ પ્રાણીને મારવાં નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાનું કામકાજ પતાવવા ઉપરાંત નીચેના ધર્મ નિયમોની ઉદ્‌ઘોષણા કરવી. માતપિતાની આજ્ઞા માનવી એ ઉત્તમ છે; મિત્રો, ઓળખીતાઓ, સ્વજનો, બ્રાહ્મણો અને શ્રમણો (ભિક્ષુઓ) તરફ ઉદારતા બતાવવી એ ઉત્તમ છે. દરેક જીવતા પ્રાણીની જિંદગી પવિત્ર છે, એવી બુદ્ધિ રાખવી એ ઉત્તમ છે ને ઉડાઉપણાથી અને નિંદાથી દૂર રહેવું એ ઉત્તમ છે; સંઘે શ્રદ્ધાવાન મનુષ્યોને વિસ્તાર સહિત શબ્દશઃ અને ભાવ સાથે આ નિયમો સમજાવવા જોઇએ.

શાસન નં. ૪

ધાર્મિક જીવન

ઘણા લાંબા સમયથી—સેંકડો વર્ષથી પ્રાણીઓની હિંસા ચાલી આવે છે; જીવતાં પ્રાણીઓ તરફ ઘાતકી વર્તણુક ચલાવવામાં આવે છે. સ્વજનોનો વિનય સચવાતો નથી અને બ્રાહ્મણ—શ્રમણોનું માન જળવાતું નથી.

પણ હવે દેવપ્રિય પ્રિયદર્શીના ધાર્મિક જીવનથી લડાઇના ઢોલને બદલે ધર્મનું ઢોલ વગાડવામાં આવે છે. રથની હાર તથા ગજાદિની સવારી કાઢવામાં આવે છે, રોશની કરવામાં આવે છે અને આ વગેરે કરીને દિવ્ય દેખાવ લોકોને બતાવવામાં આવે છે. જે સેંકડો વર્ષથી બન્યું નથી તે હાલ દેવપ્રિય પ્રિયદર્શી રાજા તરફથી થયેલી ધાર્મિક નિયમની ઉદ્‌ઘોષણાથી બને છે—જીવતાં પ્રાણીઓની કતલ બંધ થતી જાય છે, જીવતાં પ્રાણી પ્રતિ ઘાતકીપણું બંધ થતું જાય છે, સ્વજનો તેમજ બ્રાહ્મણ—શ્રમણો તરફ માનબુદ્ધિ તથા વડીલો અને માતાપિતા તરફ ભક્તિભાવ વૃદ્ધિ પામતા જાય છે. આ અને બીજી ઘણીક રીતે ધાર્મિક જીવન વૃદ્ધિ પામ્યું છે ને દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા હજુ પણ તેને વધારશે.

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાના પુત્રો તથા પૌત્રો પણ કાળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચક્રના અંત સુધી આ ધર્માચરણની વૃદ્ધિ કરશે અને જાતે ધર્મ તથા શીલ પાળી ધાર્મિક નિયમની ઉદ્‌ઘોષણા કરશે; કારણ કે ધાર્મિક નિયમને જાહેર કરવો એ સૌથી ઉત્તમ કામ છે. જે દુઃશીલ મનુષ્ય છે તે કદાપિ ધર્મ પાળી શકે નહિ.

ધર્માચરણની વૃદ્ધિજ લાભકારી છે અને હાનિ (ઘટાડો) ન થાય તેમાંજ લાભ છે. આ કારણથીજ આ લેખ લખવામાં આવ્યો છે કે, મનુષ્યોએ ધર્માચરણની વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઇએ, પણ તેમાં ઘટાડો થવા દેવો નહિ.

રાજ્યાભિષેકના તેરમા વર્ષમાં દેવપ્રિય પ્રિયદર્શી રાજાએ આ લેખ લખાવેલો છે.

શાસન નં. ૫

ધર્મમહામાત્રા (ધર્માચરણની તપાસ રાખનારા)

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજ જણાવે છે કેઃ—સારું કામ કરવું એ મુશ્કેલ છે. સારું કામ કરનારો ખરેખર કઠિન કામ કરે છે. ઘણાં સારાં કામો મારે હાથે થવા પામ્યાં છે. જો મારા પુત્રો, પૌત્રો અને મારા વંશજો કાળચક્રના અંત સુધી આ પ્રમાણે વર્ત્યા કરે, તો તેઓ ઘણું સારું કામ કરી શકશે. પણ જો કોઇ આ આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તો તે દુઃખ ભોગવશે; કારણ કે પાપ કરવું એ ઘણું સહેલું છે. ભૂતકાળમાં કોઇ પણ વખત ધર્મનીતિની તપાસ રાખનારા (ધર્મમહામાત્રા)ઓ નીમવામાં આવ્યા નથી, પણ મારા રાજ્યના ચૌદમા વર્ષમાં આ ધર્મમહામાત્રાઓ નીમવામાં આવ્યા છે. મારા રાજ્યમાં તેમજ યોન (યવન), કાંબોજ, ગાન્ધાર, રાષ્ટ્રિક અને પિટેનિક, તથા સીમાપર આવેલાં બીજાં રાજ્યોમાં સર્વ ધર્મના લોકોમાં ધાર્મિક જીવનની સ્થાપના કરવા સારુ, ધર્મનીતિ વધારવા સારુ અને સુધર્મી મનુષ્યોના સુખ અને કલ્યાણ સારુ આ પુરુષો કામે લાગેલા હોય છે. મારા પગારદાર નોકરો, બ્રાહ્મણો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનવાનો અને ગરીબો તેમજ વૃદ્ધ મનુષ્યોના કલ્યાણ તથા સુખની વૃદ્ધિ કરવા સારુ અને ધર્મિષ્ઠ* મનુષ્યોના માર્ગમાંથી વિઘ્નો દૂર કરવા સારુ તેમને નીમવામાં આવ્યા છે.

ખોટી કેદખાનાની સજા અથવા દંડ દૂર કરવાને, અડચણો દૂર કરવાને તથા કોઇને મોટું કુટુંબ હોય, એકાએક આફત આવી પડી હોય અથવા વૃદ્ધ થયો હોય તેવા મનુષ્યોની હકીકતો તપાસી, તેમને દુઃખથી છોડાવવાને આ ધર્મમહામાત્રાને નીમવામાં આવ્યા છે.

અહીં પાટલિપુત્રમાં તેમજ બીજાં શહેરોમાં મારા ભાઇઓ, બહેનો તથા સ્વજનોના સ્ત્રીવર્ગની દેખરેખ રાખવામાં તેઓને નીમવામાં આવ્યા છે. મારા રાજ્યમાં દરેક સ્થળે જે રાજભક્ત પુરુષો ધર્મિષ્ઠ છે, સદ્ગુણી છે અને દાતાર છે, તેમની સાથે કામ કરવાને આ ધર્મમહામાત્રાઓને નીમવામાં આવ્યા છે. આ કારણથીજ આ પવિત્ર શાસન લખવામાં આવ્યું છે, કે જેથી તે લાંબો કાળ ટકી શકે અને મારી પ્રજા પણ તે પ્રમાણે ચાલી શકે.

શાસન નં. ૬

કામકાજ ઘણીજ ત્વરાથી પતાવવા વિષે

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા આ પ્રમાણે જણાવે છે કેઃ- ઘણા લાંબા કાળથી કામકાજ બરાબર ચાલતું નથી, તેમજ દરેક કલાકે લોકોની હકીકતો મને પહોંચાડવામાં આવતી નથી. આથી મેં એવી ગોઠવણ કરી છે કે, ગમે તે કલાકે તેમજ ગમે તે સ્થળે-હું જમતો હોઉં અથવા જનાનખાનામાં હોઉં અથવા મારા શયનગૃહમાં હોઉં કે મારા ખાનગી દીવાનખાનામાં હોઉં; મારી ગાડીમાં હોઉં અથવા તો મહેલના બગીચામાં હોઉં-ગમે ત્યાં હોઉં ત્યાં પ્રજાની હકીકત પૂરી પાડનારાઓએ મને લોકોનાં કામકાજ

* બુલ્હર સાહેબના મત પ્રમાણે 'રાજ્યભક્ત પ્રજાના'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધી નિરંતર ખબર આપવી. કારણ કે લોકોનાં કામનો ગમે તે જગ્યાએ નિકાલ આણવાને હું તૈયાર છું.

અને જો કદાચ હું જાતે મુખથી એવા શબ્દો ઉચ્ચારી આજ્ઞા કરું કે અમુક દાન આપવું, અથવા અમુક હુકમનો અમલ કરવો અથવા કાંઇક ઘણુંજ ઉપયોગી કામ અમલદારોને સોંપવામાં આવ્યું હોય અને હવે જો તે કામ કરવામાં કાંઇ તકરાર થાય, અથવા તો સમાજમાં કાંઇ કપટ થાય તો મારી આજ્ઞા છે કે, ગમે તે કલાકે તથા ગમે તે સ્થાને મને તે હકીકત જણાવવી; કારણ કે હું મારા ઉદ્યોગથી તેમજ જલદીથી કામ કરવાની રીતથી કદાપિ પૂરેપૂરો સંતોષ પામ્યો નથી.

જનસમુદાયના કલ્યાણ અર્થે મારે કામ તો કરવુંજ જોઇએ. ઉદ્યોગમાં તેમજ જલદીથી કામકાજ પતાવવામાં ઉદયનું મૂળ છે અને સામાન્ય પ્રજાના હિત અર્થે આ બે બાબત કરતાં કોઇ પણ બાબત વધારે અગત્યની નથી અને હું શા માટે મહેનત કરું છું ? આ મહેનત કરવાનું મારું પ્રયોજન એટલુંજ છે કે, જીવતાં પ્રાણીઓ પ્રતિનું મારું ઋણ હું અદા કરું કે જેથી હું કેટલાકને આ જગતમાં સુખી કરી શકું અને તેથી તેઓ બીજા ભવમાં સ્વર્ગ મેળવે.

આ કારણથી મેં આ પવિત્ર શિલાલેખ લખાવરાવ્યો છે કે તે લાંબા વખત સુધી ટકે અને મારા પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો જનસમુદાયના હિત અર્થે પ્રયત્ન કરે. આ કામ અત્યંત શ્રમ વિના બને તેમ નથી.

શાસન નં. ૭

ધર્મનું અનુષ્ઠાન

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાની એવી ઇચ્છા છે કે, સઘળાં સ્થાનોમાં સઘળા ધર્મના મનુષ્યો શાંતિથી રહે; કારણ કે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વે ઇન્દ્રિયસંયમ અને મનઃશુદ્ધિની ઇચ્છા રાખે છે.

મનુષ્યોની ઇચ્છાઓ તથા મતો અસ્થિર હોય છે.* કેટલાક પૂરેપૂરો ધર્મ પાળશે, ત્યારે બીજા કેટલાકો અપૂર્ણ રીતે તે પાળશે. જે મનુષ્ય ઉદારતાથી પુષ્કળ ધન આપવાને અસમર્થ હોય તેવા ગરીબમાં ગરીબ મનુષ્યમાં પણ ઇન્દ્રિયસંયમ, ભાવશુદ્ધિ, કૃતજ્ઞતા અને દૃઢભક્તિ (શ્રદ્ધા) પ્રશંસા કરવા લાયક છે.

શાસન નં. ૮

ધર્મયાત્રા

ભૂતકાળમાં રાજાઓ મૃગયા (શિકાર) વગેરે મોજશોખને વાસ્તે સવારી કાઢતા હતા; પણ દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાને તેમના રાજ્યના દશમા વર્ષમાં જ્ઞાન થયું કે ધર્મયાત્રા સૌથી ઉત્તમ છે, કારણ કે ધર્મયાત્રામાં બ્રાહ્મણ–શ્રમણનું દર્શન થાય તથા તેમને દાન અપાય; વૃદ્ધજનોનું દર્શન થાય તથા તેમને સુવર્ણની બક્ષિસ અપાય; દેશની તથા લોકોની મુલાકાત લઈ શકાય અને દેશજનો આગળ ધર્મની ઉદ્ઘોષણા કરી શકાય તથા ધર્મ સંબંધી સંવાદ ચલાવી શકાય.

આ કારણથી દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા તે વખતથી ભૂતકાળનો પોતાનો વિચાર ફેરવીને ધર્મયાત્રામાં આનંદ માને છે.

શાસન નં. ૯

ક્રિયામાર્ગ

દેવોના પ્રિય પ્રિયદર્શી મહારાજા આમ જણાવે છે કેઃ– મંદવાડને પ્રસંગે, પુત્રલગ્ન પ્રસંગે, પુત્રીલગ્ન પ્રસંગે, પુત્રપ્રસવ પ્રસંગે તેમજ પ્રવાસ કરવાને પ્રસંગે; આ તેમજ બીજા એવા અનેક પ્રસંગે લોકો અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે.

* મનુષ્યોની ઇચ્છાઓ તથા મતો જુદા જુદા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી આવા પ્રસંગે ઘણી સ્ત્રીઓ તો ઘણા પ્રકારની હલકી અને નિરુપયોગી ક્રિયાઓ કરે છે. જો કે ક્રિયાઓ કરવી તો જોઇએ, પણ ઉપર જણાવેલી ક્રિયાઓ નિષ્ફળ છે; પણ ધર્મ-ક્રિયા–એજ ક્રિયા ઘણા ફળવાળી છે. આ ધર્મક્રિયામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. નોકર–ચાકરોની તરફ દયાળુ રીતે વર્તવું; ગુરુઓનો યોગ્ય વિનય સાચવવો; જીવો તરફ દયા બતાવવી; બ્રાહ્મણ–શ્રમણને સારું દાન આપવું. આ અને આવા પ્રકારનાં બીજાં સત્કાર્યોજ ધર્મક્રિયા કહેવાય છે. તેટલા માટે પિતાએ, પુત્રે, ભાઇએ, બહેને, શેઠે, મિત્રે અથવા સોબતીએ તથા પાડોશીએ પણ કહેવું જોઇએ કે, " આ ધર્મક્રિયા ઉત્તમ છે; અને જ્યાંસુધી ઇષ્ટ ફળની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી આ ધર્મ-ક્રિયાઓ કરવી. "

કેવી ક્રિયાઓ કરવાથી ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થઇ શકે ? આ જગતમાં ચાલતી ક્રિયાઓનું ફળ અચોક્કસ છે; કદાચ તેથી ઇષ્ટ વસ્તુ મળી પણ શકે, કદાચ તેનું ફળ આ જગતને લગતુંજ આવે, તેથી ઊલટું ધર્મની ક્રિયા અશાશ્વત નથી. આ જગતમાં તેથી ઇષ્ટ વસ્તુ કદાચ ન મળે તોપણ પરભવમાં તેને લીધે અનંત ફળ ચોક્કસ આવે છે અને જો આ ધાર્મિક ક્રિયાનું ફળ મળે તો બે પ્રકારનું ફળ ચોક્કસ મળ્યું ગણી શકાય. એટલે કે આ ભવમાં ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય છે અને ધર્મક્રિયા કરવાથી પરભવમાં ઉપર જણાવેલી અનંત ફળની પ્રાપ્તિ થાય છે.

શાસન નં. ૧૦

ખરી કીર્તિ

જો પ્રજાજન વર્તમાનકાળમાં તેમજ ભવિષ્યમાં–બન્ને કાળમાં ધર્મના નિયમને બરાબર સાંભળે નહિ અને તે પ્રમાણે વર્તે નહિ, તો કીર્તિ અને પ્રખ્યાતિ લાભકારી ગણાય નહિ, એમ દેવપ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયદર્શી રાજા માને છે. પ્રજાજન ધર્મનો નિયમ સાંભળે અને તે પ્રમાણે વર્તે, તેથીજ દેવપ્રિય પ્રિયદર્શી રાજા કીર્તિ અને પ્રખ્યાતિ ઇચ્છે છે.

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા જે જે ઉદ્યમ કરે છે, તે કેવળ પરલોકને માટે છે, કે જેથી દરેક જણ દુઃખથી મુક્ત થઇ શકે; કારણ કે દુઃખ એજ પાપ છે. મનુષ્ય ભલે ઊંચી કે નીચી પંક્તિનો હોય, છતાં અત્યંત પરિશ્રમ અને સંપૂર્ણ સ્વાર્થત્યાગ કર્યા સિવાય તેને આવી સ્વતંત્રતા મળવી દુષ્કર છે. પણ જેઓ ઊંચી પંક્તિના છે, તેમને માટે તો આ કામ વધારે મુશ્કેલ છે.÷

શાસન નં. ૧૧

ખરી ઉદારતા

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા જણાવે છે કે:—

ધર્મના દાન સમાન કોઇ દાન નથી; ધર્મની મિત્રતા સમાન કોઈ મિત્રતા નથી; ધર્મની લહાણી સમાન બીજી કોઇ લહાણી નથી અને ધર્મના સંબંધ જેવો બીજો કોઈ સંબંધ નથી.

ધર્મ નીચેની બાબતોમાં સમાયેલો છે—નોકર–ચાકરની સારી બરદાસ કરવી; માતાપિતાની ભક્તિ કરવી; બ્રાહ્મણ–શ્રમણને દાન આપવું તથા જિંદગીને પવિત્ર ગણવી. (અર્થાત્ જીવોની રક્ષા કરવી.) આ શુભ કામ છે અને તે કરવા યોગ્ય છે, એમ પિતાએ, પુત્રે, ભાઇએ, શેઠે, મિત્રે અથવા સોબતીએ અને પાડોશીએ પણ કહેવું જોઇએ.

જે આ પ્રમાણે વર્તે છે, તે આ પ્રમાણે ધર્મના દાનથી આ

÷ જેઓ પદવીવાળા છે અને ધનાઢ્ય છે, તેઓ તેમના ખિતાબોમાં તથા ધનમાં એટલા બધા મગ્ન થઇ રહે છે કે, ધર્મને વાસ્તે તેઓને ભાગ્યેજ અવકાશ મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતમાં સર્વની પ્રીતિને પાત્ર થાય છે અને પરભવમાં પણ અનંત પુણ્યનું ફળ મેળવે છે.

શાસન નં. ૧૨

પરમસહિષ્ણુતા

દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા સર્વ સંપ્રદાયના ભિક્ષુમંડળ તથા ગૃહસ્થોનો દાનમાનાદિથી સત્કાર કરે છે. દેવપ્રિય પ્રિયદર્શી રાજા સર્વસંપ્રદાયની યશોવૃદ્ધિ થાય એને જેટલું મહત્ત્વનું માને છે, તેટલું દાન અને સન્માનને માનતા નથી. દરેક ધર્મનું મહત્ત્વ અનેક રીતે વધે છે; પણ તેનું મૂળ તો એજ છે કે વાણીને કાબૂમાં રાખવી અને નજીવાં કારણો સારુ બીજા ધર્મની નિંદા કરીને પોતાના ધર્મનું મહત્ત્વ કોઇએ વધારવું નહિ, તેમજ યોગ્ય કારણો સિવાય બીજા ધર્મની હલકાઇ કરવી નહિ; કારણ કે એક અથવા બીજા કારણસર દરેક બીજો ધર્મ માનને પાત્ર છે. આ પ્રમાણે વર્તવાથી મનુષ્ય પોતાના પંથનું મહત્ત્વ વધારી શકે છે, તેમજ બીજા પંથ પર ઉપકાર કરે છે. આથી વિરુદ્ધ વર્તવાથી મનુષ્ય પોતાના પંથને નુકસાન કરે છે અને બીજા પંથને અપકાર કરે છે. હું મારા ધર્મની કીર્તિ વધારું છું એવું સમજીને, પોતાના ધર્મ ઉપરના અતિશય રાગને લીધે બીજા ધર્મની નિંદા કરીને જે પોતાના ધર્મને માન આપે છે, તે પોતાના આવા વર્તનથી પોતાનાજ ધર્મને ભારે હાનિ પહોંચાડે છે.

માટે આત્મસંયમ× એજ ઉત્તમ છે. એકબીજાના ધર્મની વાતો સાંભળવી અને તે પણ ખુશીથી સાંભળવી.

આ વાસ્તે દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાની ઇચ્છા છે કે, દરેક ધર્મવાળાએ ધર્મનો બરાબર અભ્યાસ કરવો જોઇએ અને ધર્મમાં નિપુણતા મેળવવી જોઇએ.

× ગિરનારના લેખ પ્રમાણે 'સંપ' શબ્દ જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા જુદા ધર્મ પાળનારાઓને જણાવવું જોઇએ કે, સર્વ સંપ્રદાયનો યશ વધે તથા તેને માન મળે તે સિવાયના દાન કે માનને દેવપ્રિય પ્રિયદર્શી રાજા મહત્ત્વનાં માનતો નથી.

આ કારણથીજ ધર્મમહામાત્રા, સ્ત્રીઓની તપાસ રાખનારા, (સંન્યાસીની) તપાસ રાખનારાઓ અને એવા બીજા અમલદારો કામે લગાડવામાં આવ્યા છે. આમ કરવાનું ફળ એજ છે કે પોતાના ધર્મની વૃદ્ધિ થાય અને ધર્મમાર્ગની કીર્તિ થાય.

શાસન નં. ૧૩×

ખરો વિજય

દેવપ્રિય પ્રિયદર્શી રાજાએ પોતાના રાજ્યના નવમા વર્ષમાં કલિંગદેશ જીતી લીધો. એક લાખ અને પચાસ હજાર મનુષ્યોને બંદીવાન તરીકે પકડી લઇ જવામાં આવ્યા હતા. એક લાખ અને પચાસ હજાર મનુષ્યોની કતલ કરવામાં આવી હતી અને આટલી આટલી ઘણી સંખ્યામાં મનુષ્યો મરી ગયા.

કલિંગદેશ જ્યારથી જોડી દેવામાં આવ્યો, ત્યારથી દેવપ્રિય પ્રિયદર્શી રાજાએ ઉત્સાહથી ધર્મનું રક્ષણ કર્યું છે, ધર્મમાં શ્રદ્ધાવાન રહ્યો છે અને ધર્મના નિયમોની ઉદ્‌ઘોષણા કરી છે.

કલિંગદેશ ઉપર મેળવેલી જીતથી દેવપ્રિય પ્રિયદર્શી રાજાને પશ્ચાત્તાપ થાય છે; કારણ કે પ્રથમ નહિ જિતાયેલા દેશ જીતવામાં મનુષ્યોની કતલ, મરણ, કેદ વગેરે કામો અવશ્ય બને છે, જેને વાસ્તે દેવપ્રિય પ્રિયદર્શી રાજાને અત્યંત શોક તથા ખેદ થાય છે.

આના કરતાં પણ વધારે ખેદ ધરવાનું દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાને કારણ છે. આ દેશોમાં બ્રાહ્મણો, શ્રમણો, જુદા જુદા ધર્મના મનુષ્યો અને ગૃહસ્થો વસે છે, કે જેઓ પોતાના વડીલોની ભક્તિ કરે છે, માતપિતાની આજ્ઞા પાળે છે અને ગુરુઓનો વિનય

× આ શિલાલેખ ‘ ગિરનાર ’ પર મળતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે; તથા જેઓ મિત્રો, ઓળખીતાઓ, સોબતીઓ, સ્વજનો, દાસજન અને નોકરો તરફ માયાળુ વર્તણૂક ચલાવે છે તથા જેઓ ધર્મ પાળે છે. તે દેશમાં વસનારા આવા લોકોને (લડાઇથી) જુલમ સહન કરવો પડે છે, તેઓની કતલ થાય છે અને જેમને તેઓ ચહાતા હોય તેમનાથી વિયોગ થાય છે.

જે લોકોનું રક્ષણ કરવામાં આવ્યું હોય છે, તેઓને પણ સ્વજન આદિ વર્ગ તરફ પુષ્કળ પ્રીતિ હોય છે. તેઓના મિત્રો, ઓળખીતાઓ, સોબતીઓ અને સ્વજનોનો નાશ થાય છે અને આ પ્રમાણે જાતે હેરાન નહિ થનારા પુરુષો પર પણ જુલમ થાય છે. (અર્થાત્ તેમની લાગણી દુખાય છે.)

આ સઘળા ચારે તરફ વ્યાપતા દુઃખથી દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાને અતિશય ખેદ થાય છે. એવો એક પણ દેશ નથી કે જ્યાં બ્રાહ્મણ–શ્રમણ વગેરે હોય તેવો સમાજ ન માલૂમ પડે અને દેશમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાં લોકો એક યા બીજો ધર્મ પાળતા ન હોય.

જે લોકો કલિંગ દેશમાં કપાયા હતા, બંદીવાન તરીકે લઇ જવામાં આવ્યા હતા અથવા ગરદન મારવામાં આવ્યા હતા, તેવા લોકોના સોમા અથવા હજારમા ભાગનો નાશ પણ હવે દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાને અતિશય ખેદનું કારણ થશે. કોઇ પણ મનુષ્ય નુકસાન કરી જાય; તોપણ દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાની એવી માન્યતા છે કે, જ્યાંસુધી તે સહન થઇ શકે ત્યાંસુધી ધીરજથી તે સહન કરવું જોઇએ.

પોતાની જંગલમાં રહેનારી પ્રજા ઉપર પણ દેવપ્રિય પ્રિયદર્શી મહારાજા દયાની લાગણીથી જુએ છે અને તેઓને ધર્મમાર્ગ તરફ વાળવા ઇચ્છે છે. કારણ કે દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાનું બળ પશ્ચાત્તાપ છે. તેઓને આ પ્રમાણે ચેતવણી આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે કે, "ખોટું કામ કરવાનું છોડી દો કે જેથી તમારો નાશ ન થાય." કારણ કે દેવપ્રિય પ્રિયદર્શી રાજા સર્વ જીવોને વાસ્તે સહી-સલામતી, ઇન્દ્રિયોપર કાબૂ, મનની શાંતિ અને મૃદુતા ઇચ્છે છે.

અને દેવપ્રિય પ્રિયદર્શી રાજાના અભિપ્રાય પ્રમાણે ધર્મથી જય મેળવવો એ મોટામાં મોટો જય છે. દેવપ્રિય પ્રિયદર્શી મહા-રાજાએ આ જય પોતાના અને પાડોશના રાજ્યમાં છેક ૬૦ યોજન સુધી મેળવ્યો છે. (ઉત્તરમાં) જ્યાં ગ્રીકરાજા એન્ડીઓકસ વસે છે અને તે રાજાની પણ પેલી પાર જ્યાં ચાર જુદા જુદા રાજાઓ ટોલેમી, એન્ટીગોનસ, મેગસ અને અલેકઝાન્ડર વસે છે ત્યાં અને દક્ષિણમાં ચોલદેશ, પાંડ્યદેશ અને છેક લંકા સુધી અને અહીં રાજાના રાજ્યમાં, તેમજ યવનોમાં, કાંબોજમાં, નાભિતીના નાભ-કમાં, ભોજ લોકોમાં અને પિતિનીકમાં, આન્ધ્ર લોકોમાં, પુલીંદ લોકોમાં—દરેક સ્થળે દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાએ જાહેર કરેલો ધર્મનો નિયમ લોકો પાળે છે.

જે દેશોમાં દેવપ્રિય પ્રિયદર્શી મહારાજના દૂતો જઇ શકતા નથી, તેવા દેશોમાં પણ મનુષ્યો હાલમાં ધર્મ પાળે છે અને ધર્મ પ્રમાણે પ્રકટ કરેલો મહારાજા પ્રિયદર્શીનો પવિત્ર ઢંઢેરો સાંભ-ળશે કે તરતજ તે ધર્મ પ્રમાણે વર્તવાનું ચાલુ રાખશે.

આ પ્રમાણે સર્વ સ્થળે વિજય મેળવવામાં આવેલો છે અને આ રીતે સર્વત્ર મેળવેલો વિજય આનંદની લાગણી ઉત્પન્ન કરે છે. ધર્મથી મેળવેલી જીતમાં આનંદ મળે છે; તોપણ આ આનંદ પણ તુચ્છ છે, જે પરભવને લગતું હોય તેના જેવું બીજું એક પણ પ્રિયદર્શી મહારાજા મહત્ત્વનું ગણતા નથી.

અને તેટલાજ કારણથી આ પવિત્ર લેખ લખવામાં આવ્યો છે કે, જેથી મારા પુત્રો અને મારા પૌત્રો—તે ગમે તેટલા હોય—નવો જય મેળવવો એ કર્તવ્ય છે એમ ન માને, હથિયારથી જીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવવામાં ગૂંથાયેલા હોય ત્યારે પણ ધૈર્ય અને નમ્રતામાં આનંદ માને અને જે ધર્મથી જીત મેળવવામાં આવી છે તેજ ખરી જીત છે એમ ગણે. કારણ કે આ જીત આ ભવ તથા પરભવ બન્નેમાં લાભકારી છે. જે આ ભવ તથા પરભવમાં લાભકારી થાય તેવો ઉદ્યોગ કરવામાંજ તેમને આનંદ માનવા દો.

શાસન નં. ૧૪

ઉપસંહાર

ધર્મને લગતા આ શિલાલેખો દેવપ્રિય પ્રિયદર્શી મહારાજાની આજ્ઞાથી લખવામાં આવ્યા છે. કેટલીક વાર ટુંકાણમાં, કેટલીક વાર મધ્યમ કદમાં તથા કેટલીક વાર વિસ્તારમાં તે લખવામાં આવ્યા છે; કારણ કે દરેક સ્થળમાં દરેક બાબત યોગ્ય હોતી નથી અને મારાં રાજ્યો વિશાળ છે.

અગાઉ ઘણું લખાઇ ગયું છે અને ભવિષ્યમાં હું હજુ ઘણું લખાવીશ. આ શિલાલેખોમાંનાં કેટલાંક વાક્યો વિષયની મધુરતાને લઇને તેમજ લોકો તે પ્રમાણે ચાલી શકે તેવી આશાથી ફરી ફરીને લખવામાં આવ્યાં છે. કોઇક બાબત અપૂર્ણ રીતે પણ લખાઇ હોય, તો તે જગ્યાના અભાવે, અથવા અમુક કારણને લીધે અથવા કોતરનારની ભૂલને લીધે તેમ થવા પામ્યું હશે.

समाप्त

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપને ચકિત કરે તેવો દેશી પ્રયોગ

ધોળા ખાખરાના મૂળનો અર્ક

ઝાંખ, છારી, ખીલ, ફૂલાં, પડળ, મોતિયા, ઝામરવા, રતાંધળાપણું, પાણી ઝરવું વગેરે દર્દો ચોક્કસ મટે છે. ચશ્માં ઊતરે છે.

આ ખાખરા ચોટીલાની આજુબાજુ માંડવના પહાડી પ્રદેશમાં ખાખરાના મોટા વનમાં મળી શકે છે અને ખાસ પહાડી પ્રદેશના અનુભવી માણસો મારફત મેળવાય છે. આયુર્વેદમાં ધોળા ખાખરાનું આંખ માટે વિશેષ મહત્ત્વ છે. આ વૃક્ષનાં ફૂલ, થડ, મૂળ, પાન વગેરે તમામ સફેદ હોય છે.

મોતિયા અને ફૂલાં જેવા દર્દો ઑપરેશન વગર ન મટે, તે મટ્યાના ઘણા દાખલા મળ્યા છે. થોડા તાજા અભિપ્રાય :–
(૧) આંખનાં અસાધ્ય દર્દોમાં આ દવા સફળ નીવડી છે. ડૉ. નૃસિંહપ્રસાદ બક્ષી, આંખના સરજન, રાજકોટ. (૨) ફૂલું મટ્યું છે. વહોરા સુલેમાન નુરજી, મુ. ચમારા–(વાયા વાસદ).
(૩) મોતિયામાં અજબ ફાયદો છે. પંદર શીશી મોકલો.
ડૉ. અમીનખાન પઠાન, મેડિકલ ઑફિસર, જૂનાગઢ. કિં. રૂ. ૧

આંખનાં દર્દો માટે બીજી ઉત્તમ દવા

"નયનામૃત"

લીમડો, ખાખરો, બાવળ અને કમળના મધના મિશ્રણથી આ દવા બનાવાય છે. આંખનાં ફૂલાં, ઝાંખ, છારી, સોર્ટસાઈટ, અકાળે આવેલ ચશ્મા, વગેરે મટાડી આંખ નિર્મળ, સ્વચ્છ, ને રોગરહિત તેજસ્વી બનાવે છે. ગોરખપુરથી 'કલ્યાણના' મંત્રી શ્રી. ઘનશ્યામદાસજી જણાવે છે કે:– "નયનામૃત થોડા દિવસ આંજવાથી આંખનું તેજ ઘણું વધ્યું છે, બીજી બાર શીશી મોકલો." કિં. રૂ. ૧, ટપાલખર્ચ જુદું. આફ્રિકા માટે **અઢી શિલિંગ.**

વૈદ્ય બી. રાણપુરી–સુખશાન્તિ ઔષધાલય,
(પત્રિકા મફત મંગાવો) **ચોટીલા**–કાઠિયાવાડ (India).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરાના મૂળનો અર્ક

ફાયદા તથા આંજવાની રીત—(૧) આ અર્કની એક શીશી વાપરવાથી અને રોગ વધુ હોય કે જૂનો હોય તો ૨ થી ૬ શીશી વાપરવાથી આંખની ઝાંખ, છારી, ખીલ, પડળ ફૂલું, મોતિયો, ઝામરવા, રતાંધળાપણું, પાણી વહેવું વગેરે દરદો મટે છે; તથા સારી આંખમાં આંજવાથી આંખનું તેજ વધી ઘણાનાં ચશ્માં ઊતરી જાય છે.

ખાવાની રીત તથા લાભ—નાગરવેલના પાનમાં કાથો, ચૂનો કે બીજું કાંઈ નહિ નાખતાં માત્ર અર્કનાં જ **૩ થી ૫ ટીપાં** ચોપડવાં અને જમ્યા પછી એ પાન ખાવું. ચેવળી પાન ગરમ હોઈ **કપૂરી પાન** ઠીક છે. આ રીતે આ અર્ક ૫–૭ દિવસ ખાવાથી ભૂખ વધે, તાકાત આવે, વીર્યસ્રાવ થતો હોય તો મટે; તથા સ્ત્રી-ઓને પ્રદરરોગમાં ફાયદો કરે છે.

મૂલ્ય ઇત્યાદિ—(૧) નાની દશઆની ભારની શીશીનું મૂલ્ય ૦–૧–૬ અને એવી ૮ શીશીઓના રૂા. ૦–૧૦–૦ છે. બહારગામથી મંગાવનારે ટપાલ ખર્ચ સાથે રૂા. ૧–૨–૦ મોકલવા. **(૨)** એઠા ઘાટની અઢી તોલા અર્કવાળી શીશીના રૂા. ૦–૫–૦ અને ચાર શીશીના રૂા. ૧–૨–૦ છે; અને બહારગામથી મંગાવનારે ટપાલ ખર્ચ સાથે રૂા. ૧–૧૦–૦ મોકલવા. **(૩)** ૫૦ તોલા અર્કવાળો શીશો રૂા. ૧–૮–૦ થી મળશે. **(૪)** રેલવે રસ્તે જોઇએ તો પેકિંગ ઇત્યાદિના રૂા. ૧–૦–૦ અને એથી વધુ શીશા જોઇએ તો રૂા. ૧–૮–૦ વધુ મોકલવા. રેલવે નૂર ઇત્યાદિ માર્ગખર્ચ થાય તે જુદો ભરવાનો રહેશે. **(૫)** અર્ક હવે સીધી દેખરેખ નીચે સંસ્થામાં જ તૈયાર કરવામાં આવે છે; વળી શીશીઓ ઉપર સંસ્થાના નામવાળી ટિકિટો ચોડાય છે; માટે અર્ક જેમ તેમ બનાવીને ભળતા નામથી વેચનારાઓથી સાવચેત રહેવું જરૂરનું છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે **અમદાવાદ** ને કાલબાદેવીરોડ, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્લીચિંગ પ્લાન્ટનાં મશીનો ક્યાંથી ખરીદશો ?



સ્લેક પ્રોસેસ વૉશિંગ મશીન

અમારી બનાવટનાં

ક્લોથ પ્રિન્ટિંગ, વૉશિંગ, કેમિક, પેડિંગ, જીગર, સ્ટાર્ચમેંગલ, ડેમ્પિંગ વગેરે મશીનો હિંદુસ્તાનની ઘણીખરી મિલોમાં ચાલે છે.

આ મશીનો તેમજ ટેકસટાઈલ મશીનરીના દરેક જાતના સ્પેર પાર્ટ્સ તથા મશીનકટ ચક્કરો બનાવનારાઃ—

ઈશ્વરદાસ હરજીવનદાસ પંચાલ

ટે. નં. ૨૧૪૯ || આયર્ન એન્ડ બ્રાસ ફાઉન્ડર્સ

ટેલીગ્રામ : “ મશીનકટ ” || ઠે. દૂધેશ્વર રોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી રબ્બરની બનાવટો

૧ રબ્બર રોલર્સ
૨ એબોનાઈટ રોલર્સ
૩ રબ્બર બુશિંગ્સ
૪ રબ્બર વોશર્સ
૫ રબ્બર વાલ્વઝ
૬ ,, રિંગ્ઝ
૭ ,, હાઈડ્રૂન્ટ રિંગ્ઝ
૮ ,, ગેજગ્લાસ કોન્સ
૯ ,, એન્ડ લેસ બેલ્ટ્સ

વગેરે ઉત્તમ પૂરવાર થયા છે

"સેન્ટ્રીફ્યુજિસ કોન્સ સ્યુગર ફેક્ટરીઓ માટેના સ્પેશીયાલીસ્ટ"

તમારી રબ્બરની ખાસ જરૂરિયાતો માટે હવે બહાર જવાની જરૂર નથી.

ઑર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

મળો અગર લખોઃ—

ધી રબ્બર પ્રોડક્ટ્સ લિ.

મૅનેજિંગ એજન્ટ્સઃ– મોહનલાલ ઈ. પંચાલ એન્ડ કં.

ટે. નં. ૨૧૪૯

ઓફિસ } દૂધેશ્વરરોડ,
કારખાનું } અમદાવાદ.

સોલ સેલિંગ એજન્ટ્સઃ—
સર હોમી મહેતા (અમદાવાદ) લિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળો

અને

સ્ટ્રોબોર્ડ

બનાવનારા:—

ગુજરાત પેપર મીલ્સ લી.

અમદાવાદ. ૨

ટેલીગ્રામ : 'પેપર' ટેલીફોન : ૨૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમો પરણ્યા હો કે, કુંવારા હો
સુખી હો કે, દુઃખી હો
છતાં પણ જીવનની જરૂરિયાતોમાં તમો કાપડ
વગર ચલાવી શકો નહિ; વળી લડાઈ
જેવા બારીક સમયમાં મોંઘવારીનો હાઉ
તમને મૂંઝવી રહ્યો હોય તેવે
વખતે તમને અનુકૂળ થાય તેવું
દરેક પ્રકારનું કાપડ

અસારવા મિલ્સ

પૂરું પાડશે: દરેક ઠેકાણે વેચાય છે.
મિલની ખાસ બનાવટો—દરેકના
ખિસ્સાને માફક આવે તેવી
સુંદર સાડીઓ, ધોતી, ટ્વીલ, લોંગક્લોથ,
સુશી, હાથરૂમાલ, મલમલ, પટા શર્ટિંગ,
ચણિયાપાટ, મચ્છરદાની, લૉન વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર કાપડની અનેક જાતો માટે

જેવી કે—

શર્ટીંગ

પોપલીન

સાડી

ધોતી

મલમલ

વોયલ

દોરિયા

સુંદર, આકર્ષક તથા ટકાઉ
છેલ્લી ઢબનું
સમાજના સઘળા વર્ગોને
પોસાય તેવું
મળવાનું એક જ સ્થળ :—

શ્રી વિવેકાનંદ મિલ્સ લિ૰

ગોમતીપુર—**અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજના સર્વ વર્ગો માટે

સુંદર સાડી

ટકાઉ ધોતી

મુલાયમ મલમલ

તરેહવાર દોરિયા

- ★ સુંદર વણાટ
- ★ વિધવિધ કિનારો
- ★ આકર્ષક ડિઝાઈનો
- ★ અનેકવિધ રંગો

} વિગેરે

સુંદર કાપડ મળવાનું એક જ
અનોખું સ્થળ:

શ્રી રામકૃષ્ણ મિલ્સ કં. લિ૦

ગોમતીપુર—**અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી ન્યુ રાજપુર મિલ્સ

કંપની લિમિટેડ

ગોમતીપુરરોડ–**અમદાવાદ**

એજન્ટ્સઃ–**મેસર્સ ભીખાભાઈ જીવાભાઈ** એન્ડ કં. લિ.

ગરીબ તેમજ તવંગરવર્ગને પોસાય તેવું અમારી મિલનું ફુમાશદાર, ટકાઉ અને આકર્ષક કાપડ જેવું કે, ધોતી, સાડી, શર્ટીંગ, વૉયલ, મલમલ દ્દોરિયા, પોપલીન લૉંગક્લોથ વગેરે વાપરવાનો આગ્રહ રાખોઃ—

તારનું સરનામું 'JOY'

ટેલીફોન નં. **૫૨૯૭**

શ્રી દિનેશ મિલ્સ લિ૦

પાદરારોડ–**વડોદરા**

(એજન્ટ્સઃ–**મેસર્સ મગનલાલ ભીખાભાઈ લિ.**)

અમારી મિલમાં શુદ્ધ ઊનમાંથી બનેલા જાહેરપ્રજાને માટે બ્લેન્કેટ્સ, શાલ, મફલર, લોહી, કોટિંગ તથા મિલો-માં વપરાતાં ટેક્ષટાઈલ વુલન ક્લોથ જેવાં કે, સાઈઝીંગ ફ્લેનલ, ક્લીઅરર ક્લોથ તથા રોલર ક્લોથ બનાવનાર :

તારનું સરનામું : 'DINMILL'

ટેલીફોન નં. **૬૪૯**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવકરણ નાનજી બેંક લિ.

મુંબઈ, મુંબઈઉપનગર, અમદાવાદ,
નાસિક, સોલાપુર, પૂના અને સુરત
૨૬ ઑફિસો
ટેલિગ્રામ: 'દેનાબેંક'

દેવકરણ નાનજી ઇન્સ્યુરન્સ

કંપની, લિમિટેડ.

જિંદગી • આગ • મોટર
ટેલિગ્રામ: 'દેનાઇન્સ્યોર'

દેવકરણ નાનજી ઇન્વેસ્ટમેન્ટ

કંપની, લિમિટેડ.

મેનેજિંગ એજન્ટ્સ: 'દેનાસન્સ' લિમિટેડ
ટેલિગ્રામ: 'દેનાટ્રસ્ટ'

દેવકરણ નાનજી પ્રિન્ટીંગ

એન્ડ પબ્લિશિંગ કં. લિમિટેડ.

પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ
ટેલિગ્રામ: 'દેનાન્યુઝ'

હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્ઝ, એલ્ફીન્ટસ્ટન સર્કલ કોટ–મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખ્ખાં અને સફાઇદાર
ઘરગથ્થુ અને ફેન્સી
તમામ જાતનાં

વાસણો

સરકારી કોન્ટ્રોલ નીચે પિત્તળનાં વાસણો

ચોખ્ખી કલાઈ કરેલાં, સસ્તા ભાવથી

ટૂંક મુદતમાં અમારે ત્યાંથી

મળશે.

લલ્લુભાઇ અમીચંદ

(ઠે. ૫૫૪-કંસારાચાલ-મુંબઈ ૨)

પ્રોપ્રાઈટર :

ધી ઇન એલ્યુમિનિયમ ફેક્ટરી

૧૦૭, તારદેવ રોડ, મુંબઈ-૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી બામ્બે સ્ટીમ નેવિગેશન કં. લિ.
ધી ઇન્ડિયન કોઓપરેટિવ ને. એન્ડ ટી. કં. લિ.
ધી રત્નાગરસ્ટીમ નેવિગેશન કં. લિ.
ધી ઇસ્ટર્ન સ્ટીમ નેવિગેશન કં. લિ.

ઉતારુ તથા માલ લઇ જવાની સરવીસીઝ

મુંબઈ-ભાવનગર
મુંબઈ-કચ્છ
મુંબઈ-કરાંચી વાયા કચ્છ-માંડવી
કોંકણ લાઈન
મુંબઈ-માલવણ
મુંબઈ, હરનાઈ, ડાભોલ
હારબર સરવીસ (રેવસ, ધરમતર, ઉરણ, એલીફન્ટા, નહાવા)

ટેલીફોન નં. ૨૫૩૬૧ — ચાર લાઈન

ફ્રેટ બ્રોકર્સઃ-કાનજી જાદવજી એન્ડ કં.

ટેલિફોન નં. ૨૫૭૪૪

સિંધિયા હાઉસ

બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલીફોન નંબરો }૨૨૬૩૬ / ૨૨૬૩૮   ટેલીગ્રામ 'Vulinco'

ધી વલ્કન ઇન્સ્યુરન્સ

કંપની લિમિટેડ

હેડ ઓફિસ:-ઇન્ડસ્ટ્રીઅલ એસ્યુરન્સ બિલ્ડિંગ

કોટ, મુંબઈ

આગ, દરિયાઈ અકસ્માત અને નોકરોની જવાબદારીના વીમાનું કામકાજ કરવામાં આવે છે.

જે. સી. સેતલવડ — જનરલ મેનેજર

કે. સી. દેસાઈ — મેનેજર

શાખાઓ:—

ધી મોલ-લાહોર
ફ્રા લાઇન બીચ-મદ્રાસ
કારંજ ભદ્ર,-અમદાવાદ

૩૫ રોલેન્ડ રોડ, કલકત્તા
પો. બો. નં. ૬૦૦, બાંબો રોડ. કમ્પાલા (યુગાંડા)
૧૭૯ બુધવાર પેઠ, પૂના

એજન્સીઓ હિંદભરમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલની કટોકટીના સમયમાં

પ્રેસીડેન્સી લાઈફ ઈન્સ્યુરન્સ કં. લિમિટેડની

પોલિસી આપને મદદરૂપ થશે

જિંદગીના વીમા ઉપર રૂા. ૨૨) — ઓનસ — હયાતીના વીમા ઉપર રૂા. ૧૮)

સધ્ધર સ્વદેશી વીમા કંપની

હેડ ઑફિસઃ-- સર ફીરોજશાહ મહેતારોડ, મુંબઈ

બ્રાન્ચ ઑફિસઃ- ૫૭/૩ ગાંધીરોડ, અમદાવાદ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદ ન્યુ ટેકસ્ટાઇલ મિલ્સ

પોસ્ટ બોક્ષ નંબર ૩૦, રાયપુર દરવાજા બહાર

અમદાવાદ

ટેલીફોન } ૫૧૦૧ / ૫૪૧૧ ટેલીગ્રામ : 'ટેકસ્ટાઈલ'

ફેન્સી અને ટકાઉ દરેક જાતનું કાપડ જેવું કે:—

ધોતા — શરટીંગ — મલમલ

સાડી — લોંગ કલોથ

ફાસ્ટ ટુ બ્લીચ કલર્સ પ્રિન્ટેડ વોયલ

અને છીંટ બનાવનાર :

PRINTING IS OUR SPECIALITY

એજન્ટ્સ :

મેસર્સ નારણલાલ જીવણલાલ એન્ડ કં. લિ.

અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશ્યલ નં. ૧

મગજના જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, ટાલમાં વાળ ઊગે છે, ખોડો મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

રતલી બાટલીના રૂ. ૩-૮-૦
૮ ઔંસના રૂ. ૨-૦-૦

બધે મળે છે.

શ્રી રામતીર્થ યોગાશ્રમ, ૪૪૮, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ-૪.

ઈકોનોમીક ડુપ્લીકેટર

કીંમત રૂ: ૮ અને વધારે સાઇઝ મુજબ

ગૅરંટી ૩ વરસ

કોઈપણ જાતના ખર્ચ

સ્ટેન્સીલ પેપર

સ્પેશીઅલ કલમ કે કાગળ



વગર

સૂર્ય છાપ

રજિસ્ટર્ડ

સેંકડો ડુપ્લીકેટ નકલો અનેક રંગોમાં

છાપી શકાય છે.

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ:- સેલારકા બ્રધર્સ પો.બો.નં ૨૬૨ A મુંબઈ.૧

સ્ટૉકીસ્ટ:- ઓરીજીનલ સ્ટેશનરી માર્ટ ૧૦૯ પારસી બજાર સ્ટ્રીટ મુંબઈ.૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રાજહંસ જેવી શુભ્રતા.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આર્યોદય
જીનીંગના ટર્કીશ ટુવાલ
વાપરો.

પ્રભાત

ધી
આર્યોદય જીનીંગ મીલ્સ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનરસાયનશાસ્ત્ર

(કિંમત રૂા. ૨)

લેખક:-પ્રિન્સિપાલ જે. જે. કણિયા, બી. એ.

આ બાયોકેમિસ્ટ્રીનો સુંદર ગ્રંથ છે. એની ગમે તેટલી નકલો થઈ છે પણ એની બરોબરી એકે ગ્રંથ કરી શક્યો નથી.

જીવનરસાયન દવાઓ: અમારી અમેરિકન બ્યુટીઝ એક પોટેન્સીમાંથી, ૨૦૦ મેશીઝ, બી. પી. મિલ્કશ્યુગર સાથે બનેલી, અતિ સૂક્ષ્મતાને પસાડેલ અણુઓવાળી દવા ઝડપી કામ કરે છે. તે દર્દીનો સમય ને ખર્ચ બચાવે છે. બાર દવાની પેટી અને એક પુસ્તક દાક્તર અને હોસ્પિટલની ગરજ સારે છે. બારે દવા ૧ ઔંસ (પેટી સાથે) રૂા. ૧૫-૦-૦.

ચંપકલાલ મગનલાલ, બજાર-ભાવનગર

ટેલીગ્રામ: '**નચીકેતા**' ટેલીફોન નંબરો: **૨૫૮૧૧; ૨૬૮૧૧**

તુલસીદાસ ખીમજી

કલીઅરીંગ, ફોર્વર્ડીંગ, શીપીંગ, ફ્રેઈટ ઍન્ડ ઇન્સ્યુરન્સ એજન્ટસ.

એજન્ટસ ફોર:- **ઍટલાસ ઇન્સ્યુરન્સ કંપની, લિ.**

(ઇંગ્લાંડમાં સ્થપાયલી)

ફાયર, મરીન, મોટર અને એકસીડંટના વીમાઓ

વિગત માટે લખો યા મળો;-

ઠે. ૪૬, ચર્ચગેટ સ્ટ્રીટ કોટ, મુંબાઈ, ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરવિન્દ

એટલે

અનોખા વસ્ત્ર માટે

હિંદનું સૌથી વિખ્યાત કાપડ

જેવાં કે સુતરાઉ સાડીઓ - ધોતીયાં - શર્ટીંગ ટવીલ - ક્રેપ - પોપલીન - નેનસુક - લૉન - મલમલ દોરીયા અને વોયલ.

તમે જે કાપડ ખરીદો તે ઉપર આ માર્કો જુઓ.

અરવિન્દ મીલ્સ લીમીટેડ, અમદાવાદ.

સર્વત્ર વેપારીઓ અને સ્ટોકીસ્ટોપાસે મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બનારસના નદીકિનારે

આ પુરાતન શહેરની મુલાકાતે રોજ હજારો યાત્રાળુઓ આવે છે અને પવિત્ર ગંગાજળમાં સ્નાન કરે છે.

તે જ પ્રમાણે

હજારો લોકો 'હમામ' નાહવાનો સાબુ રોજે રોજ વાપરે છે,

કારણ

તેમાંથી મનમોહક ને સુવાસિત ફીણના ગોટેગોટ નીકળે છે અને શીતળ તાઝગી આપે છે.



A TATA PRODUCT

'હમામ'

તમારા નાહવા માટે મોટી ગોટી

ધી તાતા ઓઈલ મિલ્સ કંપની લિમિટેડ, તાતાપુરમ અને મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ્યુમિનિયમ
અને
પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાં જ ‘ ક્રાઉન ’ માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

જગતમાં ૧૯૧૯ માં ઉત્પન્ન થયું તે કરતા અનેક ગણું વધારે એલ્યુમિનિયમ હાલ ઉત્પન્ન થઈ રહ્યું છે. હિંદુસ્તાનમાં પણ ૧૯૪૩ થી એલ્યુમિનિયમનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે. જૂના ભંગાર ઉપરાંત નવા માલનો પણ વાસણોની બનાવટમા ઉપયોગ થશે અને વધારે વ્યાજબી ભાવે વાસણોની છૂટ વધશે.

વાસણો માટે એલ્યુમિનિયમ જેવી કિફાયત ભાવે મળતી ઉપયોગી બીજી કોઈ ધાતુ નથી. અનેક ઉપયોગી ઉદ્યોગોમાં તે વપરાય છે. પોલાદ કે વીજળીના પંખા, રેલવે કે એરોપ્લેન, મોટર કે સ્ટીમર બધા ઉદ્યોગોમાં તેના વિના ચાલતું નથી.

નવાં પિત્તળનાં પતરાંની પણ હવે છૂટ થશે અને તેનાં વાસણો પણ વધારે કિફાયત ભાવે મળશે. કલાઈ મેળવવાની વ્યવસ્થા પણ થઈ રહી છે.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી

ઇન્ડિયન ગ્લોબ ઇન્સ્યુરન્સ

કંપની લિમિટેડ

આગ,

અકસ્માત,

જિંદગી,

મોટર,

દરિયાઈ વીમાના કામકાજ માટે

એની સંગીન પ્રગતિનું માપ નીચેના આંકડા દર્શાવે છેઃ–

ભરપાઈ થયેલી થાપણ	રૂા. ૭,૦૦,૧૦૦–૦–૦
પ્રીમિયમ આવક (૧૯૪૧)	રૂા. ૧૬,૬૦,૮૯૯–૦–૦
રીઝર્વ ફંડ (ટોટલ)	રૂા. ૮,૮૭,૪૬૧–૦–૦
ટોટલ જિંદગીના વીમા ૧૯૪૧ ના અંત સુધી	રૂા. ૫૩,૭૩,૧૪૯–૦–૦

હેડ ઓફિસઃ— પ્રોસ્પેકટ ચેમ્બર્સ, ૩૧૫–૨૧, હોર્નબી રોડ, કોટ–મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામ મિલ્સ લિ૰

ફેન્સી ટેક્સ્ટાઇલ માલ બનાવનાર

જેવાં કે:-

ધોતિયાં,

સાડીઓ,

વોયલ્સ,

શર્ટીંગ,

લોંગ ક્લોથ,

ઑફિસ:—મિલ પ્રીમિસીસ

વરલી-મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાઉન CROWN BRAND THE BEST બ્રાન્ડ

એલ્યુમિનિયમ તથા પિત્તળ

દરેક જાતનાં વાસણો અને સાધનો

ઘર ઉપયોગી કે ઓફિસ ઉપયોગી

કારખાના માટે કે રસોડા માટે

રેલગાડી માટે કે વિમાનો માટે

તમારી દરેક જરૂરિયાત માટે લખો અથવા મળોઃ—

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી,
દિલ્હી, બનારસ, રંગુન, એડન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં ૩૩ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી

સંવત ૨૦૦૦] વાર્ષિક લવાજમ રૂા. ૬–૪–૦ પોસ્ટેજ માફ [વર્ષ ૩૩ મું

★

વરસે દિવસે કદ ઇંચ ૫×૭ાનાં પાન ૨૦૦૦ નું
વાચન પટ્ટીવાળાં પૂઠાંમાં બાંધેલાં ૪ થી ૬
પુસ્તકો દ્વારા ઘેર બેઠાં અપાય છે.

આ માળાનું વર્ષ કારતકથી શરૂ થઈ આસોમાં પૂરું થાય છે. વર્ષની અધવચે ગમે ત્યારે ગ્રાહક થનારને કારતક માસથી ગ્રાહક ગણીને બહાર પડેલાં પુસ્તકો તરતમાં અપાય છે, અને બાકીનાં નીકળે તેમ તેમ મોકલી અપાય છે.

વધુ વિગત માટે લખો:–

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, અમદાવાદ
અને કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

ગ્રંથોનું સૂચીપત્ર*

ઉત્તમ ધાર્મિક ગ્રંથો

સંપૂર્ણ મહાભારત દળદાર ૭ ગ્રંથોમાં	૪૫–૦
ઉપનિષદો–૧૧૨, બે ગ્રંથમાં	૪–૦
મહાભારતનું શાંતિપર્વ	૭–૮
માનસ રામાયણ–બે ગ્રંથમાં	૭–૦
તુલસીકૃત રામાયણ ...	૭–૮
વાલ્મીકિ રામાયણ ...	૬–૮
યોગવાસિષ્ઠ મહારામાયણ	૧૨–૦
દત્ત–પરશુરામ	૨–૦
શ્રીમદ્ભાગવત–બે ગ્રંથમાં	૮–૦
ભગવતી(દેવી)ભાગવત	૬–૦
મનુસ્મૃતિ	૩–૦
પાતંજલ યોગસૂત્ર ...	૧–૦
જ્ઞાનયોગ	૦–૧૨
આખ્યાનમાળા–બે ગ્રંથમાં	૬–૦
વૈદિક વિનય	૩–૧૨
મહાભારત મંજરી ...	૩–૦
તું કોણ ?...	૨–૦
અષ્ટાવક્રગીતા	૦–૮
આત્મરામાયણ	૦–૧૨
જીવન્મુક્તિવિવેક... ...	૧–૪
ઉપદેશસારસંગ્રહ ...	૧–૮
સુબોધરત્નાકર	૧–૮
હૃદયતરંગ ને બ્રાહ્મણની ગૌ	૧–૦
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર	૦–૮
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા	૦–૪
વિષ્ણુસહસ્રનામાવલિ દર્શન	૦–૬
વિષ્ણુસહસ્રનામ ...	૦–૨
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા	૪–૦
શ્રીમદ્ભગવદ્ગીતા–નીલકંઠી	૧–૧૦
શ્રીભગવદ્ગીતા–આ. ૧૮ મી	૦–૮
શ્રીભગવદ્ગીતા–આ. ૧૯ મી	૦–૭
શ્રીભગવદ્ગીતા–આ. ૨૦ મી	૦–૪
શ્રીપંચરત્નગીતા–(શ્રીધરી)	૧–૧૦

સંતવાણી તથા ઉપદેશો

પરમસુખી થવાના ઉપાય	૧–૪
અખાની વાણી	૩–૦
દીવાને સાગર	૪–૮
સંત કબીર–આધ્યાત્મિક પદો	૧–૮
પ્રીતમદાસની વાણી ...	૨–૮
ભજનસાગર	૨–૮
ગુજરાતની ગઝલો ...	૧–૦
તુકારામ ગાથા–બે ગ્રંથમાં	૬–૦
દાસબોધ	૨–૮
સ્વામી રામતીર્થના ઉપદેશો	૨–૮
" " સદુપદેશો ઇ૦	૨–૮
રામકૃષ્ણકથામૃત ...	૫–૦
સ્વામી વિવેકાનંદના ઉપદેશો	૨–૪
" " ભક્તિયોગ	૧–૮
પાતંજલયોગ ને જ્ઞાનયોગ	૨–૦
तुकाम्हणे:–	૦–૫

બાળોપયોગી

ભારતીય નીતિકથાઓ...	૦–૮
સુબોધક નીતિકથા ...	૦–૮
સદ્ગુણી બાળકો ...	૦–૪
બાળસદ્બોધ	૦–૪
બાળકોની વાતો–ભાગ ૧, ૨	૦–૧૧

* આથી આ અગાઉનાં સૂચીપત્રો રદ સમજવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતપુરુષોનાં ચરિત્રો

મહર્ષિ દયાનંદ ... ૧—૦
સ્વામી સહજાનંદ ... ૦—૧૨
ગુરુ નાનક ... ... ૦—૬
બુદ્ધચરિત્ર ને સંતપુરુષો ૨—૦
રામકૃષ્ણ પરમહંસ–ચરિત્ર ૨—૮
સ્વામી વિવેકાનંદ ... ૩—૦
સ્વામી રામતીર્થ ગ્રંથ ૪ ૩—૦
સંત તુકારામ ... ... ૨—૮
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથ ૬—૮
જ્ઞાનેશ્વર અને એકનાથ ૨—૮
સ્વામીશ્રી શ્રદ્ધાનંદ અને શિવાનંદનાં ચરિત્રો ૧—૬
શ્રીરામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ૧—૦
સરયુદાસજી, ભૂધરભક્ત અને જાનકીદાસજી ૦—૧૦
ભક્તચરિત્ર ... ... ૨—૮
આદર્શ ચરિત્રસંગ્રહ–બે ગ્રંથ ૪—૪
મુસ્લિમ મહાત્માઓ ... ૨—૪
હિંદના આચાર્યો–છપાય છે.

સ્ત્રીઉપયોગી ગ્રંથો

કલ્યાણમયી ... ... ૧—૦
ભારતની દેવીઓ-ત્રણ ગ્રંથમાં ૯—૦
દયાળુ માતા ને સદ્ગુણી પુત્રી ૦—૮
ટૂંકી વાર્તાઓ– ભાગ ૧ લો ૨—૮
,, – ભાગ ૨ જો ૨—૮
,, – ભાગ ૫ મો ૨—૮
,, – ભાગ ૬ ઠ્ઠો ૨—૮
સ્વર્ગનું વિમાન... ... ૨—૦
સ્વર્ગની કૂંચી ... ... ૨—૦
સાચું સ્વર્ગ ... ... ૨—૦
સ્વર્ગનો ખજાનો... ... ૨—૦
સ્વર્ગનો પ્રકાશ ... ... ૨—૦
સ્વર્ગની જિંદગી ... ૨—૦
સંસારમાં સ્વર્ગ ... ૨—૦
સ્વર્ગનો આનંદ ... ૨—૦
સ્વર્ગની સીડી ... ૨—૦
સ્વર્ગની સડક ... ... ૨—૦

ઐતિહાસિક ને સાહિત્ય

સાહિત્યપ્રારંભિકા ... ૧—૦
કચ્છની લોકવાર્તા ... ૨—૦
ભારતના વીરપુરુષો ... ૧—૪
વીર દુર્ગાદાસ ને મારુ સરદારો ૧—૦

ઉત્સાહ ને ચેતનાપ્રેરક

સંસારમાં સુખ ક્યાં છે ? ૧—૦
ગામડિયા નરદેવો ... ૧—૬
સુબોધ કથાસાગર ... ૨—૦
આગળ ધસો ... ... ૨—૮
ભાગ્યના સ્રષ્ટાઓ ... ૨—૮
સુખી જીવનનાં સાધન ૧—૮
આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧,૨ ૪—૦
કતલખાનું ... ... ૩—૦
શુભસંગ્રહ–ભાગ ૧, ૨, ને ૯ ૫—૪
સોનેરી સૂચનો ... ... ૦—૪
સુબોધ પુષ્પવાટિકા ... ૦—૫

વૈદક ને વિજ્ઞાન

આર્યભિષક્ છપાય છે.
ઔષધિ કલ્પલતા ... ૦—૧૨
વૈદકસંબંધી વિચારો–ભા. ૧,૨, ૩—૧૨
આયુર્વેદ નિબંધમાળા–ભા. ૧ ૨—૮
,, ,, ભાગ ૨જો ૧—૧૨
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ૦—૪
આરોગ્ય ને ખોરાક ... ૧—૦
હિંદના આર્થિક વિકાસની યોજના ૦—૮

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, અમદાવાદ ને કાલબાદેવીરોડ, હાથીબિલ્ડિંગ મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી અરધી સદીમાં મહા-ગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ,** એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકોદ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.



૧૮૭૪ / ૧૯૪૨

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે **'कथयन्तो मां नित्यं'** એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ અને મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar